સુખી અને સમૃદ્ધ થવાની આઝાદી

મારો વહાલો પૈસો !

તમે જ્યારે પૈસા પ્રત્યે ધ્યાન આપો ત્યારે પૈસામાં વૃદ્ધિ થવા લાગે છે.

સુરેશ પદ્મનાભન

I LOVE MONEY

NOW IN GUJARATI

આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી વધારે વેચાણ ધરાવે છે.

અને ૧૧ ભાષાઓમાં તેનું ભાષાંતર કરવામાં આવ્યું છે.

JAICO

VISIT…

LANZAROTE Caliente.COM

સુખી અને સમૃદ્ધ થવાની આઝાદી

મારો વહાલો પૈસો !

તમે જ્યારે પૈસા પ્રત્યે ધ્યાન આપો
ત્યારે પૈસામાં વૃદ્ધિ થવા લાગે છે.

સુરેશ પદ્મનાભન

I LOVE MONEY

NOW IN
GUJARATI

આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી વધારે વેચાણ ધરાવે છે.

અને ૧૧ ભાષાઓમાં તેનું ભાષાંતર કરવામાં આવ્યું છે.

JAICO

મારો વહાલો પૈસો !

સુખી અને સમૃદ્ધ થવાની આઝાદી

I LOVE MONEY


NOW IN GUJARATI

તમે જ્યારે પૈસા પ્રત્યે ધ્યાન આપો

ત્યારે પૈસામાં વૃદ્ધિ થવા લાગે છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી વધારે વેચાણ ધરાવે છે.

સુરેશ પદ્મનાભન




જયકો પબ્લિશિંગ હાઉસ

અમદાવાદ બેંગલોર ભોપાલ ભુબનેશ્વર ચેન્નાઇ

દિલ્હી હૈદરાબાદ કલકત્તા લખનૌ મુંબઇ

અહીં પૈસાનું પ્રતીક-ચિહ્ન લગાડો.



મારો વહાલો પૈસો !

તમારા અણુંએ અણુંમાં પૈસાના પ્રેમની અનુભૂતિ પ્રસરવા દો.
પૈસાનો આ વિશુદ્ધ પ્રેમ તમારા જીવનમાં
પૈસાનું ઘોડાપૂર લાવવાનાં દ્વાર ખોલી નાખશે.

પ્રકાશક

જયકો પબ્લિશિંગ હાઉસ

એ–2, જશો ચંબર્સ, 7–એ સર ફિરોઝશાહ મહેતા રોડ

ફોર્ટ, મુંબઇ – 400 001

jaicopub@jaicobooks.com

www.jaicobooks.com

I LOVE MONEY

મારો વહાલો પૈસો !

ISBN 978-81-8495-094-6

પ્રથમ જયકો આવૃત્તિ: 2010

પાંચમી જયકો આવૃત્તિ. 2014

જેના પ્રત્યે મને પ્રેમ, આદર અને માન છે.
જેની કદર છે એ વિશિષ્ઠ વ્યક્તિને ભેટ

હૃદયના ઊંડાણમાંથી તમને પૈસા, સમૃદ્ધિ અને સુખ
લાધે એવી ઈચ્છા સહિત.

પ્રેમ, સદ્ભાવના અને પ્રાર્થનાઓ સાથે,

પ્રાપ્તકર્તા : ____________________

તારીખ : ____________________

વિશેષ સંદેશ : ____________________

____

____

પ્રસંગ : ____________________

____


ભેટકર્તા : ____________________

અર્પણ

આ પુસ્તક અર્પણ છે એ સર્વેને જેમને પૈસા વહાલા છે... સાથોસાથ એ સર્વેને પણ જેમને આ પુસ્તક વાંચ્યા બાદ પૈસા ઉપર પ્રેમ ઉપજનાર છે...

... આ પુસ્તક અર્પણ છે મારી માતૃભૂમિને ભારતને જે વિશ્વના મહાનત્તમ દેશોમાંનો એક છે.

અહી તમારો પોતાનો એક ફોટો ચોંટાડો
(હું આશા કરું છું કે એ ફોટામાં તમારા ચહેરા પર સ્મિત હશે !)



હું મારી જાતને કોઇ પૂર્વશરતો વગર પ્રેમ કરું છું

અને તેનો સ્વીકાર કરું છું.


તમે વિશ્વના સહુથી સમર્થ વ્યક્તિને નિહાળી રહ્યા છો :

જે તમે પોતે જ છો !

તમે આજ સુધી જે પૈસા કમાયા છો કે આજ પછી કમાવાના છો
એ બધા જ પૈસાનો સ્ત્રોત તમારી આંતરિક શક્તિ છે.
એ શક્તિ સાથે એકરૂપ થાવ અને
તમારી અંદર રહેલી શક્તિઓને અનુભવો.

અહી ઈશ્વર / અસ્તિત્વ / બ્રહ્માંડનું

કોઈ એક પ્રતીક-ચિહ્ન મૂકો.



હું શ્રધ્ધાપૂર્વક નિરંજન નિરાકારને

મારી અનંત શકિતઓને સ્પષ્ટ કરવા આહવાન કરું છું

ઈશ્વર / અસ્તિત્વ / બ્રહ્માંડની વિશાળતા અને વિપુલતાનો વિચાર

કરો અને તમારા જીવનમાં પ્રતિક્ષણ તે અનંતની દોરવણી પામો.

ઈશ્વર તમને શ્રીમંત અને સમૃદ્ધ બનાવવા ઈચ્છે છે.

શુક્રિયા, થેંક યુ, આભાર... ધન્યવાદ !

પ્રત્યેક વ્યકિતના જીવનમાં અમુક એવી ક્ષણો આવે છે જ્યારે હૃદયની ખરી લાગણીઓ વ્યકત કરવા શબ્દો સૂઝતા નથી. મારા જીવનની આ એક એવી જ ક્ષણ છે, જ્યાં મારે અમુક જાણીતાં અને અમુક અજાણ્યાં હૃદય અને મન પ્રત્યે આભાર પ્રદર્શન કરવાનું છે. જાણે પાણી ભરેલા ટચુકડા પ્યાલામાં પૂર્ણિમાના સોળે કળાએ ખીલેલા પૂર્ણચન્દ્રનું પ્રતિબિંબ ઝીલવાનું છે...

માથામાં ટપલીનો પરચો :

એક મહાન ઝેન ગુરુએ પોતાના અંતરંગ શિષ્યને અચાનક અર્ધરાત્રિએ પોતાની પાસે બોલાવ્યો. શિષ્ય ગુરુની કુટિરની બહાર જ બેસીને ધ્યાન ધરી રહ્યો હતો; તે તરત જ અંદર આવ્યો.

ગુરુએ કહ્યું, ''મારે તાત્કાલિક તને બોલાવવો પડયો, ઘણાં વર્ષોથી અને સતત હું તને માથામાં ટપલી મારતો રહ્યો છું; (દરેક વખતે) સભાનતા અને જાગરુકતા વિષે વધુ ને વધુ તું શીખ્યો છે. મારી દષ્ટિએ તું હવે બુદ્ધતત્વની ખૂબ જ નજીક છે, આવતી કાલના સૂર્યોદયની સાથે જ તને બુદ્ધપદની પ્રાપ્તિ થઈ જશે.. એટલે જ મારી ઈચ્છા છે કે એક છેલ્લી ટપલી તને મારી લઉં...

ગુરુની બાળસહજ ઈચ્છા સાંભળી શિષ્ય મલકાયો. ગુરુની પાસે આવીને એણે શીશ નમાવ્યું. જેથી ગુરુ એને ટપલી મારી શકે. ગુરુએ એને વહાલથી છેલ્લી ટપલી મારી.

અને શિષ્યની આંખમાંથી આનંદાશ્રુની સરવાણી ફૂટી નીકળી. એણે ગુરુનાં ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લીધા અને ધન્યતા અનુભવી.

જે તમારી ચેતના જગાડે એ ગુરુ. મારી સ્થિતિ પેલા શિષ્ય જેવી છે જેણે ''મારો વહાલો પૈસો'' પુસ્તક પુરું કર્યું છે. હું એક નિમિત્તમાત્ર છું અને મારી આસપાસનાં વિવિધ વ્યકિતઓના સહકાર વગર આ પુસ્તકનો જન્મ ન થયો હોત... લોકો મારી હિમ્મત વધારતા રહ્યા, પ્રેરણા આપતા રહ્યા.. કયારેક ઝડપ વધારવા માટે ગોદા મારતા રહ્યા અને કયારેક મારી ચેતના... મારી સુપ્ત ચેતનાને જગાડવા માટે ઝેન ગુરુની જેમ ટપલીઓ મારતા રહ્યા !

હું હૃદયપૂર્વક આભારી છું :

સોનીયા નાઝરેથ, લિન કૉરેન અને જે.કેદારનાથનો–

જેમણે ખૂબ જ ચીવટપૂર્વક આ પુસ્તકનું સંકલન કર્યું, પ્રૂફ રીડિંગ કરીને મુદ્રણ દોષની ક્ષતિઓ દૂર કરી, જરુર પડે ત્યાં અંગત કોઠાસૂઝથી પુસ્તકને આકાર આપ્યો. એમના સહકાર વગર આ પુસ્તક હજી સુધી કોમ્પ્યુટરમાં સંઘરાયેલું પડ્યું હોત.

એસ. મોહન, હેમંત જાંભળે, જોજી વલ્લી, રાધા સુરેશનો –

જેમણે સૂક્ષ્મદર્શક યંત્રમાં ચકાસીને નાનામાં નાની ભૂલ સુધારી મુદ્રણદોષનું નિવારણ કર્યું. તેમનાં સૂચનોથી આ પુસ્તક વધુ સાર્થક થયું છે.

સુરજા અને વિભુનો –

જેમણે પાંખા ચૈતન્યને સુધારવા નિરપવાદ અને વિશ્વવ્યાપક કાઈનસિયોલોજી અને સર્વસમાન્ય વ્યવસ્થાતંત્રનો ઉપયોગ કરી પુસ્તકને દેહ અર્પણ કર્યો.

આકાશ શર્મા, અતુલ ભાવે, દિપક કુલકર્ણી, જિ. બાલાજી, કાઇઝાદ, કૃષ્ણા ઐયર, કૃષ્ણા શર્મા, મહાદેવ આંબેકર, મીનાક્ષી શર્મા, રચના શર્મા, સંપત શ્રીધર, ઉષા હરચાણી, વૈશાલી વેરણેકર, વિરલ માણેકનો–

જેમણે સતત મને પ્રેરણા આપી.

મની વર્કશોપમાં સહભાગી થનાર હજારો લોકોનો –

જે વિશ્વમાં અનેક જગ્યાએ ફેલાયેલા છે અને જેમની પાસેથી મને પૈસાની દુનિયા વિશે અવનવું ઘણું બધું જાણવા મળ્યું છે. એમના અનુભવોનું ભાથું અને સૂક્ષ્મદષ્ટિ અમૂલ્ય સાબિત થયાં છે.

મારા પિતા વી.એ. પદ્મનાભનનો, મારી મા વૃંદા પદ્મનાભનનો, મારી બહેન અનુરાધા અને બનેવી કે.એસ. બુવારાગનનો–

કારણકે એમની પ્રાર્થનાઓ અને આશીર્વાદ સદા મારી સાથે છે.

એ હજારો હાથ અને હૈયાંનો–

જેમને મેં જોયા નથી પણ જેમની તરફથી પ્રેમ અને આશીર્વચનોનો પ્રવાહ અવિરત મારી તરફ વહેતો આવે છે.

છેલ્લે તમારા સહુનો –

જેમણે સ્વીકાર કર્યું છે કે આ પુસ્તક 'મારો વહાલો પૈસો' તમારા જીવનમૂલ્યમાં પરિવર્તન લાવીને તમારા જીવનમૂલ્યોમાં વધારો કરશે.

પૈસાનાં પાસાંઓ

ગૌરવપૂર્વક ભાવમાં બાંધછોડ કરાવો.

દુનિયા તમને પૈસા આપવા બહાર પડી છે.

ન લેણદાર બનો કે ન દેવાદાર બનો.

યુવાન વયે નિવૃત્તિ લો.

પૈસાની યુક્તિઓ

તમારી પૈસાની દુનિયામાં સફળતા માટે LSD લો.

સંતોષનો આનંદ.

જ્યારે શબ્દ બ્રહ્મ છે.

જો તમે મૃત્યુ પામો તો કયો વારસો તમે પાછળ મૂકવા ઈચ્છો છો?

શું તમે ઇંટો, સીમેન્ટ કે સોનું ખાઓ છો?

ડાયરીની દુનિયામાં તમારું સ્વાગત છે.

તમારા અટકાયેલા પૈસા વસુલ કરો.

ભવિષ્યમાં પૈસા અટવાતા કેમ અટકાવવા.

પૈસા અને રહસ્યો

જો કાળી બિલાડી તમારા પૈસા લઈ જાય...

ભવિષ્યમાં મારા માટે શું ધરબાયેલું છે.

શુકન, અપશુકન અને રશિયન રુલેટ.

પૈસા અને કુટુંબ

ભારતીય ‘ઘર’ બનાવનાર સ્ત્રીને સો સો જુહાર.

સૌથી મોટું મતામતાંતર.

‘ડીનર’ કંઈ જુદું જ હોવું જોઈએ.

પૈસા અને વ્યવસ્થાપન

મૂલ્યની સાંકળ પર ઉપર ચઢવું-કાકડીની પદ્ધતિ.

બરફના ગોળાની અસર.

ઉપર ઘણા મુર્ખાઓ છે.

પૈસા લિખિત પ્રસ્તાવના

પ્રસ્તાવના સાધારણ રીતે આસાધરણ વ્યકિતવિશેષ દ્વારા લખાતી હોય છે. જે વિશ્વમાં આપણે રહીએ છીએ ત્યાં દરેક વ્યકિતત્વ હંગામી છે. વ્યકિતત્વનાં જાણે મહોરાં છે જે આવે છે અને જાય છે, માત્ર 'હું' જ કાયમી છું અને બ્રહ્માંડના અંત સુધી રહીશ. 'હું' પૈસાના રુપમાં તમારી સાથે સદાય નિવાસ કરવાનો છું પછી તમને ગમે કે ન ગમે! હા મારા રુપો બદલાતાં રહેશે. પણ મારો મૂળભૂત સ્વભાવ મારું સત્વ કે તત્વ નહી બદલાય. મારી વિશે અનેક ગેરસમજ પ્રવર્તે છે જે મારે કાયમી ધોરણે દૂર કરવી છે! તમારે મારાં અનેક રહસ્યોને જાણવાની, સમજવાની અને જીવનમાં ઉપયોગ કરવાની સખત જરુર છે. મારી વાતો તમારા સુધી પહોંચાડવા માટે માધ્યમ તરીકે મેં સુરેશ પદ્મનાભનનું ચયન કર્યું છે, મારાં અદ્ભૂત તત્વો અને તમામ રહસ્યોને તમારા સુધી પહોંચાડવાની જવાબદારી સુરેશ પદ્મનાભનની છે.

આ માત્ર શરુઆત છે, હું સુરેશના પુસ્તકો, ભાષણો અને કેસેટો દ્વારા સતત તમારા સંપર્કમાં રહીશ અને મની વર્કશોપમાં મારાં રહસ્યો વિશે તમારું માર્ગદર્શન કરીશ. અનેક વાતો એવી છે જે હજી કહી શકાઈ નથી, અનેક રહસ્યો એવાં છે જે હજી અકબંધ છે, અનેક ચમત્કાર એવા છે જેની ઉપરથી પડદો ખુલ્યો જ નથી. તમારી ચેતના મારાં તમામ રહસ્યોને ઉજાગર કરશે અને જેમ જેમ વખત વીતતો જશે એમ તમારી આંતરિક શકિતમાં અકલ્પનીય વૃદ્ધિ થશે.

આ પુસ્તક વાંચતી વખતે તમારામાંથી ઘણાને લાગશે કે સુરેશે આ પુસ્તક વહેલું કેમ ન લખ્યું, સુરેશે જે બધું લખ્યું છે જે તમે કે અન્ય કોઈ પણ લખી શકયા હોત. (દશકાઓ પહેલાં નહી, પણ વર્ષો પહેલાં) એટલે આ નમ્ર શરુઆતનો સ્વીકાર આપ સહુ કરો એટલી જ વિનંતી.

આ પુસ્તકના ઉત્સાહી લેખક પાસે વિશિષ્ઠ શકિતઓ છે. તેથી એણે આ પુસ્તકને 'બેસ્ટ સેલર' કહી સંબોધવાની હિમ્મત દાખવી છે. તમારામાંથી અનેક લોકોને આ પુસ્તક વાંચતા જશો તેમ તેમ વધુ ને વધુ આત્મગ્લાનિ થતી જશે. ભૂતકાળમાં તમે કરેલી ભૂલો તમને સ્પષ્ટ દેખાશે. તમે ઈશ્વરનો આભાર માનો કે માનવ પોતાની પીઠ પર લાત મારી શકતો નથી. તમારી માનસિકતા બદલાઈ જશે.

આ પુસ્તક વાંચવા તમે લલચાશો જેમ જેમ તમે વધુ વાંચશો તેમ તેમ તમારી આંતરસ્ફૂરણા બળવત્તર બનશે. આ પુસ્તકની વિશેષતા એ છે કે તમે એમાં ખોવાઈ જાવ છો અને પછી જે દષ્ટિ પ્રાપ્ત થાય છે તેમાંથી તમે સત્યનું જ દર્શન કરશો.

અને પરિણામ સ્વરુપે આ પુસ્તકના વાંચન બાદ તમે જોશો કે તમારી ચેતના જાગૃત થઈ છે. જાણે કે તમે વર્ષોની સુષુપ્તાવસ્થામાંથી આળસ મરડીને ઊભા થયા છો. પૈસાના

વિશ્વમાં તમે દરેક પગલું માપીને અને ફૂંકી-ફૂંકીને મૂકતા થશો. તમને આનંદ થશે કે તમારા હાથમાં 'મારો વહાલો પૈસો!' નામનું પુસ્તક આવ્યું... 'મારો વહાલો પૈસો!'ના સર્જનમાં નિષ્ઠાપૂર્વકના અગણિત પ્રયત્નોનો સમાવેશ છે.

મને ખાત્રી છે કે આ પુસ્તકના વાંચન દરમિયાન જ તમે મારા પ્રેમમાં ગળાડૂબ પડી જશો. મારું સાક્ષર અનુમાન છે કે તમને આ પુસ્તક ખૂબ જ ગમશે... સુરેશને મળ્યા બાદ તમે એના પર વારી જાવ તો નવાઈ નહી. મેં સુરેશનું ચયન કર્યું કારણ કે એના મુખ પર એક વિજયી સ્મિત, એની આંખોમાં એક ચમક અને સાથોસાથ ગંભીરતા હતી જ્યારે એણે મને કહ્યું કે "તમે ભલે પૈસા-ધન-સંપત્તિ હો .. મારા જીવનનું ધ્યેય તમે છો!"

અચાનક જ મને લાગ્યું કે તમે જાણો છો એનાથી વધારે પાસાંઓ મારા વ્યકિતત્વમાં વણાયેલાં છે. હું તમારા જીવનમાં વર્ષોથી હોવા છતાં, તમે મને જાણતા જ નથી. તમે એમ ધારતા હશો કે તમે મને ઓળખો છો પણ મારા વિશેની તમારી ગેરસમજનો એક ભાગ છે. મારી તરફ જુઓ અને તમને સમજાશે કે સત્યની શકિત અને આ એક ભાગ છે, મારા વિશેના અનેક મિથ્યા તત્વો, કુતર્કો અને ખોટી માન્યતાઓનો સંભાવનાઓ અનંત છે. હું લાંબા સમયથી ચૂપ છું પણ હવે ચૂપ નહી રહું. સત્ય મેવ જયતે-સત્યને પિછાણો, સત્યનું ઉચ્ચારણ કરો, સત્યના ભાગીદાર બનો અને સત્ય તમને તમારાં તમામ બંધનોથી મુકિત અપાવશે.

આશા કરું છું કે તમે મને પણ પ્રેમ આપશો.

તમારો સદાકાળનો મિત્ર,

YES,

પૈસો

પ્રારંભિક નિષ્કર્ષ

તમને શરૂઆતમાં જ અંતની જાણ હોય તો જીંદગી કેવી લાગે? તેથી શરૂઆતમાં જ હું તમને આ પુસ્તક આખું વાંચવાનું માળખું સમજાવવા માંગું છું. આથી આ પુસ્તક લખવાનો ઉદ્દેશ્ય છે તેની સાર્થકતારૂપે પહેલા પાનાથી જ તમે પરિણામ મેળવી શકો.

તે બળબળતો ઉનાળાનો દિવસ હતો. અને રણમાં એક કારવાં ચાલી જઈ રહ્યો હતો. આ કારવાંનો એક માણસ ભૂલો પડી ગયો. કલાકો સુધી તે એકલો કારવાંમાં પાછા ભળી જવા માટે દિશા શોધતો રહ્યો. તે ખૂબ ચિંતામાં હતો. તે થાકેલો અને તરસ્યો હતો. તેને પાણી વગર બેભાન થઈ જશે એમ લાગતાં પાણી પીવું હતું. ઓચિંતાનો તેણે હેન્ડપમ્પ જોયો અને તે પમ્પ તરફ ચાલવા લાગ્યો. તેને પાણીનો પ્યાલો ભરેલો જોતાં ખૂબ આનંદ થયો. તે પાણી પીવા જતો હતો ત્યાં તેણે કાળા પાટીયા પર એક નોંધ લખેલી જોઈ. 'આ એક જાદુઈ પ્યાલો છે. તેથી તેનું પાણી પીતા નહી. પ્યાલાનું પાણી હેન્ડપમ્પના વાલ્વમાં નાંખજો. પછી જ્યારે પાણી કાઢશો તો હેન્ડપમ્પમાં ખૂબ પાણી આવશે.'

હવે મુસાફર મુંઝાયો, 'તેણે શું કરવું જોઈએ?' તેને લાગ્યું જમીનની નીચેના હજારો લીટર પાણી કરતાં હાથમાં રહેલો એક પ્યાલો પાણી વધારે કિંમતી છે. પણ છતાં તેણે સૂચના મળ્યા મુજબ પાણી પમ્પમાં રેડયું.

તેણે પમ્પ ચલાવવાનું શરૂ કર્યું. ૧-૨-૩- પાણી ન આવ્યું. તેને પોતાની જાત પર ગુસ્સો આવ્યો. ૪-૫-૬ ફરી પાણી ન આવ્યું, તે જેણે પણ પાટીયા પર મુર્ખાઈ ભર્યા સૂચનો લખ્યાં હતાં તેમને ભાંડવા લાગ્યો ૭-૮-૯ અને પાણી પુષ્કળ પ્રમાણમાં આવવા લાગ્યું, તે ખૂબ ખુશ થયો. તેણે પુરતું પાણી પીધું અને મુસાફરી માટે પણ ભરી લીધું. તેણે પણ સૂચના મુજબ પ્યાલો પાણીથી ભર્યો, નહી તો જાદુ ન થાય. એ જવા ફર્યો ત્યારે તે અટકી ગયો. તે પાટીયા પાસે ગયો જ્યાં બધાં સૂચનો લખેલાં હતાં. તેણે ચોક લીધો અને નીચે લખ્યું **'આ સૂચનો કામના છે.'**

હવે લોકોને ક્યારેય શક નહી જાય અને જાદુ ચાલ્યા જ કરશે.

હું એ માણસ છું જેણે યુક્તિઓનો પહેલો પ્યાલો પીધો છે અને એટલે જ સમજ્યો છું કે 'તરકીબો (યુક્તિઓ) કામ કરે છે.' પછી આ યુક્તિઓ મેં હજારો Money Workshop માં સહભાગી થનારાઓને શીખવી છે. તેમને પણ વિશ્વાસ બેસી ગયો છે કે તેમની પૈસાની દુનિયા કેટલી રસમય બની જાય છે. મને ખાત્રી છે કે તમને પણ એવો અનુભવ થશે અને એવા નિષ્કર્ષ પર આવશો કે "યુક્તિઓ કામ કરે છે."

પણ યાદ રાખો કે **: આ યુક્તિઓ તમારા માટે ત્યારે જ કારગર નીવડશે જ્યારે તમે પ્રયત્ન કરો. ફક્ત મૂર્ખ અને આળસુ લોકોને કોઇ પરિણામ નહી મળે.**

પરિચય

"જો તમે નાના બાળક નહી બનો તો તમે ભગવાનના દરબારમાં દાખલ થઈ શકતા નથી."

મુખપૃષ્ઠ પર જે નાનું સુંદર શીશુ છે તે મોહના છે. તે પોતાના રમકડાંની જેમજ પૈસાને પણ ચાહે છે. તેનું મન પૈસા અથવા જીવન જેવા વિચારોથી હજી દુષિત થયું નથી. તે પૈસા તરફ પણ એવી જ ચમકથી જુએ છે, જે રીતે બીજી વસ્તુને જુએ છે. તેના માટે "પૈસો પૈસો છે."

તેની આંખોમાં સારા અને ખરાબનો કચરો પડવાથી ઝાંખી નથી થઈ. તે ખૂબ જ નિર્દોષ અને સહજ છે.

ઘણા વર્ષો પૂર્વે આપણે દરેક મોહના જેવા જ હતા. - સાદા, શ્રધ્ધાળુ, સહજ અને બાળક જેવા.

તમારી અંદર વસતું ખોવાયેલું બાળક શોધી કાઢો. અને પૈસા પ્રત્યે રમતિયાળ વૃત્તિ વિકસાવો. આપણી શકિત અને સ્ફૂરણાઓને અટકાવનારો પૈસા પ્રત્યેનો ખોટો અભિગમ છોડી દો. કલંકિત, ભ્રષ્ટ, ખરાબ અથવા દુષિત એવા લેબલ વગર પૈસા પ્રત્યે સજાગ રીતે જુઓ.

મોહનાની દૃષ્ટિથી જુઓ. જે આશ્ચર્ય અને અહોભાવથી પ્રેરીત છે. ફક્ત આ પછી જ પૈસો દિવ્ય અને પવિત્ર ફૂલમાં ફેરવાઈ જશે.

રોજ ગર્વથી કહો, 'હું પૈસાને ચાહું છું.'

"હું પૈસાને ચાહું છું" એમ તમે વારંવાર બોલશો તો તે સકરાત્મક અસર ઉપજાવી તમારા જહેમમાં પૈસો અને પ્રેમનો અર્થ ઊંડે ઊંડે ઉતારતો જશે.

પહેલાં ત્રણ પાનામાં કંઈ કાર્ય કરવાનું કહ્યું છે. તો પુસ્તકમાં આ પાનાં પૂરાં કરવા તમારા સહકારની જરૂર છે. મહેરબાની કરીને સૂચનોને અનુસરો અને દરેક વખતે જ્યારે તમે બુક ખોલશો. ત્યારે તમને યાદ અપાવશે કે 'પૈસો', 'આત્મશકિત' અને વૈશ્વિક શકિતઓ તમને સકારાત્મક ઉર્જા આપી સમન્વય અને સમતોલ પ્રગતિનો અહેસાસ કરવામાં મદદ કરે છે.

Money workshop માં ઘણી યુક્તિઓ અને સુત્રો પ્રયોજાયેલાં અને ચકાસાયેલાં છે. તેથી તમારું જીવન સરળ બને છે. કારણ તમારે આ 'ચકર'ને ફરી શોધવાની જરૂર નથી.

તમારા મનનો કબજો કરેલા વિચારો, જે તમે ઘણાં લાંબા સમયથી શીખી રાખ્યા છે, તેને તમારે 'છોડી' તમારું મન સ્વચ્છ કરશો, તો આ પુસ્તકમાંથી સર્વોત્તમ પરિણામ મેળવી શકશો. યાદ રાખો પહેલાં જે ખોટું શીખ્યા છો તેને ભૂલી જઈ નવેસરથી શીખો.

શરૂઆતથી અંત સુધી પુસ્તક વાંચો. પછી તમને જે પ્રકરણ ગમે તે વાંચો કારણ દરેક પ્રકરણ વિશિષ્ઠ છે. જયારે તમે વાંચો ત્યારે પેન કે પેન્સીલ હાથ વગી રાખો જેથી તમે તમારા વિચારોની નોંધ કરી શકો. જો તમે દરરોજ વાંચશો તો મને ખાત્રી છે કે તમને પૈસા અને તમારા જીવન વિષે ઘણા વિચારો આવશે. દરેક વખતે તમને જુદો અર્થ, નવું તત્ત્વ, નવી ક્ષિતિજ અને નવી જ દૃષ્ટિ મળશે.

આ પુસ્તક વારંવાર વાંચો. આ પુસ્તક ઓછામાં ઓછા ૨૧ દિવસ વાંચો. કારણ આટલા દિવસ તમને જૂની આદતો અને વિચારોને ફેંકી દઈ તેને બદલે નવા વિચારો મનમાં ગોઠવતા લાગશે માટે આ પુસ્તક તમારા ઓશિકા નીચે રાખો.

એક પુસ્તક ઘરમાં અને એક ઓફીસમાં રાખો જેથી જરૂર પડે તેને ફરી વાંચી શકો.

તમારા મિત્રો 'મારો વહાલો પૈસો' તમારી પાસેથી વાંચવા લઈ જશે તો હું અગાઉથી જ ચેતવણી આપું છું કે તેઓ આ પુસ્તક પાછું નહી આપે. તેથી તેમને એક પુસ્તક ભેટ આપવું સલાહ ભર્યું છે. જો તેઓ તમારી ખુબ નજીકના મિત્રો હોય તો તેમને 'મારો વહાલો પૈસો' એ ભેટ આપો જેથી તેમના તમારી સાથેના સંબંધો વધારે પ્રગાઢ બને.

આ પુસ્તકના ઘણા વિચારો તમને ગમશે અને તમને માન્ય પણ હશે, કારણ તે તમારા પોતાના વિચારોનું જ પ્રાગટય છે. તમારૂં મન કેટલાક વિચારોનો વિરોધ કરી એ વિચારો ન પણ સ્વીકારે. મારી સલાહ છે કે જે વિચારો તમારૂં મન સ્વીકારતું ન હોય તે વિચારોના ઊંડાણમાં જઈ વિચારો. તમને સારૂં પરિણામ મળે માટે આ જ વિચારોનું ક્ષેત્ર તમારે બદલી અને સુધારવાનું છે.

'મારો વહાલો પૈસો' માંના વિચારો તમને 'કાર્ય' પ્રત્યે ફેંકે છે. ફક્ત આ 'કાર્ય' જ તમારા ખીસ્સાં પૈસાથી ભરી દેશે અને તમે ઉત્તમ કક્ષાનું જીવન જીવી શકશો.

જો 'મારો વહાલો પૈસો' તમને પસંદ પડી હોય તો તમારા સગાં-વહાંલા અને મિત્રોને વાંચવા કહો. મોઢા મોઢ જાહેરાતની શકિત બીજા કોઈપણ માર્કેટીંગના પ્રયત્ન કરતાં પ્રબળ છે. તમારા આશીર્વાદ અને અનુમોદનથી દુનિયામાં પૈસા માટે જાગરૂકતા આવશે. તમારી કાળજી અને વહેંચણી માટે હું તમારો અગાઉથી આભાર માનું છું.

જો કોઈપણ રીતે 'મારો વહાલો પૈસો' તમને ગમી હોય તો મહેરબાની કરીને Money Workshop માં આવો, જે પુસ્તક કરતાં અનેક ઘણું શકિતશાળી માધ્યમ છે.

પૈસાને "હા" કહો.

દરેક જગ્યાએ પૈસો, પૈસો, પૈસો છે. જો પૈસો તમારા ખિસ્સામાં ન હોય તો તમારા મનમાં હોય છે. એ દરેકના જીવનનો અરે, તમારા જીવનનો પણ એક અગત્યનો હિસ્સો છે. એ એટલો શકિતશાળી છે કે તે દરેકનું ધ્યાન ખેંચે છે.

તેની શકિત જાણવા માટે આપણે એક સાદો પ્રયોગ કરીએ. બે-ત્રણ સિક્કા એવી જગ્યાએ નાખો કે તેનો જાદુઈ ખણખણાટ સંભળાય. અને તમે સમયને અટકી જતો અનુભવશો. તમારી આજુબાજુના લોકો તેઓ જે કંઈપણ કામ કરતા હશે તે મૂકીને સ્થિર થઈ જશે અને જે બાજુથી પૈસાનો જાદુઈ ખણખણાટ સંભળાયો હશે તે બાજુ જોશે. તરત જ તેઓ બધા આશ્ચર્યથી વિચારવા લાગશે કે નીચે પડેલા પૈસા ભૂલેચૂકે તેમના પોતાના તો નથી.

કેટલાંક તો પોતાના ખિસ્સા પણ ફંફોસી લેશે. જોકે તેઓ જાણતા હોય છે કે તેમાં એકપણ સિક્કો તેમનો પોતાનો નહોતો. અને જો સિક્કો ટેબલની નીચે પડયો હોય તો લોકો પીઠનું દર્દ ભૂલીને પણ નીચે જોવા લાગે છે.

અછતની ભાવના- જાદુઇ ટોપીની જરૂરીયાત.

કુદરતી રીતે જ માણસ પૈસાવાળો અને સમૃધ્ધ હોય છે. ભગવાન બધી જ રીતે અને હંમેશા તેની બધી જ રચનાઓ વિપુલતા નો અનુભવ કરે એમ ઈચ્છે છે. અને છતાં જીવનમાં આપણામાંના ઘણા આ વિપુલતાના આશીર્વાદ સાથે કદમ મિલાવવાની આવડત ગુમાવી દે છે. એવું લાગે છે કે આનંદ અને સમૃદ્ધિ હંમેશા બે ડગલાં આગળ હોય છે અને એના સુધી પહોંચાતું જ નથી.

આપણને કોણ જાણે કોણે કહ્યું છે કે કુદરતના દ્રવ્યોની અછત છે?

હવે હું તમને એક શોધ કરવા આમંત્રણ આપું છું. 'અછત' ની જૂની ટોપી ફેંકી દો અને વિપુલતાના રહસ્યના તાણાવાણાથી વણાયેલી 'જાદુઈ ટોપી' પહેરો. આ નવા રહસ્યો શોધાવા માટે તમારી રાહ જોઈ રહ્યા છે. આવો અને ડહાપણ, સુંદરતા, સચ્ચાઈ અને પ્રેમની ભરેલી જીંદગી જીવો.

લાઈટસ્, કેમેરા, એકશન..

અગ્નિ ખાવાનો અનુભવ

જો તમને સળગતું રૂ મોઢામાં નાખવાનું કોઈ કહે તો તમે ચીસ પાડી ઉઠશો. સળગતું રૂ ખાવું શક્ય જ નથી. અરે બળતું રૂ તમારા મોઢા નજીક લઈ આવવાનો વિચાર માત્ર તમારા શરીરમાં કમકમાટી લાવી દે છે.

જો મારે સળગતું રૂ ખાઈ બતાવવાનું હોય (ઘણી વખત અમે Money Workshop માં એ કરીએ છીએ) તો હું સફળતાથી તે કરી બતાવીશ. પછી શું?

ક્યાંક તમારા મનમાં સંભાવના જાગે, “જો કોઈ કરી શકતું હોય તો હું શા માટે નહી?” અહી જ અસંભવની સ્થિતિમાંથી સંભવની સ્થિતિ તરફ જવા માટેનો બદલાવ શરૂ થાય છે.

‘સંભાવના’ એ ફક્ત વિચાર છે જે ફક્ત તમારા મનમાં રહે છે. તે હકીકત ત્યારે જ બને છે જ્યારે તમે બળતું રૂ મોઢામાં મૂકો.

હવે તમે નક્કી કરો છો કે બળતું રૂ ખાતાં શીખવું ફક્ત શીખવાથી કંઈ વળતું નથી. કારણ હજી તમે વિચારમાંથી જાણકારીની સ્થિતિમાં આવ્યા છો. તમારો પોતાનો અનુભવ મેળવવા માટે તમારે કાર્ય કરવું જરૂરી છે. અને એ તમે કરવાની સ્થિતિમાં આવો ત્યારે જ શક્ય છે. તેથી છેવટે તમે તેનો અનુભવ મેળવો છો.

(ચેતવણી: આ પ્રયોગ તમારે જાતે કરવો નહી. કારણ તે ખૂબ ખતરનાક છે) જ્યારે તમે બળતું રૂ મોઢામાં મૂકવાનો અખતરો કરો છો ત્યારે તમારે ભયાનક ડરનો સામનો કરવો પડે છે. અને જેમ ડર વધારે તેમ આ કાર્ય વધારે મુશ્કેલ બને છે.

છેવટે તમે બળતું રૂ કોઈપણ નુકસાન વગર ખાઈ શકો છો. તમે મહાનતા અને જીત અનુભવો છો. તમે તમારા પોતાના ડર પર વિજય મેળવ્યો છે. અને તમારો પોતાનો વિજય અનુભવ્યો હોય છે.

બીજી વખત બધું સહેલું થઈ જાય છે અને બળતું રૂ ખાવાનો ડર તમારા જીવનમાંથી હંમેશ માટે જડમૂળથી જતો રહ્યો છે.

આ સોપાનને મેળવ્યાની સ્થિતિ કહે છે. જો તમે બળતું રૂ ખાવાની પ્રયુક્તિ સમજવાનું પસંદ કર્યું હોત પણ ક્યારેય તેનો પ્રયોગ ન કર્યો હોત તો તેનો કોઈ ઉપયોગ ન હોત, તે ફક્ત તમારા મનને મજબૂત કરનારી બૌધિક કસરત બની જાત.

જ્યારે તમે કાર્ય કરી જાત અનુભવ મેળવો ત્યારે બધા ફાયદા તમારી પાસે આવતા જાય છે.


બળતું રૂ ખાવું, શેરબજારમાં સૌથી પહેલું રોકાણ કરવું અથવા પૈસાને લગતા નિર્ણયો કરવા બધું એક જ સરખું છે. તમારે જે સોપાન સર કરવાનાં હોય છે,

તે છે અસંભવની સ્થિતિ, સંભવની સ્થિતિ (તમારા મનમાં જ), ત્રીજું પગથિયું છે કાર્ય કરવું અથવા કરવાની સ્થિતિ (અહીં તમે ભયંકર ડરનો સામનો કરો છો) અને છેલ્લે મેળવવાની સ્થિતિ (સફળતાનો તમારો અનુભવ મેળવ્યા પછી).

તમને સફળતા અપાવવા માટે અવરોધક કારણો છે તમારી કાર્ય કરવાની અણઆવડત. માટે નાના ડગલાં ભરો પણ યોગ્ય દિશામાં. જો તમે અસફળ થાઓ તો તેને શીખવા માટેના પ્રયત્નો ગણો અને આ મૂલ્યવાન વિચાર હંમેશા તમારા જીવનમાં ઉતારો તેથી કાર્ય કરનારા બનો. ક્યારેય કોઈ પૈસો કાર્ય કર્યા વગર મળ્યો નથી કે મળશે નહી.

મહેરબાની કરીને તમારા મનમાં કોતરી રાખો કે **"જાણવું એ કરવું નથી પણ ફક્ત કરવું એજ કરવું છે."**

પૈસાનું મહત્ત્વ



"પૈસાને ફેરવતા રહો અને આનંદથી પૈસાની રમત રમો."

જટીલ અને મુંઝવનારું પૈસાનું વિશ્વ

કેટલાંક અતિ કિંમતી પેઈંટીગ્સ જે કરોડો ડોલરની કિંમત ધરાવે છે. તેનો સર્જક વીન્સેન્ટ વોન ગોગ હતો. પણ આખી જીંદગી તેની પાસે જીવનનિર્વાહના પૈસા નહોતા. તે ગરીબાઈમાં જીવ્યો અને મર્યો.

આવી ઘણી વાર્તાઓ છે કે આખી જીંદગી ઘણા લોકોએ સખત મહેનત કરી. તેમણે જીંદગીમાં ક્યારેય પોતાના માટે પૈસો ન ખર્ચ્યો અને એક મુફલીસની જીંદગી જીવ્યા. તેઓએ કરોડો કમાવ્યા અને એકાએક બધા પૈસા દાનમાં આપી દીધા.

દુનિયામાં એવી કહાનીઓ વારંવાર બને છે કે સજ્જનો કેવી રીતે ગુનેગાર બની જાય છે. તેઓ પૈસા માટે ચોરી કરે, છેતરપીડી કરે અથવા પોતાના સગાવહાંલાને મારી પણ નાખે છે.

પૈસાવાળાઓ જ્યારે તેમના કૂતરાં બીલાડાંને સૌથી ઉત્તમ બ્યુટી પાર્લરમાં લઈ જાય છે. અને તેમના માટે ડિઝાઈનર વસ્તુઓ ખરીદે છે ત્યારે હજારો લોકો કૂતરાની જેમ રસ્તા પર જીવે છે અને મરે છે.

થોડા લોકો એવા છે જે દિવસના હજારો કમાય છે. જ્યારે હજારો લોકો એવા છે જે દિવસના થોડા રૂપિયા કમાય છે.

ઘણાં લોકોની પાસે પુષ્કળ સમૃદ્ધિ હોવા છતાં તેમને અસલામતીનો ડર સતાવે છે. જ્યારે કેટલાક પાસે ખૂબ ઓછા પૈસા હોવા છતાં તેઓ રાજાની જેમ જીવે છે.

ઘણાં એવા છે કે સો મણ રૂની તળાઈમાં સૂવા છતાં તેમને ઉંઘ આવતી નથી જયારે કેટલાક લાકડાના પાટીયા પર અથવા પથ્થરનું ઓશિકું કરીને આરામથી સૂઈ જાય છે.

ગરીબથી તવંગર બનવાની વાર્તાઓ છે જે આપણને ઉત્સાહ પૂરો પાડે છે જ્યારે તવંગરથી ગરીબ બનવાની વાતો આપણને ધબકાર ચૂકાવી મુંઝવણમાં મૂકી દે છે.

આપણે જે દુનિયામાં જીવીએ છીએ ત્યાં આવા વિરોધાભાસ છે. તેનું પ્રમાણ એક છેડાથી બીજા છેડાના અંત સુધીનું હોય છે. તમે જે વિચાર્યું છે અથવા વિચાર્યું જ નથી તેવું કંઈ પણ પૃથ્વી પર બની શકે છે. આપણી આજુબાજુ બનતા દરેક બનાવોની આપણે ચિંતા કરીએ તો આપણી લાગણીઓનું દેવાળું નીકળી જાય. પૈસાની દુનિયાની ઉથલ-પાથલ આપણે પહેલાંથી વિચારી કે સમજી શકતા નથી.

તેથી તમે તમારી પોતાની જ પંચાત કરો તે હિતાવહ છે. અને પૈસાની દુનિયામાં તમારી જાતને કોની સાથે જોડવી તે પસંદ કરો.

શું તમે તારામઢી રાત ખરીદી શકો છો?

વિશ્વ આપણને ચમકદાર અને જોઈ જ રહીએ તેવો અદ્ભુત દૃશ્યનો નઝારો આપે છે. આકાશ સામે જુઓ હજારો તારાઓની ચમકતી તારામઢી રાત પૂર્વમાં ઉગતા સૂર્યની પોકરાયેલી છડી, ઉછળતા પાણીથી વહી જતા ધોધ, ગગનચુંબી પહાડો, ગીચ જંગલો, રંગ-બેરંગી પતંગિયા, માખીઓ અને પક્ષીઓ વગેરે છે. આ બધું જાણે સમગ્ર બ્રહ્માંડમાં ધ્વનિ અને પ્રકાશનો ભવ્ય નઝારો ગોઠવાયો હોય અને સાથે વાજીંત્રો વાગતા હોય એવું લાગે છે અને એ પણ તદ્દન મફતમાં. યાદ રાખજો સૌથી સરસ વસ્તુ માટે જીવનમાં હજી પણ કોઈ કિંમત ચૂકવવી પડતી નથી.

તમારામાંથી કેટલાં આ સુંદરતા જાણો છો? છેલ્લે ક્યારે તમે ઉગતા સૂર્યને અથવા ભૂરા આકાશને જોયું હતું? આ સંપૂર્ણ સુંદરતાને આપણે શા માટે જરાપણ મહત્વ આપતા નથી? જો સ્વર્ગનો અધિકારી આપણી પાસે સૂર્ય પ્રકાશનો ટેક્ષ, ચાંદની રાતનો ટેક્ષ કે ચમકતી તારામઢી રાતનો ટેક્ષ વસુલ કરવા આવે તો શું થાય? હવે જાગૃત બની આ ગેબી અને અદ્ભુત નઝારો જે બિલકુલ મફત આપણને મળે છે તેના તરફ જોવાનો સમય થઈ ગયો છે. આવી ઘણી વસ્તુઓ છે જે પૈસા ખરીદી શકતા નથી.

મિ. માલામાલ તેની પત્ની સાથે દરિયા કિનારે જાય છે. તે તેની પત્ની માટે કંઈ નાસ્તો લેવા જાય છે અને એ પાછો ફરે છે તો તેની પત્નીને ઘણા લોકો પાણીમાંથી બહાર ખેંચી લાવે છે અને તેને પ્રાથમિક સારવાર આપતા જુએ છે. તેણે પૂછ્યું તમે શું કરો છો? તો લોકોએ કહ્યું ‘‘અમે કૃત્રિમ શ્વાસોચ્છવાસ કરાવીએ છીએ.’’ માલામાલે બૂમ પાડી ‘‘કૃત્રિમ શ્વાસોચ્છવાસ’’. ‘‘અરે, તને સાચેસાચ શ્વાસ આપો હું તમને તેની કિંમત ચૂકવીશ.’’

સંપત્તિ અને સમૃદ્ધિ પૈસાને માટે વપરાય છે. પણ સંપત્તિ અને સમૃદ્ધિ પૈસાથી પણ પર છે. ભૌતિક સ્તરે તે તમારી જરૂરીયાતો અને ઈચ્છાઓ પૂરી કરે છે. તેમાં જરૂર કરતાં વધારે પૈસા અને ભૌતિકતા છે. તેમાંથી પુષ્કળ બચતો અને અસ્કયામતો ઉભી થાય છે. જેથી તમને તમે જે સર્જન કર્યું છે તે ભોગવવાનો પૂરતો સમય મળી રહે છે.

આધ્યાત્મિક સ્તરે તે તમારા અને વિશ્વ સાથે એક અનેરો સંબંધ ધરાવે છે. વર્તમાનમાં જીવી અને દરેક ક્ષણે તમારા અસ્તિત્વની સંપૂર્ણ સભાનતા છે.

માનસિક સ્તરે તે સલામતી અને સંતોષની લાગણી છે જે તમને મનમાં શાંતિ અને આનંદ આપે છે. તે અબાધ્ય, અમર્યાદિત અને અનંત આનંદવાળું શાશ્વત જીવન બક્ષે છે. તે ઘડી ઘડી તમને અનંત વિપુલતા અને સંપત્તિની લાગણી કરાવે છે. તે જીવનને તાલબદ્ધ સહકારની હાજરીનો અર્થ સમજાવે છે.

આ સંપત્તિ તમને નવી દિશાઓ તરફ લઈ જાય છે. જ્યાં જીવન બ્લેક અને વ્હાઈટ ટી.વી. જેવુ નહીં પણ ડીઝીટલ,મલ્ટીકલર અને સ્પેશ્યીલ સાઉન્ડ ઈફેક્ટવાળા ટી.વી. જેવું હોય છે. જ્યારે તમે તમારા અસ્તિત્વ સાથે તીવ્રતા અને ઝનુનથી જોડાઓ છો. ત્યારે તમે ખરા અર્થમાં કહી શકો ''હું સંપત્તિ વાળો અને સમૃદ્ધ છું.''

તેથી પૈસા તમારી આજુબાજુ છે નહી કે તમારા ખીસ્સામાં તો હવે પછી આપણે સંપત્તિ અને સમૃદ્ધિની દુનિયામાં જવા માટે પૈસાની નવી મુસાફરી શરૂ કરીએ.

હંગામી અને કાયમી ઉકેલ

તમે જીવનમાં જુદા જુદા પ્રકારની નાણાકીય સમસ્યાઓનો સામનો કર્યો હશે. પણ એ સમસ્યાઓનો ઉકેલ શોધવાની ત્રણ રીતો છે. પહેલી રીતે એ છે કે તમે આવા પ્રશ્નો માટે કંઈ પણ ન કરો અને તે પ્રશ્નો ભગવાનને સોંપી દો. બીજી રીત છે કે તેનો હંગામી ઉકેલ લાવવો અને ત્રીજી રીત છે કે પ્રશ્નોના ઉંડાણમાં જઈ તેમનો કાયમી ઉકેલ શોધવો.

ગોલમાલને રૂા.૧૦,૦૦૦/- ની સખત જરૂર હતી. તેથી તે તેના મિત્ર માલામાલ પાસે ઉછીના લેવા ગયો. તેણે માલામાલને વચન આપ્યું કે તે આ પૈસા ૧ મહિનામાં પાછા આપી દેશે. તેણે રૂા.૧૦,૦૦૦/- ખર્ચી નાખ્યા અને જોતજોતામાં ૧ મહિનો પણ પસાર થઈ ગયો. માલામાલને તેના પૈસા પાછા જોઈતા હતા તેથી તેણે ઉઘરાણી ચાલુ કરી. હવે ગોલમાલ ખરો સપડાયો. તેને એક ઉત્તમ વિચાર આવ્યો. તે બીજા મિત્ર ધનીરામ પાસે ગયો. જેને એ ઘણા સમયથી મળ્યો નહોતો. તેણે ધનીરામને વિનંતી કરીકે મને ૧૦,૦૦૦ રૂપિયા ઉછીના આપો. હું ૧ મહિનામાં તે પાછા વાળી દઈશ. દસ હજાર રૂપિયા લઈને તે સીધો માલામાલ પાસે ગયો અને તે તેને આપી દીધા. હવે ગોલમાલનો શ્વાસ હેઠો બેઠો કે તેની પાસે આખો મહિનો બાકી હતો. હવે મહિનો પસાર થતાં ધનીરામને તેના પૈસા પાછા જોઈતા હતા. તે દરમ્યાન ગોલમાલે એક સુંદર ઉપાય શોધી કાઢયો હતો.

ગોલમાલ માલામાલ પાસે દોડી ગયો અને એક મહિનામાં દસ હજાર રૂપિયા પાછા આપવાનું વચન આપી પૈસા લઈ આવ્યો. આ પૈસા તેણે તરત જ ધનીરામને આપી દીધા. તેને ખ્યાલ આવ્યો કે આ રીત ઉત્તમ છે. દરેક મહિના પછી માલામાલ પાસેથી દસ હજાર રૂપિયા ઉછીના લઈ ધનીરામને આપવા અને ધનીરામ પાસેથી લઈ માલામાલને આપવા. હવે થોડા મહિનાઓ પછી ગોલમાલ ગુંચવાઈ ગયો અને ભૂલી ગયો કે કોને કોના પૈસા આપવાના છે. તેને ખ્યાલ ન રહ્યો કે તેણે ધનીરામ પાસેથી દસ હજાર રૂપિયા લઈ માલામાલને આપવાના છે કે માલામાલ પાસેથી લઈને ધનીરામને આપવાના છે. હવે તે થાકી ગયો અને આનો કાયમી ઉકેલ લાવવા માંગતો હતો. તેના મનમાં હજી એક વિચાર આવ્યો. ગોલમાલે બન્નેને ચા પીવા ઘેર બોલાવ્યા. તેણે માલામાલ અને ધનીરામને એકબીજાની ઓળખાણ કરાવી. અને છેલ્લે તેણે તે બન્નેને કહ્યું. ''તમે બન્ને મારા જીવનમાં ખૂબ ગુંચવણ અને ટેન્શન ઉભું કરો છો. તમે એક કામ કરો મહિના પછી દસ હજાર રૂપિયા એકબીજા સાથે અદલાબદલી કરી લો અને મને આ બધાથી દૂર રાખો.''

આપણામાંથી ઘણાં આપણી નાણાકીય સમસ્યાઓ આ રીતે ઉકેલે છે. એકની ટોપી બીજાને માથે. એક સારા ચાલતા ધંધાનો નફો બીજા ખોટમાં ચાલતા

ધંધામાં નાખવો. આ બધા હંગામી ઉકેલ છે. અને લાંબે ગાળે ખતરનાક પૂરવાર થશે. આમ ચાલ્યા જ કરશે. આ તો એવું થયું કે **એક ખરાબ માળી ઝાડના સૂકાયેલા પાંદડા અને ફૂલોને પાણી આપે છે જ્યારે ખરેખર તો ઝાડના મૂળને પાણી પાવું જોઇએ.**

પુરાણી ભારતીય આયુર્વેદિક પદ્ધતિમાં રોગનો જડમૂળથી નાશ કરવામાં આવતો. આયુર્વેદિક દવાઓથી માણસ આનંદી અને તંદુરસ્ત રહેતો કારણ તે રોગને થતો જ રોકી લે છે.

તમારા વાહનની રોજેરોજ કાળજી લો તો જ તેને રસ્તા પર દોડતું રાખી શકાય. છતાં કોઈ વખત કંઈ એવું બને કે ટાયર પંકચર થઈ જાય. શું તમે વધારાનું ટાયર અને તેના ઓજાર રાખો છો? ન રાખતા હોવ તો રાખો જેથી થોડીવારમાં તમારૂં વાહન રોડ પર દોડતું થઈ જાય. જો તમે વારંવાર ટાયરને ચકાસી લો. તેમાં હવાનું દબાણ પ્રમાણસર રાખો અને રસ્તા પર પડેલી તૂટેલી બોટલને બાજુ પર રાખી શકો તો તમારી કારમાં કોઈ તોડફોડ થતી નથી.

ઘરની બહારના પરિબળો જેવા કે કુદરતી હોનારત, યુદ્ધ, આર્થિક મંદી જે આપણા નાણાકીય માળખાને અસર કરે છે તેના પર આપણો કાબુ નથી પણ આપણે આપણી જાત પર પૂરો કાબુ કુદરતી નિયમોને પાળી આપણી આર્થિક સ્થિતિ મજબૂત કરી, રાખી શકીએ છીએ. આપણે અગાઉથી પૈસાનું વ્યવસ્થાપન કરી, નાણાકીય વિષમતાઓથી પોતાને રક્ષી શકીએ છીએ.

સારું એવું અનામત ભંડોળ આપણને મુશ્કેલીના સમયમાં કામ લાગે છે. જેથી દરેકે જીવનમાં ખૂબ વહેલું બચત કરતાં શીખવું સમાજના કેટલાક લોકોને સામાન્ય આર્થિક પરિસ્થિતિની ઝાઝી જોઈએ. તમે કાળજી રાખી નોંધ્યું હશે તો તમને જણાયું હશે કે અસર થતી નથી.

શું 'પાણી પહેલાં પાળ બાંધવી' વાળી કહેવત યાદ રાખવી વ્યવસ્થા અને દેખરેખ, પૈસાને લગતી કોઈપણ સમસ્યા અટકાવી હિતાવહ નથી? સારી નાણાકીય આદતો, સતત કાળજી પૂર્વકની શકે છે. હંમેશા કાયમી નાણાકીય ઉકેલ શોધો અને આવા ઉકેલની અમલ બજાવણી કરો.

પૈસા વગરનું જીવન મૃત્યુ સમાન છે.

તમે સૌથી મોટું જુઠાણું સાંભળ્યું હશે. "પૈસા મારા જીવનમાં મહત્ત્વના નથી." પણ આપણે પૂરતાં પ્રમાણપત્રો આપી શકીએ કે તમે અત્યારે જે હેસીયત ધરાવો છો અને ભવિષ્યમાં જે બનવાના છો તે બધું પૈસાને આધારે છે. કેટલાક દંભીઓ હંમેશા કહેતા ફરે છે કે "પૈસા મારા જીવનમાં મહત્ત્વના નથી."

આજે તમારૂં માન, મોભો, સંપત્તિ અને આત્મ-સન્માન બધું જ તમારા જીવનમાં પૈસાની દેન છે. તમારું જીવન શરૂ કરવામાં અને જીવન જીવવા પર્યંત પૈસાની જરૂર પડે છે. તમારા વાહનમાં ઇંધણની જરૂરત હોય છે. તે જ રીતે તમારા જીવનમાં પૈસાની જરૂરત હોય છે. પેટ્રોલ પૂરું થાય કે ગાડી અટકી જાય છે તેમ જ પૈસા પૂરા થાય કે જીવન અટકી જાય છે.

તમે શ્વાસ લો તો હવાની જરૂર પડે, નાના બાળકને માના દૂધની જરૂર પડે, માણસના શરીરને લોહીની જરૂર પડે એમજ પૈસાની પણ જરૂર પડે છે. તમને ગમે કે ન ગમે તમે પૈસા વગર જીવી શકતા નથી.

મિત્ર : "મારે તારી સલાહની જરૂર છે આ જીવન મૃત્યુનો સવાલ છે."

ગોલમાલ : "બેફિકર રહે, હું સારો સલાહકાર છું. કહે, તારે શું સમસ્યા છે?"

મિત્ર : "હું કોને પરણું. એક આંખે કાણી વિધવાને જે કરોડોની માલકણ છે કે પછી ગરીબ સુંદર છોકરીને જેને હું ચાહું છું."

ગોલમાલ : "મિત્ર, તારા હૃદયને પુછ. તારૂં હૃદય શું કહે છે?"

મિત્ર : "તેં મારી આંખ ખોલી નાખી પૈસા જીવનનું સર્વસ્વ નથી. હું પેલી છોકરીને પરણવા માંગું છું જે ગરીબ છે પણ હું તેને ચાહું છું."

ગોલમાલ : "સરસ, ભાઈ હંમેશા તારા હૃદયનો વિશ્વાસ કર. હવે તે ગરીબ છોકરીને પરણવાનો નિશ્ચય કરી લીધો છે તો પેલી એક આંખવાળી વિધવાનો ફોન નંબર મને આપીશ."

જો તમે વિચારતા હોવ કે પૈસા જન્મથી મૃત્યુ સુધી જ મહત્ત્વના છે તો તમે ખોટા છો. યાદ રાખો, તમારી દફનક્રિયા પણ મફતમાં થતી નથી. જો કે તે માટે તમે પૈસા ચૂકવવા હયાત હોતા નથી તે છતાં પૈસા મહત્ત્વના છે.

હમણાં જ નક્કી કરો તમારે પૈસા જોઇએ છે કે નહી? જો તમારે પૈસા જોઈતા હોય તો તેના મહત્ત્વને ખરા મનથી સ્વીકારો. સાવચેત રહો. જો તમને પૈસા જોઈતા નહી હોય તો પૈસા તમને મળશે પણ નહી.

તમારી પાસે પૈસા ન હોય તો કોઇ તમને ચાહતું નથી ન તમારી મા ન તમે પોતે.

તમારા જીવનનો એ કપરો સમય યાદ કરો જ્યારે તમારે નાણાકીય તંગી હતી. યાદ કરો એ અકળાવતી ચિંતાઓ, માનસિક તાણ અને ભયંકર નિરાશા. શું તમને પૈસા વગર દુનિયાનો સામનો કરવો ગમશે? ચોક્કસ તમને નહી ગમે. તમને ઊંડે ઊંડે પણ ખબર છે કે આજ અકળાવનારી સચ્ચાઈ છે. તમે તમારું આત્મ-સન્માન ગુમાવી દીધું હોય છે. તમને તમારા મિત્રો અને સગાં-વહાલાંના કટાક્ષબાણો યાદ આવતા હશે. અને બધાં જ સલાહ આપવા દોડી આવે છે કે તમારી જીંદગી કેવી રીતે સાચવવી?

ગોલમાલ તેના મિત્રને : "શું તું મને ઉછીના પૈસા આપી શકે? મારે મારા ઘરની રખવાળી માટે વાઘ ખરીદવો છે."

પૈસાદાર મિત્ર : "શું ? તારી પાસે સાચવવા જેવું કંઈ જ નથી, છતાં તારે તારા ઘરની રખવાળી કરવી છે. મારી તને સલાહ છે કે પહેલાં પૈસાદાર બન અને પછી વાઘ રાખજે."

ગોલમાલ : "મારે પૈસા જોઈએ છે સલાહ નહી."

શું તમને બધી સલાહોને રોકડા રૂપિયામાં ફેરવી શકો તેવી તીવ્ર ઈચ્છા નથી થતી?

પછી પૈસા અટકાઈ જાય છે અને જીવન મુશ્કેલ થઈ જાય છે પછી તમે તૂટી જાઓ છો. ત્યારે જ તમારો ખૂબ સારો વર્ષોનો મિત્ર તમને આઘાત અને ગુસ્સાથી તડપતા મૂકીને ચાલી જાય છે.

મિત્રોને ભૂલી જાઓ તમારો પોતાનો પડછાયો તમને છોડી જાય છે. જ્યારે તમારો સૂર્ય સોળે કળાએ હોય ત્યારે તમારો પડછાયો તમારી પાછળ ખૂબ નિષ્ઠાપૂર્વક આવે છે. જ્યારે અંધકાર આવે ત્યારે તમારો પડછાયો પણ અદૃશ્ય થઈ જાય છે. પૈસા વગર 'તમે કંઈ નથી અને ક્યાંયના નથી રહેતા.'

જ્યારે પૈસા બાબત કોઈ ભૂલ થાય તો ચોક્કસ આપણે એના કારણનું પૃથ્થકરણ કરવા લાગી જઈએ છીએ. આપણને લાગે છે કે મારા નિર્ણયો ખોટા હતા. કદાચ આપણે આ નિર્ણય પહેલાં લીધો હોત તો. અને આપણે આપણાં નિર્ણયના દરેક તબક્કા ફરીથી ચકાસી જોઈએ છીએ. પહેલાં જે મુદ્દાઓ સાચા લાગતા હતા તે બધા અત્યારે ખોટાં લાગે છે. જે થયું તે માટે આપણે પોતાની જાતને દોષી માની ધિક્કારીએ છીએ. આપણે જાતને માફ કરી શકતા નથી.

તમે નીચેની કવિતા સાથે હૃદયપૂર્વક સહમત થશો.

“હસો અને જગ તમારી સાથે હસશે;

રડો અને તમે એકલા જ હશો..

જમણવાર કરો તો તમારું ઘર ભરાઈ જશે,

ઉપવાસ કરો તો કોઈ પૂછશે નહી.”

તમને જીવન ગણિત જેવું લાગતું હશે. ***મિત્રોના અદૃશ્ય થવાનું પ્રમાણ પૈસાના અદૃશ્ય થવાના સમપ્રમાણમાં હોય છે.***

કહેવત છે કે “સફળતાને સૌ પૂછે જ્યારે નિષ્ફળતા નોંધારી હોય છે.” તમારી લાગણી ઘવાઈ છે એ કડવા સત્યનો તમારે સામનો કરવો જ રહ્યો કારણ તમે પૈસાની કિંમત સમજ્યા નથી.

હવે કલ્પના કરો કે પૈસાના ભારથી નમી પડેલા ખીસ્સા સાથે તમે શોપીંગ-મોલમાં લટાર મારો છો. તમારો ચહેરો ચમકતો હશે. તમારા બોલવા ચાલવામાં એક પ્રભાવ અને પ્રકાશ હશે. તમને શક્તિશાળી અને આકર્ષક વ્યક્તિત્વ આપવા માટે પૈસા મહત્ત્વનું સાધન છે. તમારે વ્યક્તિત્વ ખીલવવા શું કંઈ વધારે કરવાની જરૂર છે?

તમારી આજુબાજુની દરેક વસ્તુ પર પૈસાનો પ્રભાવ હોય છે. દરેક વખતે પૈસાનું મહત્ત્વ અને કિંમત ઓળખો.

શા માટે આપણે પૈસાથી આટલાં અસ્વસ્થ થઇએ છીએ.

એક સુંદર છોકરી : 'ગોલમાલ તમે મને પ્રેમ કરો છો?

ગોલમાલ : "હા, જરૂર મારી સ્વીટી."

તેણી : "તો તું મારી સાથે લગ્ન ક્યારે કરીશ?"

ગોલમાલ : "અરે ! તું વિષય ન બદલ."

આમ જ જ્યારે પૈસાની બાબત ચર્ચાતી હોય ત્યારે આપણે વાત બદલી નાખીએ છીએ. પૈસા સિવાયના કોઈપણ વિષય પર આપણે લંબાણપૂર્વક અને ખૂબજ સહજતાથી વાત કરી શકીએ છીએ એવું શા માટે?

ઘણી વખત સામાજીક રીતે આ વાત સ્વીકારાતી નથી. જેથી કરીને પૈસાની બાબત તમે તમારા નજીકના પ્રિયજનોને પણ કહી શકતા નથી.

બચપણથી આજસુધી પૈસા તમારા સંબંધોને તમારી મહત્વાકાંક્ષાને અને તમારા અસ્તિત્વને ઘુમાવી નાંખે છે. તો શા માટે આ વિષય પર બોલવું આટલું મુશ્કેલ બની જાય છે?

સ્કુલ ફી ભરતાં મોડું કરવાથી ફી ઓછી થઈ જતી નથી કે ફી ભરવાની છેલ્લી તારીખ બદલાતી નથી. આ વાસ્તવિકતા છે કે પિતાને ખૂબ વધારે ફી ભરવી ગમતી ન હોય તો પણ પોતાના બાળક ખાતર તેમણે ફી ભરવી જ પડે છે.

ધંધાકીય બાબતોમાં તમારા ઉત્પાદન અથવા તેને લગતી સેવાઓ વિષે બોલતાં તમે સ્વસ્થ હોવ છો. પણ જ્યારે તમારે તેની કિંમત જણાવવાની હોય ત્યારે તમે અસ્વસ્થ થઈ જાઓ છો અને તમારા ગળામાં શોષ પડવા માંડે છે.

તમે બળદિયાને શરમાવે તેટલી સખત મહેનત કરો છો પણ જ્યારે તમારા હક્કનો પગાર લેવાની વાત આવે ત્યારે તમને ખબર છે તમે મુંઝાઓ છો અને પૂછી શકતા નથી.

ઓછા પગારથી ચલાવી લઈ દુ:ખી રહેવા કરતાં તમારો હક્કનો પગાર માંગી સારામાં સારૂં કામ કરવું હિતાવહ છે.

કેટલી વિચિત્ર પરિસ્થિતિ છે. તમને પૈસાને લગતી સમસ્યાઓ આવે ત્યારે તમે સ્વસ્થ હોવ છો. પણ તેનો સામનો કરતાં તમે અસ્વસ્થ થઈ જાઓ છો. હંમેશા પૈસાની બાબતે લોકો અસ્વસ્થતાનો ભાર અનુભવે છે. પૈસા બાબતે જન્મથી જ ભયંકર

અનર્થો આપણે નોંધી રાખ્યા છે. હવે આ બે અક્ષરનો શબ્દ આપણને અસ્વસ્થ કરી મૂકનારો છો.

મનોચિકિત્સકે પૈસાની બેગને : ''ચિંતા ન કરો, બધાને સમસ્યાઓ હોય છે, મારે પણ છે.'' '

'હું તમારી સમસ્યાઓ ૨૦ કલાકમાં હલ કરી આપીશ અને દરેક કલાકના ૧૦૦૦ રૂા. લઈશ.''

પૈસાની બેગ: ''ડૉક્ટર, આથી તમારી સમસ્યાનો હલ થઈ જશે. પણ મારી સમસ્યાનું શું?''

સૌથી મહત્ત્વની વાત એ છે કે ''પૈસા તમારા છે.'' **તેનાથી ગભરાઇ જાઓ નહી. હંમેશા સહજ બનો અને પૈસાની વાત આવે ત્યારે સીધી અને સ્વસ્થ વાત કરો.''**

પૈસાને સમજો તો જીવનને સમજશો.

તમારા ખિસ્સામાંથી ચલણી નોટ કાઢો અને તેને જુઓ. પછી તેની પ્રેમ, સમજણ, પૂર્ણતા અને સભાનતાથી કાળજી કરો. આથી તમારા જીવનની કહાની તમારી સમક્ષ તાદૃશ થશે. દરેક નોટ કે સિક્કો તમારી અદ્‌ભુત વાત કહેશે. આપણા જીવનનો દરેક હિસ્સો, તમારા સંબંધોથી માંડીને તંદુરસ્તી સુધીનો, પૈસાની આજુબાજુ વિંટળાયેલો છે. પૈસા માટે ગેરસમજ, રહસ્યો અને ગુંચવણો છે એ ખેદજનક છે. આપણી શાળામાં આ મહત્ત્વનો વિષય શીખવવામાં આવતો જ નથી.

જો તમારા પૈસા પર અસર થાય તો તમારા જીવન પર અસર થાય છે. પૈસો એ એવું દર્પણ છે જે આપણને જીવનનું સત્ય અને વાસ્તવિકતા બતાવે છે. અને જરૂર પડયે તે તમને વ્યવસ્થિત થવામાં મદદ કરે છે.

આપણી લાગણીઓ આપણી તત્કાલીન નાણાકીય પરિસ્થિતિનું પ્રતિબિંબ હોય છે. કલ્પના કરો કે આખા દિવસની દોડધામ અને મુશ્કેલીઓ બાદ થાકીને તમે ઘરે પાછા ફરો છો. ઘરમાં પ્રવેશીને તમે ટી.વી. ચાલુ કરો છો તે તમારી સમૃદ્ધ અને જાણીતી જીવન શૈલી છે. તમારી પત્ની તમને રહા આપતાં કહેશે કેબલવાળાએ પૈસા વધારી દીધા છે. ત્યાં તો ડોરબેલ વાગે છે અને તમારા પડોશી મિત્ર સહકુટુંબ તમને પેંડા આપવા આવ્યા છે કારણકે તેમણે નવી કાર ખરીદી છે. અને તમે એ પેંડો ખાઈ શકો તેમ નથી કારણ તમને ડાયાબીટીસ છે. તમારું વર્તન, તમારા સંબંધો અને બધા સાથેના તમારા પ્રત્યાઘાતો કોઈપણ સમજી શકે છે.

જ્યારે પૈસા આપણી પાસે હોય ત્યારે આપણે તેને મહત્ત્વ આપતા નથી. જ્યાં સુધી આપણું પાકીટ આપણા ખિસ્સામાં છે ત્યાં સુધી તેનું મહત્ત્વ નથી. પણ પાકીટ ચોરાઈ જાય ત્યારે આપણી દુનિયા ઉથલપાથલ થઈ જાય છે. જ્યારે પૈસા ઓછા હોય ત્યારે આપણને વધારે માટે તૃષ્ણા જાગે છે. જ્યારે આપણી પાસે પુષ્કળ પૈસો હોય ત્યારે તેના ગુમાવવાની ચિંતા અને અસલામતીની ભાવના જન્મે છે.

મિત્ર : માલામાલ તે જાણ્યું ધનીરામ મરી ગયો પણ તેના બાળકો માટે એક પણ પૈસો મૂકી ગયો નથી.''

ગોલમાલ : ''હા, હું એને જાણું છું એની જીંદગી ખૂબ અસમતોલ હતી. પહેલાં સમૃદ્ધ બનવા માટે એણે તંદુરસ્તી ખોઈ. અને તંદુરસ્તી મેળવવા માટે એણે એની સમૃદ્‌ધિ ખોઈ.''

તો પૈસા સાથેના તમારા સંબંધો સમજો અને ગુંચવણનું જાળું દૂર કરો. તમારા પેટની સમસ્યા કે પત્ની સાથેના સંબંધોની સમસ્યા જાતે એકલા ઉકેલો એ

ભયંકર અખતરો છે. તમારા જીવનને અવરોધનારાં કારણો જાણો. આ પ્રશ્નોના જવાબો શોધવાથી ઘણાં લાંબા સમય સુધી પ્રશ્નો ઉપસ્થિત થતા અટકાવાય છે.

યાદ રાખો કે સમસ્યાઓ પગ કરતાં માથાથી નજીક હોય છે કારણ પ્રશ્નો તમારા માથામાં ઉદ્‌ભવે છે. પૈસાને લગતી ગાંઠો છોડો તો તમને અહેસાસ થશે કે બીજા બધા પ્રશ્નો આપોઆપ ઉકલી જાય છે.

જેવો તમારો પૈસો વધે છે કે તરત જ તમારું જીવન હસતું રમતું અને ગતિ કરતું થઈ જશે.

પૈસા અને પાયાના સિદ્ધાંતો


MOHAN
JADHAV

પૈસાની "કિંમત" કરો નહિં તો તમારે

"કિંમત" ચૂકવવી પડશે.

પૈસાની નજીક કે દૂર

પૈસા માટે બે વિકલ્પો છે. આપણામાંના ઘણા વિચાર્યા વગર, આંધળુકિયાં કરી કાર્ય કર્યે રાખે છે. આથી આપણું દરેક કાર્ય આપણને પૈસાની નજીક અથવા દૂર લઈ જાય છે. બે જ વિકલ્પો છે. એ જાણ્યા પછી આપણે સજાગ થવું જોઈએ. ચલણી નોટો ગણવાના મશીનની જેમ તમે પૈસાનું પણ યાંત્રિક રીતે સંચાલન કરશો તો તમારા જીવનના મુખ્ય પ્રવાહથી ફેંકાઈ જવાના માર્ગો ખુલ્લા થઈ જાય છે.

દા.ત. ઘણા પૈસાને લગતા નિર્ણયો મુલતવી રાખતા હોય છે. જાણીતું છે કે **"મુલતવી રાખવાની પ્રક્રિયા તમારો સમય બગાડે છે."** મારે આમાં સુધારો કરવો છે. **"મુલતવી રાખવાની પ્રક્રિયા તમારો સમય અને પૈસા બંને બગાડે છે."** આમાં વિચિત્રતા એ બને છે કે જે ક્રિયાને તમારે પ્રાથમિકતા આપવી જોઈએ તે ક્રિયા વિલંબમાં પડે છે. આ જ વસ્તુ તમને તમારા પૈસાથી દૂર લઈ જાય છે.

આળસ, પૈસા માટેની નિષ્ક્રિયતા, અવ્યવસ્થાપન, હિસાબો ચોખ્ખાં ન રાખવા, પૈસા માટેની બેફિકરાઈ સમસ્યાઓથી દૂર ભાગવું, બધી બાબત માટે બહાનાં બતાવવા વગેરે તમને ખરેખર પૈસાથી ખૂબ દૂર લઈ જાય છે. આ બધા પછી આપણે મૂર્ખ બનીને દુનિયાને ભાંડીએ છીએ. કારણ આપણી પાસે પૈસો નથી. આપણે સુખી નથી. આ આખા પુસ્તકના વાંચન દરમ્યાન તમે આવી સમસ્યાઓને ઊંડાણથી સમજી શકશો. પણ માનવ વ્યવહારની ખેદજનક રીત છે કે તેઓને પરિણામ 'અ' જોઈતું હોય તો તે 'ક' કામ કરે છે.

આટલું સમજી લેવું જરૂરી છે કે "પહેલાં કાર્ય કરો અને પૈસો તેને અનુસરશે." ખોટી ક્રિયાઓ અને રીતો સાચાં પરિણામો લાવતાં નથી. તેઓ તો ખોટાં પરિણામો જ આપે છે. જો તમારે પૈસાનો કિલ્લો બાંધવો હોય તો તેના પાયામાં કાર્ય અને કામ જ છે.

હવે તમે પોતાના વહાણના કેપ્ટન બનો એટલે કે તમારા કાયારે્ કરો. તમે તમારી જીવન નૌકા પૈસાની નજીક કે દૂર હંકારી શકો છો.



પૈસા અને જીવનની રમતમાં

દરેક "તક" મહત્વની છે.

પૈસાની રમતની યોજનાઓ.

પૈસા સાથેના આપણા સંબંધોને 'ગંભીરતાથી' લેવા જોઈએ. આ ગંભીર વિચાર આપણા પૈસા સાથેના વ્યવહાર પર અસર કરે છે. જીવન આપણે માનીએ છીએ તેટલું દુ:ખમય નથી.

ખૂબ રાત વીતી ગયા છતાં ગોલમાલ સૂઈ શકતો નહોતો. તે પથારીમાં પડખાં ઘસતો હતો.

ગોલમાલની પત્નીને તેનાથી ખલેલ પહોંચી તેણે પતિને પૂછયું 'વાત શું છે?' ગોલમાલ કહે, ''એક વર્ષ પહેલાં શેઠ માલામાલ પાસેથી તેણે ૧૦ લાખ રૂપિયા ઉછીના લીધા છે જે આવતી કાલે આપવાના છે. તેણે આ માટે કોઈ તૈયારી કરી નથી તેના પરિણામ રૂપે તે ચિંતિત છે.'' ગોલમાલની પત્નીએ અડધી રાતે શેઠ માલામાલને ફોન કર્યો. ઘણી રીંગ વાગ્યા પછી શેઠ માલામાલે ઉંઘરેટા અવાજે પૂછયું, ''હલો, કોણ છે?''

ગોલમાલની પત્ની : ''હું મિસિસ ગોલમાલ બોલું છું. મારા પતિએ ૧૦ લાખ રૂપિયા તમારી પાસેથી ઉછીના લીધા છે જે આવતી કાલે તમને પાછા આપવાનું વચન આપ્યું છે.

શેઠ માલામાલ : ''અરે, હા! હું એ પૈસાની આતુરતાથી રાહ જોઈ રહ્યો છું.''

ગોલમાલની પત્ની : ''મારા પતિએ આ પૈસા આપવા માટેની કોઈ તૈયારી કરી નથી. તેથી તેઓ કાલે આ પૈસા તમને આપી શકશે નહી.'' આમ કહી તેણે ફોન મૂકી દીધો.

આ પછી ગોલમાલને થોડી રાહત થઈ તેથી તે સૂઈ ગયો જ્યારે શેઠ માલામાલ પથારીમાં પડખાં ફેરવવા માંડયો.

ટુંકમાં આપણે હસતાં રમતાં અને શાંતિનું મહત્ત્વ સ્વીકારી તે માટે આવડત કેળવી લઈએ તે જરૂરી છે. 'ચેતતા નર સદા સુખી' એ તમારા આનંદી જીવનનું સૂત્ર પૈસાને પણ લાગુ પડે છે. હંમેશા 'જાગતા રહો' અને માનસિક તાણ અનુભવો એ જરૂરી નથી.

મન, શરીર અને કોઈપણ કુદરતી તત્ત્વોને સાંકળી લે અને આનંદ આપે એવી પ્રવૃત્તિ એટલે 'રમત'. દા.ત. ગુરુત્વાકર્ષણ. તમે હવામાં કંઈ ઉછાળો તો તે નીચે આવે છે. બધા બાળકો અને ઘણાં મોટાને પણ વસ્તુ ઉપર ફેંકીને પકડવાની પ્રવૃત્તિ આનંદ આપે છે. આ પ્રવૃત્તિ એક રમત છે. દડો, તમે, તમારું કાર્ય અને

ગુરુત્વાકર્ષણનું બળ બધું રમતિયાળ રીતે સાંકળી લો તો તેમાંથી કુદરતી રીતે આનંદ મળે છે.

તમે દડાને ફટકો માર્યો અને બાજુવાળાની બારીનો કાચ તોડી દડો ઘરમાં ગયો. તમે સીક્સ મારી પણ તમે મુશ્કેલીમાં મૂકાયા? સ્ટેડીયમમાં રમતા હોત તો આ ફટકો દર્શકોની તાળીઓના ગડગડાટ અને પ્રશંસા મેળવી શક્યો હોત. પણ ગલીમાં કે તમારા વરંડામાં રમતા હોવ તો આ ફટકો તમને મુશ્કેલીમાં મૂકી દે છે.

પૈસા પણ સહજ તત્ત્વ છે. તમે રમતિયાળ રહો એટલે તમે તેની સહજ સુંદરતા માણો, તેના નિયમોને અનુસરો, તમે જે રમત રમતા હોવ તેના નિયમો બનાવી તે નિયમો પાળો અને પછી તેનો આનંદ લો. કોઈપણ રમતની જેમ પૈસાની રમતનો મહત્ત્વનો મુદ્દો એ છે કે રમતના નિયમોને જાણો અને તે રમવાની આવડત કેળવો. જેમ જેમ તમે રમત રમતા જશો તેમ તેમ તે રમત રમવાની આવડત વધતી જશે. આ આખા પુસ્તકમાં આવા પૈસાને લગતા ઘણા નિયમો છે જે તમારે આત્મસાત કરવાના છે. આજથી તમે ગંભીર બની રોજે રોજ પૈસાની રમત રમવાનું શરૂ કરો.

શું તમને રૂપિયાની નોટો ફાડવી ગમશે?

એક નાનકડો પ્રયોગ કરો. એક રૂપિયાની નોટ તમારા પાકીટમાંથી કાઢો (જેટલા વધારે રૂપિયાની હોય તેમ વધારે સારું). એને વાળીને અડધી કરો અને તેના સળમાંથી ધ્યાનથી ફાડો. બે અડધિયાંને એકબીજા પર ગોઠવો. તેમને ફરીથી વાળો અને ફાડો. મને ખાત્રી છે કે તમે વિચારતા હશો કે આ શું કહે છે? મારા પોતાના રૂપિયા ફાડવાના? શું એ મૂર્ખાઈ અને ગાંડપણ નથી? પોતાની સંપૂર્ણ માનસિક સભાનતા સાથે આ કામ કોણ કરશે?

શા માટે તમારે રૂપિયાની નોટ ન ફાડવી જોઈએ? આના કારણો શોધી, વિચારો કે શા માટે તમારે રૂપિયા ન ફાડવા જોઈએ. અને તેને લખી લો.

આમાંનુ મુખ્ય કારણ એ હશે કે રૂપિયા ફાડવાથી તેની કિંમત શૂન્ય થઈ જાય છે. શું તમે તમારી ઈચ્છાથી તમારી જીંદગીમાં ક્યારેય રૂપિયાની નોટ ફાડી છે? તમારા બધાનો એક અવાજે જવાબ હશે 'ના'. આ જવાબ સાથે હું સહમત નથી. ઘણી વખત તમે પૈસા ખોઈ નાખ્યા હશે અથવા વેડફી નાખ્યાં હશે તે ફાડી નાખવા જેવું જ છે. જો તમે કેટલા પૈસા વેડફી નાખ્યા અને ફાડી નાખ્યા એની ગણત્રી કરો તો તે કેટલાય લાખો રૂપિયા થશે.

પૈસા એ એક નિર્જીવ વસ્તુ છે છતાં તે વધે છે. પ્રગતિ સાધે છે. તેથી જ્યારે તમે પૈસાનો દુરૂપયોગ કરો છો ત્યારે તમે પૈસાને ફાડી તો નાખો છો અને એની કામ આપવાની શક્તિ પણ હરી લો છો. સાથે સાથે ભવિષ્યમાં પૈસા તમારા પાસે રહેતા પણ નથી. અને પૈસાના શબ્દકોષમાં એ અસભ્ય વર્તન છે.

તમારા પૈસા સલામતી માટે બેંકમાં મૂકો અને થાપણ રાખવા માટે તેઓ વ્યાજ ચૂકવે છે. બેંકમાં બધા એટલા સૌજન્યશીલ અને તમને માન આપવાવાળા છે. બેંક મેનેજર તમારું તેની કેબીનમાં સ્વાગત કરે છે. તમે વિચાર્યું હશે કે તમે કામ કરીને પૈસા મેળવશો.

તમે બીજી બાજુનો ક્યારેય વિચાર કર્યો છે. "પૈસા તમારા માટે કામ કરે છે અને તમને પગાર કમાવી આપે છે જે તમે આનંદથી વાપરી શકો છો." પૈસા તમને એટલાજ ચાહે છે જેટલાં તમે પૈસાને ચાહો છો.

ફાટેલા દૂધ માટે રડવાનો કોઈ અર્થ નથી એમ જ તમારી ભૂતકાળની "પૈસા માટેની ભૂલો" પર પણ રડવાનો અર્થ નથી. પૈસા તમને ચાહે છે જેટલા તમે તેને ચાહો છો. હવે પછી તમે તમારી જાતને પૂછો. "શું મારું આ કાર્ય પૈસાને ફાડી નાખવા જેવું છે?" ફક્ત તમારી 'સજાગતા' તમને રૂપિયા ફાડવાથી રોકશે. કલ્પના કરો કે તમારા

પૈસાને લગતા દરેક વ્યવહારમાં તમે આ સજાગતા લાવો તો કેટલું સકારાત્મક પરિણામ આવે.

ભૂલી જવું માણસની સૌથી ખરાબ બીમારી.

જો તમે આપણા સાહિત્યમાં ડોકીયું કરશો તો તમને ખ્યાલ આવશે કે સૌથી મોટો 'શ્રાપ' એ છે કે જ્યારે વ્યક્તિને મંત્ર, શસ્ત્ર કે આવડતની સૌથી વધારે જરૂર હોય ત્યારે જ તેને ભૂલી જવું. ખરેખર દરેકના જીવનમાં 'ભૂલી જવું' એ સૌથી ખરાબ શ્રાપ છે.

આપણને ખબર છે કે નીતિ-નિયમો બનાવવા કેટલા સહેલા છે. અને કાયદા તોડવા તેથી પણ સહેલા છે. પણ વસ્તુસ્થિતિ એમ છે કે પૈસાને લગતા કાયદા-કાનૂન જો તમે તોડશો તો તેની શિક્ષા કોઈ વ્યક્તિ નહી આપે પણ પરિસ્થિતિ જ તમને શિક્ષા કરે છે. **જો માણસ ગરમ ઇસ્ત્રી ફોન સમજીને જમણા ગાલ પર મૂકે અને દાઝી જાય ફરી પાછી બીજે દિવસે ડાબા ગાલ ઉપર એવી જ ભૂલ કરીને માણસ દાઝી જાય છે.**

વાહનો યુએસએમાં રસ્તાની જમણી બાજુએ ચલાવાય છે જ્યારે મોટાભાગના દેશોમાં ડાબી બાજુ ચલાવાય છે. તમે ખૂબ વખતથી યુએસએ જવાની યોજના કરતાં હતા અને ખરેખર તમને મોકો મળી ગયો. હવે તમે અમેરીકામાં છો એ ભૂલી જાવ અને ખોટી બાજુથી કાર ચલાવો તો શું થાય? કલ્પના કરો.

પૈસાને લગતા અગત્યના બનાવો આપણે ભૂલી જઈએ તો શું થાય તે વિચારીએ. વિચાર કરો તમે તમારા મિત્ર સાથે હોટલમાં ગયા હોવ અને તમારા ગજા બહારનું બીલ તમારે ચૂકવવું પડે. તમે ઘરે આવો ત્યારે દુ:ખી થઈ, કસમ ખાઈ લો કે બીજી વખત પૈસા બાબત હું સાવધ રહીશ. અને બીજે દિવસે તમે તે જ હોટલમાં તે જ મિત્રો સાથે જાવ તો શું થાય?

તમને ચેકથી તમારો પગાર મળે તો તમે ખુશ થાવ પણ દિવસો સુધી તે ચેક બેંકમાં જમા કરાવવો ભૂલી જાવ એ ખેદજનક જ છે. તમે તમારાં બિલો ભરવાં ભૂલી જાવ અને તેના પર પેનલ્ટી કે સરચાર્જ ભરવો પડે. ઘરે જતાં તમે કરીયાણું લેતા ભૂલી જાવ તો તમારે તમારો સમય અને શક્તિ બગાડી પાછા જવું પડે. તમારી ભૂલવાની બિમારી ખરેખર નુકશાનકારક છે.

તમે વસ્તુ ભુલી જાઓ છો કારણ તે વસ્તુ માટે પૂરતો વિચાર તમે તમારા મનમાં કર્યો જ નથી. પૈસા અને પૈસાને લગતી દરેક બાબત ફાલતુ નથી. એટલે તમે તેને ભૂલી શકો નહી એટલે 'ભૂલી જવું' એ સહજ નિયમ નથી. ગુરુત્વાકર્ષણનો નિયમ આપણે કદી ભૂલતાં નથી. નહી તો આ નિયમને ભૂલી જઈ બિલ્ડીંગ પરથી કુદકો મારો તો શું થાય તેની કલ્પના કરો.

જો કે માણસ પોતાની ભૂલોમાંથી શીખે છે અને તમે શીખવાને બદલે રોજ નવી ભૂલો કરો તો કેમ ચાલે? જો આ ભૂલમાંથી કંઈ નુકશાન ન થાય તો એ ભૂલ વારંવાર કરવી જોઈએ અને કંઈ નવું શીખવાનો પ્રયત્ન જ ન કરવો. પણ આવું થતું નથી તેથી તમારે પૈસાને લગતી ભૂલો ન કરીને તેની ખરાબ અસરમાંથી મુક્ત રહેવું જોઈએ.

મહેરબાની કરીને યાદ રાખો તમારે ભૂલકણા બનવાનું નથી.

પૈસાનું અંતિમ ધ્યેય

'તમારે શા માટે પૈસા કમાવા છે?' આ સાદા સીધા સવાલનો જવાબ આપો. જીવન જરૂરિયાત માટે, આરામ દાયક જીવન માટે, સ્વતંત્રતા ભોગવવા માટે, સફળતા માટે વગેરે તમારા જવાબો હોઈ શકે. હવે તમને કોઈ પૂછે કે શા માટે તમારે સફળતા અથવા આરામ જોઈએ છે? આના પણ ઘણા જવાબો હોઈ શકે. જો હું આવા સવાલો પૂછતો રહીશ તો અંતે તમારો જવાબ હશે "મારે આનંદ જોઈએ છે." આમ તમને ખ્યાલ આવશે કે તમારા પૈસાનું અગત્યનું ધ્યેય છે 'ખુશ થવું', આનંદ થવો.'

પછી હું તમને પૂછું, "તમે ક્યારે ખુશ થાઓ છો?" કોઈ કહેશે."જ્યારે મારું ઘર હોય.' કોઈ બીજા કહેશે. "જ્યારે મારી પાસે અઢળક ધન હોય." અથવા "મારી સારા પગારની નોકરી હોય." વગેરે વગેરે.

થોભો, તમે જે જવાબ આપ્યો હોય તેના પર મનન કરો. તમે ત્યારે જ ખુશ થશો. જ્યારે તમારી કોઈ શરત પૂરી થાય. એનો અર્થ એ કે 'તમારી' અને 'ખુશી'ની વચ્ચે 'પછી' શબ્દ છે. શું તમને લાગે છે કે કોઈ શરત પૂરી થયા 'પછી' ખુશી આવશે જ? જ્યારે તમે તમારું ધ્યેય પુરું કરશો તો તમને બીજું ધ્યેય દેખાશે અને એમ ચાલ્યા જ કરશે. તેથી ખુશી છેતરામણી લાગે છે. શું તમે 'પૈસાની યાત્રા' પૂરી કર્યા પછી 'ઘડો ભરીને ખુશી'ની અપેક્ષા રાખો છો?

ઘણાં પૈસાદાર લોકોના ચહેરા ધ્યાનથી જુઓ તેમની પાસે અઢળક સંપત્તિ હોવા છતાં તમને ત્યાં 'ખુશી' દેખાય છે? શું આ વિચિત્ર નથી? તમે વિચારો છો કે પૈસા મળશે તો તમે ખુશ થશો. લોકો પાસે જોઈતા પૈસા છે છતાં તેઓ દુ:ખી છે. જો 'ધન' પાસે જોઈતી ખુશી હોત તો તેઓ શા માટે દુ:ખી છે? પૈસા તેમની જાતે કંઈ કરી શકતા નથી." પૈસાને તમારી જરૂર છે. તમારા સકારાત્મક વલણની જરૂર છે. "આના પછી કે પહેલાં એવું કંઈ નથી" અથવા 'જ્યારે અને જો આ પ્રસંગ બને." એવું પૈસાની બાબતમાં નથી. તમારે હમણાં અને હવે ખુશ થવું જ રહ્યું.

હું પૈસાનું બીજું મહત્ત્વનું રહસ્ય જણાવું છું. તેની "અનેક ઘણા થવાની અને વધ્યા કરવાની અસરો" તમારા જીવનમાં વર્તાશે. તમારી ખૂબ મહત્ત્વની લાગણીઓ તે અનેક ઘણી વધારે છે. જો તમારો સ્વભાવ દુ:ખી થવાનો હોય તો પૈસા તમારું દુ:ખ અનેક ઘણું વધારે છે. લાગણીઓ તમારા મનમાં, આંખમાં કે હૃદયમાં હશે પણ તેના પરનો કાબૂ તમારા હાથમાં છે.

તે ખૂબ પૈસાવાળી છે તેથી **તે ખુશ છે એવું નથી તે ખૂબ ખુશ છે. તેથી તે પૈસાવાળી છે એ સત્ય છે.**

M.O.N.E.Y. માંથી શીખો

ચાલો, આપણે M.O.N.E.Y. શબ્દમાંથી શીખીએ.

આ શબ્દમાં 'ONE' શબ્દ છૂપાયેલો છે. જે સૌથી નાની સંખ્યા છે અને પૈસાની સૌથી ઓછી કિંમત છે. જ્યારે આપણે દરેકે દરેક રૂપિયાની કિંમત સમજીએ ત્યારે આપણે પૈસા પ્રત્યે સભાન બની જઈએ છીએ. **નાનાં પાણીનાં ટીપાં ભયંકર મોટા સમુદ્રો રચે છે અને માટીની નાની નાની રજકણો સુંદર જમીન બનાવે છે.**

આજ રીતે એક એક રૂપિયો ખૂબ મોટી સમૃદ્ધિ બનાવે છે. દરેક બચત અથવા ખોટના પાયામાં નાનામાં નાનો રૂપિયો હોય છે. જો તમે વિચારશો કે એક રૂપિયાની કંઈ કિંમત નથી તો પૈસા વેડફવાની ખોટી આદત તમને પડી જશે. આ બેજવાબદારી ભરી રીતે જો આપણે રૂપિયાનું સંચાલન કરીશું તો ખૂબ મોટી સંપત્તિ પણ ગુમાવી દેશું. દરેક રૂપિયાની યોગ્ય કિંમત કરવી એ 'કંજૂસી' નથી એવું તો સામાન્ય માણસ સમજે છે. જેનાથી આપણે સજાગ, શિસ્તબદ્ધ અને કાબૂમાં રહીએ છીએ. જ્યારે નાની બાબતો પ્રત્યે ધ્યાન ન અપાય ત્યારે મોટા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. 'ટાઈટેનીક' જહાજ ડૂબી ગયું. કારણ તેમાં એક નાનું છીદ્ર હતું.

ક્યારેય 'ONE'(એક)ના આંકડાંની કિંમત ઓછી ન આંકો. જ્યારે તમે એક એક રૂપિયો જોડશો તો જ તે મોટી બચત થશે. તમારી સજાગતા અને સભાનતા એટલી બધી હોવી જોઈએ કે તમારી જાણ બહાર એક રૂપિયો પણ ઘરમાંથી બહાર ન જવો જોઈએ.

આંકડાઓની બાબતમાં પણ રસ પડે તેવું કંઈ છે. બે જ આંકડા છે ૦ અને ૧ બીજા બધા તેમની મિલાવટ છે. ૦ અંત દર્શાવે છે અને ૧ શરૂઆત દર્શાવે છે. આપણામાં ૧૧ રૂા. અને ૨૧ રૂા. એમ ભેટ આપવાનો રિવાજ છે. કારણ આમ કરવાથી આપણે સામાવાળાની નવી શરૂઆત ઈચ્છીએ છીએ. '૧' ઉમેરવાથી આપણે વિપુલતા ઈચ્છીએ છીએ-એક વધારે. જ્યારે તમે દૂધ કે શીંગદાણા ખરીદવા જાઓ ત્યારે ફેરિયો તેના વિપુલ જથ્થામાંથી થોડું વધારે નાખે છે.

જો તમે 'ONE' શબ્દ 'MONEY' માંથી બાકાત કરો તો બાકી રહેશે 'M' અને 'Y'. આ બે અક્ષરોને જોડીએ તો શબ્દ બનશે. 'MY'. અહી સંદેશો ડંકાની ચોટે કહે છે. "તમારા પૈસા બાબત જ વિચારો." આપણે પોતાના પૈસા કરતાં બીજાના પૈસા માટે વધારે ચિંતિત હોઈએ છીએ જે દયનીય છે. આપણા પોતાના પગાર કરતાં બાજુવાળો પડોશી શું કમાય છે તેની આપણને ઘણી ચિંતા હોય છે. આપણને આપણા પુત્ર કે પુત્રીની કમાણી કરતાં ફીલ્મ સ્ટાર કે ખેલાડીની એક ફીલ્મ કે

રમતની રકમમાં વધારે રસ હોય છે. અને આપણે વર્તમાનપત્રની જેમ જે કોઈ મળે તેને આ બાબત મરચું-મીઠું ભભરાવીને કહીએ છીએ.

તમે રાષ્ટ્રીય બજેટ, દેશનું અર્થશાસ્ત્ર કે આખી દુનિયાની નાણાકીય પરિસ્થિતિમાં વગેરેમાં ખૂબ ચિંતિત હોવ છો. પણ "મારા પૈસાનું શુ?" આ તમારા પોતાના પૈસા છે. એનો તમે સ્પર્શ કરી જાણો છો. એ તમે તમારી જરૂરીયાત સંતોષી આનંદ પામવા ખર્ચી શકો છો. બીજાના બધા પૈસા એક લાંબી લાકડીથી પણ તમે સ્પર્શી શકશો નહી. તમને રસ છે એટલે કોઈ પોતાના પૈસા તમને આપી દેવાનું નથી. તેમના પૈસા તેમના છે. તમે તમારા પૈસા સંભાળો અને બીજાને તેમના પૈસા સંભાળવા દો.

જીવન સાદું છે માનવ ગૂંચવડાભર્યો છે.

હું તમને દાખલો આપું. *એક કરોડો અબજો રૂપિયાના પ્રોજેક્ટમાં અવકાશી દસ્તાવેજો બનાવવાના હતા. અવકાશ યાત્રીઓને આકાશમાં મોકલી તેમના અનુભવોના દસ્તાવેજ બનાવવાના હતા. ત્યારે ખ્યાલ આવ્યો કે શૂન્યની ગુરુત્વાકર્ષણ સ્થિતિમાં તમે સામાન્ય પેનથી લખી શકો નહી.*

આ એક અઘરી સમસ્યા હતી. બેઝ સ્ટેશનમાં દરેકે દરેક નવા વિચારો અને યોજનાઓમાં ગુંથાયેલા હતા કે અવકાશમાં લખી શકે તેવી પેન કેવી રીતે બનાવવી, કારકૂન કંઈ કહેવા ગયો તો સફેદ વાળવાળા વૈજ્ઞાનિકે તેને ધમકાવીને ચૂપ કરી દીધો. છેવટે એ છોકરડા જેવા કારકુન પર કોઈને દયા આવી અને એને બોલવા દીધો. તેણે કહ્યું, ''સાંભળો, રશિયનો આપણા પહેલાં અવકાશમાં ગયા હતા. તો તેમણે શું કર્યું હતું તે જાણી લઈએ તો કેવું?'' તરત જ પ્રોજેક્ટના ઉપરીએ રશિયનો ઉપર ફેક્સ મોકલ્યો કે તેમણે આ મામલો કેવી રીતે સંભાળ્યો હતો. તરત જ રશિયનોએ જવાબ મોકલ્યો 'અમે પેન્સીલ વાપરી હતી.'

કેટલું આસાન હતું, જવાબ હતો 'પેન્સીલ'. ઓછું ભણેલો કારકુન અતિશય વિકટ પ્રશ્નને ઉકેલી શકયો.

કેટલીકવાર પ્રશ્નોના ઉકેલો તમારી સામે પડયા હોય છતાં તમે ચૂકી જાઓ છો. કારણકે તમે અઘરા પ્રશ્નોના અઘરા જ ઉકેલો હોવા જોઈએ એમ માની લો છો. એવું જરૂરી નથી હોતું. ઘણી સમસ્યાઓના ઉકેલો ખૂબ જ સહેલા હોય છે અને તે ન માની શકાય એવા લોકો પાસેથી મળે છે.

બીજું ઉદાહરણ-એક *ફેકટરી બાંધવા માટે છ ટનનો એક મશીનનો ભાગ એક ખાડામાં મૂકવાનો હતો. અને કરેન (ઊંટડો) તૂટી ગઈ. અને કરેનનું સમારકામ કરવા પાંચ-છ દિવસ પછી કોઈ જાણકાર બાજુના શહેરમાંથી આવે ત્યારે જ શક્ય હતું. બધું કામકાજ થંભી ગયું. આ જગ્યાનો રસોયો જે ખૂબ જ તંદુરસ્ત હતો તેણે બધાના દિવેલ પીધા જેવા ચહેરા જોઈ પૂછયું 'શું થયું'? તેણે હકીકત જાણી અને તરત જ એ બોલ્યો, ''સાહેબ, તમે બરફનો ઉપયોગ શા માટે કરતા નથી? આ ઠંડુ પીણું પીઓ અને આનંદ કરો.'' બરફ એ ઉત્તમ ઉકેલ હતો.*

થોડા ખટારા ભરી બરફ લાવવામાં આવ્યો અને ખાડો ભરી દીધો અને મશીન બરફ પર સરકાવી દીધું. થોડીવારમાં બરફ પીગળવા માંડયો અને પાણી પંપ વડે બહાર કાઢી લેવામાં આવ્યું. આમ મશીન જયાં ખાડામાં મૂકવાનું હતું ત્યાં મૂકાઈ ગયું.

પૈસાને લગતા પ્રશ્નો હળવા કરો અને જીવન હળવું થઇ જશે.

જો તમારી દુકાન હોય અને તમે ભાવ-તાલ કરવાવાળા લોકોથી ચિંતિત હોવ તો ઉકેલ તદ્દન સાદો છે એક બોર્ડ પર લખી નાંખો. ''એક જ ભાવ''. જો તમે ડૉક્ટર હોવ અને તમારા દર્દીઓ તમારી સલાહની ફી આપતા ભાવ-તાલ કરતા હોય તો તમારી મદદનીશને પૈસા લેવાનું કામ સોંપી દો. જો તમે સારી રીતે ભાવ-તાલ કરી શકતા ન હોવ તો તમે એવી દુકાનમાંથી ખરીદી કરવાનું પસંદ કરો જ્યાં કિંમત એક જ હોય. ટેલીફોન કંપનીએ ઘણા બધા બીલો વસુલ કરવાના હતા અને તેમણે ઉકેલ શોધી કાઢયો જેણે બીલ ચૂકવ્યું ન હોય તેનાં જોડાણો કાપી નાખવાં, જેથી વહેલી તકે લોકો બીલ ભરી જાય.

સાદાં અને સીધાં ઉકેલો પ્રત્યે સજાગ અને સભાન રહો તેવા ઉકેલો ગમે ત્યારે મનમાં ઝબકી જાય છે. હંમેશા તમારી જાતને પૂછો આ કામ માટે કોઈ સાદી રીત હોઈ શકે? જ્યારે તમને જવાબો મળે ત્યારે તેનું ઊંડું પૃથ્થકરણ કરી કારણો સમજાવવા કે સમજવાની જરૂર નથી. જ્યાં સુધી તમને તમારા પ્રશ્નોના ઉકેલ આસાનીથી મળી જતા હોય. આવા ઉકેલો પર તરત જ કાર્ય કરો અને એ તમારે કામ લાગશે.

પૈસા દરેક બાબતને અતિશય મુશ્કેલ બનાવે એવું લાગે છે પણ હકીકતમાં પૈસા આપણા જીવનને સરળ બનાવવા માટે છે.

પૈસા – આદર્શ સંચાલન અને સૂચન પત્રિકા.



"પૈસાનું સંચાલન કરો-

પૈસાને તમારું સંચાલન ન સોંપો."

પૈસા તમારું સંચાલન કરે તેના કરતાં પૈસાનું સંચાલન કરવું સલામતી ભર્યું છે.

તમારી સામે દૃશ્ય ખડું કરો કે તમે માચીસબોક્સ સાથે રમો છો. તમે એક દિવાસળી સળગાવી અને તમે દાઝયા ત્યાં સુધી પકડી રાખી છે. શું આના માટે તમે દિવાસળીને દોષ આપશો? શું તમે માચીસબોક્સ અને દિવાસળી ખરાબ છે એવું તારણ કાઢશો? કે ઉત્પાદકને તમે કોર્ટમાં ઘસડી જશો કે આ સલામતી ભર્યું માચીસ છે એવું તમે શા માટે લખ્યું છે?

તમે તરત જ કહેશો, "આવું થાય જ નહી." માચીસ- બોક્સનું જે રીતે સંચાલન કર્યું તે રીત જ ખોટી હતી. તમે તેનો કાળજીપૂર્વક ઉપયોગ કરો તો સુંદર મજાનું જમણ પામશો. ગેરઉપયોગ કરવાથી કદાચ તમે તમારા ઘરને રાખનો ઢગલો પણ બનાવી દો. માચીસ-બોક્સ એ એક અદ્‌ભુત શોધ અને સાધન છે. દરેક સાધનમાં બે અગત્યની આંતરિક શક્તિઓ હોય છે. એક ઉપયોગીતા અને બીજી સ્થિતિસ્થાપકતા.

આપણે બીજું એક ઉદાહરણ લઈએ ચપ્પુનું. ચાકુ શાકભાજી સુધારવા વાપરી શકાય અને એ ગળું પણ કાપી શકે. સર્જન ડૉકટરના હાથમાં એ જીંદગી બચાવી પણ શકે. અને એ ખૂન કરવામાં પણ વપરાય છે. એનો ઉપયોગ સારો કે ખરાબ એ તેને કોણ અને કેવી રીતે વાપરે છે તેના પર છે.

જેવું ચપ્પુ એવું માચીસ બોક્સ એવા જ પૈસા પણ એક સાધન છે. તેને કાળજીથી વાપરશો તો તમે તમારી જીંદગીના સુંદર આયામો અનુભવી શકશો. તેનો દુરુપયોગ તમારી જીંદગીમાં ભયંકર ઉથલપાથલ સર્જી શકે છે.

તમારી જીંદગી જેમાં તમારું ઘર અને બેંક એકાઉન્ટ છે તેને પૂરી આસક્તિથી જુઓ. તમે જાણો છો કે જો તમે પૈસાનો યોગ્ય ઉપયોગ કરશો તો તમારી પાસે સારી એવી બચત થશે. અને તમે જે ઈચ્છો તે ખરીદી શકશો. બીજી બાજુ જો તમે મહિનાને અંતે બે છેડા ભેગા કરવા જહેમત કરતા હોવ તો લેણદાર તમારા દરવાજે ઉભા હશે અને પૈસા યોગ્ય જગ્યાએ વપરાતા નથી અને તમે જાણો છો કે તમે પૈસાનો દુરુપયોગ કરો છો.

પોતાની મેળે પૈસા બિલકુલ નુકસાનકારક નથી. તે પોતાની સ્થિતિમાંજ રહે છે અને પુષ્કળ શક્તિ ધરાવે છે. પૈસા અને માચીસનું સલામતીભર્યું યોગ્ય સંચાલન કરશો તો તમારા હાથ દાઝશે નહી.

પૈસાની પ્રાચીન સૂચના-પત્રિકાનો અર્થ સમજવો.

કોઈને પણ આશ્ચર્ય થાય કે લોકોને પૈસાને લગતી આટલી સમસ્યાઓ કેમ હોય છે. તેના ઉપયોગમાં તેમની ક્યાં ભૂલ થાય છે? હું આનો સાદા દૃષ્ટાંતથી જવાબ આપું છું.

તમે છેલ્લે જ્યારે બજાર ગયા હતા તેનો વિચાર કરો. તમે મોબાઈલ ફોનથી માંડીને ટેલીવિઝન સુધી કંઈ પણ ખરીદ્યું હોય તો તેની સાથે બિલ, વૉરંટી કાર્ડ અને એક પુસ્તક આવ્યું હશે. આ પુસ્તક જે તમારી પાસે આવ્યું હશે તે સૂચના-પત્રિકા છે. આ 'સૂચના- પત્રિકા' તમારી ખરીદીનો અગત્યનો હિસ્સો છે. તમે તેની કિંમત પણ ચૂકવી હશે.

ગોલમાલ: ''માનનીય સાહેબ, મારે હમણાં છૂટાછેડા જોઈએ છે. મારી પત્નીની જમવાની પ્રક્રિયા ખૂબ ખરાબ છે.''

જજ : ''સારું, તમને પરણ્યે કેટલાં વર્ષ થયાં?''

ગોલમાલ: ''લગભગ નવ વર્ષ.''

જજ: ''શું તમને નવ વર્ષ પછી સમજાયું કે તમારી પત્ની જમવામાં બહુ જ ખરાબ રીતભાત ધરાવે છે?''

ગોલમાલ: ''સાહેબ, અત્યાર સુધી મને ખબર નહોતી. મેં ત્રણ દિવસ પહેલાંજ રીતભાતની નવી ચોપડી ખરીદી છે.''

સૂચના-પત્રિકા ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઉપકરણને જાણવા માટે તમારે તેની જરૂર પડે છે. સૂચના-પત્રિકા ઉપકરણનો યોગ્ય વપરાશ અને એને કામ કરતું રાખવા માટે જરૂરી છે. મારો એક સવાલ છે. "પૈસા માટેની આવી સૂચના-પત્રિકા ક્યાં છે?" "શું પૈસા માનવની સૌથી અગત્યની શોધ નથી?" આ જ તો સૌથી અગત્યની શોધ છે જે તમને બીજાં ઉપકરણો બનાવવા અને શોધવામાં મદદ કરે છે.

એક આદિવાસી કબીલાની વાત કરીએ. તેમને મોબાઈલ ફોન આપો. શું તમને લાગે છે કે તેઓ ફોન તમારી અને મારી જેમ જ વાપરશે? નહી જ ! યોગ્ય વપરાશના સૂચનો વગર તેઓ મોબાઈલ ફોનને જેમ ફાવે તેમ વાપરશે. કદાચ તેઓ રમકડાં તરીકે અથવા શિકારના સાધન તરીકે વાપરે પણ કોઈને ફોન કરી વાતચીત કરવા માટે ન જ વાપરે. ગમે તેટલું ઉપયોગી સાધન ખોટી રીતે વપરાય તો તેની કોઈ કિંમત નથી. તેઓ સમજી શકે તેવી ભાષામાં તેમને સૂચના-પત્રિકા આપો અને તરત જ

તમે વપરાશનો ફેરફાર નોંધી શકશો. આદિવાસી મોબાઈલ ફોન વાપરે તે જ રીતે આપણે પૈસા વાપરતા નથી?

ગોલમાલે ૧૦ રૂ. ની લોટરીની ટિકિટ ખરીદી. બીજે દિવસે તેને ખબર પડી કે તેણે રોકડા રૂા. ૫૦ લાખનું ઈનામ જીત્યું છે. તે તરત જ દલાલ પાસે ગયો અને તેને ટીકીટ બતાવી. દલાલે ટીકીટ ચકાસી અને જાણ્યું કે આ ટીકીટ ખરેખર ઈનામ જીતે છે.

દલાલ : 'હમણાં મંદી ચાલે છે એટલે હું તને બધા પૈસા એકી સાથે નહી આપી શકું. હું હમણાં તને ૧૦ લાખ રૂપિયા આપું છું. અને આવતા બે વર્ષમાં બાકીની બધી રકમ આપી દઈશ.'

ગોલમાલ: (ગુસ્સાથી અને નિરાશાથી) "જુઓ, મને લોટરીનું ઈનામ પહેલીવાર લાગ્યું છે. મારે તો પૂરા પૈસા હમણાં જ જોઈએ."

દલાલ: "ભલે ત્યારે, ફક્ત તમારા માટે હું ૨૫ લાખ રૂા. હમણાં આપું છું. બાકીના ૧ વર્ષ પછી આપીશ. વધારેમાં વધારે હું આટલું કરી શકું."

ગોલમાલ: "શું તમને લાગે છે કે હું મૂર્ખ છું? જો તમે મને મારા ૫૦ લાખ રૂા. હમણાં ન આપી શકો તો આ લોટરીની ટીકીટ રાખો અને મારા ૧૦ રૂા. પાછા આપો!"

મોટા ભાગના લોકો પૈસાનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણતા નથી. તેઓ પૈસાને મન ફાવે તેમ વાપરે છે. તેઓ પૈસાની બાબતમાં અજાણ, અભણ અને ઘણી વખત જડ અને ગધેડાની બુદ્‌ધિવાળા હોય છે. તેમને દિવસ રાત પૈસા વાપરવા હોય છે પણ પૈસા વાપરવાની કોઈ તાલીમ તેમણે લીધેલી હોતી નથી. તેથી તેઓ તીર નહી તો તુક્કો એ પદ્ધતિથી કામ કરે છે. તમારી અનેક ભૂલો ને પરિણામે તમે પણ પૈસાની બાબતોમાં ઘણા મોટા ગોટાળા કરતા હશો એમાં નવાઈ નથી. હવે ટાઈમ થઈ ગયો છે કે પૈસાની મૂળભૂત સૂચના-પત્રિકા આપણે શોધી કાઢીએ.

સૂચના-પત્રિકાનો પ્રકાર

સૂચના-પત્રિકામાં વિશેષત: બે વિશિષ્ઠતાઓ હોય છે. એક તો કોઈપણ ક્યાંય પણ વાપરી શકે તેવી સર્વવ્યાપી, અને લગભગ કાયમી અને એક સરખી હોય છે.

એક સરખી વસ્તુ વાપરનારા જુદા જુદા લોકો માટે જુદી જુદી સૂચનાઓ આપી હોય તો શું તેમાં દોષ નથી? છતાં પૈસાના વિષયમાં આ પરિસ્થિતિ દુનિયામાં પ્રર્વતી રહી છે. દરેકે દરેક વ્યકિત અસ્પષ્ટ સૂચનાઓ જે કોઈ વ્યકિતના મનમાં ઉદ્ભવી તેને જ પત્રિકા માને છે. આમ છતાં નવાં સૂચનો રોજે રોજ આવ્યા જ કરે છે. તમારા પૈસાના વપરાશમાં થતી ક્ષતિઓથી આને લીધે જ મને આશ્ચર્ય થતું નથી.

તમે તમારા પૈસા અટવાઈ ગયાની ફરિયાદ કરી શકો છો. તમારી બચત ન હોવાથી કકળાટ કરી શકો છો અને તમારી કોઈ યુક્તિ કામ કરતી નથી તેમ કહી શકો છો. આ અપેક્ષિત નથી. તમે ખોટી પત્રિકામાંથી સાચું માર્ગદર્શન મેળવવાની અપેક્ષા રાખો છો. આ અંધારા કૂવામાં પડી અજવાળું શોધવા જેવું છે.

એક માણસ ઝાડ નીચે બેઠો હતો. અને સફરજન તેના માથામાં પડયું. એ માણસને, સર આઈઝેક ન્યુટનને, સમજાયું કે કંઈ સુંદર તત્ત્વ જ આ સફરજનના પડવા પાછળનું કારણ છે. અને તેમણે ગુરુત્વાકર્ષણના નિયમો શોધી કાઢયા. મારો પ્રશ્ન એ છે કે, "શું આ શોધના પહેલાં ગુરુત્વાકર્ષણનો નિયમ નહોતો?" આ નિયમ હંમેશા કામ કરતો હતો. આપણે કલાસમાં શિક્ષક ગુરુત્વાકર્ષણનો નિયમ શીખવતાં હોય ત્યારે અડધી ઉંઘમાં હોઈએ એનો અર્થ એ નથી કે આ નિયમ હકીકતમાં વિશ્વને લાગુ પડતો નથી. આજ પદ્ધતિ પૈસા માટે પણ લાગુ પાડી શકાય.

શું બધું વ્યવસ્થિત રીતે ગોઠવવાનો સમય પાકી ગયો નથી? પૈસા વાપરવા માટે પણ કેટલાક સહજ નિયમો છે. કદાચ તમને તે નિયમો ખબર નથી. ગુરુત્વાકર્ષણ અને પૈસા બંને માટે નિયમો છે જ, એ નિયમો સાતત્યથી કામ કરે છે. તમે તે નિયમો જાણતા હોવ કે નહી. તમને ગમે કે નહી અને તમે તે નિયમોને માનતા હોવ કે નહી. તમારી નાણાકીય મુશ્કેલીઓ ત્યારે શરૂ થાય છે જ્યારે તમે તમારા પોતાના નિયમો બનાવી તેના ઉપર કામ કરો અને આ તમારા બનાવેલા નિયમો પૈસાને લગતા સહજ અને કાયમી નિયમો સાથે મેળ ખાતા ન હોય.

તમારી પોતાની બનાવેલી 'સૂચના-પત્રિકા' અને 'મૂળભૂત પૈસાને લગતી સૂચના-પત્રિકા' વચ્ચેના વિસંવાદોને ઉકેલો.

તમારી ખોટી પૈસાને લગતી સૂચના - પત્રિકાનો જન્મ

બધું બાજુ પર મૂકી તમારા પૈસાના સંચાલન માટેના નિયમોને ચકાસો. તમારી પોતાની બનાવેલી સૂચના-પત્રિકા ચકાસો. તમારામાંના ઘણાં માટે 'સૂચના-પત્રિકા' જેવો શબ્દ જ બીજી દુનિયાનો છે અથવા એવો કોઈ શબ્દ અસ્તિત્વમાં જ નથી હોતો. અને એવો કોઈ શબ્દ અસ્તિત્વમાં હોય તો પણ તમારા મનમાં લગભગ આછો ખ્યાલ હોય છે. અને સૂચનો મોટેભાગે બદલાતા રહે છે અને સહજ પૈસાને સંચાલન કરવા માટેના નિયમો સાથે તાલ મિલાવતા હોતા નથી. એટલે એ ખોટા છે.

ખોટાં માર્ગદર્શનો મૌલિક હોય છે.

૧. તમારા જીવન ઘડતરના સમય દરમ્યાનના ખોટાં તારણો.

૨. કુટુંબ અને સમાજની ખોટી પરવરીશ.

૩. તમારા પોતાના મર્યાદિત અનુભવમાંથી મેળવેલા જૂઠાં બહાનાં અને ખોટાં તારણો.

તમારા જીવનના ઘડતરના સમય દરમ્યાનના ખોટાં તારણો.

તમારું 'નાણાંકીય જીવન' ખરેખર કયારથી શરૂ થયું? તમે જવાબ આપશો કે જે દિવસે હું મારા પગારનો પહેલો ચેક ઘરે લઈ ગયો તે દિવસથી અથવા કદાચ તમે કહો કે જે દિવસે મારા પિતાએ મને પહેલી ખિસ્સા-ખર્ચી આપી હતી તે દિવસથી, એમ કહી શકાય.

સચ્ચાઈ એ છે કે તમારું "નાણાકીય જીવન" તમારી માના પેટમાંથી જ્યારે તમે સાવ નાનું બચ્ચું હતાં ત્યારથી શરૂ થયું છે. એજ સમયે તમે ખૂબજ સજાગ હતા અને કોઈપણ વિચાર તમને અસર કરી જતો હતો. તમે સતત વાતો નોંધતા હતા, ફોટો પાડતા હતા, અને તમારા મનના આલ્બમમાં સંઘરી રાખતા હતા. તમે ખરેખર જીંદગી શું છે તે શીખતા હતા.

જો તમારું કુટુંબ ગરીબ અને નિરાશાજનક પરિસ્થિતિમાંથી પસાર થતું હોય તો મોટે ભાગે સાંજના જમણ દરમ્યાન પૈસાને લગતી બાબતો અને પ્રશ્નોની ચર્ચા એ મુખ્ય વાતચીત બની રહે છે. તે સમયે જ તમે પણ માનવા લાગી જાઓ છો કે પૈસા એ એક કોયડો છે.

માના ગર્ભના નવ મહિનાથી સાત વર્ષના ખૂબજ અગત્યના ઘડતરના સમય દરમ્યાન તમારા મનમાં પૈસાના ઉપયોગ માટે નકારાત્મક અને ખોટાં માર્ગદર્શનોનાં બી રોપાઈ જાય છે. આ નાજુક વયમાં તમારી ગ્રહણ શકિત ખૂબ જ વધારે હોય છે અને "પૈસો એક જરૂરી હોય તેવો શેતાન છે." એવી ખોટી માન્યતાને નકારવાની આવડત હોતી નથી.

'પૈસા' શબ્દને તમે જે રીતે સમજ્યા છો તેમાં તમારા માતા- પિતા, સમાજ, શિક્ષકો અને બીજા ઘણાં પાસે તમે જે સાંભળ્યું છે અને એમાંથી જે સમજયા છો તેનું પરિણામ છે.

આ રીતે તમારાં બાળપણમાં તમારી આજુબાજુના વિશિષ્ટ સંજોગો ને આધારે પૈસા પ્રત્યે તમારા સકારાત્મક અથવા નકારાત્મક અભિગમનાં બીજ તમારી અંદર ઊંડે ઊંડે રોપાય છે. અત્યારે તમારો પૈસા પ્રત્યેનો અભિગમ તમારા માતા-પિતાના જીવનનું પ્રતિબિંબ છે. જો તમારા પિતા માનતા હોય કે પૈસાની હંમેશા ખેંચ હોય છે તો તમારા મનમાં ઓછપની લાગણી ઘર કરી ગઈ હોય એવી પૂરેપૂરી શકયતા છે.

આ બધું જાણીને તમારો વ્યવહાર ચકાસવો ખૂબ જ જરૂરી છે. કારણ અજાણપણે તમારા મન પર પડેલા ખોટાં સૂચનો તમારા પૈસાને લગતા નિર્ણયો પર ઘેરી અસર કરે છે. એ પણ જરૂરી છે કે આ બધી ચકાસણી તમે પૂર્વગ્રહીત વિચારોથી નહીં પણ તટસ્થપણે કરો. દુનિયા તમારા પ્રશ્નો ઉપસ્થિત કરવા માટે જવાબદાર હોય કે ન હોય પણ તમે જાતે તેના ઉકેલો શોધવા માટે સંપૂર્ણ જવાબદાર છો.

તમારી આજની સમસ્યાઓ ઉકેલવા માટે તમે તમારા બચપણને ફંફોસી જુઓ કારણ આ સમસ્યાઓનું મૂળ ત્યાં જ છે. આપણે તમારા બચપણને વધારે નિકટતાથી જોઈએ.

બાળક જેવું બળવાખોર કે પ્રત્યાઘાતી જીવન

તમે તમારા માતા-પિતા પાસે સાયકલ લાવવા જીદ કરી હશે. તેમણે બન્નેએ એકબીજા સાથે અને તમારી સાથે વાદ-વિવાદ કર્યો હશે. ખૂબ આકરા શબ્દો બોલાયેલા હશે અને તમે તીર જેવા વાક્યો સાંભળ્યા હશે. "પૈસા ઝાડ પર ઉગતા નથી." તે દિવસે તમને તમારી સાયકલ મળતી નથી. તમારી લાગણી ઘવાઈ હશે અને તમે રડયા પણ હશો. તમને આશ્ચર્ય પણ થયું હશે કે 'સાચેસાચ પૈસા ઝાડ પર કેમ ઉગતા નથી? આ તો અન્યાય છે. બાજુવાળાના છોકરા પાસે સાયકલ કયાંથી આવી હશે? ખૂબ ઊંડે ઊંડે તમે તમારા મનમાં નક્કી કર્યું હશે કે જયારે તમે મોટા થશો ત્યારે બધું બરાબર કરી નાખશો. તમે પૈસાનું ઝાડ શોધી કાઢશો અને તમે તમારા આજુબાજુવાળાને ચમકતી નવી સાયકલો લાવી આપશો. અને તમે સૂઈ જાઓ છો. હવે સાયકલ મળી કે ન મળી તેનો તમને કોઈ ખેદ રહેતો નથી. આ બનાવ અને તમારા બાળપણમાં જે તમે મનમાં નક્કી કર્યું છે, તે તેની છાપ કાયમ માટે તમારા હૃદય પર મૂકી જાય છે.

વર્ષો પછી આજે તમે તમારું જીવન બળવાખોરની જેમ અથવા બચપણમાં બનેલા બનાવના પ્રત્યાઘાત રૂપે જીવો છે. આજના તમારા દરેક કાર્ય પર બાળપણમાં બનેલા અણગમતા બનાવની અસર નીચે હોય છે. જો બાળપણમાં તમને કોઈ વસ્તુ ન મળી હોય તો તમારા જીવનમાં મોટા થઈને તમારા પ્રત્યાઘાત કાંતો "સૌથી મોટા દાની" અથવા "સૌથી મોટા કંજૂસ" તરીકેના હોય છે.

યાદ રાખો. જીવનમાં ખોટાં પૂર્વગ્રહો રાખી આપણો બોજો વધારવો જરૂરી નથી. વર્ષો પૂર્વે બનેલા આવા બનાવોને 'સરભર' કરી લેવા જોઈએ. જો આવા બનાવો હજી તમને હેરાન કરતાં હોય તો તમારા માતા-પિતાએ તમને આપેલા આઘાતોની યાદી બનાવો. સામે તેમણે જે આઘાતો નથી આપ્યા તેની પણ યાદી બનાવો. જે દિવસે તમે તેમને તમારા જેવાજ મનુષ્યના રૂપમાં જોશો તે દિવસથી તમારી આજુબાજુના સંબંધો સુધરવા માંડશે. ફરીથી દુનિયા તમારી સમસ્યાઓ માટે જવાબદાર હોય કે ન હોય પણ તમે પોતે તેના ઉકેલ માટે સંપૂર્ણપણે જવાબદાર છો.

મહત્ત્વની વાત એ છે કે જો તમે તમારી ‘‘નાણાકીય બાબતો’’ પ્રત્યાઘાતોથી અથવા બાળક જેવા બળવાઓથી જીવી તમારો મુદ્દો જ પૂરવાર કરવાનો પ્રયત્ન કરશો અને તમે મૂળ મુદ્દો ભૂલી જશો તો તમારી જીંદગી બિલકુલ જુદી જ હશે.

કુંટુંબ અને સમાજની ખોટી પરવરીશ.

પૈસા, અસ્કયામતો અને રીત-રીવાજોની સાથે સાથે વારસામાં **પૈસા સાથે કેવો વ્યવહાર કરવો** તે પણ મળે છે. પૈસા સાથે કેવો વ્યવહાર કરવો એ તમને વારસામાં મળે છે. જેની આધારશીલા તમારા માતા-પિતા, કુટુંબ અને આખો સમાજ તમારી વર્ષો સુધી કેવી પરવરીશ કરે છે તેના પર છે. વણલખ્યાં માર્ગદર્શનો જે ખોટાં હોય છે, તેઓ તમારી પૈસાને લગતી ‘સૂચના-પત્રિકામાં’ સામેલ હોય છે.

દાખલા તરીકે સરકારી નોકરી કરતો એક માણસ પોતાના મોટા છોકરા સાથે એકાંતમાં કેવી વાત કરે છે. તે પોતાના દીકરાને કહેશે સરકારી નોકરી માટે આવેદન પત્ર ભર. જ્યારે યુવાન દીકરો પોતાને ગમતા ઉત્પાદનમાં દુકાન ખોલી મોટા વ્યાપારી બનવાનું સ્વપ્ન જોતો હોય છે. તેનો પિતા ગુસ્સાથી કહે છે ધંધામાં નુકસાન પણ થઈ શકે એટલે એ જોખમી છે. સરકારી નોકરી સલામત છે, કારણ ભવિષ્યમાં પેન્શન પણ મળે છે, હેલ્થ-કેર બેનીફીટસ પણ મળશે વગેરે. આ ઉપરાંત પિતા દલીલ કરશે કે તે એવા કુટુંબમાંથી આવે છે જ્યાં પૈસાના રહસ્યો અને સફળતા બધાને ખબર છે. જે એક પેઢીથી બીજી પેઢીને આપવામાં આવે છે. પિતાના પિતા પણ સરકારી નોકરીમાં હતા અને સાત પેઢીથી કોઈયે ધંધો કર્યો નથી.

તમે જે અનુભવ્યું તેવું અમે પણ અનુભવ્યું છે. તમારા પિતાની જેમ આપણામાંથી ઘણા વંશપરંપરાગત એક સરખું જીવન જીવીએ છીએ. ડૉક્ટરનો છોકરો ડૉક્ટર જ હોવો જોઈએ અને વકીલનો છોકરો વકીલ જ થાય એવું તમને કહેવામાં આવ્યું હશે.

મુદ્દોએ છે કે આપણી પરવરીશ એ રીતે કરવામાં આવી છે કે આપણે આપણી વ્યક્તિગત માર્ગદર્શીકાના સૂચનોને જ સત્ય માનીને જડની જેમ તેના છેલ્લા શબ્દને માનીએ છીએ અને પાળીએ છીએ. આપણને એ ખ્યાલ રહેતો નથી કે ખોટા દેખાવો સાચા હોતા નથી. આપણે એક પછી એક બાંધછોડ કરતાં કરતાં જીવન પસાર કરીએ છીએ. આપણી સહજ કામ કરવાની ઈચ્છા અને આપણે પોતે લાદેલા અવરોધો વચ્ચેની બાંધછોડમાં વર્ષાનું વર્ષ આપણા હાથમાં ફક્ત દેખાડો રહી જાય છે. પછી આજ આપણું નસીબ છે કહેવાવાળા ઘણા લોકો મળી રહે છે.

જૂની માર્ગદર્શીકા ફેંકી દો અને નવી પત્રિકાને અપનાવો જે તમને સફળતા અપાવશે. આજે તમે તમારી પૈસાને લાગતી વળગતી માન્યતાઓને તેના મૂળથી પરિણામ સુધી સજાગતાથી ચકાસો. શું તે તમને સફળતા અપાવતી માન્યતાઓ છે?

ખાસ વિશેષ પ્રયોજન વગર કોઈપણ ખોટી માન્યતાઓ તમને સમજાવે પણ નુકશાન ફકત તમારી જીંદગીમાં થવાનું છે. તમે શું સાંભળ્યું તેના ઉંડાણમાં જઈ તમારી

જાતને પ્રશ્ન પૂછો. બધું જેમનું તેમ ન સ્વીકારી લો. જરૂર પડે તેને ફરીથી નામ આપો છેવટે એ તમારા જીવનનો પ્રશ્ન છે.

તમારા પોતાના મર્યાદિત અનુભવોમાંથી મેળવેલાં જૂઠાં બહાના અને ખોટાં તારણો.

ડૉ. ઉતાવળિયાપ્રસાદ દેડકાં પર પ્રયોગો કરે છે. દેડકાંને શક્તિશાળી પાછળના પગ હોય છે જેથી દેડકાં કૂદકો મારી શકે છે. તેઓ દેડકાંને હુકમ પર કૂદકો મારવાની તાલીમ આપે છે. તેઓ જમણો પગ ટેબલ સાથે મજબૂત બાંધીને દેડકાને હુકમ આપે છે 'કૂદો!'. દેડકો ડાબા પગથી કૂદવાનો પ્રયત્ન કરે છે. તેઓ દેડકાનો ડાબો પગ બાંધીને હુકમ કરે છે 'કૂદો!' તો દેડકો જમણા પગે કૂદવાનો પ્રયત્ન કરે છે. પછી તેઓ બંને પગ બાંધીને હુકમ કરે છે. પણ દેડકો કૂદતો નથી. આથી ડૉ. ઉતાવળીયાપ્રસાદ તારણ કાઢે છે કે દેડકો બહેરો છે.

તમારા જીવનમાં તમે પણ જે જુદાં જુદાં અનુભવોમાંથી પસાર થાઓ તેના આધારે તારણો કાઢો છો. ઘણી વખત આપણાં તારણો સચ્ચાઈથી ખૂબ જુદાં હોય છે.

જો તમારા મિત્રએ તમારી પાસેથી ઉછીના પૈસા લીધા હોય અને પાછા વાળ્યા ન હોય એનો મતલબ એ તો નથી કે "બધા મિત્રો છેતરે છે." તમને શેરબજારમાં નુકશાન થયું હોય તો તમે એવું તારણ ન કાઢી શકો કે "રોકાણ એ જુગાર છે તેથી રોકાણ ન કરવું." તમે વેપારમાં પૈસા ખોયા તેનો અર્થ એ તો નથી કે બધા માટે વેપાર ખરાબ છે.

જો કોઈ સુંદર અને સ્વચ્છ કપડાં પહેરીને આવે તો તેનો અર્થ એ તો નથી કે તેનો ઈરાદો પણ એટલો જ સુંદર અને સ્વચ્છ છે. અરે કોટ અને ટાઈવાળા લોકો પણ છેતરી શકે છે. આજ રીતે તમને જેના તરફથી આધાર મળતો હોય તેવા લોકોને તમે નાચીઝ સમજી મહત્ત્વ ન આપ્યું હોય કારણ તેઓ ભણેલા નથી કે તેમનાં કપડાં સારા નથી તો તેમને અને તેમની શક્તિઓને ઓછી આંકવાની ભૂલ કરવી નહિં. તમારા કુટુંબની સૌથી નજીકની વ્યક્તિ છેતરી શકે છે જ્યારે તમે ઓછામાં ઓછી અપેક્ષા રાખી હોય ત્યાંથી કોઈ અજાણી વ્યક્તિ તમને મદદ કરી જાય એવું પણ બને છે.

તમારી જીંદગી તરફ નજર નાખો અને તમારા પોતાના અર્થઘટનોથી તમે કેટલી જગ્યાએથી પૈસા આવતા રોકી રાખ્યા છે તે તપાસી જુઓ. તમે પૈસા આવવાના દરવાજા બંધ રાખ્યા હોય તો પૈસા ક્યાંથી આવે?

મેં શેરબજારમાં પુષ્કળ રૂપિયા ગુમાવ્યા પણ તેથી એવું અનુમાન તારવ્યું કે "શેર બજાર ખરાબ છે." આમ ખરાબ કહેવાતો આ અનુભવ મને શેરબજારની આંટીઘૂંટી સારી રીતે શીખવાડતો ગયો. આજે હું મારા બધા સોદા સફળ થતા જોઈને ખૂબ ખુશ છું. જો મેં કોઈ તારણ કાઢયું હોત તો મારી આવકનો એક અગત્યનો દરવાજો મેં બંધ કરી દીધો હોત.

તેથી ઉતાવળથી કોઇ અનુમાન ન બાંધો, નહી તો એ અનુમાનો તમને બાંધી દેશે.

પૈસાના નીતિ નિયમો.

તમે પૈસાને માન આપો પૈસો તમને સન્માન આપશે.

Money Workshop શરૂ થવાનું હતું. નામો નોંધાતા હતા. એક સજ્જન ડીઝાઈનર સફારી સુટ જેવા સુંદર કપડાં પહેરીને આવ્યા. તેઓ પોતાની જાતથી સંપૂર્ણ સંતુષ્ટ લાગતા હતા. તેથી માચાળુ રીશેપ્શનીસ્ટના 'ગુડ મૉર્નીંગ'નો જવાબ આપવો તેમને યોગ્ય લાગ્યો નહોતો. તેમણે નોટોનું બંડલ ગજવામાંથી કાઢયું અને તેને ટેબલ પર ફેંકયું. રીશેપ્શનીસ્ટ થોડી નર્વસ થઈ ગઈ. તેને ખબર ન પડી કે આનો પ્રત્યાઘાત શું આપવો. હું તેની મદદે ગયો અને તે સજ્જનને વિનંતી કરી કે ટેબલ પરથી પૈસા લઈ લો અને રીશેપ્શનીસ્ટને માન આપી તેના હાથમાં આપો.

તે સજ્જને પૂછયું, "વાત શું છે? મેં પૈસા આપ્યા છે એ ફીના છે આ જ છે જે તમને જોઈએ છે." હું જરા અડી ગયો. તેમને થોડીવાર લાગી પછી તે પૈસા તેમણે રીશેપ્શનીસ્ટને હાથો હાથ આપ્યા. તેણે હસતાં હસતાં પૈસા લઈ "થેંકયું સર" કહ્યું. તે માણસે માથું હલાવી તેનો પ્રત્યાઘાત આપ્યો. પછી તે મારી તરફ ફર્યા અને પ્રશ્ન પૂછવાની મુદ્રામાં ફરીથી પૂછયું, "વાત શું છે?" હું હસ્યો અને મેં તેમને ખાત્રી આપી કે આનો જવાબ તમને Money workshop માં જરૂરથી મળશે.

વર્કશોપ શરૂ થયું. વર્કશોપ દરમ્યાન બીજા બે સહયોગી- ઓએ પોતાના અનુભવ કહેવાનું ચાલુ કર્યું. તેમની પાસે પહેલાં ગાડી હતી. મોટા ઘોડા હતા, અને ખૂબ પૈસો હતો. તેમની પોતાની કંપની હતી અને તેમાં ઘણાં બધાં લોકો કામ કરતા હતા. આમ તેઓ ખૂબ સમૃદ્ધિવાળા હતા. હવે તેમણે તેમના બધા રૂપિયા ગુમાવ્યા છે અને તેઓ દેવાદાર બની રસ્તા પર આવી ગયા હતા. તેમણે કબૂલ કર્યું કે જયારે બધું બરોબર હતું ત્યારે તેમની પૈસા પ્રત્યે જરા પણ સભાનતા નહોતી. તેઓ હકીકતમાં લોકો સામે પૈસા ફેંકતા હતા. તેમણે પૈસાનું કયારેય માનથી સંચાલન કર્યું નહોતું. અને હવે તેમની પાસે પૈસા નથી.

બપોરે જમણના સમયે તે માણસે મને શોધી કાઢયો. તેની આંખનો ચમકારો કહેતો હતો કે તેણે કંઈક વિશેષ મહત્ત્વની વાત શોધી કાઢી છે. સૌથી પહેલાં તેણે ઘણી નમ્રતાથી મારો આભાર માન્યો અને તેના સવારના અભિમાની વર્તન માટે મારી માફી માંગી. તેણે મની વર્કશોપમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી તેના પ્રશ્નનો જવાબ શોધી કાઢયો હતો કે શા માટે પૈસાને માન આપવું જોઈએ. મેં તેની શોધની પ્રશંસા કરી. માણસ જીવનમાં પોતાના અનુભવોમાંથી ચોક્કસપણે શીખે છે. પણ તે બીજા લોકોના અનુભવોમાંથી પણ ઘણું બધું શીખી શકે છે.

તમારી પાસે પૈસા હોય તેમને માન આપો. જો તમે પૈસાને માન આપવાનો નિર્ણય મોડો લેશો તો કદાચ માન આપવા માટે તમારી પાસે પૈસા બચ્યા પણ ન હોય. તેથી ભારતમાં **'લક્ષ્મીને માન આપવું'** એના પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે.

પૈસાની વ્યવસ્થા એ જીવનની વ્યવસ્થા છે.

હમણાં જ તમારૂં પાકીટ કાઢો અને તેને તપાસી જુઓ. શું એ વીઝીટીગ કાર્ડસ, બસની ટીકીટો અને જૂના બીલોથી ભરેલું નથી? અવ્યવસ્થિત પાકીટ અવ્યવસ્થિત જીંદગી અને મુંઝવણભર્યા વિચારોનું પ્રતિક છે.

જે પહેલું કરવાનું છે તે પહેલું કરો. જાઓ અને તમારા માટે સારું પાકીટ ખરીદો. જે રીતે તમે તમારા અને તમારા કુટુંબ માટે ઘર ખરીદો છો, એટલી કાળજીથી લાંબું ચાલે તેવું અને મજબૂત પાકીટ ખરીદો. તમારું પાકીટ તમારા પૈસા માટે રહેવાનું સ્થળ અને ઘર છે. જેમ તમારું ઘર સ્વચ્છ અને સુવ્યવસ્થિત હોય તો તેમાં રહેવાની તમને મજા આવે છે. તેવી જ રીતે તમારા પૈસા માટે પણ પાકીટ રહેવાનું અને આનંદ માટેનું સ્થાન છે. તમારા પાકીટમાં પૈસા માટે જગ્યા કરતાં કરતાં તમે તમારા જીવનના દરેક તબક્કામાં સૌથી વધારે પૈસા આવે તેની તૈયારી કરો છો. તમે તમારા વિચારો પર ધ્યાન કેન્દ્રીત કરો કે પૈસા હમણાં અને પુષ્કળ આવવાના છે. આ કામ હમણાં જ કરો.

તમારા જૂના પાકીટના કચરા સામે જુઓ. તેમાં પેલી બસ ટીકીટો, ફાટેલા વીઝીટીગ કાર્ડસ, ટેલીફોન નંબર લખેલી કાગળની ચબરખીઓ અને આવું બધું જ હોય છે. જાઓ આ કચરો ફેંકી દો અને તેનાથી છૂટકારો મેળવો. આ બધાની કોઈ કિંમત નથી.

તમારા પાકીટમાં ચલણી નોટો ગોઠવો. તેમને ૫ રૂા.થી માંડીને ૧૦૦૦ રૂપિયા સુધી એક પછી એક ગોઠવો. આમ તેઓ સુંદર લાગે છે. અને તમારા માટે ગણવી અને હિસાબ રાખવો

સહેલો બની જશે. તમે બેંકમાં કેશીયરને કામ કરતાં જોયો છે? તેઓ તમે આપેલી નાણાકીય થાપણો કેશ બોકસમાં જેમ તેમ ફેંકતા નથી. અને પૈસા આપતાં તેમને શોધાશોધ પણ કરવી પડતી નથી.

અવ્યવસ્થિત પૈસા રાખવા એ ગંદા અને કરોળિયાના જાળા વાળા ઘરમાં સુવા જેવું છે. પૈસાને લગતા ન જોઈતા કચરાની તમારા જીવનમાંથી બાદબાકી કરવાનું શરૂ કરી દો. પત્તાંની જોડ બનાવતી વખતે આમતેમ ફેંકેલા પત્તાં તમે ભેગાં કરો છો તેમ જ જ્યાં ત્યાં મૂકેલા પૈસા તમારા ઘરમાં એક જગ્યાએ ભેગાં કરો. કદાચ તમારા થોડા પૈસા તકિયા નીચે પડયા હશે. થોડા પૈસા રસોડામાં કોઈ ડબ્બામાં પડયા હશે અથવા કબાટના કોઈ કાગળ નીચે દબાવ્યા હશે. આ બધા પૈસાને ભેગા કરી તેમને સુવ્યવસ્થિત ગોઠવવાનો સમય પાકી ગયો છે.

હવે તમારા પૈસાની આવી જ રીત તમારા શેર સર્ટીફીકેટ, મ્યુચઅલ ફંડોના સર્ટીફીકેટ, પાસબુકો અને બીજા પૈસાને લગતા દસ્તાવેજોને સુવ્યવસ્થિત રાખીને ગોઠવણ કરો. જો તમે ધંધો કરતા હોવ તો રોજે રોજ જે રોકડ ભેગી થાય તેને સફાઈથી સુવ્યવસ્થિત રીતે મૂકવાની ગોઠવણ કરો નહી કે એક ખુલ્લા ખાનામાં પૈસા જેમ તેમ ફેંકવાના.

વ્યવસ્થિત પૈસા તમને વ્યવસ્થિત વિચાર કરવા પ્રેરે છે. જે ભવિષ્યમાં તમને સુંદર વ્યવસ્થિત જીવન જીવવા પ્રેરે છે.

૩૬-૨૪-૩૬ સિવાયના આંકડાઓ સાથે તમારો કેટલો મેળ-મેળાપ છે?

તમારા પાકીટને તપાસ્યા વગર મને કહો કે તમારી પાસે કેટલા પૈસા છે?

તમને આશ્ચર્ય થાય છે કે તમને આછોપાતળો પણ ખ્યાલ નથી, તો તમારા વ્યસ્ત અને ખૂબજ ઝડપથી દોડતા જીવનમાંથી થોડી ક્ષણો કાઢી તમારા પાકીટમાં કેટલા પૈસા છે તે ગણી લો. કોઈપણ સમયે જો તમે જાણતા હોવ કે તમારી પાસે કેટલા પૈસા છે, તો તે તમારી પૈસા પ્રત્યેની સજાગતાની નિશાની છે.

જો તમને એટલી જાણ નથી કે તમે ઘરની બહાર કેટલા પૈસા લઈને નીકળ્યા છો તો મોટામોટા રોકાણોની તમને કેવી રીતે ખબર પડશે?

જો તમારે માથે દેવું હોય તો હજાર રૂપિયા આમતેમ રાખીને પણ તમને લાગે છે કે, તમે તે રકમ કહી શકશો? જો ન કહી શકતા હોવ તો તેના કારણો જરૂરથી શોધી કાઢો. શા માટે દેવું શબ્દ સાંભળતાં જ તમે ગભરાઈ જાવ છો? તમે નાણાકીય રીતે કેટલા સદ્ધર છો તે જાણીને તમને પુષ્કળ શકિત મળે છે. ખરો સમૃદ્ધ માણસ સતત ગણતરી કરી આ પરિસ્થિતિને કેવી રીતે સુધારવી તેના પ્રયત્નો કરે છે. નાણાકીય સલામતી અને સ્થિરતા ચોક્કસ એક રાતમાં મેળવી શકાતી નથી. આ કાર્ય ઈચ્છાશકિત, યોજનાઓ અને સર્જનાત્મકતાનો સમન્વય છે.

શિસ્ત = સ્વતંત્રતા = વિપુલતા

આ નવી શોધેલી સજાગતા તમારા જીવનના બીજા ક્ષેત્રોમાં પણ વાપરો. પૈસા એ છેવટે આંકડાઓની રમત છે. બેંકમાં તમારી કેટલી બચત છે. શેરબજારમાં તમારું કુલ રોકાણ કેટલું છે. બેન્કનું દેવું કેટલું છે અને મિત્રો પાસેથી કેટલા ઉછીના લીધા છે તે જાણવું જ રહ્યું.

હવે પછી એક પ્રતિજ્ઞા કરો કે દરરોજ તમે કેટલા પૈસા લઈને જાઓ છો તેની જાણ રાખશો જ.

રોજમેળ

ખૂબ જ મહત્ત્વનો રિયાઝ એ છે કે તમે રોજમેળ લખો. આ ખૂબ જ સાદું અને સરળ કામ છે. તમારા જીવનમાં આવતો અને જતો દરેક રૂપિયાનો હિસાબ રાખવો જરૂરી છે. જેવો તમે કોઈ ખર્ચ કરો અથવા આવક થાય તેવું રોજમેળમાં લખી લો. આપણે દરેક દિવસમાં લગભગ દસથી બાર વખત રૂપિયાની લેણા-દેણી કરતા હોઈશું. દરેક બીલ તેની યોગ્ય જગ્યાએ સુવ્યવસ્થિત રાખશો તો હિસાબ લખવો હજી સહેલો થઈ જશે.

સાવધાન રહેજો તમારું મન તમને હમણાં કહેતું હશે "અરે! એમાં વધુમાં વધુ કેટલો ફરક પડી શકશે?" અથવા "હિસાબ લખવાથી ક્યારેય કોઈ પૈસાવાળું બની ગયું નથી." અથવા આવું જ કંઈ બહાનું તમને હિસાબ રાખવાથી રોકી શકે છે. રોજમેળ લખવો થોડો આકરો છે પણ તેવી જ રીતે બાળપણમાં દાંત સાફ કરવા અથવા નહાવાની કિરયા પણ અઘરી લાગતી હોય છે.

ભવિષ્યના સસરા : "તમે મારી દીકરી સાથે લગ્ન કરો તો, હું તમને ૫ લાખ રૂા. આપું, તો તમે મને વળતર શું આપશો."

માલામાલ : (ખૂબ ઉત્સાહથી) "હું તમને પૈસા મેળવ્યાની પહોંચ આપીશ."

તમારે ખૂબ કામ હોય અથવા આ કામ તમને કંટાળાજનક લાગતું હોય, પણ તમારી નાણાકીય પ્રગતિની પૂરેપૂરી જાણકારી માટે આ જરૂરી છે. અને હકીકતમાં તમે તમારી તાકાત અને નબળાઈઓને આંકડામાં મૂકી શકો. ચોખ્ખો અને યોગ્ય હિસાબ રાખવાથી નાણાકીય મુશ્કેલીઓ જેવી કે પુષ્કળ ખર્ચ કરવો કે બચત ન થવી જેવાં કારણોથી બચી શકાય.

જો તમે આંકડાઓને ધિક્કારતા હોવ તો પણ તમે આંકડાઓને પ્રેમ કરવામાં ઝાઝી મુશ્કેલી નહી અનુભવો આની ખાત્રી હું તમને આપું છું. મને પણ રોજમેળ લખવો બહુ ગમતો નહોતો પણ આજે રોજમેળ લખવાની આદતે મારી જીંદગી ખૂબ જ સરળ કરી નાખી છે. કારણ એ મને મારા પૈસા અને નાણાકીય બાબતો પર સંપૂર્ણ કાબુ રાખવામાં મદદ કરે છે. "રોજમેળ" એટલે રોજેરોજ હિસાબ લખવો, નહી કે આખા અઠવાડિયાનો હિસાબ રવિવારે લખવા બેસવું અને પાછો એ રવિવાર ક્યારેય આવે નહી એવું બને.

જ્યારે હિસાબ મનમાં રાખતા હોવ ત્યારે તે હિસાબ તમને આવક-જાવકની એક સાથેની સમજણ આપતો નથી. જ્યારે તમે લખવા બેસો તો ચોખ્ખો હિસાબ સમજાય છે. હવે તમે હિસાબ જેમ છે તેમ જ જોઈ શકો છો અને સમજી શકો છો. આમ ટૂકડે ટૂકડે

હિસાબ રખાય છે. હવે તમે જુદા જુદા ખર્ચના અને આવકનાં મથાળાં પણ જોઈ શકો છો. દા.ત. ખાધાખોરાકી-ખર્ચ, મુસાફરી ખર્ચ, ભાડું વગેરે.

તમારી પાસે પૈસાને સ્પર્શતી દરેકે દરેક વિગત હોય તો તમે પૈસા પર કાબુ મેળવી શકો છો. જો તમને ખ્યાલ આવે કે ખાધા-ખોરાકી પર વધારે ખર્ચ થયો છે. તો બીજે મહિને તમે તેમાં કાપકૂપ કરી શકો છો. માટેભાગે કોઈપણ ખર્ચ વધારે છે એ ખ્યાલ આવે તો કુદરતી રીતે જ તેમાં આપણે કાપ મૂકીએ છીએ.

મને મારા પિતાજી પર ખૂબ માન છે, કે જેમણે આખી જીંદગી ખૂબજ ધ્યાનથી રોજમેળ લખ્યો હતો. તેઓ એકપણ દિવસ તેમનો રોજમેળ લખવાનું ભૂલ્યા નહોતા. આજ કહી આપે છે કે તેમને જીવનમાં પૈસા માટે ખૂબ મોટી સમસ્યા ક્યારેય ઊભી થઈ નહોતી.

તમારી પાસે રોજમેળ ન લખવાના ૧૦૦ બહાના હશે. પણ એક વખત તેની તમને આદત થઈ જાય તો જો તમે રોજમેળ લખવાનું ભૂલી જાઓ કે ન લખો તો તમને ચેન પડશે નહી. આ વાત જે રોજમેળ લખતું હોય તેને તમે પૂછી શકો છો. અરે હા! આ તમે મારા પિતાજીને પણ પૂછી શકો છો.

તેથી તમારી પાસે નાની ડાયરી રાખો, અથવા ઓર્ગેનાઈઝર ડાયરી રાખો અથવા લેપટોપમાં લખો પણ શરૂઆત કરો.

પૈસાના માધ્યમો-દરેક માનવ પૈસાનું માધ્યમ હોય છે.

તમારામાંથી કેટલા ગંભીરતાથી કહી શકો કે તમારા મિત્રો સગાંવહાલાં તથા પાડોશના લોકોને ચોક્કસ ખબર છે કે તમે શું કરો છો. એક ડગલું આગળ વધીએ તો, "શું તમારી પત્નીને તેની જાણકારી છે?" આમ ઘણાં એવા હોય છે જેમને તમારા કામ માટે અથવા વ્યવસાય માટેની કોઈ ખબર હોતી નથી. આનાથી તમને રૂપિયા કમાવવામાં મુશ્કેલી થઈ શકે. જે પૈસા તમારી પાસે આવવા જોઈએ. તે કોઈ બીજી વ્યક્તિ પાસે ચાલી જાય છે. અત્યારે અને હમણાં તમારા પરિચિતો તમારા હરીફ પાસેથી કંઈ ખરીદતા હશે. કારણ તેમને ખબર નથી કે તેમને જે જોઈએ છે તે તમે વેચો છો.

તમારામાંના ઘણા તમારા સગાંવહાલાં સાથે અથવા તમારી નજીકના પરિચિતો સાથે લેણદેણ કરવામાં શરમ અનુભવે છે. ઘણી વખત તેમની સાથે વ્યવહાર કરવામાં તમને તમારા નુકશાનનો ડર લાગે છે. આનો અર્થ એ થયો કે ધંધો એ ધંધો છે અને મિત્ર એ મિત્ર છે એ તમે સમજ્યા જ નથી. તમે તમારા ધંધા પ્રત્યે સંપૂર્ણ વફાદાર નથી. એવું બને છે કે તમે જે વસ્તુ વેચો છો તેની જાહેરાત કરવામાં તમે ખાસ્સો ખર્ચ કરો છો પણ તમે શું કામ કરો છો તે તમારા મિત્રવર્ગને કહેવામાં શરમ અનુભવો છો.

તમને ખૂબ જ જલ્દીથી ખ્યાલ આવશે કે દરેક વ્યક્તિ જેને તમે મળો છો તે તમારું પૈસા કમાવી આપનાર માધ્યમ બની શકે છે. જેને આપણે મળીએ તેની પાસેથી આવક ઉભી કરવાની શક્યતા હોય છે. આ વાતને ધ્યાનમાં રાખી આપણે ત્રણ કે ચાર વાક્યો દરેક વખતે બોલવા માટે તૈયાર રાખવા જોઈએ. આ ત્રણ-ચાર વાક્યોમાં તમારું નામ, તમારું કાર્ય અને તમે સામેવાળી વ્યક્તિને કઈ રીતે મદદ કરી શકો અથવા ફાયદો કરાવી શકો તેની વિગત હોવી જોઈએ.

હું તમને જીવતું જાગતું ઉદાહરણ આપું. તમે મારી ચોપડી વાંચો છો તેથી તમે "પૈસાનું માધ્યમ' બનો છો. મારું નામ સુરેશ છે. હું Money workshop લઉં છું. જે આ પ્રકારનો પ્રોગ્રામ દુનિયામાં ફક્ત એક જ છે. તમે Money workshop માં જોડાઓ અને પૈસાને લગતા રહસ્યો જાણો. આનાથી તમે ખૂબ આકર્ષક રીતે સંપૂર્ણતાથી અને શક્તિશાળી રીતે પૈસાનો વ્યવહાર કરી શકશો.

તમે ત્રણ વાક્યો તૈયાર રાખો. જેવું કોઈ મળે કે તરત જ દરેકે દરેક વ્યક્તિને કહી શકવાની આવડત કેળવો. આ કામ એટલું સહજ હોવું જોઈએ કે જેમ દરરોજ આપણે નિત્ય-નિયમ કરતાં હોઈએ. દરેક વખતે જે વ્યક્તિને તમારા કાર્યની

ખબર પડશે તે વ્યક્તિ તમારી ગ્રાહક બની જશે. આની અસર એ થશે કે તમારી પૈસા કમાવાની શક્તિ વધી જશે. આ ખૂબ જ સહેલું છે ખરું ને?

હવે તમારે સુંદર, શક્તિશાળી અને દરેક વ્યક્તિના મનમાં ઘંટડી વગાડી મૂકે તેવાં ત્રણ વાક્ય તૈયાર કરવાની જરૂર છે. હવે થોડી વાર વિચારો પછી મહેરબાની કરીને આવા વાક્યો સ્પષ્ટતાથી બનાવો અને તે વાક્યોને વાપરવાની શરૂઆત કરો. ઉપરાંત તમારું વીઝીટીગ કાર્ડ તે વ્યક્તિને આપો જે સામેવાળાના ત્વરીત પ્રત્યાઘાત મેળવવામાં તમને વધારાનો ફાયદો કરાવશે.

હવે કોઈપણ માનવ સાથે સંબંધ વિકસાવવો એ ખૂબ ફાયદાકારક અને મજાનો અનુભવ બની જશે.

વધારાના રિવાજો - પૈસા અને તેની પેલે પાર.

૧. તમારા હાથમાં ચલણી નોટ લઈ તેને 'સુપ્રભાત' એમ શુભસંદેશ પાઠવો. શરૂઆતમાં થોડું વિચિત્ર લાગશે પણ આપણે આપણા મિત્રોને શુભસંદેશ પાઠવી શકીએ તો પૈસા પણ આપણા મિત્ર છે તો તેમને પણ શુભસંદેશ મોકલવો જરૂરી છે.

૨. તમારા હાથમાં ચલણી નોટ લઈ તેને 'ચુંબન કરો' અને પૈસા પ્રત્યેનો તમારો પ્રેમ વ્યક્ત કરો. તમારે જીવનમાં જે કંઈ પણ જોઈતું હોય તેને તમારા પ્રત્યે આકર્ષવા પ્રેમ એ એક ખૂબ મોટી શક્તિ છે.

૩. એક ચલણી નોટ હાથમાં લઈ તેને તમારા હૃદયની ખૂબ નજીક થોડી ક્ષણો રાખી તમારો આભાર તેની પ્રત્યે વ્યક્ત કરો. જે પૈસો તમારા જીવનમાં આવ્યો છે. તેનો તમારે આભાર માનવો જોઈએ.

૪. જે કોઈ સાધન પૈસાને તમારી તરફ આકર્ષવા નિમિત્ત બન્યા હોય તે સર્વેનો આભાર માનો. દા.ત. ફોન, કોમ્પ્યુટર, મશીન, ઓફીસની જગ્યા વગેરે.

૫. તમારા પાકીટ, હિસાબની ચોપડીઓ, તીજોરી, બેંકની પાસબુક અથવા બીજી કોઈપણ વસ્તુ જે સીધી કે આડકતરી રીતે પૈસા સાથે જોડાયેલી હોય તેનો આભાર માનવો.

૬. જયારે તમે કોઈ કાર્ય વિશિષ્ઠ આવડત સાથે કર્યું હોય ત્યારે દર્પણમાં જોઈ તમારી જાતને હાસ્યથી વધાવી તમારી પોતાની પીઠ થાબડો.

૭. પૈસા આપતી વખતે માનથી આપો.

૮. પૈસા સ્વીકારતી વખતે માનથી સ્વીકારો.

૯. પૈસા આપતી વખતે બીજાના સુખ માટે પ્રાર્થના કરો.

૧૦. જયારે તમે કંઈ ખરીદો ત્યારે આનંદમય સ્થિતિમાં રહો.

૧૧. તમારા પૈસાને માન આપો તેવી જ રીતે બીજાના પૈસાને માન આપી તેનું મૂલ્ય આંકો.

પૈસો - વિચારથી વાસ્તવિકતા

પૈસા ઝાડ પર ઉગે છે.

નીચે પૈસા વિષે કેટલાક સર્વસામાન્ય વિચારો આપ્યા છે. અને તમે જે વિચાર સાથે સહમત થાઓ તેની આગળ નિશાની કરો.

પૈસા ઝાડ પર ઉગતા નથી.

પૈસા સખત મહેનત અને પરિશ્રમથી આવે છે.

પૈસા કરતાં મનની શાંતિ હોવી જરૂરી છે.

ફક્ત થોડાં લોકો પૈસાદાર હોય છે.

ફક્ત પૈસો પૈસાને ખેંચે છે.

વધારે પૈસા એટલી વધારે સમસ્યાઓ.

બધા પાપનું મૂળ પૈસા પ્રત્યેનો પ્રેમ છે.

તમારામાંથી ઘણાંએ ઉપરના બધાં વાક્યો પર નિશાની કરી હશે. આ વાક્યો તમારા જીવનમાં વારંવાર તમે સાંભળ્યાં હશે. આ વાક્યો આપણા આંતરમનમાં ખૂબ ઊંડે ઊંડે ઉતરી ગયાં હોય છે. આ વિચારો માટે આપણે થોડું વધારે સમજવું જરૂરી છે.


આજે તમે જે કંઈપણ છો એ તમારા વિચારોનું પરિણામ છે. જેમ જીવવા માટે આપણે શ્વાસોશ્વાસ કરવો જરૂરી છે. તેમજ મૂળભૂત રીતે આ વિચારો જ તમારા જીવનનું રહસ્ય છે. તમે જે કંઈપણ વિચારો એ કાર્ય કરવા તમે સ્વતંત્ર છો. તમારા દરેકે દરેક કાર્ય માટે તમારા મનમાં કોઈ વિચાર તો હોય જ છે. અરે પાણી પીવા જેવું સાદું કાર્ય પણ 'તમને તરસ લાગી છે' એવા વિચારમાંથી જન્મે છે. વિચારો કાર્ય કરવાનું ઇંધણ માત્ર નથી પણ તે કાર્યની શરૂઆત કરી ગાડીને કાર્યના પાટા પર દોડતી રાખે છે.

નાના કે મોટા બધા બનાવો વિચારોનું પરિણામ છે. તમારા 'વિચારો' તમારા મનમાં બે જગ્યાએથી આવે છે. પહેલો વિચાર તમારા પોતાનામાં તાત્કાલિક જન્મે છે. આ આંતરમનથી ઉત્પન્ન થયેલા વિચારો છે. આને તમે તમારા પોતાના વિચારો તરીકે ઓળખાવી શકો. બીજા પ્રકારના વિચારો તમારી બહારની અસરથી આવે છે. દરેક વિચારનો કાં તો તમે સ્વીકાર કરો અથવા અસ્વીકાર કરો. ખેતીની ભાષામાં આને નિંદામણ કાઢવું કહે છે. જ્યારે તમે તમારા મનના બગીચાની માવજત કરી રહ્યા હોવ, ત્યારે તમારે કયો વિચાર રાખવો અને કયો કાઢી નાખવો તે નક્કી કરવું પડે છે અને દરેક વિચાર માટે તમારે કાર્ય કરવું જ પડે છે.

જયારે તમે મોટું ઝાડ જુઓ છો ત્યારે તમને ખ્યાલ આવે છે કે આ બધું એક નાના બીજથી શરૂ થયેલું છે. બીજ શરૂઆત છે જે આજે મોટા ઝાડના રૂપમાં વાસ્તવિક રીતે પ્રગતિ પામ્યું છે. મને ખબર નથી કે તમારામાંથી કેટલા જાણે છે કે કેરી આંબા પર ઉગે છે. મેં ઘણાંને કહેતા સાંભળ્યા છે કે કેરી ફળવાળા પાસેથી કે સુપર માર્કેટમાંથી આવે છે. તેઓ સાચા છે પણ કેરી ઉત્પન્ન થાય છે કેરીના બીજમાંથી કેરીના ગોટલામાંથી કેરીનું ઝાડ ઉગે અને પપૈયાના બીજમાંથી પપૈયાનું ઝાડ ઉગે છે.

વિચાર બીજ જેવો છે. ફક્ત અત્યારે એ તમારા મનની ફળદ્રુપ જમીન પર ઉગ્યો છે. અને જોતજોતામાં એ હકીકત બની જશે. કેરીનું બીજ જે કેરીનું ઝાડ ઉગાડી શકે છે. આજ રીતે દરેક વિચારમાં પોતાનામાં તેને વાસ્તવિકતામાં ફેરવવાની શક્તિ હોય છે. પૈસા તમારા મનના બગીચામાં "પૈસાના ઝાડ" પર ઉગે છે. જો તમે આ વિચારનું બીજ મારી પાસેથી લો તો તેને ઉગવા દો, તેની યોગ્ય માવજત કરીને તેના પરથી 'પૈસાને' ફળ રૂપે તમે પામી શકશો.

કમનસીબી એ છે કે આપણામાંના ઘણાંએ 'પોતાના વિચારોનો' વિચાર જ કર્યો હોતો નથી. વિચારોની ભયંકર શક્તિને જાણો.



પૈસા ઝાડ પર ઉગે છે.

આપણા વિચારો આપણી દુનિયા સર્જે છે.

શું દરેક માટે દુનિયા સરખી છે કે જુદી જુદી છે? તમે કહેશો દુનિયા તો સરખી જ છે પણ લોકોને જુદી જુદી લાગે છે. આ આપણી દૃષ્ટિ પર નિર્ભર છે. કેટલીક વખત દુનિયા ખુશ દેખાય છે. કેટલીકવાર દુ:ખી લાગે છે. આ પરિસ્થિતિ પાછળ શું કોઈ રહસ્ય હશે ખરું?

જો તમે ઉંડાણથી વિચાર કરશો તો તમને ખ્યાલ આવશે કે જ્યારે આપણે ખુશ હોઈએ ત્યારે આપણે દુનિયાને ખુશ થયેલી જોઈએ છીએ. જો તમે નિરાશ અને દુ:ખી હોવ ત્યારે તમને દુનિયા આખી નિરાશા અને દુ:ખી લાગે છે.

દુનિયા એક દર્પણ છે. એ દર્પણ તમને તમારી અંદરના વિચારોની ઝાંખી કરાવે છે. તમે તમારી આંતરદૃષ્ટિ કેવી રાખો છો. તમે કેવા વિચારો ધરાવો છો. એનો તમારી આજુબાજુની દુનિયા પ્રત્યાઘાત આપે છે. તેથી દુનિયાને બદલવાનો પ્રયત્ન અર્થ વગરનો છે. જ્યારે તમે દર્પણમાં જુઓ અને તમને તમારો દેખાવ બદલવાની જરૂર લાગે તો દર્પણમાંના તમારા પ્રતિબિંબને લીપસ્ટીક લગાડશો કે તમારા પોતાના હોઠ પર?

જ્યારે બિંબ બદલાય છે ત્યારે પ્રતિબિંબ પણ બદલાય છે. જીવનમાં આપણે જેટલી વાસ્તવિકતા જોઈએ છીએ તે આપણા અંતરઆત્માનું પ્રતિનિધિત્વ કરે છે. અને વિચારો અને તેને જોવાની દૃષ્ટિ અંતરઆત્માને બનાવે છે. જેથી તમારે તમારી ખરી દુનિયા પર કાબૂ મેળવવો હોય તો તમારા પોતાના વિચારો પર કાબૂ મેળવો.

એક સલાટ હતો તે વર્ષોથી સુંદર સ્થાપત્ય બનાવતો હતો. તેનું બાંધકામ અને નકશીકામ બંન્ને દુનિયામાં સુપ્રસિદ્ધ હતાં. ઘણાં વર્ષો સુધી એક સરખું કામ કર્યા પછી હવે તે વૃદ્ધ થયો હતો અને થાકી પણ ગયો હતો. એક દિવસ તે તેના માલિક પાસે ગયો અને કહ્યું કે તેને આ કામ છોડી દેવું છે.

માલિકે તેને છેલ્લું બાંધકામ અને નકશીકામ કરવા દબાણ કર્યું. માલિકે તેને કહ્યું કે પૈસા અને મહેનત સામે જોયા વગર અદ્‌ભુત ઘર બનાવ. અત્યાર સુધીમાં આ સલાટ એટલો કંટાળી ગયો હતો કે તેણે ખૂબ ગંદુ કામ કર્યું. તેનું મન અને હૃદય તેના છેલ્લા કામમાં સાથ આપતા ન હતા. તે તેના માલિક પાસે ગયો અને કહ્યું કે કામ તૈયાર થઈ ગયું છે. તેના માલિકે તેનો આભાર માન્યો અને કહ્યું તે આટલા બધા વર્ષો સારું કામ કર્યું તેના બદલામાં તે કંઈ ભેટ આપવા માંગે છે. તેણે પટારામાંથી ચાવી કાઢી અને તે સલાટને આપી અને કહ્યું, ''આ નવું ઘર જે તેં બાંધ્યું છે તે તારું છે.'' અને એ સલાટ તે ઘરમાં રહેતાં એટલો દુ:ખી થયો જે ઘર તેણે પોતે ખરાબ બાંધ્યું હતું.

તમે પોતે તમારા જીવનના સલાટ છો. અને તમે તમારા વિચારોથી તમારી દુનિયા બનાવો છો. તમે તમારા જીવનનું ઘડતર કરો છો.

વિચારોથી વાસ્તવિકતા સુધી - પૈસો સહેલાઇથી કે સખત પરિશ્રમથી મળે.

"પૈસો સખત મહેનત અને પરિશ્રમથી આવે છે." જો તમે આ વિચારમાં માનતા હોવ તો બે વસ્તુ થાય છે. પહેલી એ કે તમારા જીવનમાં બધા પૈસા સખત મહેનત અને પરિશ્રમથી જ આવશે. બીજું એ કે તમે તમારા માટે દરેક વસ્તુ ખૂબ મુશ્કેલ બનાવી દેશો. આનાથી પણ ખરાબ એ હશે કે તમે બીજાઓ માટે પણ દરેક બાબત મુશ્કેલ બનાવી દેશો. હવે જો તમને સહેલું કામ પણ આપવામાં આવ્યું હશે તો તમે તેને મુશ્કેલ બનાવી દેશો.

બે પ્રકારના લોકો હોય છે.

મોટા ભાગના લોકો માનતા હોય છે કે પૈસા માટે મહેનત કરવી જરૂરી છે. થોડાં લોકો પાસે પૈસા સહેલાઈથી આવતા હોય છે જે મોટાભાગના લોકોના ઈષાર્ પાત્ર બને છે. જે લોકો સખત મહેનત કરવાવાળા છે. તેમણે એ વિચાર હમણાં તેમના મનમાંથી કાઢી નાખવો જોઈએ કે, "તમારા જીવનમાં પૈસા ફક્ત ખૂબ મજૂરી કરવાથી જ આવે છે." જે લઘુમતિ વિચારવાળા છે, તેઓ કેટલા સુખી છે. તમે એમ વિચારવાનું અને માનવાનું શરૂ કરો કે "પૈસા મારા જીવનમાં સહેલાઈથી આવે છે." જ્યારે આ વિચારના બીજને વાવવામાં આવે અને તેને અંકૂર ફૂટે પછી તેનો તમારા મનના ફળદ્રુપ પ્રદેશમાં સારો વિકાસ થાય તો અદ્ભુત વસ્તુઓ થવા લાગશે. પૈસા ખરેખર તમારા જીવનમાં પુષ્કળ અને સહેલાઈથી આવશે.

હવે તમારા મનમાં પ્રશ્ન થાય કે, "વિચારો શું ખરેખર આટલી સારી ભૂમિકા તમારા જીવનમાં ભજવી શકે ખરા? અને જવાબ તૈયાર છે. 'હા'. જે લોકોના ભેજાં ફળદ્રુપ નથી કે તેમના મનની કલ્પના શકિત સારી નથી તેઓ વિચારશે. 'મને આ સહેલાઈથી પૈસાવાળા બનવાનો વિચાર તો ગમ્યો પણ સુરેશના કહેવામાં હું ત્યારે જ માનીશ જ્યારે પૈસા આવશે.' તમે બહુ હોશિયાર હશો પણ તમે વૈશ્વિક પદ્ધતિ સમજ્યા નથી. ઘોડા કરતાં ગાડી પહેલાં મૂકવામાં આવે એવું મૂર્ખ કાર્ય છે. પહેલાં વિચાર આવે અને પછી તે વાસ્તવિકતામાં પરિણમે છે.

આમાં ક્યારેય પહેલાં કોઈ વાતમાં માનવું અને પછી વિચાર એવું બનતું નથી. જો તમે તમારા બગીચાના સૂકા ભાગમાં જઈને કહો કે "હું અહી આંબા ઉગી શકે તેમ ત્યારે જ માનું કે મારા હાથમાં પાકેલી કેરી હમણાં જ હોય."

બધી વસ્તુઓનું બે વખત સર્જન થાય છે. પહેલાં તમારા મનમાં અને પછી વાસ્તવિકતામાં.

ગધેડા પણ સખત મહેનત કરે છે.

આપણે અહીં સખત મહેનતની વ્યાખ્યા કરીએ.

તમે મને કહેશો કે ચાર અક્ષરનો સૌથી ખરાબ શબ્દ કયો છે? તે છે મ-હે-ન-ત. મને પ્રમાણિકતાથી કહો કે તમારામાંથી કામ કરવું ખરેખર કેટલાને ગમે છે? સારું, હું તમને મુશ્કેલીમાં મૂકી તમારા મનનો ભાર વધારવા માંગતો નથી. અહીં એક રમત છે જે તમને જવાબ આપશે.

જે દિવસ તમને સૌથી વધારે ગમતો હોય તેની આગળ નિશાની કરો.

સોમવાર

મંગળવાર

બુધવાર

ગુરુવાર

શુક્રવાર શનિવાર

રવિવાર

તમને સત્ય અને તમારો જવાબ બંને મળી ગયાં હશે. રવિવાર લગભગ બધા કેલેન્ડરમાં લાલ અક્ષરમાં લખેલો હોય છે. ઘણા આનંદદાયક કેલેન્ડરોમાં શનિવાર પણ લાલ અક્ષરે લખેલો હોય છે. અને લાલ અક્ષરે લખેલા બીજા કેટલાક આનંદદાયક દિવસો હોય છે. જે રજાના દિવસો કહેવાય છે. તમે એ લોકોમાંના છો જે લોકો સોમવારના ભૂરા રંગથી ગભરાયેલા હોય છે. "આજે શનિવાર છે હે, ભગવાન તારો આભાર.' અઠવાડિયું પૂરું થવાનું હોય ત્યારે તમારું મુખ્ય ગીત ઉપરના શબ્દો હોય છે. તમને મ-હે-ન-ત આ ચાર અક્ષરવાળો શબ્દ તો ગમતો નથી અને 'સ-ખ-ત' આ ત્રણ અક્ષરવાળો શબ્દ તમને શુભેચ્છાદાયક લાગે છે. અને તમે મને કહો છો કે એ શબ્દ તમને આનંદ આપે છે?

આ તો તમે પોતે માગી લીધેલી તકલીફ જેવું છે. આ અંદરની પીડા અને જહેમત છે. તમારી આજુબાજુ બધું સુવ્યવસ્થિત છે તે બતાડે છે કે, બધાં કાર્યો છાપેલાં સિક્કા ખૂબ સહજતાથી અને પ્રભાવશાળી રીતે કરે છે. ચોક્કસ ઘણી જાતનાં કામો વધારે ઓછાં પ્રમાણમાં મહેનત માંગે છે. પણ તમને વધારે પ્રયત્ન કરવામાં વધારે મજા આવે છે ખરી? તમે ચિત્તાનું દૃષ્ટાંત સમજો. એ બધા પ્રાણીઓમાં સૌથી ઝડપી દોડતું પ્રાણી છે. એ સૌથી ઝડપથી પોતાનો શિકાર પકડવા દોડે છે એ પણ જ્યારે એને જરૂરત જણાય ત્યારે. આ મહેનત તેની જરૂરીયાતને પહોંચી વળવા પૂરતી કુદરતી

રીતે જ હોય છે. મેં હજી પ્રાણીશાસ્ત્રીઓ પાસેથી સાંભળ્યું નથી કે ચિત્તો તેના શિકારની વિરુધ્ધ દિશામાં બે કિલોમીટર પણ દોડયો હોય અને પછી ખૂબ જ ઝડપથી પોતાનો શિકાર પકડવા સિવાય પણ થોડા મીટર દોડયો હોય.

તમે કોઈ કાર્ય કરતા હોવ અને તે તમારા માટે રોજે રોજનું કામ ન હોય અથવા તમારા મનને આનંદ ન આપે તો તે તમને સખત મહેનતનું કામ લાગે છે. આનાથી તમારા મન અને ખભા પર ખૂબ વજનવાળો કોથળો મૂકયો હોય તેવું લાગે છે. સમજો કે તમારા માલિકે તમને કામ સોંપ્યું અને કહ્યું કે 'મારે આ કામ સાંજ સુધીમાં તૈયાર જોઈએ.' જે કામ તમે ખુશીથી ગીત ગણગણતા કરતા હતા તે ઓચિંતાનું 'અઘરું' બની જશે. તમને તમારો માલિક કદાચ ગુલામ રાખવાવાળો પણ લાગે. અંગ્રેજી સીનેમાની યાદો તાજી થશે. જેમાં હાથમાં ચાબુક લઈને ઉભેલો મહાકાય મુકાદમ સાંકળથી બાંધેલા હાથમાં હલેસાંવાળા ગુલામોને 'હલેસાં મારો, હલેસાં મારો'ની બૂમો પાડતો હોય તેવો ઝબકારો તમારા મનમાં દેખાશે.

મહેનતુ લોકો ખૂબ જહેમત ઉઠાવે છે. પણ તેનો અર્થ હોતો નથી. વધારામાં તેઓ લોકોનું વધારે ધ્યાન ખેંચે છે. અને તેમની આજુબાજુના લોકોની વાહવાહ મેળવે છે. જયારે તેઓ ઘરે આવે ત્યારે તેમની પત્ની, બાળકો અને કુતરો તેમને ખૂબ માન આપે એમ ઈચ્છે છે. તેઓ ઈચ્છે છે કે બધા તેમની આગળ પાછળ ફરે અને લાળ ટપકતા મોઢે હંમેશા તેમના વખાણ કર્યા કરે. અને જો આમ ન થાય તો તેઓ એકલવાયાપણું અનુભવે છે. અને 'કોઈને મારી કદર નથી.' એમ પોતાની જાતની દયા ખાય છે. આવા સખત મહેનતુ લોકો જયારે માલિક બને છે. ત્યારે દુકાન 'નરક' બની જાય છે. અને ઘણી વખત દુકાન બંધ કરવાનો વારો પણ આવે છે. તમે નોંધશો કે જે અક્કલવાળો સ્ટાફ છે તે રાજીનામું આપી છૂટા થઈ જશે અને દરરોજ દરેક કામગાર એવું ઈચ્છે છે કે કોઈપણ રીતે આપણો માલિક કયાંક જતો રહે તો સારું. આવા મહેનતુ માણસના દિવસમાં આપણે ડોકીયું કરીએ.

દરરોજ જયારે ઓફીસ ચાલુ થવાનો સમય ઘડિયાળના ડંકા બતાવે છે ત્યારે આપણો આ 'મહેનતુ' માણસ તેના મોઢા પરના હાસ્યના રહ્યાં સહ્યાં અંશોનો નાશ કરી નાખે છે. પછી તે પોતાની 'બેગ' અથવા 'બ્રીફકેસ' કે જેમાં ખૂબ મહત્ત્વના કાગળો હોય છે તે ઉપાડીને યાંત્રિક રીતે બહાર નીકળે છે. રસ્તામાં જે મળે તેના ઉપર ગુસ્સે થતો થતો ગાડી ચલાવીને ઓફીસે પહોંચે છે. પછી રોજેરોજ જે લોકો ઓફીસમાં જયાં વર્ષોથી બેસે છે. તેમના ચહેરાઓ જુએ છે. જેઓ વર્ષાનુવર્ષ તેમને સોંપેલું કામ કરતા હોય છે. જેવો એ ઓફીસમાં પ્રવેશે છે કે બીજા ચહેરાઓ પરથી હાસ્ય વિલીન થઈ જાય છે. અને તે સવારથી સાંજ સુધી સખત મહેનત કરે છે. દરરોજ જયારે તે ઘરે આવે છે ત્યારે થાકેલો હોય છે. ફૂટેલા ફુગ્ગા જેવો ચિમળાયેલો હોય છે. તેની બધી લાગણીઓ કુંઠિત થઈ ગઈ હોય છે. અને શારીરિક રીતે તે થાકેલો હોય છે. તે આ બધું

સહન કરે છે. અને હજી વધારે સહન કરવાની તૈયારી રાખે છે. કારણ તેને પૈસાની સતત જરૂર હોય છે.

હવે પગારનો દિવસ આવે છે. બધાના ચહેરા ચમકતા હોય છે. સિવાય કે આપણા સખત-મહેનત કરવાવાળા કામગારભાઈનો ચહેરો. દરેક મહિને બનતા અન્યાયો તેને ખૂબ રહસ્યમય લાગે છે. તે પોતાના તન અને મન મૂકીને કામ કરે છે. પણ તેનો પગાર તેની મહેનત પૂરતો તેને લાગતો નથી. અને એના ઘા ઉપર મરચું-મીઠું ત્યારે ભભરાય છે કે તેના સહકાર્યકરો લગભગ કામ કરતા નથી. છતાં તેના અને બીજાના પગારમાં ઝાઝો તફાવત હોતો નથી. તેથી પગારનો દિવસ જે આધુનિક સમાજમાં આનંદ અને ઉત્સવનો દિવસ હોય છે. તે દિવસ પણ આપણાં સખત મહેનત કરનાર કામદારના ઘરમાં આનંદનો દિવસ હોતો નથી.

એક ઉદ્યમી કામદારના સહકાર્યકર્તાએ તેને સહેજ લંગડાઈને ચાલતા જોયો. રસ્તામાં સાથે ચાલતા તેના મિત્રએ તેને પૂછયું આજનો દિવસ કેવો ગયો. તેણે રોદણાં રડતાં અવાજે કહ્યું ખૂબ મુશ્કેલ દિવસ હતો. તેની પત્ની બીજા કોઈ સાથે ભાગી ગઈ એટલું જ નહી તેના કૂતરાએ તેને બચકું ભરી લીધું અને શેરબજારમાં તેને પુષ્કળ નુકશાન સહન કરવું પડયું. આ બધાં ઉપરાંત છેલ્લા કેટલાક વર્ષોથી તેનું બુટ તેને ડંખે છે. 'લાંબા સમયથી મને પગનો ભયંકર દુ:ખાવો છે કારણ આ બુટ મને ઘણા વખતથી ડંખે છે.' આ તેનો જવાબ હતો. તેના મિત્રે તેને પૂછયું, 'તો આ જૂના બુટ ફેંકીને તારા માટે નવા બૂટ શા માટે ખરીદતો નથી?' તેણે કટાક્ષમાં જવાબ આપ્યો, 'શું ? મારા માટે નવા બુટ ખરીદું? અને આ બૂટ કાઢી નાખવાના મહાન આનંદથી મારી જાતને વંચિત રાખું!'

આપણા આ ઉદ્યમી કામગારને શું થયું છે? ખરેખર કામગારને અથવા તેના કામને કંઈપણ થયું નથી. પણ કામગારના કામ પ્રત્યેના વલણમાં ખરેખર કંઈ ખોટું થયું છે.

સહેલાઇથી મળતા પૈસાનું સ્વાગત કરો.

"સહેલાઈથી મળતા પૈસા" આ શબ્દસમૂહ તમને કેવો લાગે છે? તમે આનો અર્થ સમજતાં જ આઘાત પામશો. એવું લાગે છે કે આ શબ્દસમૂહ કંઈક ખોટું થયાની સમજણ આપે છે. પૈસા સહેલાઈથી કેવી રીતે મળે? તમે એવું વિચારવા લાગો કે, "જરૂરથી આમાં કાયદાકીય રીતે અથવા સામાજીક રીતે કંઈક ખોટું થતું હશે." તમને તમે જેલમાં જઈ પથ્થર તોડતા હોવ એવું દૃશ્યમાન થાય તો નવાઈ નહી. એક મિનિટ ઉભા રહો, શાંત પડો. અને શાંતિથી વાંચો. આપણે 'સુલભ' પૈસાની વ્યાખ્યા ફરીથી કરવી પડશે.

સુલભ પૈસા એટલે તમે જે કોઈ કાર્ય કરો તેથી ખરેખર તમને સરળતાથી અને સહજતાથી પૈસા મળી રહે. એક સીધો રસ્તો તમારા અને પૈસાની વચ્ચે હોય છે. જેથી કોઈપણ કાર્ય તમે કરો તેનું સારું વળતર તમને મળી રહે છે. જેથી જે મહેનત તમે કરો તેનું યોગ્ય વળતર મળે છે. ઘણાં વર્ષો પહેલાં શારીરિક કામ કરવાનો જમાનો હતો. આપણા બાપદાદાઓએ ખરેખર સખત મજૂરી કરેલી અને તેના બદલામાં મળેલા પૈસા પણ ઘણા ઓછા હતા. હવે સમય બદલાયો છે તો પણ પૈસાને લગતી આપણી માન્યતાઓમાં આપણે કોઈ ફેરફાર કર્યો નથી. આપણે માહિતીના એક એવા સમયમાં જીવીએ છીએ કે ફક્ત એક વિચાર આપણને લાખો રૂપિયા કમાવી આપવા માટે પૂરતો છે.

સુલભ પૈસા એ એક વિચાર છે અને એક વલણ (attitude) છે. જ્યારે તમે સુલભ પૈસાના લયમાં આવો છો ત્યારે તમે તમારી આજુબાજુ સરળતા અને સહેલાઈ ફરી વળેલી અનુભવો છો. જેમકે મોટો ઓર્ડર ધંધામાં મળે, સોદો સારી રીતે પતી જાય., તમારા ગ્રાહકો સમયસર પૈસા આપી દે વગેરે. આ પદ્ધતિ તમારા જીવનમાં દરેકે દરેક ડગલે તમને અનુસરશે. દા.ત. આપણામાંથી ઘણાને જમીન અથવા સંપત્તિ વારસામાં મળે છે કારણ આપણે કોઈ એક કુટુંબમાં આપણા ભાગ્યથી જન્મ લીધો છે. કેટલાક વધારે નસીબદારોને તૈયાર ધંધો મળી જાય છે. સુલભ પૈસા હવે પૂછો અને જાણો ભગવાનને ખાતર સમજો આનાથી સહેલું કંઈ હોઈ શકે?

જ્યારે તમારા મનમાં સુલભ પૈસા માટે અવરોધ હોય તો કોઈપણ તમારો ફાયદો ઉઠાવી શકે. તમે કામ કર્યું હોય તેના કરતાં તમને ખૂબ ઓછા પૈસા મળે. તમારા કામમાં કદાચ તમારો ખૂબ સમય વેડફાઈ જાય. તમારે કામ માટે ઘણી દોડાદોડી કરવી પડે એટલા માટે તમારા પૈસા વસુલ કરવા ખૂબ મહેનત કરવી પડે. ઘણી વખત જે વારસો તમને મળવાનો હોય તે ક્યાંક ભેરવાઈ જાય અને આશ્ચર્યજનક રીતે તમને ન પણ મળે.

જો તમારા જીવનમાં પૈસા સહેલાઈથી અને સહજતાથી આવતા ન હોય તો તમે જે જીવન જીવો છો તેમાં ક્યાંક કંઈક મોટી ખામી છે. સુલભ પૈસા મેળવવા તમારી જાતને ખુલ્લી રાખો અને લયમાં આવો કારણ સરળતા કુદરતી છે અને સહજતા કુદરતી રીતે જ સહેલી છે.

આપણી વાસ્તવિકતા શું છે?

જો તમે પૈસા માટે ખરાબ અને બુરું વિચારશો તો પૈસો તેનું સમતોલપણું ગુમાવી દેશે. વર્ષો સુધી પૈસાને તમે શાંતિ, ઉંઘ અને મિત્રોને ગુમાવવા માટે જવાબદાર ગણ્યો છે. એવા અનર્થો પ્રવર્તે છે કે જો પૈસા આવશે તો કુદરતી રીતે જ તમે તમારી કિંમતી વસ્તુઓ જેવી કે મિત્રો, ઉંઘ અને છેલ્લે અંતરઆત્માને ખોઈ બેસશો. આ ડર આપણને સમૃદ્ધિ તરફ જતાં અટકાવે છે. આવી રીતે આપણે પૈસાને આપણી પાસે આવવાના રસ્તામાં અવરોધો ઉભા કરીએ છીએ.

સચ્ચાઈ એ છે કે પૈસો આપણી પાસે જે છે તેમાં વધારો કરે છે અને તેને અનેક ઘણું બનાવે છે. હકીકતમાં પૈસો હાનિ રહિત સાધન છે. તે આપણને બધું જ આપે છે. મનની શાંતિ, સારા મિત્રો અને બધું પ્રકાશિત અને સુંદર બનાવે છે. પૈસા કમાઓ અને પૂરી તાકાતથી તેને વાપરો. આ બધું બનવા માટે તમારે પૈસાને લગતી અંધશ્રદ્ધાઓ તોડવી જ રહી અને પૈસાને લગતા ખોટા સિદ્ધાંતો ભૂલવા જ રહ્યા પછી વિપુલતા તરફ તમે બારણાં ખોલી નાંખો. મૂર્ખાઇભરી માન્યતાઓને પડતી મૂકો જેવી કે ''જો હું પૈસાવાળો બનીશ તો જીવનની દરેક સારી વસ્તુ ગુમાવીશ. ગરીબાઈમાં જીવવું એ જ પવિત્રતા છે.'' આનો અર્થ એ જ છે કે તમે તમારી શક્તિઓને નકારી અને ધુમ્મસમાં જીવનને લઈ જાઓ છો.

પૈસા + આપણા વિચારો = આપણી વાસ્તવિકતા

જો પૈસામાં તમે મહેનત ઉમેરો તો મહેનત આપણી હશે. જો પૈસામાં તમે મનની શાંતિ ખોવાનું ઉમેરશો તો તમારા મનની શાંતિ ખોવાશે. જો આપણે તાણ અને ડર પૈસામાં ઉમેરશું તો તાણ અને ડર આપણાં હશે. તમે કોઈ સુંદર ગુણો ઉમેરવાનું પણ વિચારી શકો તો તે સુંદર ગુણો તમારા હશે.

જો પૈસા સાથે આપણને સારા મિત્રો, પ્રેમાળ કુટુંબ, સંતોષ, મનની શાંતિ અને સુખ.. વગેરે મળે તો તેના જેવો સુમેળ એક પણ નહી.

પૈસા દરેક દૈવિક અને સુંદર વસ્તુ સાથે સુમેળ કરી શકે છે, અથવા તેમાં વધારો કરી શકે છે.

કોરું પાનું

તમારામાંથી ઘણાને વિચાર આવ્યો હશે કે આ કોરું પાનું કેમ છે? ચોક્કસ કોઈ ભૂલ થઈ લાગે છે. આ ધ્યાન બહાર રહી ગયું લાગે છે અને પ્રકાશકે આ બાબત પર ધ્યાન આપવું જરૂરી છે. અથવા તમે શું ધારી શકો? આ કોરું પાનું ફક્ત મારી ચોપડીમાં જ રહી ગયું લાગે છે? આવા આવા વિચારો તમારા મનમાં આવી ગયા હશે.

હકીકત શું છે ? હકીકતમાં આ પાનું એક 'ખાલી-સમય' છે. તમે આ કોરા પાનામાં જે કંઈ ઉમેર્યુ તે બધા તમારા ઘણઅં બધાં તર્કો અને વિચારો ઉદ્ભવે છે. તેથી એક સાદા કોરા-પાના ઉપર જોડયા.

શું આ ઉપરની બધી વૈચારિક બાબતો કાદાંના ફોતરાની જેમ કાઢી નાખશો તો તમને એક કોરું પાનું મળશે. અને તેમાં સંપૂર્ણ કોરી જગ્યા છે.

આ જ રીતે આપણે આપણા અર્થો અને વિચારો જો ઉખેડીને ફેંકી દઈએ અને સાથે સાથે પૈસાને લગતા જોડાણો કાપી નાખીએ તો આપણને શુદ્ધ સ્વરૂપે પૈસા સિવાય બીજું કંઈ દેખઅશે નહી. અને શુદ્ધતા, સુંદરતા અને ચળકાટવાળા પૈસાને જોશો અને અનુભવશો. આજ ક્ષણ છે કે તમે પૈસાનું ઊંડું રહસ્ય શોધી કાઢયું છે અને એ રહસ્ય છે "પૈસા એ ફક્ત પૈસા છે."

પૈસો અને પરિસ્થિતિગત વિચારો.

ઊંટમાંથી સમજણ

રાજસ્થાનના રણમાં વણઝારા તેમનો કાફલો લઈ એક ગામથી બીજે ગામ જતા હતા. એક વખત જ્યારે સૂરજ ઢળવાની તૈયારીમાં હતો ત્યારે ઠંડી રાત શરૂ થાય તે પહેલાં એક જગ્યાએ તેમણે તંબૂ તાણવાનું નક્કી કર્યું. જ્યારે પુરુષો તેમના ઊંટોને બાંધવામાં મશગૂલ હતા ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે એક ખૂંટો અને દોરી ઓછાં પડે છે. રાતમાં ઊંટ ખોવાઈ જવાની દહેશતથી તેઓએ નક્કી કર્યું કે તેઓ તેમના આગેવાન પાસે જઈને આનો ઉકેલ લાવી શકે.

આ મુખીયો કે જેને લાંબી દાઢી મુછ હતી તે ખૂબ ચાલાક અને બુદ્ધિશાળી ગણાતો હતો. બધા તેની પાસે ગયા અને કહ્યું, ''માલિક, અમે અહી અમારી સમસ્યાનો ઉકેલ શોધવા તમારી પાસે આવ્યા છીએ.'' મુખિયાએ તેમની વાત ખૂબ એકાગ્રતાથી સાંભળી અને કહ્યું, ''ઊંટ પાસે જાઓ અને તમે એને બાંધતા હોવ તેવો અભિનય કરો.''

તેમને મુખિયા ઉપર વિશ્વાસ હતો તેથી તેમણે કહ્યું તેમ કર્યું. બીજે દિવસે જ્યારે તેઓ ઉઠયા ત્યારે તેમને આશ્ચર્ય થયું કે ઊંટ ત્યાંજ સલામત હતું. તેઓએ તંબૂ અને ઊંટ છોડી દીધા અને બીજે ગામ જવા નીકળી ગયા. જે ઊંટને બાંધ્યું નહોતું તે હલવા જ તૈયાર નહોતું. તેઓ ગભરાઈ ગયા અને શું કરવું તે તેમને સુઝયું નહી. તેથી તેઓ ફરીથી મુખિયા પાસે ગયા અને તેમની સલાહ માગી.

મુખિયાએ તેમને પુછયું, ''તમે ઊંટને છોડયું હતું?'' તો બધા કહે, ''માલિક, પણ સૌથી પહેલાં તો અમે તેને બાંધ્યું જ નહોતું.'' મુખિયો કહે ''ગઈ કાલે રાતે જેમ તમે બાંધવાનો ઢોંગ કર્યો હતો. તેમ જ અત્યારે તેને છોડવાનો અભિનય કરો.'' તેઓ ફરી ઉંટ પાસે ગયા અને દોરી છોડવાનો અને ખૂંટો કાઢવાનો ઢોંગ કર્યો અને તેમના આશ્ચર્ય વચ્ચે ઊંટ આગળ જવા તૈયાર થઈ ગયું.

મુખિયાએ તેમને કહ્યું દોરી અને ખૂંટો કાલ્પનિક હતા, પણ ઊંટને લાગ્યું કે તે સાચેસાચ છે, તેથી તે ન હલ્યું.

આમ જ, આપણે બધા આપણા વિચારોથી બંધાયેલા છીએ જે સાચા નથી. પણ આપણે સાચા માની લઈએ છીએ. આપણે આપણી પરિસ્થિતિથી બંધાયેલા છીએ. જેથી સંપૂર્ણ સ્વતંત્રતા અનુભવવા તૈયાર નથી. જો આપણે માની લઈએ કે હું મધ્યમ વર્ગમાં જન્મ્યો છું જેથી આખું જીવન હું મધ્યમવર્ગીય જ રહીશ તો મધ્યમ વર્ગનો સિક્કો આપણને બાંધી લે છે અને આપણને પૈસાવાળા બનવાના અનુભવથી વંચિત રાખે છે. તમે તમારા જીવનમાં જુઓ અને શોધી કાઢો કે તમે તમારી પરિસ્થિતિગત વિચારધારાથી કેટલા બંધાયેલા છો. આ કૃત્રિમ સાંકળો તોડવા માટે આપણી પરિસ્થિતિ- જન્ય

વિચારોને ઓળખીએ તો તેને તોડવા સહેલા બને છે. કારણ આવા ખોટા વિચારોને આપણે સાચા માની લીધા હોય છે.

તમારા પરિસ્થિતિ જન્ય અને મર્યાદિત વિચારોને તોડી નાખો જે તમને બાંધી રાખતા હોય છે.

જીવનમાં "જો અને તો"

પાછું વાળીને તમારા જીવનમાં ડોકીયું કરો. જો તમે ધંધો કરવાની એ તક ઝડપી લીધી હોત તો તમે સારું કમાયા હોત. જો તમે મેનેજમેન્ટમાં MBA કર્યું હોત તો તમે કોઈ મલ્ટીનેશનલ કંપનીમાં ખૂબ ઊંચા પગારની નોકરીમાં કામ કરતા હોત. પણ હવે તમે ખૂબ જ ખરાબ રીતે દિવસ-રાત મશીનો વચ્ચે કામમાં સલવાઈ ગયા છો. આ બધા માટે તમારા મા-બાપ જવાબદાર છે. કારણ તેમણે જ તમને એન્જીનીયરીંગના કોર્સમાં ધકેલ્યા.

તમારા જીવનનું કોઈપણ પાસું ચકાસી જુઓ. તમારે 'જો અને તો' હશે જ. બધા સાથે આવું જ થાય છે. ફરક ફક્ત એટલો જ છે કે 'જો અને તો' તમારા જીવનમાં કેટલીવાર અને કેટલી તીવ્રતાથી થાય છે. જ્યારે તમે તમારા ભૂતકાળમાં ડોકીયું કરો છો. ત્યારે શું તમારી આજની અસહનીય પરસ્થિતિ માટે તમે જાતે અથવા બીજું કોઈ અથવા જીવનની વિટંબણાઓ જવાબદાર છે? જો આ અર્થવગરની કલ્પના અને ટાઈમપાસ વિશ્લેષણ હોય તો તેને પડતું મૂકો. જો આજની પરિસ્થિતિ સુધારવા તમે કોઈ સર્જનાત્મક કાર્ય કરવાનું નક્કી કર્યું હોય કે તમે ભૂતકાળની વાતોમાંથી કંઈ શીખવાનું નક્કી કર્યું હોય તો ઠીક છે. કોરપોરેટ વાઈસ પ્રેસીડન્ટ બનવા માટે વાણિજ્ય શાખામાં સ્નાતક અને એમ.બી.એ. કરવું જરૂરી છે. વાણિજ્યનો અભ્યાસ કરવામાં અને એમ.બી.એ.નો પાર્ટ ટાઈમ કોર્સ કરવામાં તમને કોણ રોકે છે અને એ પ્રમાણે તમારું સીનીયર વાઈસ પ્રેસીડેન્ટ બનવાનું સપનું પૂરું કરવા તમે કાર્ય કરી શકો છો.

જ્યારે તમે ભૂતકાળમાં નિર્ણય કર્યો હતો ત્યારે તે સાચો લાગતો હતો. હવે અત્યારે તેને વિશ્લેષણ કરવાનો સમય આવ્યો અને તમારા જીવનના લેખાં-જોખાં કરો છો ત્યારે તે નિર્ણય તમને ખોટો લાગે છે. આવું હંમેશા બને છે. તો ભૂતકાળનાં રોદણાં રોવાનું બંધ કરો. 'જો અને તો' એ ભૂતકાળની વાતો તમને તમારા જીવનમાં આગળ વધતા અવરોધે છે. જેટલો ભૂતકાળનો ખાડો ઊંડો ખોદશો તેટલા તમે વર્તમાનમાં વધારે ગુંચવાશો. અને જીવનની હકીકત તથા વર્તમાન તથા ભવિષ્યની અગણિત તકો ગુમાવશો.

જો જીવનમાં 'જો અને તો' કાઢી નાખશો તો તમને ખોટી કાલ્પનિક દુનિયામાંથી છૂટકારો મળશે અને તમે હકીકત અને સચ્ચાઈનો અનુભવ કરી શકશો.

તમારા લાગણીના ભારને હળવો કરો.

આપણામાંથી ઘણાંને ભારતીય જંગલોમાં વાંદરા કેમ પકડાય છે તેની ખબર નહી હોય. પણ હું આ ઉદાહરણ અહી ટાંકી તમને બધાંને સમજાવવા માંગું છું કે જતું કરવાની (છોડી દેવાની) ભાવના તમને કેવી રીતે સ્વતંત્ર રાખે છે. વાંદરાઓ જંગલમાં કેવી રીતે પકડાય છે તે આપણે શીખીએ.

ભારતીય જંગલોમાં શિકારીઓ એક સાંકડા મોઢાવાળું માટલું લાવે છે અને તેને સરસ શેકેલી શીગોથી ભરી દે છે. પછી જ્યાં વાંદરાઓ રહેતા હોય તે ઝાડની નજીક તેને મૂકવામાં આવે છે. શેકેલી મગફળીની સુગંધથી વાંદરાઓ આકર્ષાય છે અને ઝાડ પરથી નીચે આવે છે. તે વાંદરો મગફળી લેવા તેનો હાથ માટલામાં નાખે છે અને તેની મુઠ્ઠી માટલાનાં કાંઠામાં અટકાઈ જાય છે. એ શીગવાળી મુઠ્ઠી માટલામાંથી કાઢી શકતો નથી. કારણ તેને તે શેકેલી શીગ ખાવી હોય છે. વાંદરાને ખ્યાલ રહેતો નથી કે તેને છૂટા થવા માટે શીગ જતી કરવી પડશે. આમ શિકારી જંગલમાંથી વાંદરા પકડે છે.

વાંદરાની જેમજ આપણે પણ આપણા વિચારો અને માન્યતાઓ છોડી દેવા તૈયાર હોતા નથી.

આપણે દરેકે દરેક વાંદરાની વાર્તાની જેમજ બચપણથી પથ્થરોની કોથળીનું વજન લઈને લંગડાતા ફરતા હોઈએ છીએ. ભારેખમ ભૂતકાળ વર્તમાનના દરવાજા બંધ રાખે છે. અને આ અવરોધ આપણને દઝાવે છે. આપણે શું હતા તે એટલું મહત્ત્વનું ક્યારેય નથી હોતું, એ જ મહત્ત્વનું છે આપણે શું છીએ અને આપણે શું બની શકીએ છીએ.

મોટાભાગે આપણી કરુણાજનક વાતો આપણે ફરીથી ને ફરીથી કહે રાખીએ છીએ ત્યારે આપણે ભૂલી જઈએ છીએ કે એ વાતોનો કોઈ અર્થ નથી. કોઈને પણ તમારી કઠણાઈની વાતોમાં રસ હોતો નથી. કારણ તે વાતોમાં મોટી વાત તમારી કમનસીબીની હોય છે. તમે જેટલી કડવાશ ભેગી કરશો તેટલો તમારી સંપતિ ઉત્પન્ન કરવાની પદ્ધતિ અવરોધાશે.

આજની સચ્ચાઈ માટે એક જ રસ્તો છે કે ભૂતકાળને ઉજ્જવળ ભવિષ્ય માટે સંપૂર્ણપણે દફનાવી દો. તો આપણે નવી શક્યતાઓ ઊભી કરી શકીશું. તો ખૂબ જ મક્કમપણે આપણે ભૂતકાળને જ્યાં હોય ત્યાં મૂકી દેવો, એટલે કે ભૂતકાળમાં મૂકી દેવો.

કોઈ તમને લાગણી આપી શકતું નથી. તમારી લાગણીઓ તમારા સંપૂર્ણ જીવનની જેમ જ તમારી પોતાની પસંદગી છે. તમારા દુઃખની વાતો ૩૦ વર્ષ સુધી

મક્કમપણે સહન કરી તેનો અર્થ એ નથી કે એ બધું છોડી દેવા માટે તમને ૩૦ વર્ષ લાગે. ૩૦ વર્ષ સુધી દુ:ખના નર્કમાં જીવવું પુરતું નથી!

'શ્રીમાન ગઇકાલ' બનીને જીવવાનું બંધ કરો અને 'શ્રીમાન આજ' બનીને જીવવાનું શરૂ કરો.

પૈસા અથવા પૈસાના બહાનાં?

કેટલીક પૈસાને લગતી સમસ્યાઓ જેમાં લોકો પોતાની જવાબદારી નિભાવવા માંગતા નથી તેનો વિચાર કરીએ. વધારામાં પૈસા માટેના બહાનાનો વિચાર કરીએ..

મનમાં બહાનાં સર્જાય છે. આપણે એક બહાનું લઈએ. 'ભૌગોલિક બહાનું' 'આ ગામ, નગર, શહેર અથવા દેશમાં પૈસા નથી તેથી હું પુરતું કમાયો નહી.' અહીઆ પૈસાની સમસ્યાઓ 'કિલોમીટરમાં' છે નહી કે 'રૂપિયામાં'. ખરેખર મન તમને કહે છે 'તમે આજે જ્યાં વસો છો તેનાથી જેટલા દૂર જશો તેટલા વધારે પૈસા કમાશો.' અને એમાં તમારો કોઈ દોષ નથી. તમને બાળપણમાં ઘણું બધું ભુંસું ખવડાવવામાં આવ્યું છે જેવું કે આ મેઘધનુષ જ્યાં પૂરું થશે ત્યાં સોનાનો કળશ છે. અને મેઘધનુષ હંમેશા કોઈ બીજા ગામ, નગર કે શહેરમાં પૂરું થાય છે.

એક પ્રખ્યાત હૈદરાબાદી કહેવત છે, 'જે હૈદરાબાદી હૈદરાબાદની બહાર જાય છે તે પૈસા કમાય છે.' 'જે માણસ હૈદરાબાદની બહારથી આવે છે તે પૈસા બનાવે છે.' ફક્ત ભગવાન જ જાણે છે કે હૈદરાબાદી હૈદરાબાદમાં પૈસા કમાઈ શકે.

બીજું બહાનું 'સમયનું બહાનું' અથવા વયનું બહાનું છે. દા.ત. એ જમાનામાં મિલકતો એટલી બધી સસ્તી હતી જો એ વખતે મારી પાસે પૈસા હોત તો આજે હું કરોડપતિ હોત. વયનું બહાનું જેમાં "હું પૈસાના નિર્ણયો કરવા માટે ઘણો નાનો છું' અથવા 'કંઈપણ કરવા માટે હું ઘણો વૃદ્ધ છું.'

અને એવા હજારો બહાના આપણે દરરોજ તૈયાર કરીએ છીએ. મારી તમને એટલી જ સલાહ છે કે આવા બહાનામાં ખેંચાઈ ન જાઓ. અથવા પૈસાનો આ સિદ્ધાંત તમે જાણો અને યાદ રાખો.

તમે પૈસા કમાઓ અથવા તમે બહાનાં બનાવો.

અહી એક પ્રશ્ન છે કે ઉપરનામાંથી કયો વિચાર તમને લાગે છે ઉત્તમ છે.

મને ખાત્રી છે કે તમે 'પૈસા કમાઓ વિચાર' પસંદ કરશો. અને પૈસા કમાવા માટે તમારે બહાનાં બતાવવા છોડવા પડશે. એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. જ્યારે તમે તમારા જીવનમાંથી 'બહાનાં' કાઢી નાખશો. ત્યારે તમે વધારાનો M-powered મેળવશો. **(પૈસાની શક્તિઓ)**

શક્ય અથવા અશક્ય

મારે એક મિત્ર છે. એ જરા બળુકિયો છે. જો એ થોડું ચાલે તો શ્વાસની તકલીફ થાય છે. તેને થોડી થોડી વારે આરામ કરવો પડે છે. મેં તેને કહ્યું કે તે સૌથી ઝડપથી દોડી શકે, જો એવી પરિસ્થિતિ ઉભી થાય તો તે આ માનવા તૈયાર નહોતો.

એપ્રિલ મહિનાની એક સવારે અમે જ્યારે સાથે ચાલતા હતા ત્યારે ઓચિંતાનું તેણે દોડવાનું શરૂ કર્યું. મને ખ્યાલ ન આવ્યો કે તે કેમ દોડવા લાગ્યો તેથી હું પણ તેની પાછળ દોડવા લાગ્યો. મને કલ્પના સુદ્ધાં નહોતી કે એ આટલું ઝડપથી દોડી શકે. તે દોડી શકતો હતો અને સારી એવી ઝડપથી દોડી શકતો હતો. લગભગ એક મિનિટમાં એ ૧૦૦ મીટર જેટલું દોડયો હતો. ખાસી વાર પછી હું તેની સાથે થઈ ગયો. ભારે શ્વાસથી મારું મોઢું ખુલી ગયું હતું અને મને આશ્ચર્ય પણ થતું હતું કે આટલી તાકાત અને ઝડપ તેને કયા સ્વર્ગમાંથી મળ્યાં. તે ઊભો રહ્યો, પાછળ જોયું અને મને આંગળીથી બતાવી કહેવા લાગ્યો, 'શું તે જોયું ત્રણ જંગલી કૂતરા આપણી પાછળ પડી ગયાં હતાં?' આપણા બધા પાસે એક જન્મજાત અંદરની તાકાત હોય છે હું તેની વાત કરું છું. માનવ શરીરની રચના, રસાયણો, રસો અને કેટલીક ખાસ સંવેદનાઓની એવી રીતે રચના કરવામાં આવી છે કે અત્યંત ભયજનક પરિસ્થિતિમાં શરીર તેનો સામનો કરવા સક્ષમ બને છે. હવે આ શક્તિઓ છે. પણ જેને આપણે 'સામાન્ય' સ્થિતિ કહીએ છીએ તેમાં આપણે આ શક્તિઓનો ઉપયોગ શા માટે કરતા નથી?

કોઈ તમને બંદૂક બતાવીને કહે કે "જો તમે તમારું વેચાણ ૩૫ ટકા વધારશો નહી અથવા તમારા બધા લેણા પૈસા વસુલ કરશો નહીં તો હું તમને મારી નાખીશ." તો મને ખાત્રી છે કે આ બંને નિશાન તમે આરામથી પૂરાં કરશો. કારણ તમે જીંદગીનું મૂલ્ય બીજી કોઈ પણ વસ્તુ કરતાં વધારે કરો છો. હવે સવાલ એ છે કે કોઈ આપણી સામે બંદુક તાકે ત્યાં સુધી રાહ શા માટે જોવી? જો તમે આવી પરિસ્થિતિ કલ્પનામાં ઊભી કરો તો પણ તે તમને તે જ અસર અને પરિણામ આપશે. તો પછી તમે તમારી શક્તિઓને ઓળખો. તમારા અટવાઈ ગયેલા નાણાં તમે સહેલાઈથી પાછાં મેળવી શકો છો, તમારું વેચાણ ૩૫ ટકા વધારી શકો છો અને ઈચ્છિત પૈસા કમાવી શકો છો. એક વખત જે તમે અશક્ય માનતા હતા તે બધું જ શક્ય કરી શકો છો.

તમારામાંની સુશુપ્ત શક્તિઓના રાક્ષસને જગાડો અને આ પ્રયુક્તિ પાસેથી કામ લો.

પૈસો અને માનવ વ્યવહાર

તમે ગાજર, ઈંડુ અથવા કોફીના બી માંથી શું છો?

એક યુવાન સ્ત્રી તેની માતા પાસે ગઈ અને પોતાની કઠણાઈની આપવીતી માતાને કહી. તેને ખબર નહોતી પડતી કે જીવન કેવી રીતે ચલાવવું. તે બધું છોડી દેવા માંગતી હતી. એક પછી એક આવતી મુશ્કેલીઓ સામે લડતાં તે થાકી ગઈ હતી.

તેની માતા તેને રસોડામાં લઈ ગઈ. માતાએ ત્રણ વાસણોમાં પાણી લીધું અને પહેલામાં ગાજર, બીજામાં ઈંડુ અને ત્રીજામાં કોફીનો પાવડર મૂકયો. પછી બોલ્યા વગર તે વાસણો ગેસ પર મૂકયાં. વીસ મિનિટ પછી ગેસ બંધ કરી દીધો. તેણે ગાજર, ઈંડુ અને કોફી જુદા જુદા વાડકામાં કાઢયાં. પછી તેણે પોતાની દીકરીને પૂછયું, ''બોલ તેં શું જોયું?''

દીકરી બોલી, ''ગાજર, ઈંડુ અને કોફી.''

મા એ દીકરીને પાસે ખેંચી અને ગાજર ચકાસવા કહ્યું. તેમ કરતાં દીકરીએ અનુભવ્યુ કે ગાજર પોચાં થઈ ગયાં છે. પછી માએ ઈંડું કાઢીને તોડવાનું કહ્યું. ઈડાનું કાચલું કાઢીને દીકરીએ જોયું તો તે બાફેલું ઈંડું કડક બની ગયું હતું. છેલ્લે મા એ કોફી ચાખવાનું કહ્યું. કોફીની સુગંધથી દીકરીના મોઢા પર હાસ્ય પથરાયું.

દીકરીએ પૂછયું, ''મા વાત શું છે?''

તેની મા એ સમજાવ્યું, આ ત્રણે વસ્તુઓએ સમાન મુશ્કેલીનો સામનો કર્યો છે. તે છે ઉકળતું પાણી. પણ દરેકે જુદો જુદો પ્રત્યાઘાત આપ્યો છે. ગાજર ઉકળતા પાણીમાં નબળું પડી ગયું છે. ઈંડુ પથ્થર જેવું કડક બની ગયું. પહેલાં તો એના કાચલાએ તેને ઉકળતા પાણીથી બચાવ્યું પણ પછી તે કડક બની ગયું. કોફીના બીનો પાવડર સૌથી જુદો પડયો, ઉકળ્યા પછી તેણે પાણીને જ બદલી નાખ્યું. ''તું શું છે?'' માએ દીકરીને પૂછયું. ''જ્યારે મુશ્કેલીઓ બારણું ઠોકે ત્યારે કેમ વર્તવું? ગાજર,ઈંડુ અથવા કોફીમાંથી તું શું છે?''

વિચારો - હું શું છું?

શું હું ગાજર છું? જે દેખાવે મજબૂત લાગે પણ દુઃખ અને મુશ્કેલીઓનો સામનો થતાં નબળું બની પોતાની શક્તિ ગુમાવી દે છે? શું હું ઈંડું છું જે મૂળે રસાળ છે પણ ઉકળતાં કડક બની જાય છે? હું મૂળે ખૂબ લાગણીશીલ છું પણ જ્યારે મારી શક્તિઓ સરાણે ચઢે અથવા આર્થિક ભીડ આવે ત્યારે હું તૂટી જઈ જડ અને લાગણીહીન બની જાઉં છું? શું ઉપરથી હું લાગણીશીલ લાગું પણ મારી અંદર કડવાશ અને જડતા ફેલાયેલી છે? કે હું કોફી પાવડર જેવી છું? આ કોફી ખરેખર તો ગરમ

પાણીના સંપર્કમાં આવતાં, દુ:ખ પડતાં સુગંધ છોડે છે. જો તમે કોફી જેવા હોવ તો સંજોગો તમારી વિરુદ્ધ જતાં તમે મજબૂત બનો છો અને સંજોગોને તમારી તરફેણમાં ફેરવી નાખો છો.

"જીવનમાં સફળતાનો આધાર તમે તમારી જાત માટે શું અનુભવો છો તેના પર છે."

પલાયનવાદ - લડવું કે નાસવું

જ્યારે આપણો સામનો આર્થિક સમસ્યાઓ સાથે થાય ત્યારે 'લડો' અથવા 'નાસી જાવ' જેવી સ્થિતિ હોય છે. આપણું મન 'નાસવું' પસંદ કરે છે. કારણ એ 'લડવા' કરતાં નાસવું સહેલું છે. આપણા બધા પ્રત્યાઘાતો આપણા 'અપેક્ષિત' સુખ અથવા દુ:ખ પર રહેલા છે. સામાન્ય રીતે મનને સુખ ગમે છે. દુ:ખ ગમતું નથી. 'લડત' તમને તરત જ કષ્ટમાં ધકેલે છે. તેથી 'નાસી જવું' એ જવાબ સારો પડે છે. જેથી તમે સમસ્યાઓથી નાસી જાઓ એમાં કોઈ આશ્ચર્ય નથી. આથી જ જ્યારે આપણે મુશ્કેલીઓનો સામનો કરતાં હોઈએ ત્યારે તેમાંથી ઉત્પન્ન થતા દુ:ખને અળગું રાખવા મન એક પલાયનવાદ (બહાનું) તૈયાર રાખે છે.

આ પલાયનવાદનો પ્રત્યાઘાત વ્યક્તિ-વ્યક્તિએ જુદો હોય છે. કેટલાંક પોતાની જાતને અલિપ્ત કરી નાંખે, કેટલાંક સમસ્યાને જ સૂવાડી દે, કેટલાંક પોતે ખૂબ કામમાં છે તેવુ દર્શાવે, કેટલાંક ધ્યાન કરે, કેટલાંક ધાર્મિક સ્થળોએ જાય, કેટલાંક કથા સાંભળવા જાય અથવા કેટલાંક પોતાની ગમતી આનંદદાયક પ્રવૃત્તિ કરે. મન આર્થિક સમસ્યા હળવી કરવા કંઈ પણ કરી શકે છે જેથી દરેક વખતે જ્યારે સમસ્યા આવે ત્યારે તમારૂં મન પલાયનવાદની તૈયારી રાખે છે.

જે લોકો વાસ્તવિકતાનો સામનો કરવા માંગતા નથી તેમનો વ્યવહાર ઉપર કહ્યો તેવો હોય છે. કારણ વાસ્તવિકતા દુ:ખદાયક અને ઘણી વખત કષ્ટદાયક પણ હોય છે. જો તમે પલાયનવાદના કલાકાર બનો તો તમારૂં મન એક સ્વપ્નનગરી બનાવે છે; જે તમને સુખશાંતિનો આભાસ કરાવે છે. કેટલીકવાર તમને લાગે છે કે આ માર્ગ યોગ્ય નથી પણ તમે અસહાયતા અનુભવો છો અને આંતરમન વાસ્તવિકતાથી નાસીને જીતી જાય છે.

તો હવે સાચો રસ્તો કયો? આવી વ્યવહારૂ આદત કેમ બદલવી? કારણ, પલાયનવાદ સમસ્યાને વધુ ઘેરી બનાવે છે.

આના માટે તમારે તમારી ભાગેડુ પ્રવૃત્તિને ઓળખવી પડશે. આ જ વૃત્તિ તમારી સમસ્યાઓને પાછળ પાડી દે છે અને તમે પલાયનવાદને સ્વીકારી લો છો, ત્યારે તમે તાત્કલિક આનંદ અનુભવો છો. સમસ્યામાંથી ઉભા થતા કષ્ટને તમે ભગાડો છો પણ સમસ્યા છે જ અને કદાચ વધારે ઘેરી બને છે.

જો તમારે સમસ્યાને ઉખાડી ફેંકવી હોય તો તમારી ભાગેડુ વૃત્તિને નાથો. ઉદાહરણ તરીકે- જ્યારે મુશ્કેલી આવે ત્યારે તમે તમારી જાતને 'અલિપ્ત' કરી નાંખતા હોવ તો આ 'અલિપ્તતા' તમારો પલાયનવાદ છે. અને અજાણતાં જ તમે બધાથી જુદા થઈ જાવ છો. અને તમે 'કષ્ટ ટળ્યું-આનંદ થયો' એવું અનુભવો છો. બીજી વખત

જ્યારે મુશ્કેલી આવે ત્યારે આપોઆપ જ તમે અલિપ્ત થઈ જવાની લાગણી અનુભવો છો. હવે તમારે ધ્યાન આપવાનું છે કે તમારે અલિપ્ત થવા સિવાય બીજું કંઈપણ કરવાનું છે. તમારે બીજી પ્રવૃત્તિઓ કરી નવા પ્રત્યાઘાતો ઉભા કરી તમારા મનને છેતરવાનું છે. જેથી મનમાં ઉભી થયેલી ભાગેડુવૃત્તિના લીરેલીરા ઉડી જાય. ત્યારબાદ તમે સમસ્યાઓનો સહેલાઈથી અને આત્મવિશ્વાસથી સામનો કરી શકશો. આ રીતે જૂની વૃત્તિઓને તમે તોડી શકશો.

૧૦૦ ટકા જવાબદારીનો નિયમ

મિત્ર : મારે લગ્ન કરવાં જોઈએ?

ગોલમાલ : હા, તારે લગ્ન કરવાં જોઈએ અને મારી સલાહ છે કે દરેકે લગ્ન કરવાં જ જોઈએ.

મિત્ર : તમે આમ શા માટે કહો છો?

ગોલમાલ : કારણકે જ્યારે કંઈ ખોટું થાય તો તમે ફક્ત સરકારને દોષ ન આપો.

જવાબદારીના મામલામાં માણસનો સ્વભાવ વિચિત્ર હોય છે. જ્યારે બધું સમુસુતરું પાર ઉતરે તો દરેકને જવાબદારી લેવી ગમે છે અને સફળતાના વખાણનો વરસાદ પણ ગમે છે. પણ જો કંઈ અવળું થયું તો તરતજ આપણું મન દોષનો ટોપલો કોના માથે નાખવો તેવી વ્યક્તિનું સંશોધન ચાલુ કરી દે છે. જો વ્યક્તિ ન મળે તો કોઈ ચીજ વસ્તુને પણ આપણે દોષી ઠેરવીએ છીએ. દોષ ઢોળવા માટે બિચારા પથરાઓ, સિતારાઓ, ગ્રહો, આત્મા, ભગવાન અથવા ભગવાનો આપણા હાથ લાગી જાય છે.

માનવ મનમાં બે સ્પષ્ટ પરિપત્રો તૈયાર હોય છે. પહેલું તે 'મારે માટે આમ જ થવું જોઈએ' અને બીજાનું મથાળું છે, 'ભગવાનને ખાતર, આમ થવા ન દેતા.' હવે જીવનમાં જેમ બનાવો બને તેમ લોકો તેની વહેંચણી કરે છે. જો બનાવ 'આમજ થવું જોઈએ'ના પરિપત્રમાં હોયતો તે ખૂબ મોટી વાત છે તે ઘણા અભિમાન અને આનંદની વાત છે. અને મૂક પ્રાર્થના પણ કરવામાં આવે કે આવું વધારે ને વધારે બને.

જો કોઈ બનાવ 'આમ ન થવું જોઈએ'ના પરિપત્રમાં હોય તો મન નિરાશા અનુભવે છે અને દોષારોપણ માટેની શોધ શરૂ થાય છે. જો આવા બનાવો વધુને વધુ બને તો નિરાશા, ખૂબ હતાશામાં ફેરવાઈ જાય છે. આ મનોચિકિત્સક અને મનોવૈજ્ઞાનિકો માટે ખુબ સારા સમાચાર છે.

જો તમે મોટાભાગના પ્રશ્નોનું સંશોધન કરો તો ઝળહળતી સચ્ચાઈ સામે આવે છે કે, 'બીજાઓ પ્રશ્નો ઉપસ્થિત કરવા જવાબદાર હશે પણ તમે પોતે તે પ્રશ્નોના હલ(જવાબ) શોધવા જવાબદાર છો.' જીવનની રમતમાં તમે ભજવતા પાત્રની જવાબદારી જો તમે ન સ્વીકારો તો તમારો સ્વયં પરનો કાબૂ અને શક્તિઓ ગુમાવો છો.

મહાત્મા ગાંધી 'દેશના બાપુ' એક એવું ઉદાહરણ છે કે આ દૂબળો પાતળો માણસ જેને દુનિયાએ ફક્ત જવાબદારીઓ ઉપાડતાં જ નોંધ્યો છે.

આનું સૂત્ર છે.

જવાબદારી ઈં શક્તિઓ.

જેમ જવાબદારી મોટી તેમ તમારી શક્તિઓનો વિકાસ પણ વધારે થાય છે.

શું તમે દિવો છો?

તમે થોડીવાર જલતા દિવા સામે જુઓ. તમે શું થતાં જુઓ છો? દિવો પ્રકાશ આપે છે પણ તેમાંનું તેલ ખૂટતું જાય છે. ચોક્કસ જ દિવો પ્રકાશ આપે છે પણ તેની કિંમત શું ચૂકવે છે? કિંમત છે દિવાનું પોતાનું મૃત્યુ. થોડીવાર પછી એવો સમય આવશે કે દિવાને પ્રકાશવું ગમતું હશે તો પણ તે પ્રકાશી શકશે નહિ. કારણ એનું તેલ ખૂટી ગયું હશે. દિવાને જોઈને તમે એ પણ અનુભવ્યું હશે કે દિવો પ્રકાશ પાથરે છે પણ તે પોતે અંધારામાં હોય છે. તમને આવો દિવો ગમ્યો?

પૈસાની બાબતમાં દિવો બનવું એ એક ખતરનાક વ્યવહારિક ખામી છે. જો તમે બીજાંને મદદ કરી તેમના ઘરમાં અજવાળું પાથર્યું હોય અને તે માટે તમારે કોઈ ફરિયાદ ન હોય તો ઠીક છે. મારે કંઈ કહેવાપણું નથી. પણ જો તમારી જરૂરિયાતોને છેલ્લી રાખી અથવા પોતાના ઉપર થોડું કે જરાપણ ધ્યાન ન આપ્યું હોય અને તમે માનતા હોવ કે તમે મહાન ત્યાગ કર્યો છે, તો તમે તમારી જાતને છેતરી છે કે લૂંટી છે. તમે વણમાગ્યું લોકોને આપ્યું અને તેમના જીવનમાં તમારું નાક ખોસ્યું અને તેની કિંમત ચૂકવી જે ખૂબજ ભારી છે.

આ ચિત્રની કલ્પના કરો.

એક માણસ તણાય છે. તે મદદ માટે બૂમો પાડે છે. તમે તેને મદદ કરવા કૂદયા અને અહી એક મુશ્કેલી એ હતી કે તમને તરતાં આવડતું નથી. હવે અહી એકને બદલે બે માણસો મદદ માટે બૂમો પાડતા થયા. કંઇ બોધ મળ્યો?

તમારા સ્થાનની ગરિમાથી તમે કોઈને મદદ કરી શકો અથવા આધાર આપી શકો. તમારે ક્યારેય બલિના બકરા બનવાની જરૂર નથી. તેથી બીજી વખત તમે જ્યારે મદદ કરો ત્યારે ધ્યાનમાં રાખો કે તમારી સ્થિતિ બલિના બકરા જેવી ન થાય.

એક વખત એક મોટા ખેતરમાં ગધેડો અને બળદ રહેતા હતા. બળદ તેના રગસિયા કામથી થાકી ગયો હતો. બળદ તેના મિત્ર ગધેડા પાસે ગયો અને પૂછયું કે, "આ કમરતોડી નાખતા કામથી કેમ છૂટવું?" ગધેડો તો ગધેડો જ હતો તેણે તેના મિત્ર પર દયા ખાઈ સલાહ આપી કે, "તું માંદા થવાનો ઢોંગ કર." બીજે દિવસે ખેડૂત બળદને લેવા આવ્યો તો તેને ખબર પડી કે બળદને ઠીક નથી. બળદે બિમાર હોવાનું નાટક કર્યું. ખેડૂતે ખૂબ મહેનત કરી પણ બળદે દાદ આપી નહી. એ સવારે ખેડૂત ખૂબ નિરાશ થયો. તેણે ગધેડાને પકડીને ધૂંસરી નાખી, જે કામ બળદે કરવાનું હતું તે કામ ગધેડા પાસે કરાવ્યું. આ કામની આવડત ગધેડામાં નહોતી તેથી તેણે લાંબા સમય સુધી સખત કામ કર્યું. બિચારા ગધેડાએ આખો દિવસ ખરા તડકામાં કામ કર્યું. જ્યારે બળદ આનંદથી છાંયડામાં રહ્યો. બળદે ગધેડાની મૂર્ખતાનો ફાયદો ઉઠાવ્યો, જેથી

ગધેડો એક ખરાબ ચક્રવ્યૂહમાં ફસાયો. જ્યારે બળદને આરામ કરવો હોય ત્યારે તે માંદા થવાનો ઢોંગ કરતો. મહિનાને અંતે ગધેડાની પીઠ તૂટી ગઈ.

જો તમે ગધેડા હોવ તો તમે બીજાનું કામ કરો અને દાનપુણ્ય કરો જ્યારે તમને પોતાને દાનની સખત જરૂર હોય, અને પોતાની જરૂરિયાત પહેલાં બીજાની ધ્યાન રાખો તો બદલામાં તમને દુ:ખોનું પોટલું જ મળશે. કદાચ તમારે આંતરખોજની સખત જરૂર છે. તમે કોઈનું કંઈ જ સારૂં કરતા નથી. ખેડૂત, ગધેડો અને બળદની વાર્તા ત્યાં જ પૂરી થતી નથી. ત્યાર પછી ખેડૂતે વિચાર્યું માંદા બળદની તેને કશી જરૂર નથી અને તેને વેચી દઈ ખેડૂતે નવો બળદ ખરીદયો તેથી જે મદદ ગધેડાએ બળદને કરી તે લાંબા સમયે કોઈને કામ ન લાગી.

મોટા કુટુંબમાં ઘણા બધા માણસો પૈસા ગુમાવે છે. આપણે તેને **'દુનિયાદારી'** કહીએ છીએ. દુનિયામાં ફના થનારા અને ત્યાગ કરનારા ઘણા બકરા છે. તમારે વધુ એક બકરો બનવાની જરૂર નથી.

શું તમે પગ-લૂછણિયું છો?

પગ-લૂછણિયાને વ્યકિત વિશેષ તરીકે પિછાણો. દરવાજા ઉપર પડયું તે બધાના પગલાં ઝીલે છે. લોકો વર્ષો સુધી પોતાના ગંદા પગ લૂછે છે. અને વર્ષો પછી ઘસાયેલું અને ફાટેલું લૂછણિયું આભારના એક પણ શબ્દ વગર ફેંકી દેવામાં આવે છે. તેના બદલામાં નવું લાવવામાં આવે છે. તમે કયારેય પગ-લૂછણિયાનો વિરોધ સાંભળ્યો છે?

તમે લૂછણિયા જેવો વ્યવહાર કરશો? તમે છો ત્યાં રહીને લોકોને તમારા પર પગ મૂકીને આગળ વધવા દેશો? બીજાની સફળતા માટે તમે ફકત પગથિયું બનીને રહી જશો? શું તમને તમારૂં મહેનતાણું ચૂકવ્યા વગર લોકો તમારી પાસેથી કામ કઢાવી લેશે? શું વિરોધનો એકપણ શબ્દ બોલ્યા વગર તમે ચૂપ રહેશો?

બાળપણથી તમારૂં આવું વર્તન ચાલ્યું આવે છે. જ્યારે તમને હંમેશાં ‘સારો છોકરો’ કે ‘સારી છોકરી’ કહીને થાબડવામાં આવે છે. સારૂં તમને સારા બાળકની છાપ તો મળી પણ તમારે ચાલશે એવી છાપ પણ પડી જાય છે. આ કરો કે તે કરો તમારે ચાલશે. અને તમારી જીંદગી લૂછણિયાથી અલગ નથી હોતી.

હમણાંથીજ તમારે લૂછણિયાની જેમ વર્તવાનું બંધ કરવું જોઈએ. આવું ફરી ન થાય તે માટે ખબરદાર રહો. જ્યારે તમારા જીવનનું ‘રીમોટ કંટ્રોલ’ બીજાના હાથમાં હશે તો તેઓ ગમે ત્યારે બટન દબાવીને તમારો ફાયદો લેશે.

એક વખત જંગલમાં ઘણો મોટો અને શકિતશાળી નાગ રહેતો હતો. જે જંગલમાં જતું તેને માટે તે ઘણો ડરામણો હતો. એક વખત એક સંન્યાસી જંગલમાં આવ્યા જે નાગથી ડર્યા નહીં. તેમણે જ્યારે નાગ ડસવાનો હતો ત્યારે તેને પકડી લીધો. તેમણે નાગની આંખમાં જોઈ ને કહ્યું, ‘તું તારૂં જીવન બદલી નાખ. તું શા માટે બધાને કરડે છે?’

તે દિવસથી નાગે તેનું જીવન બદલી નાખ્યું. તે ઘણો નરમ બની એક બાજુ પડી રહેતો. લોકો જ્યારે જંગલમાં જતા અને નાગને જોતા ત્યારે શરૂઆતમાં ડરી જતા પણ પછી તેને હિંમત કરી પથ્થરો મારતા અથવા લાકડીથી કૂટી નાખતા. નાગ અસહાય થઈ મરવા પડયો. સંન્યાસી ફરીથી જંગલમાં આવ્યા અને નાગને જોયો એમણે સહાનુભૂતિપૂર્વક પૂછયું, “તને શું થઈ ગયું?” નાગે કહ્યું કે તેણે એમની સલાહ માની છે અને લોકોને ડસવાનું અને ડરાવવાનું છોડી દીધું છે. ત્યારે સંન્યાસી ખૂબ જ પ્રેમપૂર્વક બોલ્યા, “તું મૂર્ખ છે. મેં તને કરડવાની ના પાડી હતી. પણ તારે ફૂંફાડો તો મારવો હતો.”

પગ-લૂછણિયું બિચારૂં નથી અવાજ કરતું, નથી વિરોધ કરતું. પણ મને ખાતરી છે તમે અવાજ અને વિરોધ બંને કરી શકો છો. તમે એક નાનો અનુભવ કરો. એક લાત મારો અને કુદરતી રીતે જ રાડ નીકળી જાય છે? હવે, તમે અવાજ કરો અને ભગવાને તમને કુદરતી રીતે જ આપેલા હક્કો ભોગવી શકો છો.

‘ના’ ની તાકાત

ઘણી વખત આપણે સાદી **‘ના’** નથી કહી શકતા એટલે નાણાં ભીડ અનુભવીએ છીએ. ધારો કે એક મિત્ર તમારી પાસે નાણાં ઉછીના લેવા આવે છે. ખરેખર તો તમે **‘ના’** કહેવા માંગો છો પણ તમે **‘ના’** પાડવાની તાકાત ગુમાવી દો છો. તમારે પૈસાની જરૂર છે છતાં ત્યાગ કરીને તમે તેને ઉછીના પૈસા આપો છો. કદાચ તમે પણ ઉછીના લીધા હશે. પાછળથી તમે તમારા પોતાના ન સૂકાય તેવા આંસૂના તળાવમાં ઘરક થઈ જાવ છો.

આપણામાંથી ઘણાં ‘લોકોને’ ખુશ કરવાવાળા હોય છે. આપણને લાગે છે કે **‘ના’** પાડવાથી સામેવાળો નિરાશ થશે અને કદાચ આપણે તેને ગુમાવી દેશું. યોગ્ય સમયે જો આપણે **‘ના’** પાડવાની શક્તિ ગુમાવી દઈએ તો આપણે પૈસા અને આપણી શક્તિઓને ખોઈ દઈએ છીએ. લોકો તમારી આ નબળાઈને લીધે તમારી પાસેથી કંઈપણ કઢાવી શકે છે અને તમને ઘુમાવી નાખે છે.

મૂર્ખાઇ ભરી માની લીધેલી અસરોને લીધે **‘ના’** કહેવું મુશ્કેલ બની જાય છે.

શ્રી ક્યારેય ના ન કહેનાર : ‘લોકો મારી પાસેથી પૈસા ઉછીના લઇ જાય છે. અને ક્યારેય પાછા વળતા નથી.....’ રૂદન અને ડૂંસકા.

નાણાંની કોથળી : ‘તો પછી તમે પૈસા ઉછીના કેમ આપો છો?’ શ્રી ક્યારેય ના ન કહેનાર: ‘જો હું ન આપું તો હું મિત્ર ગુમાવી દઉં ને એ લોકો મારા માટે શું વિચારશે કે હું સ્વાર્થી છું.’

અહી માની લીધેલી અસર એટલે મિત્ર ગુમાવવાની ભીતિ કારણ કે **‘ના’** કહી છે તો મિત્રતા તૂટી જશે. જો તમારી મિત્રતા આટલી ફિલ્મી હોય કે, ફક્ત **‘ના’** કહેવાથી તૂટી જાય તો આવી મિત્રતા ભલે તૂટી જાય. આ બધું પૈસા આપી બચાવવાની જરૂર નથી. આમ નાણાં અટકાઈ જાય છે, હવે વિડંબણા એ છે કે તમે મિત્રતા તો ગુમાવો છો પણ તમારા પૈસા પણ ગુમાવો છો.

જ્યારે આપણે ખૂબ વિચારીએ છીએ ત્યારે **‘ના’** કહેવી મુશ્કેલ બની જાય છે. એટલે **‘ના’** કહીને, પછી વિચારો. પૈસાની ડીકશનરીમાં **‘ના’** શબ્દ ખૂબ શક્તિશાળી છે. દુનિયાના ટોચના નેતાઓ **‘હા’** કરતાં **‘ના’** ઘણીવાર બોલે છે તે યાદ રાખવું રહ્યું.

‘ના’ કહેવાના ચાર તબક્કા છે. પહેલો તબક્કો એટલે તમે **‘ના’** ન જ કહી શકો. બીજો તબક્કો એટલે તમે **‘ના’** કહીને ગુનાની લાગણી અનુભવો. ત્રીજો તબક્કો

એટલે તમે **'ના'** કહીને તેને યોગ્ય ગણાવો. અને છેલ્લો તબક્કો એટલે સાદી સીધી **'ના'** એટલે **'ના'** . તમે જેટલા જલ્દી છેલ્લા તબક્કામાં પહોંચો, તેટલું તમારું ભલું થશે.

હવે તમે જો **'ના'** પાડી શકો તો તમે કોઈપણ સંજોગોનો સામનો કરી શકવા સમર્થ છો. જો તમને હજી મુશ્કેલ પડતું હોય તો તેને રમતમાં ફેરવી નાખો. દરરોજ જુદી જુદી **'ના'** પાડવાના તરીકા શોધી લો. આ કસરત ત્યાં સુધી કરો જ્યાં સુધી **'ના'** કહેવું સહજ બની જાય. આવતા સાત દિવસ સુધી જ્યાં જરૂર હોય ત્યાં **'ના'** કહેવાનું શરૂ કરો. સાત દિવસને અંતે તમારામાં **'ના'** કહેવાની હિંમત આવી જશે.

ત્રણ સ્વાદમાંથી પસંદ કરો- સાદું, નમકીન અને ચટાકેદાર.

પણ 'ના' કહો ભગવાનને ખાતર નહી તો તમારા પોતાના માટે પણ.

તમે કેવી રીતે છેતરાઓ છો ?

જ્યારે તમે 'ના' કહેવાનો તમારો હક્ક અજમાવો છો ત્યારે શરૂઆતમાં લોકો તમને ધિક્કારે છે. અને એમની યંત્રણાઓની તમારી ઉપર અસર થતી નથી. ત્યારે લોકો તમને છેતરવાના બીજા ઉપાયો શોધી કાઢે છે.

ઘણી વખત વપરાતા આવા છેતરામણા સાધનોથી તમારે સાવધાન રહેવાની જરૂર છે.

દા.ત. સારા પ્રમાણપત્રો: એક 'મિત્ર'એ તમારી પાસે દસ હજાર રૂપિયા માંગ્યા, તમારી નવી રીત પ્રમાણે તમે 'ના' કહી. પછી એ 'મિત્ર' તમને છેતરવા સારૂં પ્રમાણપત્ર આપે છે. તે તમારી અંદરની સારપને શોધવાનો પ્રયત્ન કરે છે અને કહે છે કે 'હું જેટલાને જાણું છું તે બધામાં ફક્ત તમે જ દાનવીર છો.'

જો તમે તે વ્યક્તિને દસ હજાર રૂપિયા આપી દો છો, જે તમે આપવા માંગતા નહોતા તો તમે પૈસાથી સારૂં પ્રમાણપત્ર ખરીદ્યું છે. આમ છતાં જો તમે 'ના' પાડશો તો પેલો સમજી જશે, કે 'સારું પ્રમાણપત્ર' નામનું નાટક ચાલતું નથી. તેથી તે બીજો રસ્તો શોધી કાઢશે, 'ખોટા પ્રમાણપત્ર' નું નાટક. એ ધીરેથી કહેશે. 'સારું, કંઈ વાંધો નહી. હું આપણા બંનેના મિત્ર શ્રીમાન 'અ' પાસે જઈશ.' આથી તમે ચોક્કસ માનશો કે અમારો મિત્ર 'અ' જ્યારે જાણશે કે આટલી નાની રકમ હું ઉછીની આપી શકતો નથી. તેથી તેને આશ્ચર્ય થશે. આ ખોટું પ્રમાણપત્ર તમને ગુનાહિત લાગણી કરાવશે. જો તમે ડરી જાવ અને પૈસા આપી દો તો તમને થશે, હાશ ગુનેગારના પાંજરામાંથી છૂટયા. પણ વાસ્તવિકતા એ છે કે ખરાબ નામ ન મેળવવાના ફાયદાને અને સુખસાધનને તમે પૈસાથી ખરીદીને છેતરાયા છો.

ખરાબ અને સારા પ્રમાણપત્રોની અસરથી તમારે મુક્ત રહેવું જોઈએ, નહીં તો તમે પૈસા ગુમાવતા જ રહેશો. મારી જીંદગી ત્યારે જ શક્તિશાળી બની જ્યારે મેં આવા 'સારા' કે 'ખોટાં' પ્રમાણપત્રો લેવાનું બંધ કરી દીધું છે. હવે હું મારી શક્તિઓનું કેન્દ્ર બન્યો છું, અને તેથી છેતરાતો નથી. હવે મેં મારી જાતને ઓળખવાના ફાયદા જાણી લીધા છે. અને તેથી હું ખૂબ રાહત અનુભવું છું. હુ હજી પણ સારાપણાનું પ્રમાણપત્ર સ્વીકારું છું પણ એ મારા નિર્ણયોને ક્યારેય અસર કરતા નથી.

પ્રમાણપત્રોને તમારા જીવનની બહાર ફેંકી દો. અને તમારી અંદરની શક્તિને બહાર આવવા દો.

કકળાટ અને તમને વધારે કકળાટ કરવાના સંજોગો મળી રહેશે.

મારો એક મિત્ર હતો. તેની બા હંમેશા કકળાટ કરતી જ્યારે કંઈ ખરાબ બનતું ત્યારે તે વધુ કકળાટ કરતી. અને દરેક નાણાકીય બાબત માટે તે કકળાટ જરૂરથી કરતી.

તેને એક વિશિષ્ઠ આદત હતી. તેને જ્યારે ખર્ચ કરવો પડતો ત્યારે તેને ખરાબ લાગતું. ઈલેક્ટ્રીક બીલ આવે ત્યારે તે કકળાટ કરતી અને ઈલેક્ટ્રીક બોર્ડ પર આરોપ મૂકતી, કે બોર્ડ તેને વધારે બીલ મોકલે છે. તે ટેલીકમ્યુનીકેશન કંપની પર કકળાટ કરતી, કે તેને વધારાનું બીલ મોકલ્યું છે. જ્યારે તેના છોકરાં કૉલેજની ફી માગે, તો તે કકળાટ કરતી. તેની જીંદગી કકળાટ અને ફરિયાદોનો સરવાળો હતી.

ઘણા વર્ષોથી મેં તેને જોઈ હતી. શરૂઆતમાં કકળાટ કરવાની તેણે ટેવ પાડી પણ પછીની તેની જીંદગીમાં ખરેખર એવા બનાવો બન્યા કે તેણે સાચેસાચ કકળાટ કરવો પડે.

જે પૈસા તેણે બચાવ્યા હતા તે બધું રોકાણ ખોટી જગ્યાએ કર્યું હતું તેથી તેણે બધું ગુમાવ્યું. કિંમતી હિરા જે તેણે પોતાની પુત્રીના લગ્ન માટે ખરીદયા હતા તે બધા ચોરાઈ ગયા. તેનો દીકરો બિમાર પડયો અને તેણે હોસ્પીટલ પાછળ ખાસ્સો ખર્ચ કરવો પડયો. તેણે મેળવ્યું હતું તેનાથી વધારે ગુમાવ્યું.

કદાચ તમે આ બધું અજાણતાં કરતાં હશો તેમને ચેતવણી આપું છું કે કકળાટ શક્તિઓને કુંઠિત કરી નાખે છે. જેમ તમે પૈસા માટે વધારે કકળાટ કરશો તેમ પૈસા તમારાથી દૂર જતા જશે.

બેદરકારી પૈસા મેળવવાના માર્ગનો સૌથી ધ્રુજાવી દેનારો અવરોધ છે.

તમે પૈસા ગુમાવો તો શું થાય છે?

ધારો કે તમે બે લાખ રૂપિયા ગુમાવ્યા છે. શરૂઆતમાં તમને ખરાબ લાગે છે. હવે તમારી ખોટ આખી દુનિયા જાણે તેમ તમે ઈચ્છો છો. એક દિવસ ગલીને નાકે તમને એક જૂનો પણ ખાસ મિત્ર મળી જાય છે. અને એ તમને ભૂલથી પૂછે છે, 'તમે કેમ છો?' બસ થયું. તમે તમારી ખોટની રૂદન ભરી વાત કહી હળવા થવાનો મોકો મેળવી લો છો. એ તમને શાંતિથી સાંભળે છે. અને તમને લાગે છે કે તેનો આનંદી ચહેરો દુ:ખી થતો જાય છે. તમારી ખોટે મિત્રને પોતાના જીવનના એવા જ એક બનાવની યાદ અપાવી દીધી. તેને અચાનક જ યાદ આવે છે, કે ઘણાં વર્ષો પહેલાં તેણે પાંચ લાખ રૂપિયા ગુમાવ્યા હતાં. અને એ ખોટ યાદ આવતાં તેને ખરેખર દુ:ખ થાય છે. પણ તમારા મનમાં કંઈ જુદું જ બને છે. ખૂબ ઊંડે ઊંડે મનમાં તમને સારૂં લાગે છે. કારણ મિત્રની સરખામણીમાં તમે બે લાખ રૂપિયા ગુમાવ્યા છે. જ્યારે તેણે તો પાંચ લાખ રૂપિયા ગુમાવ્યા છે.

તમને ખરાબ લાગે છે તમે એને મદદ કરવા માંગો છો. તેથી તમે બંને તમારા ત્રીજા મિત્રને મળવા જાઓ છો અને તમારી ખોટની વાત કરો છો. બને છે એવું કે આ મિત્રએ શેરબજારમાં ૧૦ લાખ રૂપિયાની ખોટ કરી છે. જ્યારે તમે પાંચ લાખ રૂપિયાની ખોટવાળા મિત્રની સામે જુઓ, તો તમને લાગે કે તેને સારૂં લાગે છે કારણ તેની ખોટ ઓછી છે. અને તમે તો ગેલમાં આવી જાઓ છો. કારણ ૧૦ લાખ રૂપિયાની ખોટ સામે બે લાખ રૂપિયા શા વિસાતમાં? તમને હંમેશા કોઈ તો એવું મળી રહે છે કે જેણે તમારાથી વધારે પૈસા ગુમાવ્યા હોય. આમ થવાથી વૈજ્ઞાનિકની જેમ તમે પૈસાનું નવું સૂત્ર શોધી કાઢયું હોય છે.

પૈસા ખોવામાં કંઈ વાંધો નથી. કારણ દરેક એક યા બીજી રીતે પૈસા ગુમાવે છે. આવી રીતે આખી જીંદગી દરમ્યાન આપણે ખોટ સહન કરીએ છીએ. આપણે જાડી ચામડીના, કોઈપણ જાતની અસર ન થાય તેવા અને લગભગ આળસુ બની જઈએ છીએ. પણ યાદ રાખો તમારા જીવનમાં ક્યારેક તમે ૫૦૦૦ રૂપિયા મહિને કમાયા હશો એ ૬૦૦૦૦ રૂપિયા કમાવા માટે ૧૨ મહિના લાગે છે. ૬ લાખ રૂપિયા કમાવા માટે તેને પૂરેપૂરાં દસ વર્ષ લાગે છે. આજ રીતે જો દિવસોમાં તમે ઘણા બધા રૂપિયા ગુમાવો છો અને આ રૂપિયાને પાછા મેળવવા જો તમે કંઈ પણ ન કરો તો તે ફક્ત બેદરકારી જ છે.

એ સમજો કે દરેક રૂપિયો જીવનમાં મહત્ત્વનો છે. દરેક નાની મોટી નાણાકીય ખોટ ખાસ ધ્યાન માગે છે. આનું દુ:ખ તમને ભર ઉંઘમાંથી જગાડી દેતું હોય, તો જ તમે આ ખોટ સરભર કરવા નક્કર પગલાં લેશો.

શું તમારા પૈસા ત્યાગના પાયા પર કમાયેલા છે?

થોડા દિવસ પહેલાં એક મિત્રના કાકા અમસ્તા જ વાતો કરવા આવ્યા હતા. એ ખૂબજ નિયમિત અને પ્રામાણિક રીટાયર્ડ સરકારી ઓફીસર હતા. થોડી આમતેમ વાતો કર્યાર્ પછી અમે નાણાકીય વ્યવસ્થાપન (FinanCial Management) ના વિષય પર આવ્યા. મેં એમને પૂછયું. છેલ્લા થોડા વર્ષોમાં કેટલા પૈસા બચાવીને એમણે તેનું વ્યવસ્થાપન (Manage) કર્યું હતું? તેઓ અડધા કરોડના માલિક હતા. આ માણસે સામાન્ય આવકમાંથી ૨૫ લાખ રૂપિયા જેવી માતબર રકમની અસ્કયામતો (assets) ઉભી કરી હતી, અને ૨૫ લાખ રૂપિયા રોકડાની બચત ઉભી કરી હતી.

મને જીજ્ઞાસા થઈ કારણ જ્યારે લોકો કંઈ પણ બચાવી શકતા નથી. ત્યારે મારી સામે એક બચત કરનાર ઉસ્તાદ ઉભો હતો. મારે જાણવું હતું કે આવી મોટી બચત પાછળનું રહસ્ય શું છે?

ખૂબ જહેમતથી પૂછયા પછી તેમણે કબૂલ કર્યું કે તેઓ ખર્ચ કરવાનું શીખ્યા જ નથી. બહારનું ખાવું એ યોગ્ય માનતા નહોતા અને ક્યારેક કોઈ પ્રસંગે તેમણે બહાર ખાધું હોય તો તેઓ ખાતરી કરી લેતા કે કોઈ બીજું તેનું બીલ ભરે. નવાં કપડાં ખરીદવા એ, ન જોઈતો વધારાનો ખર્ચ માનતા. તેઓ એવાજ લગ્નપ્રસંગોમાં જતાં જેમાં વર કે વધુ બેમાંથી કોઈપણ એક પક્ષ તરફથી ભેટમાં કપડાં મળવાની શકયતા હોય. જો તેમને કોઈ મુસાફરી કરવાની લગભગ ફરજીયાત હોય અને બહારગામ જવાનું થાય તો તેઓ ત્યાંના જોવાલાયક સ્થળો જોવા અથવા શહેરમાં ફરવા કયારેય ન જતા. તેમણે લગ્ન સુદ્ધાં કર્યું નહોતું. એમની માન્યતા મુજબ લગ્ન ન કરવા એ તેમના માટે સૌથી ચાલાક પૈસા બચાવવાનો તરીકો હતો.

આ માણસ શાબ્દિક રીતે કાગળ ઉપર પૈસાવાળો હતો. પણ મારા હિસાબે તો તે ખૂબ ગરીબ માણસ હતો. જૂનાં ચીથરાં વીટીને આખી જીંદગી ગરીબ રહીને વિતાવી. તેમણે પોતાના જીવનની દરેક ક્ષણ સંપત્તિ બનાવવામાં વિતાવી. ૬૫ વર્ષની ઉંમરે રીટાયર્ડ થયા ત્યારે પોતાનું કહી શકાય એવું કોઈ તેમની પાસે નહોતું. આખી જીંદગી તેઓ એટલું જ જાણતા હતા કે પૈસા કેમ બનાવવા. આમ કરતાં પૈસાના બીજા ઉપયોગથી તેઓ વંચિત રહી ગયા અને તેમણે પોતાનું જીવન અસમતોલ કરી નાખ્યું.

મને તેમના પર દયા આવી તેથી મેં તેમને સલાહ આપી કે બદલાવ ખાતર પણ પોતા ઉપર પૈસા ખર્ચવા એ એક ઉત્તમ વિચાર છે. મેં તેમને એક બે વાતાર્ઓ કહી, કે બહું મોડું થઈ જાય તે પહેલાં જાગ્યા ત્યારથી સવાર. આ સાંભળી તેમણે જબરજસ્ત

રાડ પાડીને કહ્યું હું મારા અડધા કરોડને એક કરોડમાં ફેરવવાનો વિચાર કરૂં છું. મને દયાની કીવ આવી કે આ થોડો ઘણો પૈસાવાળો માણસ ગરીબ થઈને મારી સામે ઉભો છે.

થોડા મહિના પછી મારા જાણવામાં આવ્યું કે આ વૃદ્ધ માણસ ખૂબ ખરાબ પરસ્થિતિમાં મૃત્યુ પામ્યો છે. તેમને કેન્સર થયું હતું એમ જાણવામાં આવ્યું અને એક સામાન્ય હોસ્પીટલમાં ખૂબ દર્દભરી અવસ્થામાં તે મૃત્યુ પામ્યા. મને છેલ્લે એ સમાચાર મળ્યા કે તેના અડધો કરોડ રૂપિયા અત્યારે કોર્ટમાં પડયા છે અને તેના સગાંવહાલાં તેના માટે લડે છે.

આ વાર્તાના સંદર્ભમાં તમે તમારી જાતને પૂછો કે તમારી કબર પરના પથરા ઉપર કઈ વાર્તા લખાય. ગમે તેમ થાય પણ એ નીચે મુજબનું લખાણ તો ન જ હોય.

અહીં (તમારું નામ હોય)

જેમણે ખૂબ પૈસા કમાયા

કંઈ પણ ખર્ચ ન કર્યો.

હવે મૃત્યુ પામ્યા છે,

શું આ મૂર્ખાઇ નથી?

જ્યારે મૃત્યુ તમને જીવનનો અહેવાલ આપે છે.

આ ચિંતન તમને ઉપયોગી થઈ શકે છે. તમે મૃત્યુ પામ્યાનું દૃશ્ય ઉભું કરો અને કલ્પના કરો કે તમારા સંબંધીઓ અને મિત્રો તમારા માટે શું કહે છે? શું તેઓ ખુશ છે કે તમે સારા માટે ગયા છો? તમે બીજાને ભોગે જે સંપત્તિ ભેગી કરી છે તેના માટે તેઓએ તમને માફ કર્યા છે? અને તેઓ ગેલમાં આવી ગયા છે કે હવે તમે એ બધું ભોગવવા જીવીત નથી? અથવા તેઓ દુ:ખી થાય છે કે જે વ્યક્તિનું જીવન તેમના માટે ખૂબ મૂલ્યવાન હતું તેવી ઘણી પ્રિય વ્યક્તિને તેઓ ખોઈ બેઠા છે?

મૃત્યુથી તમે તમારા જીવનના ખરા લેખાંજોખાંની ઓળખ કરો છો. જે તમને આઘાતથી મૂક બનાવી દે છે. કારણ જ્યારે તમે જીવીત હતા. તે પણ ખાસ કરીને ખૂબ ઉંચા હોદ્દ્ પર ત્યારે તમને તમારે માટે સાચી માહિતી આપવાની કોઈ હિંમત કરતું નથી. કોણ તમારા ખોફને આમંત્રણ આપે? અને આખું જીવન તમે માનતા રહ્યા કે લોકો કહે છે કે ‘તમે ખૂબ સારા માણસ છો’ તે સાચું છે. લોકો જે માને છે તે કહેતા નથી અને જે કહે છે તે માનતા નથી. કેટલાંક તમે સારા છો એવું કહેતા કારણ, તેમને તમારાથી ફાયદો થતો હતો અને બીજા કેટલાંક તમારાથી ડરતા હતા.

આખું જીવન તમે ભ્રમણામાં રહ્યા કારણ તમે ખોટી રીતે મૂલવાયા હતા. અને તમે એ બધું કરતા રહ્યા જે કરવાનું તમારે બંધ કરવું જોઈતું હતું.

આથી જ્યારે તમે જિવિત છો ત્યારે તમારા આંતરમનમાં ડોકિયું કરો. તમારા કાર્યોને મૂલવો. શું તે કોઈને દુ:ખ પહોંચાડે છે? તમારૂં જીવન શું કોઈના આશીર્વાદ કે શાપ પર નિર્ભર છે? પ્રમાણિક બનો અને પૈસાની દુનિયામાં તમારી રીતભાત મૂલવો. તમે એ છો કે તમારા પૈસા તમારી આગળ પાછળનાઓને મદદરૂપ થાય છે અને તેથી તમને આશીર્વાદ મળે છે કે તમે તમારા પૈસાની શકિત બીજાઓને દબાવવા, તેમના પર હક્ક જમાવવા અથવા શોષણ કરવા વાપરો છો?

જો ક્યાંક તમને લાગે કે તમે ખોટા છો તો અંદરથી તમારી જાતને બદલો. તમારો અંતરઆત્મા એ મહામૂલી વસ્તુ તમારી પાસે છે. તમે આખી દુનિયાને છેતરી શકો પણ તમારી જાતને નહી. જ્યારે તમે દર્પણમાં જુઓ તો તમને તમારે માટે સારૂં લાગવું જોઈએ. સચ્ચાઈ જીવો તો એ સચ્ચાઈ તમને મુકત કરી દેશે. તમે એક જીવન જીવો છો તો શા માટે સન્માનપૂર્વક નહી?

તમારા જીવનનો અહેવાલ મેળવવા મૃત્યુ સુધી રાહ ન જુઓ.

મૃત્યુનોંધમાં તમારો ફોટો છપાયો છે?

જેમ જેમ તમે આ પુસ્તક વાંચતા જશો તેમ તેમ જીવવા કરતાં વધારે મરતા જશો. શું હું તમને ઘેલો અથવા ઘમંડી લાગું છું? મહેરબાની કરીને વાંચતા રહો.

નાણાંની કોથળીઓ ૧૯૫૫માં જન્મી હતી. તે ૧૯૭૫માં મરી ગઇ અને તેને ૨૦૦૧માં દફનાવવામાં આવી.

હવે તમે મને પાગલ કહી નવાજો તેના કરતાં વાચતાં રહો. પૈસાની કોથળીઓ ૨૦ વર્ષ સુધી આનંદથી જીવી બાકીનાં વર્ષો એ લગભગ મૃત્યુ પામેલા જેવી જ હતી. તેણે યાંત્રિક જીવન જીવ્યું.

તમારી આજુબાજુ જુઓ અને તમને ઘણાં મૃત લોકો દેખાશે. લોકો કુતુહલ વગરના, મૃત:પાય અને તરલતા વગરના તેમના ગત વર્ષની કહાની કહેતાં જીવે છે. તેઓ 'કંટાળી' ગયા છે. જીવીત માણસ જીવનથી કેવી રીતે કંટાળી શકે? ગુજરાતી ભાષામાં કહે છે 'જીવતી લાશ' અથવા 'અડધા મરેલા'! કાંતો તમે 'મરેલાં' છો અથવા તમે 'નથી મરેલા' જીવનયાત્રામાં વચ્ચેનો રસ્તો જેવો કે જીવતી લાશ છે જ નહી.

તેથી, આવતી કાલે જ્યારે તમે અખબાર વાંચો તો શોધી કાઢો કે તમારો ફોટો મૃત્યુનોંધમાં છે કે નહી. જો તમારો ફોટો મળે તો તમારી બધી મુશ્કેલીઓ દૂર થઈ ગઈ!

તમે ખરેખર અને કાયદાકીય રીતે મરી ગયા છો. જો તમારો ફોટો નથી તે બતાવે છે કે તમે જીવીત છો. તો પછી મહેરબાની કરીને 'મહારાજા' કે 'મહારાણી'ની જીંદગી જીવો.

નવજીવન સાથે તમારા જીવનને ખરેખર ન્યાય આપો.

આ ક્ષણથી તમારી જાતને દિવસની દરેક ઘડીએ પૂછો, **શું મારા કર્મો જીવંત છે કે મૃત:પાય?**

ભગવાન સ્વર્ગમાં પોતાના સિંહાસન પર બેઠા હતા, અને તેઓ પૂરેપૂરા કંટાળ્યા હતા. તેઓ પોતાની જાદૂઈ છડી સાથે રમતા હતા. તેમણે ગમ્મત કરવાનું નક્કી કર્યું. અને તેમણે ગધેડો બનાવ્યો અને તેને ૮૦ વર્ષનું જીવન આપ્યું. ગધેડાએ તેમને દયાર્દ્ર પ્રાર્થના કરી કે 'હે ભલા ભગવાન, મારા માટે ૫૦ વર્ષ રાખો અને ઓછામાં ઓછા ૩૦ વર્ષ કાઢી નાખો.' અને ભગવાને ભલમનસાઈ બતાવી કહ્યું "ભલે એમ થાઓ."

પછી ભગવાને થોડીવાર આરામ કર્યો અને ફરી તેમને માનસિક રમત રમવાની જરૂર જણાઈ. તેથી તેમણે કૂતરો ઉત્પન્ન કરવામાં પોતાની જાતને રોકી રાખી. અને કૂતરાને તેમણે ૬૦ વર્ષનું જીવન આપ્યું. કૂતરાએ તેમને વિનંતી કરી કે તેને ૪૦ વર્ષનું જીવન જોઈએ છે, ૨૦ વર્ષ ઓછા કરી નાખો. ભગવાને કહ્યું, 'ભલે એમ થાઓ.'

પછી તો ભગવાને વાંદરો બનાવ્યો અને તેને પણ ૬૦ વર્ષનું જીવન આપ્યું. વાંદરો રડવા લાગ્યો અને કહેવા લાગ્યો, "હે, ભગવાન તમે ડાહ્યા અને દયાળુ છો. મને ૪૦ વર્ષ આપો અને ૨૦ વર્ષ પાછાં લઈ લો." સ્વર્ગ દરુજવા લાગ્યું અને સમુદ્ર ઉછળવા લાગ્યો અને તેની માગણી પણ સ્વીકારાઈ.

છેવટે ભગવાને માણસ બનાવ્યો. ભગવાને માણસને ૨૦ વર્ષનું જીવન બક્ષ્યું. માણસ ભગવાન પર નારાજ થઈ ગયો. કારણ ભગવાને ગધેડાને, કૂતરાને અને વાંદરાને તેના કરતાં લાંબું જીવન બક્ષ્યું હતું. માણસે પોતાના ૨૦ વર્ષ લીધા પછી ભગવાનને પ્રાર્થના કરીકે મને ગધેડાના ૩૦ વર્ષ, કૂતરાના ૨૦ વર્ષ અને વાંદરાના ૨૦ વર્ષ જે તેમણે સ્વીકાર્યા નથી તે પણ આપો.

ભગવાને કહ્યું "ભલે તેમ થાઓ." અને માણસને પૃથ્વી પર મોકલી દીધો.

આ બનાવ પછી માણસ ૨૦ વર્ષ પૂરી માણસાઈ સાથે જીવે છે. પણ પછીના ૩૦ વર્ષ એ ગધેડાની જેમ સખત શ્રમ કરીને પૈસાની ચિંતાનો ભાર ઉપાડે છે. બીજા ૨૦ વર્ષ એ પોતાની સંપત્તિની કૂતરાની જેમ રખેવાળી કરે છે. છેલ્લાં વીસ વર્ષ તે વાંદરાની જેમ એક દીકરા પાસેથી બીજા દીકરા પાસે કૂદકા મારી વિતાવે છે. જેથી દીકરાઓ એને સારી રીતે રાખે.

પૈસો અને વ્યક્તિગત તાકાત

મજબૂત ટકી જાય છે.

એક વખત હું ટ્રાફીક જામમાં સપડાઈ ગયો. હું શું થયું છે તે જોવા કારની બહાર નીકળ્યો. એક મોટી ભેંસ રસ્તાની વચ્ચે બેઠી હતી. જેમ આપણે ચ્યુઈંગમ ચાવીએ તેમ ભેંસ ત્યાં બેઠી બેઠી આરામથી ખડ ચાવી રહી હતી. જાણે રસ્તો પોતાનો જ હોય એમ એ ત્યાં રસ્તા વચ્ચે બેઠી હતી. તેના પર વિવિધ ભૂંગળાઓના અવાજોની કોઈ અસર થતી નહોતી. ભેંસના માલિક પાસે ભેંસને ઉઠાડવાની જેટલી પણ તરકીબો હતી તે બધી તે અજમાવી ચૂક્યો હતો. મેં ધારણા કરી કે ઘણા બધાએ ભેંસને ત્યાંથી ઉઠી જવાનું ડહાપણ આપવાની ભગવાનને પ્રાર્થના કરી હશે.

મને લાગે છે કે પ્રાર્થનાઓના પરિણામ રૂપ જ છેલ્લે ભેંસ ધીમેથી ત્યાંથી ઉઠી. તેણે અજુબાજુ ખૂબજ ગર્વપૂર્વક જોયું અને રસ્તાની વચ્ચેથી હઠી ગઈ. થોડા શબ્દોમાં કહેતી ગઈ કે, 'મારે જ્યારે હલવું હતું ત્યારેજ હું હલી પણ તમે લોકો ત્યારે જ હલી શક્યા જ્યારે હું હલી. ઠીક છે? તમારા અવાજોની મારા પર કંઈ અસર નથી. હું ખરેખર જાડી ચામડીની ભેંસ છું.

હવે હું તમને આનું રહસ્ય કહું! દુનિયામાં ઘણા "જાડી ચામડીની ભેંસ" જેવા મનુષ્યરૂપમાં જોવા મળે છે. માનવ સ્વરૂપે તેઓ 'મિત્ર' બની ઉછીના લઈ જાય છે અને તમારે હાલમાં તંગી હોવા છતાં પૈસા પાછા આપવાની ના પાડે છે. કેટલાક જાડી ચામડીના માલિકો પોતાના નોકરોને સાચેસાચ મળવો જોઈતો પગાર આપતા નથી. અને હા, શેતાન કે જળોની જેમ કામદારોનું વધારેને વધારે લોહી ચૂસે છે.

તમારે તમારા હક્કો મેળવવાની ખૂબી અને સાથે કામ કઢાવવાની આવડત કેળવવી જરૂરી છે. દુનિયા કઠણાઈ ભરી છે. અને અહી જુદા જુદા પ્રકારની જાડાઈવાળી ચામડીના અનેક પાત્રો છે. જંગલમાં સિંહ કે વાઘ ઉપર તરાપ મારવાની કોઈ હિંમત કરતું નથી. હરણ અને સસલાં હંમેશા બીજાના શિકાર બની જાય છે. નબળાઓ બધે જ હેરાન થાય છે. (નબળાઓનું બધે શોષણ થાય છે.)

નાણાંની દુનિયાના જગંલમાં ફક્ત મજબૂત જ ટકી શકે છે.

'સ્વ-કેન્દ્રી' બનવાની તાકાત.

દુનિયામાં લગભગ ૬૦૦ અબજ માણસો છે. પણ તેમાં તમારા જેવું કોઈ નથી. ભગવાને તમને એક વિશિષ્ઠ વ્યક્તિ બનાવ્યા છે. અરે આંગળાની છાપ પણ મળતી આવતી નથી. આવી રીતે આપણા પાસે આપણી પોતાની તાકાત છે. તેથી આપણે ટોળાની જેમ શા માટે વર્તવું?

જો તમે અડધો ભરેલો પ્યાલો લો અને તેમાં હજી પાણી રેડયા કરો તો તમને સમજાશે કે પ્યાલો પૂરો ભરાઇ ગયા પછી પાણી ઉપરથી ઢોળાશે. પ્યાલો તેને પૂરો ભરાવા દેશે પછી જ કુદરતી રીતે પાણી ઉભરાઈ જશે. તેવી જ રીતે તમે દુનિયાને ત્યારે જ આપી શકો જ્યારે તમારી પાસે હોય. જો તમારામાં જ્ઞાન ઉભરાતું હશે તો દુનિયા તે લઈ લેશે. જો તમારો પૈસો ઉભરાતો હશે તો જ દુનિયા તેનો ફાયદો લઈ શકે વગેરે.. આને 'સ્વ-કેન્દ્રી' કહેવાય જ્યાં બધું તમારા 'સ્વ'માંથી નીકળતું હોય.

'સ્વ-કેન્દ્રી' એટલે 'સ્વાર્થી' નહી પણ તમારી જે તાકાત હોય તેમાંથી જરૂરીયાતવાળાને મદદ કરવી. તમારા 'સ્વ' ને તમારે દુનિયાને જે આપવું હોય તેનાથી ભરી દો. ભલે પછી તે પૈસો, પ્રેમ, આભાર અથવા દાન હોય..

'સ્વ-કેન્દ્રી' એટલે તમારી વ્યક્તિગત તાકાતને સાચવવી કારણ તમારી આગળ પાછળ ઘણાને જાણતાં અજાણતાં તે ચોરવી હોય છે. તમને દરરોજનો દાખલો આપું-

હું ચેન્નાઈમાં હતો ત્યારે રીક્ષામાં જતો. ચેન્નાઈના રીક્ષાવાળા ઉપરના પૈસાને રૂપિયો ગણી લેતા. એટલે જો મીટરમાં ૨૨ રૂા, થયા હોય તો તેમને લાગતું કે ૩૦ રૂા. લેવાનો તેમનો જન્મસિદ્ધ હક્ક છે. ઘણા લોકો આવા વધારાના પૈસા આપી દેતા જેથી તેમણે રીક્ષાવાળાની ગંદી ભાષાનો સામનો કરવો ન પડે. રીક્ષા ભાડું આપ્યા પછી હું શાંતિથી છૂટા માટે રાહ જોતો. રીક્ષાવાળાને આઘાત લાગતો કે કોઈ પૈસા પાછા માંગે છે. તેને વધારાના પૈસા પાછા ન આપવા પડે તેથી કહેતો, 'સર, તમારી પાસે મોબાઈલ ફોન છે. તમે સજ્જન છો. તો છૂટ્ટા પાછળ શા માટે પડયા છો?' હું હસતાં જવાબ આપતો, 'હું મોબાઈલ ખરીદી શકયો છું કારણ આવા છુટ્ટા પૈસા મેં પાછા મેળવ્યા છે.' મને જરાપણ ખરાબ લગતું નહોતું કારણ, મેં તેને તેના થતા ભાડાના પૈસા આપી દીધા હતા અને હું ફક્ત હક્કના બાકીના બચેલા પૈસા માટે લડતો હતો. આ સાંભળીને તેણે મને મારા હક્કના છૂટા પૈસા આપી દીધા.

અહી પ્રશ્ન થોડા છૂટ્ટા પૈસાનો નથી પણ તમારી વ્યક્તિગત તાકાતનો છે. જો રીક્ષાવાળો તમારા પૈસા આ રીતે લઈ શકે તો વિચારો તમારી વ્યક્તિગત તાકાતનો કેટલો ભાગ તમે રોજીંદા જીવનમાં ગુમાવતા હશો. ખતરો એ છે કે આવું વારંવાર બને તો

તમારા જીવનમાં તમારી તાકાત ચોરવાવાળા કેટલા બધા લોકો આવી જશે. તેથી હંમેશા તમારા હક્કો માટે લડો અને તમારી વ્યક્તિગત તાકાતને જેમની તેમ સાચવો.

વિમાનમાં નવાસવા જવાવાળાઓ માટેના સલામતીના સૂચનોનો અભ્યાસ કરો. ખતરામાં ઓક્સીજન માસ્કસ (Oxygen masks) તમારા માથા પરના ખાનામાંથી ઉતારો અને મહેરબાની કરી તમે તમારા બાળકને પહેરાવતાં પહેલાં પહેરો. આ mask સૂચન પાછળનું કારણ આખી દુનિયામાં એક જ છે. શાંત અને સમજદાર મા-બાપો ડરેલા બાળકને સારી રીતે સંભાળી શકે છે. એવી જ રીતે પૈસાની દુનિયામાં પણ સંપૂર્ણ સલામત વ્યક્તિ પોતાના પૈસાને સંભાળી શકે છે. જો તમે કામમાં સંપૂર્ણ હોવ તો તમે બીજાને સંપૂર્ણ બનવામાં મદદ કરી શકો.

સ્વ-કેન્દ્રી એટલે પૈસાને લગતા નિર્ણયો તમે પોતાને ધ્યાનમાં રાખીને લો; ન કે બીજાને ધ્યાનમાં રાખીને. દાખલા તરીકે તમે નવી કાર લેવાનું સાહસ કર્યું કારણકે તમારા પડોશી પાસે કાર છે. અથવા તમે ન્યુઝીલેન્ડ જવાની તીવ્ર ઈચ્છા રાખો કારણકે તમારી મોટી કાકીના સાવકા દીકરાની સાસુએ કહ્યું કે, એ જવા જેવી જગ્યા છે. અને તમે ખૂબજ ખર્ચાળ બંગલો ખરીદવા માંગો છો. કારણ, નહી તો તમારા મિત્રો શું સમજશે ખરૂં ને? જો દુનિયા શેરમાં રોકાણ કરે તો તમે પણ કરશો? શેર બજાર શું છે? કેવું છે? એવું વિચાર્યા અથવા જાણ્યા વગર આમ કેમ બને?

આ ટોળાવાદની માનસિકતા છે. એકે કર્યું એ બધાએ કર્યું.

અહી ખરી મુશ્કેલી છે. જો તમે આ રીતે દુનિયાના બધાને સંતોષવા જશો તો કદાચ એવું બને કે ક્યારેય તમે બધાને સંતોષી શકો નહી, તમારી જાતને પણ નહી. તેના કરતાં ફક્ત બદલાવ ખાતર પણ તમારે શું જોઈએ છે તે વિચારો.

જે દિવસે તમે નાણાકીય નિર્ણયો તમારા પોતાને ખાતર લેશો. તે દિવસે તમે આંતરિક સંતોષનો આનંદ પામી શકશો. તમે નવી કાર ખરીદી કારણ તમને લાગે છે કે તમે તેને યોગ્ય છો એ વધારે સારૂં નથી? શેરબજારમાં તમે રોકાણ કરો છો કારણ તમારે પૈસા કમાવા છે, નહી કે પત્નીને રીઝવવા અને આવું ઘણું બધું. બીજાને ભાવ ન આપો.

જ્યારે તમે તમારી પોતાની માંગને પૂરી કરતાં શીખો ત્યારે તમારા સ્વ-કેન્દ્રી વ્યક્તિત્વને શાબાશી આપો. આથી ચોક્કસ તમારા પગમાં જોર અને આંખમાં ચમક આવશે કારણ તમે તમારી અંદરની વ્યક્તિની તાકાતને શોધી કાઢી છે.

મેળવવાની તાકાત

તમે જેટલી વ્યક્તિને મળ્યા હશો અને સાંભળ્યા હશે તેમણે 'આપવા'નું મહત્ત્વ સમજાવ્યું હશે. જ્યારે તમારા મોતીના દાણા જેવા દૂધિયા દાંત ઉગ્યા હશે ત્યારે તમને આ વાક્ય પહેલા જમણ તરીકે આપવામાં આવ્યું હશે. તમે પોતે પણ સમજણ કેળવી હશે કે તમે જ્યારે આપો છો ત્યારે આશીર્વાદ મળે છે એટલે કંઈપણ મેળવવા કરતાં આપવું સારું.

હવે સમય આવી ગયો છે કે તમે 'મેળવવા' માટે સાંભળો. જેણે તમને આપવાનું શીખવ્યું એ બધા મેળવનાર બન્યા છે. તમે જેને જેને પૈસા આપ્યા છે. તેમને યાદ કરશો તો આની સાબિતિ મળી જશે. જ્યારે તમે આપો ત્યારે 'અહીં' અને 'હવે પછી' આ શબ્દોના ફાયદા તમારા ભેજામાં નાખવામાં આવ્યા હશે. સમાજમાં 'સામૂહિક પ્રચાર' કરવાની રીત વિકસાવવામાં આવી છે કે 'આપનારાં' ઘણા પડયા છે અને એક સમૂહ આપે રાખે છે.

ઉપરની રીતમાં એ મહત્ત્વનું છે કે 'આપવાવાળા' કરતાં 'મેળવવાવાળા' થોડા હોય છે. સકામ કર્મમાં 'આપવાવાળા' વધારે અને 'મેળવવાવાળા' ઓછા હોય છે નહી તો મેળવવાવાળાનો ભાગ ઓછો થઈ જાય છે. અને આ પદ્ધતિ ડહોળાઈ જાય છે. તેથી વૈચારિક રીતે પણ લોકોને એમ માનતા કરવામાં આવ્યા છે કે 'મેળવવું' એ ખરેખર સારૂં નથી. તમારી જાતને નજીકથી ઓળખો. તમે વિચારી શકો છો કે તમારી માનસિક માન્યતાઓ કેવું કામ કરી રહી છે? જ્યારે તમે 'આપો' છો ત્યારે તમને તમે મહાન હોવ એવું નથી લાગતું? અને જ્યારે તમે 'લો' છો ત્યારે તમને અજુગતું નથી લાગતું?

તમારે પણ તમારે જોઈતું હોય તે બધું 'મેળવવા'ના દરવાજેથી જ આવશે. તમારે કદાચ નવી ધંધાકીય તકો, પ્રેમ, સુખ, ગ્રાહકો અથવા પૈસા પણ જોઈતા હોય. તમે તમારા મનને એ રીતે ઢાળ્યું છે અને 'મેળવવાના' સામે માનસિક અવરોધ ઉભો કર્યો છે. આતો એવું થયું કે તમે કોઈને આમંત્રણ આપો છો પણ ઘરના બારણાં અંદરથી બંધ રાખીને વિચારો છો કે કોઈ તમારે ઘેર કેમ નથી આવતું? જો આપણે મેળવવાના સાહજીક રસ્તાઓથી દૂર જઈશું તો મનમાં ધમાસાણ યુદ્ધ અનુભવીએ છીએ. આ એક માત્ર અને સૌથી મોટો અવરોધ પૈસા ઘરમાં લાવવા માટે તમારા જીવનમાં છે.

તેઓ હંમેશા 'મેળવવા' પર નિર્ભર હોય છે. આપો અને તેઓ મેળવશે. આ આધ્યાત્મિક સત્ય અને વાસ્તવિકતા છે. બાળક તરીકે તમને 'મેળવવામાં' કોઈ સમસ્યા નડતી નથી. હંમેશા તમને જે જોઈતું હતું તેનાથી વધારે અને સહેલાઈથી મળ્યું છે. બાપ ગુનો કરીને કે મા ઘરકામ કરીને બાળકને તેનું દૂધ 'મેળવી' આપે છે.

કારણકે બાળક સંપૂર્ણ રીતે બધું 'મેળવવાની' સ્થિતિમાં હોય છે. મા બાપને આપણે માન આપીએ પણ વધારે માનને પાત્ર તો 'મેળવવાની' તાકાત ધરાવતું બાળક છે. બાળક મા અને બાપ વગર પણ પોતાનું દૂધ મેળવી લે છે. કુદરતી રીતે ખાસ કરીને માનવ સ્વભાવ એ શકય બનાવે છે.

એક પૈસાવાળા માણસે એક યોગીને ખૂબ મોટી રકમ દાનમાં આપી યોગીએ આ ભેટ તરતજ સ્વીકારી અને સલામત સ્થળે પૈસા મૂકી દીધા. દાન આપવાવાળા ભાઈને આથી અસંતોષ થયો કારણ તેમણે વધારે મોટાઈ થવાની અપેક્ષા રાખી હતી. તેઓ પોતાની જાતને રોકી શકયા નહી. તેથી તેમણે યોગીને કહ્યું, "મેં તમને આટલા બધા પૈસા આપ્યા પણ તમે મારા પૂરતાં વખાણ ન કર્યા." આના ઉપર યોગી હસ્યા અને આંખમાં ચમક આણી બોલ્યા, "મેં તો તમારો આભાર માન્યો પણ તમારી આ ભેટ સ્વીકારવા બદલ તમારે મારો આભાર માનવો જોઈતો હતો. કારણ તમારું આપેલું ત્યારે જ સાર્થક થાય જ્યારે હું તેને સ્વીકારું!"

અહી તમારા માટે એક સત્ય છે, **તમે ત્યારે જ આપી શકો કે જ્યારે તમારી આગળ પાછળ કોઇ મેળવવાવાળું હોય.**

જ્યારે તમે મોબાઈલ ફોન ખરીદવા જાઓ ત્યારે તેના સંદેશા મેળવવાની તાકાતને નાણી જોતા નથી? આ જ સિદ્ધાંત તમારે તમારા જીવનમાં પણ ઉતારવાનો છે અને તમારી મેળવવાની તાકાતને નાણી જોવાની છે. ક્યારેક તમે મેળવો ત્યારે તમને ડર લાગે છે. ઘણાના મનમાં એવો વિચાર ઉદ્‌ભવે છે કે, 'જો મને કોઈ કંઈ આપે અને પછી મારી પર દબાણ લાવી મને ન ગમતું કામ કરાવી લેશે તો?' અને આ રીતે તમે 'મેળવવાનું' ભૂલી જ જાઓ છો. જ્યાં સુધી તમારી નૈતિકતા અને મૂલ્યો સાથે બાંધછોડ ન કરવી પડે ત્યાં સુધી જાજરમાન રીતે અને આભાર માની 'મેળવવું'.

કોઈપણ સંજોગોમાં તમારી જાતને ભ્રમણાઓના ડરમાં બાંધી ન રાખો. યાદ રાખો 'શ્રદ્ધા' અને 'ડર' બે ક્યારેય એક સાથે રહી ન શકે.

હું જે 'મેળવવું' કહી રહ્યો છું તે કોઈ 'પુણ્યકર્મ' કે 'દાન' નથી. બહાર ખુલ્લી દુનિયા છે, જ્યાં દરેકે દરેક છોડ કુદરત, સૂર્યપ્રકાશ, આહાર અને ક્ષારોમાંથી શકિત મેળવી ખીલી ઉઠે છે. છેવટે તો આ ગ્રહ પર અનેક વર્ષો સુધી જુદા જુદા સ્વરૂપે જીવન પાંગરે છે અને આમ ઘણાં વર્ષો સુધી ચાલ્યા કરશે.

બધા પ્રકારના જીવો અને અસ્તિત્ત્વો છેવટે તો 'મેળવવા'ની સ્થિતિમાં હોય છે. તમને કોઈ શંકા છે? તમારા આધ્યાત્મિક ગુરુને અથવા નજીકની આધ્યાત્મિક સંસ્થામાં પૂછીને ખાતરી કરો.

તમે એક મોકો મેળવવા માંગો છો? તમારે સહજ રીતે મેળવવા તૈયાર રહેવું પડશે. મેળવવું ખોટું છે એવી માન્યતાઓથી દૂર હઠવું પડશે. અને મેળવવાના દરવાજા ખૂલી જશે. આટલા લાંબા વર્ષો સુધી તમને અન્યાય થયો છે. એ અદ્ભૂત બનાવો તમારા જીવનની શૂન્યતાને ભરીને તમારી પાસે દોડી આવશે. પાઈપમાં કચરો ભરાવાથી પાણી ન આવે તેના જેવું છે. પાણી છે પણ તમને મળતું નથી, અવરોધને દૂર કરો અને પાણી વહી આવશે.

'મેળવવાની' ઇચ્છા એટલે તૈયાર થવું. તમે સાંભળ્યું હશે કે 'જ્યારે શિષ્ય તૈયાર થાય ત્યારે ગુરુ ગમે ત્યાંથી આવે છે.'

પતિ જોકે યુવાન હતો પણ તેનું હૃદય નબળું હતું તેથી તેની સારવાર ચાલુ હતી. તેની પત્નીને લોટરીમાં ૫ લાખ રૂપિયા મળ્યા. તેને આનંદ થયો. તે ઘરે જઈને તેના પતિને આ શુભ સમાચાર કહેવા માંગતી હતી. પણ પછી તેને યાદ આવ્યું કે આવા ઉત્તેજનાત્મક સમાચાર ન આપવાની ડોક્ટરની સલાહ છે તેથી તેણે ડોક્ટરને ફોન કર્યો. ડોક્ટરે કહ્યું, 'આ સમાચાર ખૂબ સારા છે. તમારા પતિને તે ધીરે ધીરે સંભળાવજો. કોઈપણ સંજોગોમાં આપણે તેમને ઉત્તેજીત કરી શકીએ નહીં. તે તેમના હૃદય માટે ખૂબ ખરાબ છે.

પછી એક યોજના બનાવવામાં આવી કે ડોક્ટર જ આ સમાચાર તેના પતિને કહેશે. તે મુજબ ડોક્ટર આ દંપતિને ઘરે આવ્યા.

થોડી આડી અવળી વાતો પછી ડોક્ટરે પતિને પૂછયું કે, 'જો તમારી પત્ની ૫ હજાર રૂપિયા જીતી હોય તો તમને કેવું લાગે કહો જોઉં? પતિએ થોડીવાર વિચાર્યું અને કહ્યું, 'મને લાગે છે કે આ મહિને બે છેડા મેળવવામાં અમને મદદ થાય.' ડોક્ટરે પૂછયું પણ જો તે ૫૦ હજાર રૂપિયા જીતી હોય તો તમને શું લાગે? પતિના માથા પર કરચલી પડી તેણે કહ્યું, 'મને લાગે છે તેનાથી અમારું આ ઘર પરનું દેવું ચૂકવાઈ જાય અને બીજા આમતેમ ખચાર્ય.' પછી ડોક્ટરે કહ્યું, 'અને જો ૫ લાખ રૂપિયા હોયતો?' પતિને આવા સવાલોથી ચીડ ચડતી હતી. તેણે કહ્યું, 'ડોક્ટર તમે આવા સવાલો શા માટે પૂછો છો?' ડોક્ટરે તો પણ જોર આપ્યું, 'મને કહો જો તમારી પત્નીએ ૫ લાખ રૂપિયા જીત્યા હોય તો તમને કેવું લાગશે?' પતિએ કહ્યું, 'સાંભળો ડોક્ટર, હું મારી પત્નીને વિનંતી કરીશ કે તમને ૨.૫૦ લાખ રૂપિયા આપી દે અને પછી અમે બૉલ ડાન્સ કરીશું' આ સાંભળીને ડોક્ટરને જ હાર્ટએટેક આવી ગયો.

આ વાર્તાનો બોધ એ છે કે, "તમે પૂરતું આપ્યું છે હવે 'મેળવવા' માટે તૈયાર થઇ જાઓ."

માંગો અને તમને મળશે.

'માંગો અને તમને મળશે,' એમ કહેવામાં ખરેખર એક સત્ય છુપાયેલું છે. આ સુંદર અને ખૂબ કિંમતી સોનાનો સિક્કો કુદરત પાસે છે. સિક્કાની એક બાજુ છે માંગો અને બીજી બાજુ છે મેળવો. જીવનનો આ રોકડિયો હિસાબ ઘણાંને ખબર નથી. ઘણાંને એક બાજુ 'માંગવાની' ખબર હોય છે. પણ બીજી બાજુની નહી. કદાચ દરરોજ તમે ભગવાન પાસે 'માંગવાની' હિંમત કરતા હોવ પણ તમે જોતા નથી કે તમે 'મેળવી' લીધું છે. કંઈપણ હોય પણ 'માંગવું' એ 'મેળવવાની' તાકાત કેળવવાનું મોટું સાધન છે.

પૈસાના બટવાએ પોતાના દીકરાઓને 'માંગવાની' તાકાત શીખવવી છે. તેણે જોયું કે એક માણસ હાથી સાથે ચાલે છે. તેણે પોતાના દીકરાને કહ્યું, 'જા અને આ માણસ પાસે માંગ કે આ હાથી તને આપી દે.' છોકરો ડરી ગયો તેણે તેના પિતાને કહ્યું, 'તમે માંગો' પૈસાનો બટવો આત્મવિશ્વાસથી એ માણસ પાસે ગયો. તેની પીઠ થાબડી અને કહ્યું, 'ભાઈ સાહેબ, આ હાથી તમે મને મફતમાં આપશો?' માણસે કહ્યું. 'લો લઈલો' અને હાથીવાળાને મુક્ત થયો હોય તેવું લાગ્યું.

આ કહેવાનો અર્થ કાચ જેવો ચોખ્ખો છે. તમે જે માંગ્યું હોય તે તમને મળે અથવા તમને ન મળે. સંખ્યા શાસ્ત્રમાં આ સંભાવના ૫૦ ટકા છે અને તે ઘણી છે. જ્યારે તમે વિચારતા હોવ કે માંગવું કે નહી. એ આપશે કે નહી. ત્યારે તમે જુદી જુદી સંભાવનાઓની ખતરનાક ગણતરી કરી શકો.

હું આ તમારામાંના ગણિતશાસ્ત્રી ઉપર છોડું છું. જો તમે મને પૂછો તો જ્યારે મેં માંગ્યું છે ત્યારે ૧૦૦ ટકા મારું કામ થયું છે.

તમારામાંથી લગ્ન કરેલા અને બાળબચ્ચાંવાળા લોકોએ સાંભળ્યું હશે કે ડોકટરો નવજાત શીશુને 'માંગે ત્યારે પીવડાવો' એવું કહે છે. અને નાનું બાળક પોતાનું ખાવાનું કેવી રીતે 'માંગે' છે. બાળક બૂમ પાડે છે. લોકો એનું રડવું કહે છે. કંઈપણ હોય પણ તેમ થતાં માને ધાવણ છૂટે છે. આ એક સંપૂર્ણ સમન્વય છે. રાડ પાડવી અથવા રડવું એ માંગવાની બાળકની ભાષા છે. જે બાળક રડે છે. તેને હંમેશાં દૂધ મળે છે. પાછળથી એવું બને છે કે બીજાના કાનને નુકસાન કર્યા વગર શાંતિથી 'માંગવાનું' બાળક શીખી જાય છે.

'માંગવું' એ કુદરતી અને એકાએક બનતી કિરયા છે. તમે ભૂખ્યા છો તમારું શરીર ખોરાક માટે બૂમો પાડે છે. તમારે પણ ખાવા માટે બૂમ પાડવી છે, પણ તમને શાંતિથી હવામાન માટેની વાતો કરવી અને ખાવાનું પિરસાય ત્યાં સુધી રાહ જોવાનું શીખવવામાં આવ્યું છે. દા.ત. તમને તમારા મિત્રને ત્યાં સવારે અથવા સાંજે જમણ માટે આમંત્ર્યા છે. તમારો નાનો દીકરો જ્યારે ભૂખ્યો થાય છે. ત્યારે તેને

હવામાનનું ધ્યાન રહેતું નથી. તે તો ડર્યા વગર લાખ રૂપિયાનો સવાલ પૂછી નાખે છે. 'માસી તમે ખાવાનું ક્યારે પીરસશો?' તમને શરમ આવે પણ તેને નથી આવતી. અને માસીને પણ ઘણુંખરું શરમ આવતી નથી. જો તેઓ તમારા ખરેખર મિત્ર હશે તો.

તેથી જેમ નાનું બાળક ચોપડીનું પાનું ફાડે તેમ તમારા ગ્રાહકને પૂછો, ''તમે મારા પૈસા ક્યારે આપશો?' તમે તમારા માલિકને પણ પૂછી શકો, ''તમે મારો પગાર ક્યારે વધારશો?'' તમારા અટવાયેલા પૈસા માંગો, મદદ માંગો અને ડીસ્કાઉન્ટ પણ માંગો. તમે સહજ બનો અને ડરો નહી. એવું ઘણીવાર બને કે ઘણા લાંબા સમય સુધી નોકરને પગાર વધારો મળ્યો ન હોય. એવું બને છે કારણ ચોક્કસ કોઈ એવો વધારો માંગતું નથી. દિવસમાં એવા હજારો પ્રસંગ બને છે કે તમે માંગવા માટે પ્રેકટીસ કરી શકો. અને માંગવાની મહાનતા એ છે કે ચોક્કસપણે તે તમારા જીવનમાં પ્રામાણિકતા લાવે છે. લોકોને આની જાણ થશે અને તમને માન આપશે. સૌથી મહત્ત્વની વાત એ કે તમે તમારી જાતને માન આપશો.

માંગવું એ જન્મસિદ્ધ અધિકાર છે. કોઇએ માંગતા ડરવું નહી. માંગવાથી ફાયદો થાય છે તેમાં કંઇ ખોવાનું નથી.

આપવાની તાકાત

મિત્ર : 'જો તારી પાસે બે કાર હોય તો શું તું એટલો દયાળુ બની શકે કે એક કાર જરૂરીયાતમંદને દાનમાં આપી દઈશ?'

ગોલમાલ : "હાસ્તો વળી."

મિત્ર : "જો તારી પાસે બે ઘર હોય તો એક ઘર તું જરૂરિયાતમંદ ને આપી દઈશ?"

ગોલમાલ : "ચોક્કસ"

મિત્ર : "જો તારી પાસે ૨૦૦ રૂપિયા હોય તો ૧૦૦ રૂપિયાનું જરૂરિયાતમંદને દાનમાં આપી જ દેને."

ગોલમાલ : 'ના, ક્યારેય નહી."

મિત્ર : "શું ! તું કાર આપી દે, એક ઘર આપી દે. અને ફક્ત ૧૦૦ રૂપિયા ન આપે?"

ગોલમાલ : "કારણકે મારી પાસે કાર નથી કે મારી પાસે ઘર પણ નથી. પણ મારી પાસે ૨૦૦ રૂપિયા છે."

કેટલાંકને આપવું ન ગમે જ્યારે ઘણા પોતાનું આખું જીવન આપ્યે જ રાખે છે. આને સહેલું બનાવી આપણે 'આપવું' એ શબ્દને માટે સાચી સમજણ કેળવીએ. એવું કહેવામાં આવ્યું છે, તમે જેટલું આપો તેના કરતાં અનેક ગણું પામો છો. આમાં સહેજ ફેરફાર કરવાની જરૂર છે. જેટલું તમે સમજી વિચારીને ધ્યાનપૂર્વક આપો તેના બદલામાં ઘણું પામો છો. એક કે બે શબ્દ ઉમેરવાથી ઘણો ફરક પડી જાય છે. કારણ ધ્યાનપૂર્વક અથવા સમજી વિચારીને આપીએ એ સાચું આપ્યું કહેવાય.

Money Workshop માં ઘણા ભાગ લેનારાઓએ મને પૂછયું છે, "શું હું ગરીબો અને ભિખારીઓને આપી શકું?" પૈસા આપતાં પહેલાં કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ?" આ મહત્વનો પ્રશ્ન છે જેનો જવાબ ખૂબ જ જરૂરી છે. સૌથી પહેલાં આપણે ભિખારીઓ સાથેનો લોકોનો વ્યવહાર જોઈએ.

એક ભિખારી હતો તે ભર ઉનાળામાં એક પગ પર ઉભો રહ્યો હતો. એક સન્નારી તેની પાસે ગયાં અને વાતો કરવા લાગ્યાં. "તને ખબર છે જીંદગી કેટલી મુશ્કેલ છે. તારી પાસે જ જો એક પગ જ છે. તું દુ: ખી હોઈશ."

ભિખારી : "મેડમ, આ મારું નસીબ છે શું કરું?"

સન્નારી : "મને તારા પ્રત્યે સહાનુભૂતિ છે. તારે તો એક પગ પણ છે. કલ્પના કર જો તું આંધળો હોત તો તારું જીવન વધારે ખરાબ હોત."

ભિખારી : "હા, તમારી વાત સાચી છે. જ્યારે હું આંધળો હતો ત્યારે લોકો મને ખોટાં નાણાં આપતા હતા."

ઘણાં લોકો પોતાનો ઘણો સમય ખોટી જગ્યાએ વાપરે છે. ઘણા 'ભિખારીવાદ'માં પી.એચ.ડી.ના સ્નાતક હોય છે. એ ખરેખર હાસ્યજનક છે કે લોકો ઘણો સમય અને શક્તિઓ ભિખારીઓના વિભાજનમાં વેડફે છે. પણ આ સમય પૈસાની બાબતમાં ચોક્કસ વિચારો ગોઠવવામાં વાપરવો જોઈએ.'

જીંદગી ઘણી વિકટ છે તેમાં ઉમેરો શા માટે કરવો? ઉપર કહેલાઓનું સંશોધન કહે છે કે માણસ પોતાના પૈસા આંધળા, વૃદ્ધ અને બાળક ભિખારીઓને આપે છે. ક્યારેય જે સ્વસ્થ અથવા જે સર્વાંગ સંપૂર્ણ છે તેવા ભિખારીઓને પૈસા ન આપો. આ તો ફક્ત પ્રાથમિક સમજણ છે. આના ઉપર ઘણી અદ્યતન પદ્ધતિઓ અને સમજણો વિકસાવવામાં આવી છે. દરેક વખતે ભિખારી આવે ત્યારે પૈસા આપતા પહેલાં બધાં વિશ્લેષણ કરવામાં આવે છે. આ બધામાં મુખ્ય એ છે કે પૈસા આપ્યા પછી લોકો ભિખારીનો પીછો કરી જાણવા માગે છે કે તેમણે આપેલા પૈસાનો સદુપયોગ થાય છે કે નહીં. વિચારો, ભિખારીનો પીછો કરવો, લોકોને આશ્ચર્ય થાય જ કે ખરેખર ભિખારી કોણ છે?


તમે સમજી શકશો કે ભિખારી વૃત્તિ પર આપણે કેટલાં રહસ્યો ઉભા કર્યાં છે.

સાચેસાચ આપવું એટલે 'આપો અને ભૂલી જાઓ' સહજતાથી અને હૃદયથી આપવાની ક્રિયા થવી જોઈએ. તમે જ્યારે આપો ત્યારે દરેક વખતે તમને સારું લાગવું જોઈએ. જો એવું ન થાય તો આપવું એ ખોયેલું અને અર્થ વગરનું છે. તેથી એ ભીખારી પૈસાનું શું કરે છે તે તેની પસંદગીનો પ્રશ્ન છે. પૈસા અથવા બીજું કંઈપણ આપ્યા પછી તમે ચોકસાઈથી વિચારો કે કોને અને કયા કારણથી આપવું છે. બીજું તેનું શું કરે છે તે તમારે વિચારવાનું નથી. તે વ્યક્તિ આ બધામાં પ્રાસંગિક છે.

દુ:ખદાયક છે કે જેની પાસે પુષ્કળ છે. તેઓ આપતા નથી જ્યારે જેમની પાસે થોડું છે તેઓ તો થોડું પણ આપી દે છે. પૈસાવાળા પોતાના પાપ ધોવા અથવા સ્વર્ગમાં સ્થાન પ્રાપ્ત કરવા આપે છે. ગણતરીપૂર્વક આપવું તેનો કોઈ અર્થ નથી. 'આપવું' એ ગુનાહિત કે મહેરબાની કરવાની વૃત્તિમાંથી ન હોવું જોઈએ. પણ એ તમારી સમૃદ્ધિમાંથી ઉત્પન્ન થવું જોઈએ.

જેમના પાસે પૂરતું નથી તેમણે પૈસા આપવા જરૂરી નથી. તમે સમય, નવા વિચારો અથવા ફક્ત આશીર્વાદ પણ આપી શકો.

દરેક વખતે 'આપવું' એ તમારા હૃદયના ઉંડાણમાંથી ઉત્પન્ન થવા દો. અને તમારા આંતરમનને આનંદ અને શુભતત્ત્વથી ભરી દો. એ જ અસ્તિત્વની સાચી સ્થિતિ છે.


SAVINGS...!
SAVE...!
MOHAN
JADHAV

પૈસા ખર્ચ અને બચત

તમારી આંખમાં સમૃદ્ધિ વસી છે?

તમે આજુબાજુ જુઓ તમને શું દેખાય છે? ઝૂંપડા સામે ગગનચૂંબી ઈમારત? નાના ઢાબાની સામે ફાઈવ સ્ટાર હોટેલ્સ? ગરીબી અને ભૂખમરાના અંધકારની સામે શહેરનો ઝગમગાટ અને ઝળકાટ? દુનિયામાં આવા વિરોધાભાસ હંમેશા હોય છે. જીવન અંધકારમય હોય પણ આપણી આંખનો આભાર કે તે આપણને દુનિયા રંગીન બતાવે છે. સમૃદ્ધિ કે ગરીબી, વિપુલતા કે અછતને જોડવાની તાકાત સંપૂર્ણ રીતે આપણી આંખ અને મનમાં રહેલી છે.

જ્યારે તમે દુકાનમાં સજાવેલી વસ્તુઓ જોતા હોવ અને તમારી આંખ હીરાજડીત ઘડિયાળ પર પડે ત્યારે ''આ મારા માટે નથી'' એવો વિચાર તમારા મનમાંથી પસાર થઈ જાય છે. ખરેખર આ ભયાનક વિચાર છે કે તમે તમારા જીવનમાંથી હીરાના ઘડિયાળને જાકારો આપી દીધો. આમજ ઘણી અદ્‌ભુત વસ્તુઓને તમારા જીવનમાં આવતા તમે અવરોધી રહ્યા છો એ જાણીને તમને આઘાત લાગશે.

જ્યારે તમારી નજર કોઈ સુંદર વસ્તુ પર પડે છે, ત્યારે તમારી આંખમાં આશ્ચર્ય અને સંશય આવી જાય છે. તમારી અંદર 'સરસ' અનુભવો. આ તમે તમારા કેમેરાથી ફોટો પાડો તેવું છે. આ છાપ તમારા જહેમમાંથી પસાર થઈ તમારા મનમાં નોંધાઈ જાય છે. યાદ રાખો વસ્તુઓ બે વખત ઉત્પન્ન થાય છે, પહેલાં તમારા મનમાં અને બીજી વખત વાસ્તવિકતામાં. તેથી એવી પૂરેપૂરી શકયતા છે કે કયારેક જે વસ્તુ માટે તમે 'સરસ' અનુભવ્યું હોય તે તમારા જીવનમાં આવી જાય.

જ્યારે તમે આસપાસ જુઓ અને વસ્તુઓ જુઓ,

દરેક વસ્તુને પ્રેમથી જુઓ,

તેથી જે વસ્તુઓ તમે ચાહી છે.

તે બધું તમારી જીંદગીમાં તમે જોશો.

તમે જે વસ્તુ ઈચ્છો તે દરેક વસ્તુને 'સરસ' એવું લાગણીથી કહો અને જુઓ ચમત્કારીક રીતે એ વસ્તુઓ તમારા જીવનમાં આવશે.

રસાળ, સોનેરી કેરીનો અદ્દભુત સ્વાદ.

ધારોકે તમારી પાસે રસાળ, સોનેરી પીળા રંગની કેરી છે. તમે તેનો કટકો મોંમા મૂકવા જાઓ છો ત્યાં તમારા મનમાં એક વિચાર આવ્યો કે આ કેરી આવી ક્યાંથી?

કોઈ સારા ખેડૂતે ઘણાં વર્ષો પૂર્વે ગોટલો વાવ્યો હશે. નાના બાળકને ઉછેરવાની જેમજ ખેડૂતે પણ ખૂબ પ્રેમપૂર્વક આ ગોટલાને ઉગે તે માટે મહેનત કરી હશે. તેણે યોગ્ય જમીન, વિપુલ પ્રમાણમાં પાણી, સારામાં સારું ખાતર અને જોઈતા સૂર્ય પ્રકાશની વ્યવસ્થા કરી હશે. જ્યારે તેણે જોયું હશે કે ગોટલામાંથી નાનો કુમળો છોડ ઉગ્યો છે. ત્યારે તેના આનંદે માઝા મૂકી હશે. આ છોડની રાત- દિવસ રક્ષા કરી હશે. અને એ એક મોટું ઝાડ થયું હશે. પછી ઝાડ ઉપર ફૂલ ઉગ્યાં હશે અને એમાંથી નાની કાચી કેરી ઉગી હશે. વખત જતાં એ કેરી પાકીને સોનેરી રંગની થઈ હશે. ત્યારબાદ ખૂબ સાચવીને કરચલીવાળા હાથે ખેડૂતે કેરીને ચૂંટી લીધી હશે, તેને કરંડિયામાં મૂકીને શહેરમાં પહોંચાડી હશે. ગામડેથી શહેરમાં, ખેડૂત પાસેથી દુકાનદાર પાસે અજાણી જગ્યાથી હજારો માઈલ દૂર કેરી છેવટે તમારા સુપર-સ્ટોરમાં પહોંચી હશે. ચાહત અને ઘણા બધા લોકોની મહેનતથી અને કુદરતી વાતાવરણનો સંપૂર્ણ ટેકો બધું ભેગું મળીને સુંદર કેરીને જન્મ આપ્યો. તમે એને શોધી કાઢી તેના પૈસા ચૂકવ્યા અને અત્યારે તે તમારી આંગળીઓમાં છે.

જેવી તમે મોંમા મૂકી કે તમે જાણ્યું કે તમે મનને ગમે તેવી અને સૌથી રસદાર કેરીનો સ્વાદ લઈ રહ્યા છો.

કેરીની જેમ જ જીવનની દરેક વસ્તુ ઘણી બધી મહેનત, પ્રેમ અને બધાએ કંઈ ને કંઈ કરવાથી બને છે. તમે ક્યારેય જે દૈવી તત્ત્વોએ કેરીને બનાવવામાં મદદ કરી એમની કિંમત આંકી શકશો? તમે બધું માની લીધું છે. તમે ક્યારેય એ જાણ્યું નથી કે એક કેરી ઉત્પન્ન કરવી કેટલી કિંમતી છે. અને એ તમને કેટલી સસ્તી મળી ગઈ.

તમે જ્યારે કેરીનો ટુકડો એ જાણીને ખાઓ કે આની કિંમત લાખો-કરોડો રૂપિયા છે તો તેનો સ્વાદ અનેક ઘણો વધી જશે. આ સમજણ આપણે જે કંઈ ખરીદીએ કે વાપરીએ એ બધી વસ્તુને લાગુ પડે છે.

બીજી વખત જ્યારે તમે તૈયાર થાવ. ઘડિયાળ પહેરો, હાથમાં મોબાઈલ ફોન લો અથવા ગાડીમાં ફરો ત્યારે યાદ રાખો કે તે બધાની કિંમત કરોડો રૂપિયા છે. તમે આ બધાનો સંપૂર્ણપણે આનંદ માણશો જ પણ બધાની વધારે કિંમત ચૂકવી છે. તેવો કકળાટ પણ બંધ થઈ જશે.

મેન્યુ કાર્ડની માનસિકતા

તમે હોટેલમાં જાઓ. સૌથી પહેલાં તમારા મનમાં મેન્યુ કાર્ડનો વિચાર આવશે. તમારામાંના ઘણા જમણીબાજુએ ભાવો લખ્યા હશે ત્યાં જ જોશે. પછી ડાબી બાજુએ જ્યાં ખાવા-પીવાની વસ્તુઓની યાદી હશે ત્યાં જોશે. તમે આખા મેન્યુ-કાર્ડને વાંચી જશો પછી છેવટે 'ઈડલી-વડા સાંભાર' નો વર્ષો જૂનો અને હંમેશનો ઓર્ડર આપશો. ભગવાનનો પાડ માનવો રહ્યો કે ઈડલી-વડા સાંભારનો ભાવ વધારે નથી અને પહોંચી વળાય એવો છે. અફલાતુન વેજ પીત્સા જે તમારે ખાવા હતા તે મેન્યુ કાર્ડમાં પાછળ રહી ગયા કારણ તેનો ભાવ તમારા ખિસ્સાને પરવડે તેવો નથી.

તમારે કપડાં ખરીદવા હોય અને દુકાનમાં તમને કોઈ એક ચીજ ખૂબજ ગમી ગઈ હોય, જેવા તમે તે ચીજ પાસે જાઓ ને તેનો ભાવ અતિશય વધારે હોય! તેથી ખરેખર સુંદર કપડાં પહેરવાનો વિચાર પડતો મૂકવો પડે. અને તમે એવાં કોઈ કપડાં પસંદ કરો કે જેની કિંમત તમને ગમી જાય. તમે સેકન્ડ કલાસના ડબ્બામાં મુસાફરી કરો છો, કારણ થર્ડ કલાસ જેવો કોઈ કલાસ જ નથી.

આવા અનેક પ્રસંગોએ આપણે આપણી જીવન-શૈલીને સાંધા મારવા પડે છે. તમે એવી ચીજોથી આકર્ષાઓ છો જે તમને ખરેખર પસંદ નથી. કારણ ઉત્તમ વસ્તુઓ જે તમને પસંદ પડી હોય તે તમારે વધારે પડતી કિંમતને લીધે છોડી દેવી પડે. અને આ વિષચક્ર બની જાય છે. જેની પછીથી તમારી જીંદગી પર અસર પડે છે. તમે એવો ધંધો અથવા નોકરી કરો છો જે તમને પસંદ નથી. તમને એવા ગ્રાહકો મળે છે જે તમને પસંદ નથી અને તમે એવી વ્યક્તિ સાથે લગ્ન કરો છો જે તમને પસંદ નથી.

આ ખતરનાક ચક્રને તોડવા તમારે હમણાં જ કંઈ કરવું જોઈએ. એક સજાગ નિર્ણય કરો કે જે તમારી પસંદગીનો હોય કિંમત પર આધારિત ન હોય. મેન્યુકાર્ડના ડાબી બાજુ જોઈને નિર્ણય કરો, નહી કે જમણી બાજુ જોઈને. ત્રણ હલકા ડ્રેસ લેવા કરતા એક તમને ગમતો લો. હવે તમને બધું ઉલટું થતું જણાશે. તમે તમને ગમતી ચીજો કરતા થઈ જાશો. જીવનમાં સૌથી સારી વસ્તુઓ પર જ પસંદગી ઉતારો અને 'ફર્સ્ટ-કલાસ' જીવન જીવો.

મારે બધું જ જોઇએ છે.

'ખર્ચ મને ધક્કો પહોંચાડે છે,' 'હું ખર્ચને ધિક્કારૂં છું.' 'પૈસા ખર્ચીને મને ખૂબ ખરાબ લાગે છે. આ બધી ખર્ચ પરની ટીકાઓ તમે સાંભળતા હશો.

બે મિત્રો ચાલતાં ચાલતાં વણજોઈતા ખર્ચાઓ પર વાતો કરતા હતા.

એક મિત્ર બીજાને : ''ગઈ સાંજે મારી પત્નીની આંખમાં કચરો પેસી ગયો અને વણજોઈતો ડોકટરનો ખર્ચ મારે કરવો પડયો.''

બીજાએ કહ્યું : ''દોસ્ત, તું ખૂબ નસીબદાર છે. ગઈ સાંજે 'હિરો' મારી પત્નીની આંખમાં ઘુસી ગયો એટલે તું સમજી શકે છે કે મારે કેટલો ખર્ચ કરવો પડયો હશે?''

શું તમે કેટલીકવાર એવું વિચાર્યું નથી કે દુનિયાની બધી વસ્તુઓ મફતમાં મળે?

બીજી બાજુએ ઘણાના ઉદ્‌ગારો, ''મને ખર્ચ કરવો ખૂબ ગમે,'' ''મને કોઈપણ રકમ આપો હું ઘડીકમાં તેને ખર્ચી નાખું.'' જેવા હોય છે. તેથી જ્યારે તમારે તમારા પોતાના પૈસા ખર્ચવાના હોય ત્યારે મનમાં સહજ વિચારો આવે છે. ''મારે ખર્ચ કરવો- કે ન કરવો.'' તમારામાંના ઘણા આવી માનસિક યંત્રણા અને વિચારોથી થાકી જાય છે અને નક્કી કરે છે કે કોઈપણ કારણો મળે ખર્ચ કરવો. 'ખર્ચ કરવો કે ન કરવો' આની તમારી અનિર્ણયાત્મકતા હેમલેટની અનિર્ણયાત્મક ''બનવું કે ન બનવું'' જેટલી જ (to be or not to be) ગંભીર થઈ શકે.

જ્યારે તમે શોપિંગ મોલમાં જાઓ તો ત્યાં શોપિંગ બાસ્કેટ મળતી હોય છે. જોજો જે ખરીદીની આદતવાળા છે તેઓ અજાણતાં જ સૌથી મોટી બાસ્કેટ લઈ લે છે. મોલની અંદર દરેક વસ્તુ એક જ ભાષા બોલે છે. ''મને ઉપાડી લો,'' ''મને ઘરે લઈ જાઓ,'' ખરીદી કરવાવાળાના હાથ આપોઆપ વસ્તુ ઉંચકે છે અને બાસ્કેટમાં નાખે છે. આ બધાને થોડી જ ક્ષણો લાગે છે અને મિનિટોમાં શોપિંગ બાસ્કેટ ભરાઈ જાય છે. જાણે કે ડેમના દરવાજા ખુલ્લા મૂકતાં પાણી ભરાઈ ગયું હોય તેમ. ક્યારેક વર્ષોથી ખૂણામાં પડેલી વસ્તુને કોઈ જોતું નથી. અરે, દુકાનદાર પણ એ વસ્તુને ભૂલી ગયો હોય છે. અહીં આપણો ખરીદાર આવે છે તે વસ્તુની નોંધ લે છે અને તેના પર તરાપ મારી પોતાની બાસ્કેટમાં મૂકી દે છે.

બાસ્કેટ ભરીને એ કેશીયર પાસે જાય છે કે જેના મોઢા પર હાસ્ય હોય છે કારણ આવા લોકો તેને ખૂબ ગમે છે. અને તે ખરીદારને એક તગડું બીલ પકડાવી દે છે. જેમ નળમાંથી પાણી નીકળે તેમ પૈસા પાકીટમાંથી બહાર નીકળે છે. તે ઘેર આવે છે. અને બધી પ્લાસ્ટીકની બેગો પત્નીને પકડાવતાં કહે છે, ''ડાર્લિંગ, આ બધું તારા માટે

છે.'' પત્ની આ બધી વસ્તુઓ જોઈને ઠેકાણે પાડવા પૂરતો સમય લે છે. ત્યારે પત્નીને ખબર પડે છે કે તેના પતિએ તેના માટે બધું જ ખરીદ્યું છે સિવાય કે પત્નીને જે વસ્તુની ખાસ જરૂર હતી. આને જાણબહારનો અને યોજના વગરનો ખર્ચ કહેવાય, જ્યાં તમે વસ્તુને જોઈ તેને ખરીદવાની લાલચ રોકી શકતા નથી.

મિસિસ માલામાલ: ''મને કહો જોઉં તમારી ૧૦૦ ટકા આવકમાંથી તમે કેટલો ખર્ચ કર્યો?''

મિસિસ ગોલમાલ : ''મેં ૩૦ ટકા ખાધાખોરાકી પર, ૩૦ ટકા કપડાં લત્તા પર, ૪૦ ટકા રહેઠાણ પર અને ૫૦ ટકા મોજમસ્તી માટે ખર્ચ્યા.''

મિસિસ માલામાલ : ''શું! આ તો ૧૫૦ ટકા થયા.''

મિસિસ ગોલમાલ : ''હા, હું સુધરી ગઈ છું પહેલાં આ આંકડો ૨૦૦ ટકા હતો.''

પૈસા ખર્ચ કરવાની કળા સમજદારીપૂર્વક અને ધ્યાનપૂર્વક શીખો. જો સિક્કાની એક બાજુ 'ખર્ચ' છે તો બીજી બાજુ 'કમાણી' છે. કોઈને પણ ખર્ચ કરતાં ધિક્કારની, ડરની કે ગુનાહિત લાગણી ન થવી જોઈએ. પૈસા ફરતા રહેવા જોઈએ અને જેટલા વધારે પૈસા તમે ફેરવશો એટલા વધારે તમે સમૃદ્ધ બનશો. જીંદગી કેટલી નીરસ અને રંગ વગરની થઈ જાય જો પૈસા પેપર, ધાતુ અથવા ક્રેડીટ કાર્ડના ન હોય, જેટલીવાર તમે ખર્ચ કરો તેટલી વાર તમને વસ્તુઓ અને સર્વિસના ફાયદાનો આનંદ મળે છે. બીજી વખત તમે શોપિંગ મોલમાં જાવ તો યોજના બનાવો તમારે શું ખરીદવું છે. જે વસ્તુ 'મને ખરીદો', 'મને ઘેર લઈ જાઓ' એમ લહેકા કરીને તમને લલચાવે તો તે લાલચને રોકો.

યાદ રાખો સમૃદ્ધિના રસ્તા પર ઘણાં પાર્કિંગ સ્લોટ છે, અજાણતાં શોપિંગ તેમાંનો એક છે.

વધુમાં વધુ લાભ ઉઠાવવાનો સિદ્ધાંત

ચાર જણનું કુટુંબ એક મોંઘા આઈસ્ક્રીમ પાર્લરમાં ગયું. મા-બાપને મેન્યુ-કાર્ડની જમણી બાજુએ, જ્યાંથી કિંમતો ડોકિયાં કરતી હતી, ત્યાં જોવાની ટેવ હતી. બીજી બાજુ બાળકો આનંદથી ડાબી બાજુ જોતાં હતાં. જુદા જુદા પ્રકારના આઈસક્રીમના સાચાં ચિત્રો તેમને દેખાતાં હતાં. પિતાએ નિરાશાજનક સ્વીકૃતિ આપી હતી. કારણ તે જાણતા હતા કે નિર્દોષપણે અને અજાણતાં જ તેમના બાળકો ખૂબ ખર્ચાળ ચીજ પસંદ કરે છે. થોડીવારની ગુસપુસ પછી અને મા-બાપની ખૂબ ચોકલેટ ખાવાથી દાંત બગડેની સલાહ પછી ઓર્ડર આપવામાં આવ્યો.

જ્યારે તેઓ આઈસક્રીમ માટે રાહ જોતા હતાં ત્યારે તેમના મનમાં શું ચાલતું હતું. તે જાણવું ઘણું રસભર્યું છે.

પિતા પોતાના વિચારોને પાછળ ધકેલવાનો પ્રયત્ન કરતા હતા જેવાંકે બધું કેટલું મોંઘુ થઈ ગયું છે, બિલ કેટલું આવશે. તેમણે વેઈટરને ટીપ આપવી કે નહી વગેરે. તેમને એવો પણ વિચાર આવતો હતો કે આઈસક્રીમ પર બચાવેલા પૈસા કેવી રીતે આખું અઠવાડિયું સાદી હોટેલમાં લંચ માટે પૂરતા થઈ જાય. મા પણ વિચારતાં હતાં કે આઈસક્રીમ પર મોંઘા અને સુંદર ટોપીંગ કરવાની રીત ક્યાંથી શીખી શકાય. તેમનું મન એવા વિચારોથી પણ ઘેરાયેલું હતું કે તેમણે બધી વસ્તુ સામગ્રી જો ઘેર મંગાવી હોત તો આટલા જ પૈસામાં આખો મહિનો આઈસક્રીમ ખાઈ શકાય. અને બચ્ચાંઓનો ઉત્સાહિત સવાલ જે પૂછતાં તેમને ખચકાટ થતો નથી કે "વેઈટર આઈસક્રીમ લઈને ક્યારે આવશે?"

મીનીટોમાં સુંદર રીતે શણગારેલો આઈસક્રીમ આવતાં જ દરેક જણ વિચારોમાંથી બહાર આવે છે, પિતા એટલું જ જોઈ શકે છે કે બિલ ઘણું વધારે હશે. માતા એટલું જ વિચારી શકે છે કે આટલા પૈસામાં તેણે સાડીઓ ખરીદી હોત. બચ્ચાંઓ ફક્ત આઈસક્રીમ જોઈ શકે છે. આઈસક્રીમ આવ્યા પછી સાચો આનંદ બચ્ચાંઓના મોઢા પર જોવા મળે છે અને પછી બધાં આઈસક્રીમ ખાય છે.

માતા-પિતા આઈસક્રીમ ચાખે છે. ત્યારે તેમના માટે આઈસ્ક્રીમ ગ્લાનીની ફ્લેવર આપે છે. બીજી બાજુ બાળકો માટે આઈસક્રીમ ફક્ત આઈસક્રીમ છે જેથી તેઓ તેને આઈસક્રીમની જેમ સંપૂર્ણ રીતે માણે છે. તેઓ આઈસક્રીમ ખાવાની મજામાં એટલા ખોવાયેલા છે કે તેઓ ઉપર પણ જોતા નથી.

હવે અહી મારો એક સવાલ છે, તમને શું લાગે છે કે ઉપરના બનાવમાં સૌથી વધારે આનંદ કોને થયો?

તમે બધાં એક સાથ કહેશો કે ‘‘બાળકો. જેમાં બે મત નથી.’’

ખર્ચ કરવાનો નિર્ણય લીધા પછી આપણા હાથમાં એટલું જ રહે છે કે જે વસ્તુઓ છે તેમાંથી સંતોષ અને આનંદ બધું મળીને આપણે વધુમાં વધુ કેટલો ફાયદો લઈ શકીએ છીએ. તેથી બીજી વખત જ્યારે તમે પૈસા બાબત નિર્ણય લો તો બાળકની જેમ વધારેમાં વધારે ફાયદો મેળવી લો.

ગૌરવપૂર્વક ભાવમાં બાંધછોડ કરાવો.

જ્યારે ભાવમાં બાંધછોડ કરવાની આવે ત્યારે બે પ્રકારના લોકો જોવા મળે છે. કેટલાક પૂરેપૂરો ભાવ કરાવે જ્યારે કેટલાક ભાવ કરાવે જ નહી. પૈસાની દુનિયામાં ભાવ કરાવવો એ એક સારી આવડત છે. પૈસાની દુનિયામાં બધું તડજોડ (negotiations) પર આધારિત છે. તેમાં ભાવ કરાવવો એ એક પદ્ધતિ છે. ભાવ કરાવવામાં શું થાય તે આપણે વિચારીએ.

માની લઈએ કે બે પાર્ટી છે 'અ' અને 'બ'. 'અ' દુકાનદાર છે અને 'બ' ખરીદાર છે. એક વાત આપણે સમજી લેવી કે 'અ' ભાવ ઘટાડો અટકાવવા કંઈ પણ કરી છૂટશે. જ્યારે 'બ' ભાવ ઘટાડો કરવા કંઈપણ કરી છૂટશે. આ બાંધછોડ પૈસા કરતાં પોતાની 'વ્યક્તિગત તાકાત' પર વધારે આધાર રાખે છે. અને એક રમત બનાવી દો અને ભાવ કરવા ટાણે શાંત અને સંયમિત રહો. જ્યારે તમે ભાવ કરવામાં સફળ થાઓ તો તમે બે વસ્તુ મેળવો છો. પહેલું તમારી 'વ્યક્તિગત તાકાત' વધે છે. બીજું તમારા પૈસા બચે છે. અને પૈસા બચે એ પૈસા કમાયા જ કહેવાય.

સાન્તા એ બન્તાને : "અરે યાર, આ ઉનાળામાં મારા કુટુંબ સાથે દિલ્હી જાઉં છું ખરીદી ક્યાં કરવી તે કહે?"

બન્તાએ ખૂબ ઉત્સાહથી કહ્યું, "અરે બોસ, દિલ્હી ખરીદી માટેનું સરસ શહેર છે. હા, પણ કિંમત માટે તકેદારી રાખજે. ભાવ કરજે અને દુકાનદાર જે કિંમત કહે તેના અડધા ભાવે વસ્તુ માંગજે, ચાલ મુસાફરીમાં મજા કરજે, તને જલ્દી મળીશ."

સાન્તા દિલ્હી પહોંચ્યો અને એક વહેલી સવારે તે ખરીદી કરતો હતો, અને એક અદ્યતન મ્યુઝીક સીસ્ટમ તેની આંખે ચઢી ગયું. તેને ઘેર તેની સખત જરૂર હતી. તેથી તેણે કિંમત પૂછવાનું નક્કી કર્યું. દુકાનદારે તેની પૂજા ત્યારે જ પૂરી કરી હતી અને તેણે સાન્તાનું ભવ્ય સ્વાગત કર્યું.

સાન્તા : "ભાઈ સાહેબ ત્યાં પડેલા સાઉન્ડ સીસ્ટમનો ભાવ શું છે?"

દુકાનદાર : "તેની કિંમત દસ હજાર રૂપિયા છે. પણ તમે મારા પહેલા ગ્રાહક છો તેથી તમને ૧,૦૦૦ રૂપિયાનો ડીસ્કાઉન્ટ આપી હું તમને તે નવ હજાર રૂપિયામાં આપીશ." સાન્તાને બન્તાની સલાહ યાદ આવી તેણે કહ્યું : "હું તમને ૪,૫૦૦ રૂપિયા જ આપીશ."

દુકાનદારે કહ્યું, "ભાઈ સાહેબ, ચાલો ૮૦૦૦ રૂપિયામાં પતાવી દઈએ."

સાન્તા : "હું તને ૪૦૦૦ રૂપિયા જ આપીશ."

દુકાનદાર : "તમારું પણ નહી અને મારું પણ નહી, ચાલો ૭૦૦૦ રૂપિયામાં આ મ્યુઝીક સીસ્ટમ હું તમને આપી દઉં છું."

સાન્તા : "હું તને ૩૫૦૦ રૂપિયા જ આપીશ."

દુકાનદાર (ખૂબ ગુસ્સાથી): "તમે તેને મફત શા માટે નથી લઈ જતા?"

સાન્તા : "સરસ, બે બાંધી આપો."

ભાવમાં તડજોડ કરવાની બે શક્તિશાળી પદ્ધતિઓ છે.

૧. સ્થાનિય પદ્ધતિ :

જ્યારે દુકાનદાર ૯૦૦૦ રૂપિયા કિંમત કહે તો તમે તેની અપેક્ષા કરતાં ઘણાં નીચા સ્થાને રહો. દા.ત .તમે ૪૦૦૦ રૂપિયાથી શરૂઆત કરી શકો. હવે તેણે ૪૦૦૦ રૂપિયાથી ઉપર કિંમત ખેંચવી પડે. જે કિંમતે તમે તમારૂં સ્થાન નક્કી કર્યું છે. તે કદાચ ૬૦૦૦ રૂપિયા સુધી ખેંચી શકે. હવે તમે બીજું સ્થાન નક્કી કરો ૪૫૦૦ રૂપિયા. જેને તેણે ઉપર ખેંચવું પડે અને છેલ્લે ૫૦૦૦ રૂપિયામાં સોદો પતે.

૨. ગ્રામોફોનની તૂટેલી પીન :

તમે જૂનું ગ્રામોફોન સાંભળ્યું છે? ખાસ કરીને તે જ્યારે ઘસાઈ ગયું હોય કે તેના પર ઉઝરડા પડયા હોય? તેથી તે જ અવાજ ફરીફરીને સંભળાય છે. તમે આ રીત ભાવ કરવામાં વાપરી શકો. તેજ વાક્ય તેજ રીતે ફરી-ફરી દોહરાવો.

દા.ત. 'હું ફક્ત ૩૦૦૦ રૂપિયા આપીશ.' હવે સામેવાળો શું કહે છે તે મહત્ત્વનું નથી. કારણ તમારી પીન ત્યાં જ અટકેલી છે. તે છે "હું ૩૦૦૦ રૂપિયા આપીશ."

તમારા મનની એક ગુપ્ત વાત છે કે તમારૂં મન એનું એ જ વાક્ય વધારેમાં વધારે સાત વાર સાંભળી શકે છે. પછી તમારી ધીરજ ખૂટી જાય છે. તેથી તેનું તે જ વાક્ય ફરી-ફરી સાંભળીને સામેવાળો લેવાઈ જાય છે અને તમારી જરૂરીયાત પૂરી કરે છે.

છેવટે ભાવ કરવાનો સૌથી મોટો નિયમ છે : **હંમેશા બીજાઓ સાથે ભાવતાલ કરો, પણ જ્યારે તમારો માલ અથવા સર્વીસની વાત આવે તો એવો ભાવતાલ ન થવા દો.**

ખુશીથી ભાવતાલ કરો!

દુનિયા તમને પૈસા આપવા બહાર પડી છે.

આજે દુનિયા પાસે એટલી બધી સંપત્તિ આપવા માટે છે જે બધું સખત લલચામણું છે. આના પરિણામ રૂપે આપણે આપણી ભરપાઈ કરવાની શક્તિ કરતાં ઘણું વધારે ઉછીનું લેવા લલચાઈએ છીએ.

દેવું ઘણાં બધા છદ્મ વેશે આવે છે. ક્રેડીટ કાર્ડ, વ્યક્તિગત લોન વગેરે. દરેક બેન્ક અને ક્રેડિટ કંપની તમને પૈસા આપવા ઈચ્છે છે. તેમાંથી કેટલાંક તો તમને તમે માગો તે પહેલાં ડ્રાફ્ટ મોકલે છે. લોન લેવું એટલું આસાન કરી નાખ્યું છે. ઘણી કંપનીઓ વિજ્ઞાપન છાપે છે. લોન કોઈપણ મુશ્કેલી વગર.

દા.ત. આવકનું પ્રમાણપત્ર જરૂરી નથી. કાગજ-પત્ર કરવાં ખૂબ જ સહેલાં છે. મહેરબાની કરીને નીચેના નંબર પર ફોન કરો. અને એવું બને કે કેટલીકવાર તમે ભરમાઈ જાવ.

આ ઘડીએ તમે લોન પાછી આપવા પૂરતું કમાઓ છો ફક્ત તે ખાતર જ લોન લેવી એ સૌથી સારો રસ્તો નથી. હકીકત એ છે કે કેટલીક સંસ્થાઓ લોનને ખૂબ જ આકર્ષક બનાવે છે. તે તેમના સોદાનો એક ભાગ છે. તેમને વ્યાજ જોઈએ છે. મૂર્ખ ન બનો. તમે ઉછીના લો તો ખાતરી કરો કે યોગ્ય સગવડ તમને મળે છે. ઉછીના પૈસા રોકાણ માટે લો વાપરવા માટે નહીં-ઘર, અભ્યાસ વગેરે રોકાણ છે. પણ યુરોપની ટુર કરવી એ વપરાશ છે. ખૂબ મોંઘી લોન માણસ ત્યારે જ લે જ્યારે તેને પુષ્કળ માનસિક દબાણ હોય અને ખૂબ જ અસહાયતાની લાગણી થાય.

દેવું એ મરણનું છટકું છે. તમે જીવનની ગાડી એવી રીતે હંકારો કે તે જલ્દી પૂરું થઈ જાય.

ન લેણદાર બનો કે ન દેવાદાર બનો.

એક સુંદર સવારે જો ભિખારી આવે તો તમે પરેશાન થઈ જાઓ છો કારણ તે પૈસા માંગે છે. આ દૃશ્ય જ્યારે તમે મિત્રો કે સગાં પાસે ઉછીના લેવા જાઓ તેના જેવું જ છે.

સજાગ રહો - પૈસાની દુનિયાની સૌથી ખતરનાક બીમારી 'દેવું' છે. તેમાં પણ ખાસ કરીને મિત્રો અને સગાં-સંબંધી પાસેથી દેવું લેવું. દેવું કરવું એ ધંધાકીય ભિખારી કરતાં ખાસ જુદૂં નથી. મિત્રો અને સગાં પાસેથી ઉછીના લેવા તે તમારી અણઆવડતનું પ્રદર્શન છે. કેન્સરની જેમ એના ફેલાવાથી તમારા દરેક સંબંધો અને તમારૂં માન એ ખતમ કરી નાખે છે.

'દેવું' તમારા અત્યારના પૈસા તો વેડફી નાખે છે. પણ તમારા ભવિષ્યની કમાણી પણ ખાઈ જાય છે. આવું ત્યારે જ થાય છે કે તમે મોટી રકમ ઉછીની લો અને તેનું ચકર તમારી પહોંચ બહારનું થઈ જાય.

ગજા બહારની જીવનશૈલી અથવા ફક્ત પૈસા વાપરવાની અવ્યવસ્થા તમને દયનીય સ્થિતિમાં મૂકી શકે છે. તમારા મિત્રો અને સગાં-વહાલાં તમને 'ના' નથી પાડી શકતા એટલે પૈસા આપે છે. તે તમારા પર ઉપકાર કરે છે. તે એટલા માટે તમારા પર ઉપકાર કરે છે કે ક્યારેક તેમને પણ પૈસાની જરૂર પડે. અથવા તેઓ તમારાથી છૂટકો મેળવવા તમને પૈસા આપે કારણ તેમની પાસે બીજો કોઈ રસ્તો હોતો નથી. એવા પ્રસંગો ઉભા થાય કે તમારે દેવું કરવું જ પડે અને તે ટેવ પડી જાય. ઘણા દેવા તમને મજબૂત બનાવે છે. કોઈને પણ શરમમાં મૂકે તેવા કટાક્ષો, નિંદા, ખરાબ શબ્દો અને ગંદી નજર વગેરેથી તમને કોઈ અસર થતી નથી. તમે બધું જ આત્મ-સન્માન ગુમાવી દીધું હોય છે. પણ તેની પણ તમને પડી નથી હોતી. તમે મગરની ચામડીના અને ધંધાકીય ભિખારી બની જાઓ છો.

શ્રી દેવાની આદતવાળા એક મનોચિકિત્સક પાસે ગયા. "ડૉકટર મારી કામ કરવાની પદ્ધતિ અને અંતરઆત્મા વચ્ચે દરરોજ ઝગડો થાય છે. અને તમને ખબર છે પૈસાની દુનિયા કેટલી ખરાબ છે? જ્યારે હું ઉછીના લઉં ત્યારે મારો અંતર-આત્મા મને ટટોલે છે. મને મારા અંતરઆત્માનો ભાર લાગે છે."

ડૉકટર : "ભલા માણસ, હું તમારી સમસ્યા સમજી શકું છું. તમારે મજબૂત મનોબળ કેળવવું છે ખરૂં ને?"

શ્રી દેવાની આદતવાળા : "અરે ! ના ડૉકટર, હું ઈચ્છું છું કે મારા અંતર-આત્માને તમે નબળો બનાવી દો."

જો તમે શરમમાંથી બચવા માંગતા હોવ તો ઘણાનું વાપરેલું એક સૂત્ર અપનાવો. “**ન લેણદાર બનો ન દેવાદાર બનો.**”

યુવાન વયે નિવૃત્તિ લો.

ભવિષ્યમાં એક દિવસ એવો જુઓ કે તમે જે ચાહો છો અને ઈચ્છો છો તે બધું તમે કરી શકો. પુસ્તકો વાંચવા, બાળકો સાથે રમવું, વરસાદમાં નૃત્ય કરવું, અથવા બસ પડી રહેવું. આવું કંઈ પણ હોઈ શકે. આપણે આવી પરી-કલ્પનાઓ કરતાં જ હોઈએ છીએ. કેટલાંક કલ્પનાઓ સાકાર કરી શકે છે. જો કોઈપણ ક્યાંક એ શક્ય કરી શકે તો તમે શા માટે નહીં? કે અત્યારે તમે દિવસો, મહિનાઓ અને વર્ષો મહેનત કરો છો.

એક સાંજે હું એક કીડીને ધ્યાનથી જોતો હતો. તે એક મોટો સાકરનો દાણો, તેના વજન કરતાં પણ મોટો, લઈને ધીરેથી તેના રસ્તે જતી હતી. ઘણીવાર સાકરનો દાણો પડી ગયો. પણ કીડી સખત મહેનતુ હતી તેણે છોડી ન દીધું. કીડી સાકર સાથે છેવટે તેના દર સુધી પહોંચી અને ફરીથી એ સાકરના બીજા દાણા માટે દોડી આવી દિવસો સુધી તે આમજ કર્યા કરશે. આ કીડી હોંશિયાર હતી તેને ખબર હતી કે સ્વ-રક્ષા કેમ કરવી. હવે તેની પાસે વરસાદની મોસમ પસાર કરવા પૂરતું દ્રવ્ય ભેગું થયું છે. તેણે જે અસ્કયામતો ભેગી કરી છે તેના પર તે આધાર રાખે છે.

શું આપણે કીડીના જીવનનું દૃષ્ટાંત લઈ શકીએ? જો આપણે મોટી થાપણો ઉભી કરીએ જે આજીવન આપણને કામ લાગે તેવી હોય તો આપણું કામ થઈ ગયું. આ થાપણો અથવા અસક્યામતો એટલે શું? તે મને કહેવા દો જેથી તમારા મનમાં કોઈ ગેરસમજ ન રહે. તમારી પૈસાની આવક સંપૂર્ણ બંધ થઈ જાય છતાં પણ પૂરી જીંદગી તમારી જરૂરીયાતો સંતોષાતી રહે. (ધારો કે તમારી જીંદગી ૮૦ વર્ષની હોય તો) અને તમારે પૈસા માટે ફરી કામ કરવું ન પડે. તો તમને નિવૃત્તિ લેવાની સંપૂર્ણ છૂટ છે. તે પછી તમે કામ કરી શકો કારણ તમને કામ પસંદ છે.

ઘણાં માને છે કે આવી જીંદગી ફક્ત પૈસાવાળા જ જીવી શકે. જે પૈસાવાળા આજે આવું કરી શકે છે તેઓ આવા ખતરામાં પડતા નથી. તેમને તેમની પોતાની બીક લાગે છે. તેઓ દુનિયા શું કહેશે વિચારીને ડરે છે. તેઓ નિર્મળ આનંદથી ડરે છે. આવા સાચા ખોટા 'કાલે શું થશે?' નો ડર તેમને સતાવે છે અથવા દરરોજના યાંત્રિક જીવનમાં કદાચ આવું વિચારવાનું તેઓ ભૂલી જ ગયા છે.

પૈસાની યુક્તિઓ

તમારી પૈસાની દુનિયામાં સફળતા માટે LSD લો.

તમારામાંથી કેટલાક આશ્ચર્યથી કદાચ પૂછશે, "શું?" "LSD?" ગભરાવ નહી. મારી સલાહને કોઈ નશાકારક દવાઓ સાથે સંબંધ નથી. LSD એ Laughing (હસવું), Singing (ગાવું) અને Dancing (નાચવું) એનું સંક્ષિપ્ત છે.

વર્ષોથી પરંપરાગત રીતે દુનિયાની માનવીય પ્રવૃત્તિઓના ભાગ રૂપ LSD છે. માનવની આ ખૂબ કુદરતી સ્થિતિ છે. જે શક્તિઓથી ભરપૂર હંમેશા આપણને ઉત્તમ કાર્ય કરવા સક્ષમ બનાવે છે.

એવું નથી કે જ્યારે તમારી પાસે પૈસા હોય ત્યારે તમારે LSD માં હોવું જોઈએ. પણ ખરેખર આનાથી ઉલટું છે. તમારે હંમેશા LSD માં રહેવું જોઈએ જેથી તમારી પૈસા બનાવવાની શક્તિઓ વિકાસ પામે.

તમે નવજાત શીશુને અથવા બાળકોનું નિરિક્ષણ કર્યું છે? તેઓ હંમેશા શક્તિઓથી તરવરાટ અનુભવતાં હોય છે. નવજાત શીશુને કેળવવું એ ઘણાં મોટા માણસો માટે પણ અઘરૂં છે. મોટાઓ બાળકો સાથે તાલમેળ કરતાં થાકી જાય છે. તેઓ આટલી બધી શક્તિઓ ક્યાંથી મેળવતાં હશે? તેઓ હંમેશા કુદરતી રીતે જ LSD એ Laughing (હસવું), Singing (ગાવું) અને Dancing (નાચવું)ની સ્થિતિમાં હોય છે. મોટાઓ આ સહજતા ક્યાંક ખોઈ નાંખે છે.તેઓ જીવવાની મુખ્ય શક્તિઓથી વંચિત રહી જાય છે. તેમની જીજ્ઞાસા, ઉત્સાહ અને આંખનો ચમકારો ક્યાંક ખોવાઈ ગયો હોય છે.

તમારામાંના બાળક સાથે ફરીથી જોડાઓ. LSD નો રોજેરોજનો ભાગ લો અને તમે તમારામાં રહેલા તમને નવા અવતારે અનુભવશો.

સંતોષનો આનંદ

નીચેના આંકડા જુઓ તમે શું નોંધ્યું?

૧ ૨ ૩ ૫ ૬ ૭ ૮ ૯ ૦

તમારામાંના ઘણા તરત જ કહેશે '૪' નો આંકડો નથી આવ્યો.

તમે જીંદગીમાં 'શું નથી'. તેનો વિચાર હંમેશા કરો છો.

તેથી જ્યારે પૈસા હોય ત્યારે તમને પરવા નથી હોતી અને જ્યારે પૈસા ન હોય ત્યારે એકાએક તમારું ધ્યાન ખેંચાય છે. જ્યારે તમારા દાંત હોય ત્યારે તમને તેમની પરવા હોતી નથી. એક દિવસ એવો આવે છે કે તમારો દાંત પડી જાય અને તમારી જીભ તેની ખાલી જગ્યામાં દાંત શોધતી હોય છે.

જ્યારે તમે તમારા દેશમાં હોવ તો તમને તેની કિંમત નથી અને જ્યારે તમે બીજા દેશમાં જાઓ ત્યારે તમે દેશને ભૂલી શકતા નથી. આવું જ તમારા ખોરાક, તમારા લોકો અને તમારી ભાષા સાથે પણ બને છે.

ફરીથી નીચેના આંકડા જુઓ તમે શું નોંધ્યું?

૧ ૨ ૩ ૫ ૬ ૭ ૮ ૯ ૦

'૪'નો આંકડો નથી તેવું ફરીથી કહેતા નહીં. તમે ૧ ૨ ૩ ૫ ૬ ૭ ૮ ૯ ૦ નંબર છે તેવું નોંધ્યું? જ્યારે શું નથી એવું તમે વિચારો છો ત્યારે જે છે તેની સુંદરતા અને વાસ્તવિકતા તમે ખોઈ બેસો છો. હકીકત હંમેશા જે અસ્તિત્વમાં છે તેની છે; નહીં કે જે નથી એમાં. ટુંકમાં તમે પારકા પ્રદેશમાં પરદેશી છો ફક્ત નિમ્નકક્ષાના નાગરિક. 'નથી' એ શબ્દ એક મોટું કાંણું છે તે એક તળિયા વગરનો ખાડો છે. જેમાં તમે કંઈપણ નાખો એ ક્યારેય ભરાશે નહીં.

તમે એક મોટી કાર ખરીદો છો થોડા દિવસ તમને તે ગમે છે. પછી જ્યારે તમારા પડોશી નવી 'લીમોસીન' ખરીદે ત્યારે તમને તમારી કાર ખરાબ છે તેવી લાગણી થાય છે. હવે કાર તમને એક વખત આપતી તેટલો આનંદ આપતી નથી. અને તમારું મન તમારા ગેરેજમાં 'લીમોસીન' શોધે છે. આમ આખી જીંદગી તમે જે નથી તેને સતત શોધ્યા કરશો.

ચાલો આપણી પાસે શું છે તે જોઈએ તેથી તરત જ તમને તમારામાં મોટાઈ અને સંતોષની લાગણીનો અનુભવ થશે. જ્યારે તમે તમારી કાર સામે જુઓ ત્યારે તેણે આપેલી અદ્‌ભૂત સેવાને યાદ કરો. યાદ કરો કે જ્યારે તમે નવી ખરીદી હતી ત્યારે એણે તમને કેટલો આનંદ આપ્યો હતો. હજી યાદ કરો કે તેણે તમને અને તમારા કુટુંબને

કેટલી બધી યાદગાર સહેલો કરાવી છે. અને જૂની થવા છતાં તે હજી તમને સારી સેવા આપે છે. તે તમને ઓફીસે લઈ જાય છે અને બગડતી નથી. શું તમે વિચારી શકો છો કે તે કાર તમારી કેટલી કાળજી લે છે? પણ તમને એની પડી છે? તમને તમારી કાર કે બીજું કોઈ 'સાધન' તમને સારી સેવા નથી આપતું તે બતાવે છે કે તમે તેની કાળજી કરતા નથી.

તમારી આજુબાજુની દરેક વસ્તુમાં ઉર્જા છે. દરેક વસ્તુની ઉર્જા સાથે તાલ મિલાવશો તો તે તમને સારામાં સારા પરિણામ માટે સહકાર આપશે. તમારી આજુબાજુની વસ્તુઓ અને લોકોનો ઉપકાર માનો. લોકોથી માંડીને વસ્તુઓ પ્રત્યે પ્રેમ અને ઉપકારની લાગણી રાખો કારણ તેની જેટલી તેમને જરૂરત છે તેટલી એને તમારી પણ જરૂરત છે. જયારે તમે તેમના વખાણ કરી ને ઉપકાર માનો ત્યારે ભગવાન અને બ્રહ્માંડ નક્કી કરે છે કે તમને વધારે સારા લોકો મળે અને અદભુત વસ્તુઓ બદલામાં મળે.

તમે જે જગ્યાઓને માનતા હોવ ત્યાં નથી જતા? તેવું જ વૈશ્વિક ઉર્જાનું શા માટે ન હોય? સંતોષની સ્થિતિમાં રહેવું તે ઈચ્છાશક્તિ વગરની સ્થિતિ કરતાં જુદું છે. તમે બધું ભેળસેળ ન કરી નાંખો. પૈસાની દુનિયામાં ઈચ્છા એ પ્રગતિ માટે ખૂબ જરૂરી છે. પણ તે સાથે સંતોષ હોવો જરૂરી છે.

એક માણસે પોતાના માટે બે રૂમનું ઘર બનાવ્યું. તેની સમૃદ્ધિ વધી અને તેને અર્ધાંગિની મળી ગઈ. હવે તેને કૌટુંબિક જીવન જીવવું હતું. તેણે પોતાની આજની આનંદિત સ્થિતિ માટે ભગવાનનો આભાર માન્યો અને મોટી જગ્યા માટે પ્રાર્થના કરી. હવે તેનું ઘર તેના એક કુંવારા મિત્રને ખરીદવું હતું. તેણે તે ઘર આનંદથી વેચી દીધું અને હવે તે મોટા ઘરમાં પોતાની પત્ની સાથે રહેવા લાગ્યો.

તમારી પાસે જે કંઈપણ વસ્તુઓ છે તેમનો ધન્યવાદ કરી તેમના ગુણગાન કરો. પછી તે તમે પહેરતાં જૂતાં હોય કે તમારાં ઘરેણાંમાં જડેલો હીરાનો ટુકડો હોય અથવા તમારું વોશીગ મશીન હોય પછી તમને જણાશે કે સંતોષનો આનંદ શું છે.

જ્યારે શબ્દ બ્રહ્મ છે.

તે રાતે ઠંડો પવન ફૂંકાતો હતો. હું ટ્રેનમાં મુસાફરી કરતો હતો. ટ્રેન એક સ્ટેશન પાસે ઉભી રહી અને એક માણસ કૉફીનું કેન ભરીને ટ્રેનમાં ચઢયો. તેણે ડબ્બે ડબ્બે ફરતાં ફરતાં બૂમ પાડી. ''કૉફી, કૉફી, કૉફી''. તે ફેરિયો હતો. કોઈપણ મુસાફરે તેની સામે જોવા સુદ્ધાંની તસ્દી લીધી નહીં. મુસાફરો બધાં તેમના ગરમ કપડામાં સૂઈ રહ્યાં. એક પણ કપ કૉફી વેચાઈ નહીં. નિરાશ થયેલો ફેરિયો બડબડાટ કરતો બીજા સ્ટેશને ઉતરી ગયો.

પછી બીજો ફેરીયો, યુવાન અને આંખમાં ચમક સાથે, ટ્રેનમાં ચઢયો. તાલબદ્ધ સ્વરમાં તેણે કહેવાનું શરૂ કર્યું. ''ગરમ કૉફી, ગરમ કૉફી'' અને દરેક વખતે તે ''ગરમ'' શબ્દ પર ભાર મૂકતો હતો. ઉંઘતા મુસાફરોને આ વાતમાં રસ પડયો. ''ગરમ'' શબ્દએ તેમના આંતરમનમાં પ્રવેશ કરી તેઓ જે હૂંફ મેળવવા માગતા હતા તે આમાંથી મળશે એમ તેમને લાગ્યું તેથી ઘણાએ કૉફી મંગાવી. ગરમ કૉફી હસતા હસતા આ જુવાન માણસે બધાને આપી, આથી થોડાજ સમયમાં તેનું કેન ખાલી થઈ ગયું. બીજા સ્ટેશને તે એનું ખીસ્સું પણ ગરમ કરીને ઉતરી ગયો.

એક ચોક્કસ શબ્દએ પૈસા કમાવા અને પૈસા ન કમાવવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો. ક્યારે પણ લખાયેલા અથવા બોલાયેલા શબ્દની શક્તિને ઓછી ન આંકો. દરેક બોલાયેલો શબ્દ તમને પૈસા તરફ અથવા પૈસાથી દૂર લઈ જાય છે.

તમે તમારી જાતને પુછો કે, શું મારી વ્યાવસાયિક સેવાઓમાં હું યોગ્ય શબ્દ વાપરૂં છું કે નહિ?

જો તમે મૃત્યુ પામો તો કયો વારસો તમે પાછળ મૂકવા ઇચ્છો છો?

તમારા પ્રિયજનોને વંઢોરવા ઢગલો એક દેવું? અપૂર્ણ અને અવિકસિત ધંધો?

તમારા પ્રિયજનોને બાકીની જીંદગી ઉપાડવા માટે નાણાકીય બોજો?

એક 'વિલ' જે ગૂંચવણ ભર્યું હોય, જે મહાભારતના મહાકાવ્યને પણ શરમાવે તેવા ઝગડા ઉભા કરે?

તમારા કબાટના નીચેના ખાનામાં વેરવિખેર પડેલા પતાવટ વાળા અને અધૂરા સોદાઓના જ્યાં ત્યાં પડેલાં ફરફરિયાં. જે ''શેરલોક હોમ્સ'' જેવા જાસૂસને પણ વિચારમાં નાખી નિરાશામાં ધકેલી દે કે આનો અર્થ શું છે?

હકીકત એ છે કે તમારું આખું જીવન તમે દળણાં દળ્યે રાખ્યાં અને ખેતમજૂરની જેમ કામ કર્યે રાખ્યું અને એક ક્ષણ પણ જીવનના નાના નાના આનંદની હુંફ ન અનુભવી અને છતાં તમને તમારાં કાગળિયાં ઠીક કરવાનો સમય જ ન મળ્યો. પૈસાની દુનિયાની ચાવી એ છે કે તમારા પૈસા અને અસ્કયામતો તમારા પરિજનોના હાથમાં સારી રીતે આવે. ખાસ કરીને જ્યારે તમારી પાસે સારી એવી અસ્કયામતો અને પૈસા હોય અને તેનાં કાગળ-પત્ર ન હોય. અને જે તમારા હૃદયથી સૌથી નજીક હોય તેને તમારા બધાં નાણાકીય સોદાઓની ખબર હોવી જોઈએ. કેટલાક લોકો એટલા ગોપનીય હોય છે કે તેમના પૈસા વિષે બીજા કોઈપણ અરે, તેમના પ્રિયજન જાણે એવું ઈચ્છતા નથી. મૃત્યુ ગમે ત્યારે આવી શકે તેથી તે પૂર્વે તમારા જરૂરી હિસાબો તૈયાર કરી દેવા જોઈએ. ક્યારેક અપમૃત્યુથી તમારા કુટુંબીઓ મુશ્કેલીમાં મૂકાઈ જાય છે.

તમે જીવતા હોવ ત્યારે પૈસા બાબતમાં ગોટાળો ન રાખો નહી તો તમારા પ્રિયજનો મુશ્કેલીમાં મૂકાઈ જાય છે.

તગડું ડુક્કર અને દુધાળી ગાય વાતો કરતાં હતાં કે કોણ વધારે ઉપયોગી છે. માંસલ ડુક્કર કહેતું હતું કે તે માણસ માટે પોતાના જીવનનો ત્યાગ કરે છે તેથી દુધાળી ગાય કરતાં તે વધારે ઉપયોગી છે. દુધાળી ગાયે તગડા ડુક્કરને કહ્યું : 'સાહેબ, તમે તો જ્યારે મરી જાઓ ત્યારે ઉપયોગી બનો છો. જ્યારે હું તો મારું દૂધ દરરોજ આપું છું.''

દુધાળી ગાય જેવું બનવું વધારે સારું કે જે જીવંત હોય ત્યારે ઉપયોગી છે. અને મૃત્યુ પામો ત્યારે માંસલ ડુક્કરની જેવા બનો કે જે મૃત્યુ પામીને ઉપયોગી છે.

મારી માતા આપવાનું એક જ્વલંત ઉદાહરણ છે. તેનું હૃદય એટલું ઉદાર હતું કે જ્યારે થોડું હોય તો પણ તે બીજાને આપતી. તેનું સાદું તત્ત્વજ્ઞાન એવું હતું કે ‘‘મૃત્યુ પછી ક્રિયાકર્મ પાછળ મોટી રકમ જરૂરી નથી. તેના કરતાં બીજાને મદદ કરવી સારી.’’ *(હિન્દુશાસ્ત્ર પ્રમાણે ૧૩ દિવસનું ક્રિયા-કર્મ આત્માની મુક્તિ માટે કરવામાં આવે છે.)*

તમે ફક્ત એક જીવન જીવો છો, જ્યારે તમે જીવતા હોવ ત્યારે પૈસા બાબત ચોખ્ખા રહેવું જરૂરી છે. જ્યારે તમે મૃત્યુ પામો ત્યારે તમારા ચોખ્ખા પૈસા મૂકી જાઓ જે તમારા પ્રિયજનો અનુસરે.

શું તમે ઇંટો, સીમેન્ટ કે સોનું ખાઓ છો?

કેટલાક લોકો પૈસા બાબતે અસમતોલપણું દાખવે છે. તેમની પાસે પૈસા આવતા જાય તેમ જમીન, જાયદાદ અને સોનું વગેરે ખરીદતા જાય છે. આ એવો ગાંડો શોખ થઈ જાય છે કે કેટલીકવાર રોજબરોજના ખર્ચાઓ માટે પણ તેમની પાસે પૈસા નથી હોતા. આ ખરેખર ગાંડપણ છે. પેપર ઉપર તેમની ઘણી મોટી અસ્કયામતો બોલે છે. પણ ગરીબાઈની જીંદગી જીવે છે. તેમને "બિચારા, પૈસાવાળા ભિખારી" એવું સર્ટીફીકેટ આપવું જોઈએ.

અસ્કયામતો સાથે રોકડા રૂપિયા હોવા જ જોઈએ. રોકડા રૂપિયાનું પ્રમાણ તમારી જરૂરીયાતો અને તમારા આરામ માટેના સાધનો પર નિર્ભર છે. શું તમારે પૈસાની તંગી હોય ત્યારે હોટેલનું બિલ સીમેન્ટ અને ઇંટોથી ભરી શકાય છે? જ્યારે ધોબી અને દૂધવાળો તેમના લેણા પૈસા લેવા આવે ત્યારે તમે જમીનના ટુકડાને બદલામાં સ્વીકારવાનું કહી શકશો?

આવા લોકો પોતાના માટે અને તેમના કુટુંબ માટે બીજી મુશ્કેલી પણ ઉભી કરે છે. તેઓ પોતાની અસ્કયામતો રોજે રોજના ખર્ચાઓને પહોંચી વળવા ક્યારેય વેચવા તૈયાર નહી થાય. તેઓ પૈસા ઉછીના લેશે, ભૂખે મરશે, ઈલેક્ટ્રીસીટી અને ફોનના બિલ ભરશે નહી. છોકરાંઓની સ્કુલ ફી ભરી નહી શકે અને દિવસને રાત ખેંચ અને તાણમાં કાઢશે.

સમજી લઈએ કે આવી અસ્કયામતો આપણે જાતે ઉભી કરી છે. તેથી જરૂર પડતાં આપણે આ અસ્કયામતોને વટાવી આપણા માટે વાપરી શકીએ તે બરાબર જ છે. બીજું એવો પ્રસંગ આવી પડે કે કંઈ અજુગતું થઈ ગયું અથવા તમે ઘણી મોટી નાણાકીય સમસ્યામાં ફસાઈ ગયા છો તો તમારે તમારી અસક્યામતો વેચવી પડે. આવી વસ્તુઓને આપણા હાથમાંથી જતી કરવી દુ:ખદાયક છે પણ તમે ઉભી કરેલી અસ્કયામતો વેચવી ડહાપણભર્યું છે. ભૂતકાળમાં ઉભી થયેલી પૈસાની મુશ્કેલીઓ તમારી શક્તિઓ અને વ્યક્તિગત તાકાત હણી લે છે.

ઘણી વખત આવા બદલાવના નિર્ણયો લેતાં મોડા પડયા તો ઘણાં વર્ષો સુધી ખરાબ ધંધો ચલાવવાની કિંમત ચૂકવવી પડે છે. અને ઘણા પૈસાની જરૂરત ઉભી થાય છે. છેવટે તમારે ધંધો બંધ કરવો પડે છે.

દરેક નવું ઉત્પાદન નાશવંત છે. દૃઢતાથી માનો કે જે તમે એક વખત ઉભું કર્યું હતું તે ફરીથી ઉભું થશે. સ્વચ્છ પાટીમાં લખવું સહેલું છે જયારે લખેલી પાટીમાં ફરી લખવું મુશ્કેલ છે. આવા ગોટાળાની સફાઇ કરવી ઘણી અઘરી છે એના કરતાં નવી શરુઆત કરવી સારી.

ડાયરીની દુનિયામાં તમારું સ્વાગત છે.

તમે ડાયરી રાખવાની પદ્ધતિ અપનાવી શકો છો જેથી પૈસાને લગતું તમારું કામ સહેલું બને. આ પદ્ધતિ તમને પૈસાને સમજવામાં મદદ કરે છે. જેથી કરીને માનવીય કારણો જેવા કે આળસ, આડો અવળો ખર્ચ અથવા કંઈ ન કરવું વગેરે ટાળી શકાય છે.

રોજનીશી : આ તમારે રોજે રોજ કરવાના કામોની યાદી છે. દિવસની શરૂઆતમાં તમારા કામોની યોજના બનાવી તેને ડાયરીમાં લખી લો. જાણે કે તમારાં બધાં કામ પતી ગયાં હોય. દા.ત. તમારા ગ્રાહક પાસેથી ચેક લેવાનો છે. તેને તમે આ રીતે લખી શકો. ચેક હાથમાં આવ્યો અને બેંકમાં ડીપોઝીટ કરાવ્યો.

રોજ હિસાબની ડાયરી (રોજમેળ): આ ડાયરીમાં તમારી આવક અને જાવકના એકેએક રૂપિયાનો હિસાબ તમારે લખવો.

નવા વિચારોની ડાયરી: રોજે રોજ આપણામાંથી દરેકને ઘણા નવા વિચારો આવે છે. જો આપણે તેમને ન લખીએ તો આપણા જીવનમાંથી તેનું બાષ્પીભવન થઈ જાય છે. અને ખૂબ જ શક્તિશાળી વિચાર નષ્ટ પામે છે. વિચાર વાસ્તવિકતાનો પાયો છે. જેવો તમને નવો વિચાર આવે કે તેને લખી લો. તેના ઉપર કામ કરી શકાય કે નહી, તે યોગ્ય છે કે નહી. તે નાનો છે કે મોટો તેને વિચારો.

દિવસના અંતે બધા વિચારોને ફરીથી વિચારી માપી જુઓ કે તમારા જીવનમાં કયા વિચારનું મહત્ત્વ છે. પછી તે વિચારને સ્થિર કરો અને ખૂબ જ જલ્દી એક શક્તિશાળી માર્ગ તમારે માટે તૈયાર થઈ જશે.

કાર્યોની ડાયરી: રોજ તમારી જાતને પૂછો કે પૈસા માટે કયાં કાર્યો કર્યાં? જ્યારે જ્યારે પૈસાને લગતાં કામો તમે કરો ત્યારે તેને નોંધી લો. આ રીતે તમે વધારે કાર્યો કરવા પ્રેરાશો. અને યાદ રાખો ફક્ત કાર્યો જ પરિણામો લાવે છે.

ઇચ્છાઓની ડાયરી: તમારી ઈચ્છાઓને ચોકસાઈથી લખો અને તેમને જોઈ શકાય તેમ રાખો. દા.ત. ફોટો, મેગેઝીનમાંથી કાપલી અથવા ડ્રોઈંગ વગેરે. વધારે ને વધારે તમારી ઈચ્છાઓ બુકમાં લગાડો અને રોજે રોજ આ નોટ વિકસિત કરો પછી દરરોજ તે ઈચ્છાઓની ડાયરી જુઓ. તમે થોડા સમયમાં અનુભવશો કે તમારી ઈચ્છાઓ ખરેખર સાકાર થવા પામી છે.

તમારા અટકાયેલા પૈસા વસુલ કરો.

ધનરાજ સોમુને બગીચામાં લટાર મારતી વખતે મળ્યો. સોમુએ ધનરાજને પૂછ્યું, ''કેમ છો? શું તમને તમારા અટકાયેલા બધા પૈસા પાછા મળ્યા?'' ધનરાજે કહ્યું, ''ખરેખર તો તેણે બધા પૈસા પાછા મેળવી લીધા છે.''

તેના મિત્રએ તેને પૂછ્યું, ''આટલા જલ્દી તને પૈસા કેવી રીતે મળી ગયા.'' ધનરાજે તેને બીજે દિવસે ઘરે આવવાનું આમંત્રણ આપીને કહ્યું કે હું, ''તને કોઈકની ઓળખાણ કરાવીશ જેણે મને પૈસા પાછા મેળવવામાં મદદ કરી છે.''

સોમુ તેને ઘેર ગયો. ધનરાજે બૂમ પાડી 'જીબુન્ગા.' સોમુ કોઈ કરાટે ચેમ્પીયનની રાહ જોતો હતો. તેની બદલે તેણે ૩૦૦ રતલનો ગોરીલો ચાલીને તેના તરફ આવતો જોયો. તેના મિત્રએ કહ્યું, ''મારા અટકાયેલા પૈસા ભેગા કરવાવાળો આ છે.''

તેણે તેને કહ્યું, ''જ્યારે કોઈપણ વ્યક્તિ તેના ઉછીના લીધેલા પૈસા પાછા ન કરે ત્યારે તે જીબુન્ગાને એક ચિઠ્ઠી લઈને મોકલે છે તેમાં તે ઉછીની રકમ અને વ્યક્તિનું નામ લખી નાખે છે. જીબુન્ગા ઘરમાં જઈ જરૂરથી પૈસા લઈ આવે છે. ક્યારેક વધારે પણ લાવે છે. આ રીતે તેણે પોતાના બધાં અટકાયેલા પૈસા મેળવી લીધા છે.'' તેનો મિત્ર ઘણો ઉત્તેજીત થઈ ગયો કારણ તેના ઘણા પૈસા અટકાયેલા હતા તેથી તેને જીબુન્ગા જોઈતો હતો. ધનરાજે તેના પર મહેરબાની કરી. જીબુન્ગા તેની સાથે ગયો અને તેના મિત્રના બધાં લેણાની વસુલી કરી આપી. પણ ઓચિંતા સોમુએ ધનરાજના દરવાજા ખખડાવ્યા અને કહેવા લાગ્યો. ''રાજ તેણે બધા પૈસા વસુલ કર્યા છે પણ હું તેની પાસેથી વસુલ કરી શકતો નથી.''

અટકાયેલા નાણાં તમારો ભૂતકાળ છે. આ એક ગડબડવાળી અને ચીકણી બાબત છે. તમે લેણું આપ્યું અને દેવાદાર પૈસા પાછા આપતો નથી. તમે કદાચ કાકા-મામા હશો પણ તમે બેંક નથી. તમને તમારા પૈસા પાછળ પડવું નાલેશીભર્યું લાગે છે. કદાચ તમે થાકી ગયા હશો અને પછી પ્રયત્નો તદ્દન મૂકી દીધા હશે. અત્યારે આ બાબત તમે પડતી મૂકો પણ તે કરોળિયાના જાળાની જેમ તમારા મનમાં રહે છે.

આ બાબતની બીજી બાજુ જુઓ, ગમે તેમ પણ એ પૈસા છે. વસુલીને એક રમત ગણો જેથી તમારા મનનો બોજો હળવો થાય. શરુઆત કરવા માટે જેમના લેણા પૈસા છે તેની યાદી તૈયાર કરો, તેની સાથે રકમ પણ લખો જેથી તમને સરળતા રહે. હવે એક સખત ઠરાવ કરો કે પૂછવું, પૂછવું અને સખત રીતે પૂછવું.

ગુસ્સે થઈને પૂછો, સતત પૂછો, સખત બની પૂછો, ગર્જના કરીને પૂછો પણ પૂછો. તમે જે કંઈપણ કરો પણ ગલીની બે પગ વચ્ચે પૂંછડી રાખતી બિલાડીની જેમ મ્યાઉં કરીને ન પૂછો. તમે પૂછો ત્યારે પૈસા વસુલવાનું તમારું ચોખ્ખું ધ્યેય હોવું જોઈએ. અને જો એ કામ ન લાગે તો છોડી ન દેતા. તમે તમારી પદ્ધતિ બદલી નાખો. પણ તમારા પૈસા પાછા મળવા જોઈએ જ.

વસુલીનું ડિઝાઈનર ડ્રામા કરો. જે ખરેખર અદ્ભુત કામ કરી જાય. તેમાં તમે પૈસા મેળવવાની તમારી અતિ તીવ્ર જરૂરીયાત, હૃદય સોંસરવા ઉતરી જાય તેવા ઉપાલંભો, લોકોમાં બધું જાહેર કરવાની ધમકી, દેવાદારના ઘર પર ઓચિંતું જઈ ચડવું અને તમારું લેણું ન મળે ત્યાં સુધી અડી રહેવું વગેરે હોઈ શકે. તેની પત્ની અને કુટુંબીજનોને જુદી જુદી રીતે દબાણમાં લાવવા, જો તમને લાગે કે તેમ કરવાથી તે કંઈ ઢીલો પડશે તો જ આ બધું કરો. જો તમને લાગે કે તે રોકડા આપી શકે તેમ નથી તો બદલામાં તમે કોઈ સેવા, કોઈ વસ્તુ જે તે આપી શકે તેવા સોદો કરી શકો.

એક વખત વસુલીના પ્રોગ્રામને ધક્કો વાગે અને આગળ વધતો જાય પછી એ તમારે માટે વધારે આનંદદાયક બને છે. કારણ તમે પૂછવાના અને નાટક કરવાના નવા નવા તરીકા શોધી કાઢો છો.

દરેક વસુલીનો હિસાબ રાખી તમારી સફળતાની સ્ટોરીને કાગળમાં નોંધી રાખો. આ બધામાં સૌથી અગત્યનો બદલાવ એ આવે છે કે તમારી અંદર આ પ્રક્રિયા ઉંધી થાય છે. હવે તમને જેને ઉછીના જોઈતા હોય તેવા લોકો અથવા ખોટા પ્રકારના ગ્રાહકો આકર્ષી શકતા નથી. આ તમારી પાઘડીનું ઉત્તમ છોગું છે અથવા કહો કે તમારા ખીસ્સામાં વધારાના પૈસા છે. આટલું કરો :

૧. જેણે તમારી પાસેથી ઉછીના પૈસા લીધા હોય તેનું નામ અને લેણાની રકમ લખો.

૨. તમે જે પગલાં લીધાં હોય તે અને તેની તારીખ લખો.

૩. હવે પછી તમે જે પગલાં લેવા માંગતા હોય તે પણ લખો.

૪. વસુલ કરેલાં નાણાંની રકમ અને તારીખ લખો.

ભવિષ્યમાં પૈસા અટવાતા કેમ અટકાવવા.

સજાગતા અને સખતાઈ એ બે એવા ગુણ છે જે તમારા પૈસાને અટવાતા રોકે છે. ભવિષ્યમાં પૈસાને કેમ બચાવવા તે આપણે શીખીએ.

સમજો કે તમારો કોઈ સહૃદયી મિત્ર તમારી પાસે પૈસા ઉછીના લેવા આવ્યો. તરત જ તમારે સજાગતાના ચશ્મા પહેરવા ખૂબ જરૂરી છે. અને મિત્રને પૂછો તેને પૈસાની શી જરૂરત છે. તેની જરૂરીયાતની સચ્ચાઈ ચકાસ્યા બાદ તમારા મનમાં બે વિકલ્પો ઉભા થાય છે. હા પાડો અથવા સીધેસીધી ના પાડી દો.

ક્યાંક તમારા મનના ઊંડાણમાં પણ તમને એમ લાગે કે તે પૈસા પાછા આપી શકે તેમ નથી અથવા તેની દરખાસ્ત નાણાકીય રીતે મજબૂત નથી તો પૂરી તાકાતથી 'ના' કહો. આ જ સમય છે કે જ્યારે તમે તમારા ૧૦૧ 'ના' પાડવાના બહાનાઓનો ઉપયોગ કરો. થોડાં ઉદાહરણો "મેં મારા પૈસા કોઈ કારણસર સાચવી રાખ્યા છે." "ગઈકાલે જ મેં કોઈને પૈસા ઉછીના આપ્યા." વગેરે. કદાચ 'ના' પાડતાં તમને ખરાબ લાગે પણ હમણાં ખરાબ લાગશે તે ચાલશે, નહી તો ભવિષ્યમાં ખૂબ જ ખરાબ લાગત એમ સમજો.

બીજી બાજુ જો તમે પૈસા આપવાનું નક્કી કરો તો સામે સલામતીનાં પગલાં લો. સૌથી પહેલાં પૈસા આપવાનું ટાળી તેને કોઈ બીજે દિવસે આવવાનું કહો. એવું બને કે પૈસા મળતાં થોડી પૂછપરછ કરીએ તો તેને સમજાઈ જાય કે અહીથી પૈસા સહેલાઈથી નહી મળે. જેથી કરીને એ સહેલાઈથી પૈસા લેવા ન પણ આવે. અને પછી મૂર્ખ બનીને તેને શોધવા જતા નહી.

છતાં જો તે પૈસા લેવા આવે તમારાં સલામતીના ચશ્મા ફરી પહેરો અને વિચારી જુઓ પૈસા આપવા સિવાય બીજી કોઈ રીતે તમે તેને મદદ કરી શકો એમ છો. તે કોઈ સારો વિચાર હોય કે કોઈને મળવાનું પણ હોઈ શકે વગેરે.

ઘણીવાર આપણને લાગે કે પૈસા આપવા એ જ મદદ કરવાની ઉત્તમ રીત છે. પણ એમ ન પણ હોય. એવી મદદ ખરેખર તેના જીવનનો વિનાશ પણ કરી શકે. કારણ સહેલાઈથી પૈસા મળવાથી તે રોગી બની જાય.

આ બધા છતાં જો તમે તેને પૈસા આપો તો પહેલાં પૂછી લો કે ક્યારે અને કેવી રીતે આ પૈસા તે પાછા આપશે. અને ખાતરી કરો કે તે જે કહે છે તે ખરેખર શક્ય છે, નહી કે કોઈ પરીકથાની જેમ અશક્ય.

છેવટે તેણે જેટલા માગ્યા હોય તેના કરતાં ઓછા આપો. અહી ઓછા એટલે ૫૦ થી ૬૦ ટકા માગેલા પૈસા કરતાં ઓછા. આ પદ્ધતિને દરેક વખતે અનુસરો. અને

આ રીતે તમારા પૈસા અટવાતા અટકશે.

યાદ રાખો તમે પોતે તમારા પૈસાનું રક્ષણ કરી શકો છો બીજું કોઇપણ નહી.

પૈસા અને રહસ્યો

જો કાળી બિલાડી તમારા પૈસા લઇ જાય...

મને ઘણા લોકોએ પ્રશ્ન પૂછયો છે શું કરવું?

“જો કાળી બિલાડી રસ્તો આંતરે તો અપશુકન કહેવાય શું કરવું જોઈએ?

મહેરબાની કરીને નીચેના સૂચનોનું કાળજીપૂર્વક પાલન કરો.

જો કાળી બિલાડી તમારો રસ્તો આંતરે, તો બે પગલાં પાછળ હટો અને બિલાડીને રસ્તો ઓળંગી લેવા દો. પછી શાંતિથી ૧૨૦ સેકન્ડ પસાર કરો. પછી તમારો જમણો પગ ઉપાડો. હંમેશા જમણો પગ પહેલાં અને ડાબો પછી. ત્રણ ડગલાં આગળ ચાલો. પહેલાં જમણી બાજુએ જુઓ પછી ડાબી બાજુએ... ખાતરી કરી લો કે હજી વધારે બિલાડીઓ આવતી નથીને.

ઉપરના બધાં સૂચનો ત્યારે જ અનુસરજો:

જો તમે ઉંદર હોવ.

ઘણાં વર્ષોથી માણસે તેને ઈશ્વરદત્ત શક્તિઓ ગુમાવી છે. તેથી તે ઘણા વહેમો પાળે છે. તે ઘણો નબળો બની ગયો છે. ઘણા પાગલ જેવા વહેમો એ માને છે તેને સવાલ કરીને કે કારણો આપીને અટકાવી દેવા જોઈએ. આવી કોઈ પણ મૂર્ખાઇ પૈસાના ફાયદા અથવા નુકશાન સાથે ક્યાંય ઉંડે ઉંડે પણ જોડાયેલા નથી.

ભગવાને આપેલી માનવીય શક્તિઓના થોડા ટકાપણ ઉપયોગ કરીએ, અને આપણે એક સન્માનજનક જીંદગી જીવીએ એ જરૂરી છે.

ભવિષ્યમાં મારા માટે શું ધરબાયેલું છે.

એ ઉનાળાની સરસ સાંજ હતી. હું રસ્તા પર ચાલતો હતો. એક ખૂણામાં એક માણસ હતો તે સાવ નંખાયેલો લાગતો હતો. અને તેની પાસે પાંજરામાં પોપટ હતો. તે પણ માંદલો લાગતો હતો. આ દૃશ્ય ભારતમાં ઘણી જગ્યાએ જોવા મળે છે. પોપટ જે કાર્ડ કાઢે તે વાંચીને આ માણસ ભવિષ્ય કહેતો હતો.

ત્યાંજ એક કાળી ચળકતી ગાડીમાંથી પૈસાવાળો લાગતો એક માણસ ઉતર્યો. તે સીધો જ પોપટવાળા માણસ પાસે ગયો. મેં ગરીબ માણસના ચહેરા પર ચમક નોંધી કારણ ઘણા લાંબા સમય પછી તેને ખાવાનું મળવાના આસાર લાગતા હતા. તે ખૂબજ ખુશ થયો હશે કારણ રસ્તા પર આવા પૈસાવાળા ગ્રાહક રોજ મળતા નથી હોતા.

પોપટ જલ્દીથી પાંજરામાંથી બહાર આવ્યો તેણે એક કાર્ડ ઉંચક્યું અને જલ્દીથી તેના માલિકને આપ્યું. ભવિષ્યવેત્તાએ એ કાર્ડને ખૂબ ઉંડા વિચારપૂર્વક જોયું. આ બધા સમય દરમ્યાન પૈસાવાળો માણસ ખૂબ આતુરતાપૂર્વક જાણવા ઈચ્છતો હતો કે તેના ભવિષ્યમાં શું ધરબાયેલું છે.

હું આ દૃશ્ય આશ્ચર્યથી જોઈ રહ્યો. કદાચ આ પૈસાવાળો હસ્તશાસ્ત્રી, ગ્રહશાસ્ત્રી, ન્યુમરોલોજીસ્ટ વગેરેના ખોટાં ભવિષ્ય કથનથી થાકીને આ પોપટ પર વિશ્વાસ કરવા પ્રેરાયો હશે. અને બિચારો પોપટ પોતે જ પાંજરામાં પૂરાયેલો હતો, રાહ જોતો હશે કે તે ક્યારે આમાંથી છૂટી સ્વતંત્ર બનશે. આ એક વિડંબના જ છે.

પુરાતન સમયમાં ચાના પત્તા, રમતના પાસા, હસ્તરેખા જોવી, ચહેરો વાંચવો, નંબર જોવા, ગ્રહોના સ્થાન જોવા, પોપટ, માખી, ગરોળી વગેરે માણસના ભવિષ્યને વાંચવા માટે સહારો બનતા.

નાણાબાબા માટે એવું ભવિષ્ય ભાખવામાં આવેલું કે તેમને માટે ૯ નો આંકડો શુકનવંતો છે. ૯ ના આંકડા સાથે તે જે કંઈ પણ કરશે તે તેમની તરફેણમાં રહેશે. ૯ મી તારીખે અને ૯ મા મહિનામાં નાણાબાબાએ ટી-શર્ટ પર ૯ લખાવ્યું. તેઓ એક નંબર પ્લેટવાળી ગાડીમાંથી ઉતર્યા. જે નંબર ૯ હતો. તેઓ ડરબી રેસમાં ગયા જ્યાં ૯ લાખ ૯ નંબરના ઘોડા પર લગાડયા.

રેસ શરૂ થઈ નાણાબાબાએ પરિણામ જાણવા ડોક લંબાવી અને તેમને સરિયામ નિષ્ફળતા સાંપડી કારણ તેમણે બધા પૈસા ગુમાવી દીધા હતા અને એમનો ઘોડો પણ ૯ મો આવ્યો હતો.

ઘણાને પોતાનો અંધકારામય સમય ક્યારે પૂરો થાય છે. તે જાણવું હોય છે. તો કેટલાંકને પોતાનો સૂરજ ક્યાં સુધી તપતો રહેશે તે જાણવું હોય છે.

જેઓ ઘણા વર્ષોથી આ વિષયમાં નિષ્ણાત હોય તેમની સલાહ લેવામાં કંઈ નુકશાન નથી. ખરો નિષ્ણાત તો એ છે જે તમને તમારું ભવિષ્ય ઘડતાં શીખવાડે, ફક્ત ભવિષ્ય ભાખે નહી. તે તમારા મનમાં યોગ્ય શબ્દો અને યોગ્ય વિચારોનાં બીજ રોપે છે.

જ્યારે તમે ખોટા લોકોની વચ્ચે હોવ ત્યારે તમારા સપડાવવાની તૈયારી વધારે હોય છે. તમારું મન નકારાત્મક વિચારો સ્વીકારી માની લેવાની શરૂઆત કરે છે. અને તમારું ભવિષ્ય ચોક્કસ નષ્ટ થાય છે. ખોટું થવું એવું તમારા નસીબમાં લખાયું છે તે માટે નહી.

સૌથી મોટો ખતરો એ છે કે જે ભવિષ્ય ભાખવામાં આવે છે. તે ખરેખર સાચું પડવા લાગે છે. ત્યારે તમે હંમેશ માટે સપડાઈ જાવ છો. પછી જેણે તમારું ભવિષ્ય ભાખ્યું હોય તે માધ્યમના નશાની તમને ટેવ પડી જાય છે. હવે તમે તમારી વ્યક્તિગત શક્તિઓ પણ ગુમાવી દો છો.

દરરોજ સવારે વર્તમાનપત્રમાંથી તમારી રાશી ભવિષ્ય સૌથી પહેલાં વાંચવું એ આવી ભયંકર ટેવનું પરિણામ છે. મહેરબાની કરીને તમારા મનના ખતરાઓને જાણો. તે નકારાત્મક વિચારો સ્વીકારવા વધારે તૈયાર હોય છે. અને સકારાત્મક વિચારોને તે નોંધતું પણ નથી.

શુકન, અપશુકન અને રશિયન રુલેટ

તમારામાંના ઘણાને નસીબ એટલે ખરેખર શું એ સમજાયું હોતું નથી અને તમે તેનું સારું અને ખોટું એવું મુલ્યાંકન કરો છો તે પણ તમને સમજાયું નથી હોતું.

'હું નસીબદાર છું', 'હું બદનસીબ છું', 'આ શુકન છે.' અથવા 'આ અપશુકન છે.' આવા વાક્યો દિવસમાં ઘણી વખત તમે બોલો છો.

જ્યારે 'પૈસાની બાબતમાં' તમારા પાસા સવળા ન પડે ત્યારે તમે કહો છો નસીબ 'ખરાબ' છે. એવું લાગે છે કે તમારી પાસે બે પ્રકારની છાપ છે. તેને તમે તમારા જીવનમાં તમારા મનના સંચાલક બળ સાથે જડી દીધી છે.

એક વખત એવો હતો કે 'સભ્ય સમાજમાં' મા બનનારી સસલીના પગલાં શુકન માટે સૌથી ઉત્તમ ગણાતા હતા. શું એ ગરીબ બિચારી સસલી માટે પોતાનું જીવન અને પગ ગુમાવવો નસીબ હતું? જ્યારે તમે શુકનનું લેબલ કોઈ વસ્તુ પર લગાડો ત્યારે તમારા જીવનની શક્તિ અને તાકાત એ વસ્તુ પર નિર્ભર રહે છે. જ્યારે જ્યારે તમે શુકનનું લેબલ વાપરો છો ત્યારે ત્યારે તમે તમારી આંતરિક શક્તિ ગુમાવો છો.

અપશુકનનો છાપો તેનાથી પણ ખરાબ છે. અહી તમે તમારી પોતાની જવાબદારીથી ભાગો છો અને તમે એક પિંજરામાં સપડાઓ છો જેમાં રહેવું તમને ગમે છે. પછી તમારી અસફળતાની જવાબદારી લેવાનું તમે વિચારતા નથી અને અપશુકનનું મુલ્યાંકન કરો છો.

આ 'રશિયન રુલેટ' નામની રમત માણસ પોતાની સાથે જ જીવનમાં ઉત્તેજના અને આનંદ માટે રમે તેના જેવું છે. આ રમતમાં છ બુલેટવાળી રીવોલ્વરમાં એક જ બુલેટ નાખવામાં આવે છે અને તેના મેગઝીનને ગોળ ગોળ ફેરવવામાં આવે છે, તેથી તમને ખ્યાલ નથી રહેતો કે બુલેટ ક્યાં છે. પણ તે રીવોલ્વર પોતાના માથા પર મૂકી ટ્રીગર ખેંચે છે. જો તમારું નસીબ સારું હોય તો રમત ત્યાં પૂરી થઈ જતી નથી? અને જો તમારું નસીબ ખરાબ હોય તો રમત ખતમ થઈ જાય. ગમે તેમ પણ આવી રમત રમવી જ શા માટે?

જીવન તમારી સામે બંદૂકમાંથી ગોળી છૂટે તેવા પ્રસંગો ઉભા કરે છે. જીવન પ્રસંગ ઉપસ્થિત કરતાં પહેલાં કોઈને પૂછતું નથી. આપણને જીવનની પદ્ધતિઓ ન ગમે તેનો અર્થ એ નથી કે જીવન તમારા પર ગોળી નહી છોડે. આ બધામાં તમારા હાથમાં એટલું જ છે કે અક્કલથી કામ લેવું અને મૂર્ખાઇથી ન વર્તવું.

શુકન અને અપશુકનના લેબલ આપણે કોઈવસ્તુ અથવા કોઈ પ્રસંગ પર લગાડશું તો તે તમને જીંદગીભર પાંજરામાં પૂરી રાખશે. તમારા જીવને તમને આપેલી

સ્વતંત્રતા તમે માણી નહી શકો અને હંમેશા તમે તમારી રચેલી જેલમાં જ રહેશો.

જો તમે શુકન કે અપશુકન શબ્દ તમારા શબ્દકોષમાંથી કાઢી નાખશો તો તમારું જીવન ખરેખર મુક્ત અને સ્વતંત્ર બનશે.

પૈસા અને કુટુંબ

ભારતીય 'ઘર' બનાવનાર સ્ત્રીને સો સો જુહાર.

રાત પૂરી થઈ દિવસ ઉગવાની તૈયારીમાં છે. સવાર પડવાની જ છે. સૂરજ હજી ઉગવાની તૈયારી કરે છે તે પહેલાં ઘરની સ્ત્રી ઉઠી ગઈ છે. હવે તે ઘરની બહાર ઝાડું કાઢે છે અને પછી ઘરનું આંગણું સાફ કરે છે પછી ઘરમાં પોતું કરે છે. તે એકલી એકલી જ પ્રભાતિયું ગાય છે. અને નવી સવારને ઉત્સાહથી વધાવે છે. તે તુલસીના છોડમાં પાણી નાખી પૂજા કરે છે અને જુદા જુદા રંગોથી રંગોળી પૂરે છે.

હવે તે ઘરની અંદરથી વાળે છે. અને પવિત્ર સ્નાન કરીને પૂજા ઘરમાં આવે છે. તે પછી તોરણ બાંધે છે, દિવો કરે છે અને અગરબત્તી જલાવે છે. તે પોતાના પતિ, બાળકો અને કુટુંબીજનોની પ્રગતિ માટે પ્રાર્થના કરે છે. હવે આખું વાતાવરણ પવિત્રતા અને આશીર્વાદથી ભરાઈ જાય છે. તે પોતાના ઘરને એટલું પવિત્ર બનાવે છે કે ભગવતી લક્ષ્મીને તેને ઘેર પગલાં પાડવા જ પડે છે. જે દેવી સમૃદ્ધિ અને સંપત્તિનું કારણ છે.

સ્ત્રીઓનું પ્રદાન એટલું બધું છે કે તેમને ઘર સંભાળનારી કહેવું નિમ્નકક્ષાનું લાગે છે. તેમને તો ખૂબ જ શ્રદ્ધા અને માનથી ઘરને બનાવનારી કહેવી જોઈએ.

તે ઘરની, બાળકોની, રસોઈની અને બીજાં નાનામોટાં કાર્યોની ખૂબ જ કાળજી કરે છે. ઘણી સ્ત્રીઓ ઘરનો મોરચો સંભાળવા ઉપરાંત નોકરી કરે છે અથવા ધંધો સંભાળે છે તેમને સલામ કરવી જ રહી. કેટલીક વખત જ્યારે પતિ બિમાર હોય તો તે ભગવાનને પ્રાર્થના કરે છે. કે "તેને સાજો કરી દે ને બદલામાં તે માંદગી મને આપી દો." તેના અસ્તિત્વમાં જ તેની શરણાગતિ છે.

હવે ઘરનો પુરુષ પોતાની સંપૂર્ણ શકિત અને ધ્યાન પૈસો અને સંપત્તિ બનાવવામાં કરી શકે છે. સંપત્તિ બનાવવાની સરખે સરખી જવાબદારી તેની પણ છે.

જેથી ભારતીય પરંપરામાં હંમેશા એમ કહેવામાં આવે છે, "મહેરબાની કરીને ઘરની લક્ષ્મીનું (સ્ત્રીઓનું) ધ્યાન રાખો. કારણ તેમના થકી જ લક્ષ્મી (પૈસો) ઘરમાં આવે છે.

સૌથી મોટું મતામતાંતર

મનીબાબા ખૂબજ સફળ અને ખુશ માણસ હતા. તેમનો નજીકનો મિત્ર અને ઓફીસમાં સાથે કામ કરતો ચિંતા મોહન તેમનું રહસ્ય જાણવા ખૂબ આતુર હતો. તે એક દિવસ મનીબાબા પાસે ગયો અને કહ્યું કે તે એક દિવસ માટે તેમના ઘરે રહેવા માંગે છે. મનીબાબાએ તરત જ તે કબૂલ કર્યું.

તે દિવસ ખૂબ ધમાલનો હતો. મનીબાબા માટે ઓફીસનું કામ ખૂબ જ દોડધામવાળું હતું. તેમણે ઘણી બધી બાકી રહી ગયેલ બાબતો અને પ્રશ્નો ઉકેલવાના હતા. થાકેલા તેઓ ઓફીસ પછી મનીબાબાને ઘેર જવા નીકળ્યા. ઘરમાં પગ મૂકતાં પહેલાં મનીબાબાએ કંઈ વિચિત્ર કામ કર્યું જે ચિંતા મોહને નોંધ્યું. તેમણે ન દેખાય તેવી ખૂંટી પર તેમની મોટી બેગ ટીગાડી અને પછી ઘરમાં દાખલ થયાં.

પછી તેમની ઓફીસની બધી ચિંતાઓ અને તાણ તેમની સાથે હતી તે અદૃશ્ય થઈ ગઈ. તેઓ આનંદથી પોતાના બાળકો સાથે રમવા લાગ્યા. તેમના પત્ની પણ ખુશ હતાં. કારણ તેમણે તેને રસોડામાં મદદ કરી. આખું કુટુંબ આનંદમાં હતું અને એક સામાન્ય દિવસ પણ તેઓ ઉજવતાં હોય એમ લાગતું હતું.

બીજે દિવસે ફરીથી ચિંતા મોહને જોયું કે મનીબાબાએ કંઈક કર્યું. તે પેલી અદૃશ્ય ખૂંટી પાસે ગયો તેણે પોતાની બેગ ઉપાડી અને ઓફીસ તરફ ચાલવા માંડયું. ઓફીસે પહોંચતાં જ જે પ્રશ્નો અને બાબતો તેની સામે હતી તેમાં એકાગ્ર બની તેમનો ઉકેલ લાવવામાં ખૂંપી ગયો.

ખૂબ ઉત્સુકતાથી ચિંતા મોહને મનીબાબાને પેલા વિચિત્ર બેગ ટીગાડવાના નાટકને વિષે પૂછયું.

મનીબાબાએ કહ્યું જ્યારે એ ઘેર આવ્યો ત્યારે તેણે બેગ ટીગાડી દીધી હતી તે બતાવે છે કે તેને ઓફીસની ચિંતાઓ અને બોજો ઘરમાં લઈ જવો નહોતો.

બીજે દિવસે તેણે બેગ ઉપાડી લીધી જેથી ઓફીસમાં ચાલતા અગત્યના પ્રશ્નો અને બાબતો તેને યાદ આવે અને તેમને શાંતિથી હલ કરી શકે. જેથી કરીને તેને તેના ઘરને ઓફીસમાં લઈ જવું નહોતું. જેથી નવા ઉત્સાહથી એ બધા પ્રશ્નોના જવાબો શોધી શકે. આ તેની સફળતાનું રહસ્ય છે.

સૌથી મોટો કોયડો એ છે કે લોકો ઘર ઓફીસે લઈ જાય અને તેમની ઓફીસ ઘરે લાવે છે. આની આડ અસર એટલે ઓફીસ-કામમાં ‘સુઘડતા નહી અને કુટુંબમાં આનંદ નહીં’ જેવી સ્થિતિ પેદા થવી. જીવનનાં બંને મહત્ત્વનાં કાર્યક્ષેત્રો ઓફીસ અને ઘર પર ખરાબ અસર થાય છે. જો ઓફીસે પહોંચીને ૫ થી ૧૦ મિનિટ

ધ્યાન કરીએ તો કેટલું સારું. આ રીતે આપણે ઓફીસ ખૂબ પ્રફુલ્લિતતાથી અને ઉત્સાહથી શરૂ કરી શકીએ. આમ જ આપણે ઘરમાં પણ કરી શકીએ.

હવે કામ અને કુટુંબ વચ્ચે સમયની વહેંચણી કરવાનો કાળ આવી ગયો છે.

'ડીનર' કંઇ જુદું જ હોવું જોઇએ.

કલ્પના કરો કે આખું કુટુંબ ડીનર ટેબલ પર સાથે બેસીને એકબીજાની હૂંફ અનુભવી રહ્યા છે. તમે પૈસાની બાબતની વાતચીત ચલાવો છો. કુટુંબની દરેક વ્યક્તિ પોતાનો દિવસ કેવો ગયો તેવું બીજાઓને કહે, એમાં પૈસાને લગતી બાબતો અને પૈસાને લગતા અગત્યના નિર્ણયો તેણે કેવી રીતે લીધા તે મહત્ત્વનું હોય. તમારી પત્નીએ કોઈ અગત્યની તડજોડ કરીને કંઈ ખરીદ્યું છે એ જાણવું કેટલું રસપ્રદ બની રહે. તમારાં બાળકોએ તેમની 'પીગી બેન્ક'માં પૈસા બચાવ્યા છે એ જાણીને તમે કેટલા ખુશ થાઓ. તેઓ બધાં જ્યારે જાણે કે તમે પગાર વધારો માગ્યો હતો અને એ તમને મળ્યો પણ, ત્યારે બધા કેટલો ગર્વ અનુભવે. આ બધી ન્યાયિક, ખુલ્લી અને પારદર્શક પૈસાને લગતી વાતો હોય જેમાં કોઈની નિંદા અથવા કોઈનો પક્ષપાત ન હોય.

આ રીતે ડીનર ટેબલ પર આખું કુટુંબ પૈસાને લગતી વાતો શીખે છે. અને તેમનામાં એક અનોખું પોતાપણું આવે છે. જ્યારે કુટુંબની કોઈપણ વ્યક્તિ પૈસાને કુશળતાથી અને ધ્યાનપૂર્વક ફેરવે તો બધા એ તેને શાબાશી આપી ઉજવણી કરવી જોઈએ. હવે કુટુંબની દરેક વ્યક્તિ બીજા એવા ભોજનની રાહ જુએ છે જયાં એ બીજા બધાને પોતાના પૈસાને લગતી અદ્‌ભુત ઉપલબ્ધિને વર્ણવી શકે. જેથી દરેક ડીનર પછી પૈસાની બાબતની જાગરૂકતા વધશે કારણ બધા જાગરૂક છે. અજાણતાં જ તમારા જીવનમાં આવનાર ઘણા આનંદી પ્રસંગોનો પાયો નંખાય છે.

જે કુટુંબમાં બધા ભેગા મળીને જમે છે અને ભેગાં જ પૈસાની બાબતોની ચર્ચા કરે છે. તેની પ્રગતિ પણ સમૂહમાં થાય છે.

પૈસા અને વ્યવસ્થાપન

મૂલ્યની સાંકળ પર ઉપર ચઢવું-કાકડીની પધ્ધતિ

આ એક અસામાન્ય કાકડીની વાત છે. એક વખત એક નાના ગામડામાં ઘણી બધી કાકડીઓ રહેતી હતી. આમાંની એક કાકડી ખૂબ હોંશિયાર અને ચતુર હતી. દરરોજ આ કાકડીની ડહાપણ ભરી વાતો સાંભળવા બધી કાકડીઓ ભેગી થતી હતી. એક દિવસ તેણે મૂલ્ય વધારો અને કિંમતની ડહાપણભરી વાત બધાને શીખવી.

જો કાકડી ખેતરમાં હોય તો લોકો તેને મફતમાં ઉપાડી જાય છે. કાકડીની મૂલ્ય સાંકળ ઉપર ચઢતી જાય છે, જ્યારે તે બજારમાં જાય છે, અને કિલોમાં વેચાય છે. હવે બજારમાં તેની કિંમત ૧ રૂા. છે. વેપારી આ કાકડી ખરીદે છે તેને ટુકડા કરી મીઠું નાખી તૈયાર કર્યા બાદ તે ટ્રેનમાં ૩ રૂા.માં વેચાય છે.

હવે હોટલવાળો આ કાકડી તેની હોટલ માટે ખરીદે છે. હવે કાકડી સુંદર રીતે શણગારાયેલા કચુંબરના રૂપમાં આવી જાય છે. હવે નાની હોટલમાં કિંમત રૂા. ૨૦ અને પંચ તારક હોટલમાં ૨૦૦ રૂપિયાની, કારણ તે ચાંદીની તાસકમાં પીરસવામાં આવતી હોય છે. બધી કાકડીઓ આ આશ્ચર્યજનક બદલાવની અંદર ડોકિયું કરી મૂલ્ય સાંકળમાં ચઢતી કિંમતનો બદલાવ માણી રહી.

જો સાદી કાકડી પોતાની કિંમત વધારી શકે તો આપણે આપણાં આટલાં વિપુલ સાધનોથી શા માટે આપણી કિંમત વધારી ન શકીએ.

તમારા માલ-સામાનની કિંમત જુઓ. તમે ઘણાં વર્ષો પહેલાં જે ભાવ લેતા તે જ ભાવ પર અટકેલા છો? શું તમે હરીફાઈથી એટલા ડરી ગયા છો કે તમારામાં કિંમત વધારવાની હિંમત જ નથી? ઓછા ભાવે માલ આપવો એ બજાર બહોળું કરવાનો ઉપાય નથી. સસ્તું એટલે લોકો તે ખરીદવા ગાંડા થઈ જશે એવું નથી.

તમારામાંના ઘણા જ્યારે માલ-સામાનની કિંમત વધારવાનો સમય આવે ત્યારે અવાચક બની જાય છે. જ્યારે ભાવ વધારવાનો સમય આવે ત્યારે તમે મનમાં એટલા ડરી જાઓ છો કે ભાવ વધવા દેતા નથી. તમે ભાવ વધારાથી ઉભી થતી દરેક મુશ્કેલીથી ડરો છો. તમારા ગ્રાહક ઓછા થઈ જશે. લોકો ખરીદશે નહી તો ગ્રાહક બીજી દુકાને ચાલી જશે તો વગેરે. વસ્તુ તમારા ધ્યાનમાં એકાએક આવી જાય છે. અને તમે જે ભાવે વસ્તુ વેચવાની શરૂઆત કરી હોય ત્યાં જ અટકી જાઓ છો. તમે કકળાટ કરો કે રોદણાં રોવો કે ભાવ વધારો થયો છે, ફુગાવો છે વગેરે પણ કંઈ વળતું નથી. ભાવ બજાર કરતાં મન પર વધારે આધાર રાખે છે. તમે પોતે તમારી વસ્તુ તમારા મનમાં સસ્તી વેચો તો એ તમારી સમસ્યા છે.

દરેકે મૂલ્ય સાંકળમાં ઉપર ચઢવું જ રહ્યું. હું તમને ઉગ્રતાથી કહું છું કે ભાવ વધારવાનો મજબૂત નિર્ણય તમે લો. તમે કિંમત ખૂબ જ ન્યાયપૂર્વક વધારો તો તમારા રોજના ઘરાકો તેમના પૈસાની કિંમત કરી જાણશે. ભાવ વધારાનો આવા ઘરાકોને કોઈ ફેર પડતો નથી.

તમારી સહુલિયત વધારો. તમારો નવો વધારેલો ભાવ બજારમાં ચકાસી જુઓ અને તમને સમજાશે કે અરે આ તો ઘીના ઠામમાં ઘી પડી જ રહે છે.

બરફના ગોળાની અસર

હીમપ્રપાત ચાલુ થાય ત્યારે એક નાનકડો બરફનો ટુકડો અથવા ગોળો ઢળાણ પર ગબડવા લાગે છે. તેને ધક્કો વાગતાં તે ગતિ પકડે છે અને પછી વધારે બરફ ભેગો કરતો તે ગોળો ઢોળાવના રસ્તામાં તેનો ઘેરાવો વધારતો જાય છે. પછી વધારે ને વધારે બરફ સરકવા લાગે છે. પછી તો તે હજારો ટનનો બરફનો ખડક બની જાય છે. અને લોકોને અને વસ્તુઓને દાટી દઈ ગામડાંઓને કબ્રસ્તાન બનાવી દે છે.

પૈસા માટે પણ આજ સિદ્ધાંત લાગુ પડે છે. પ્રગતિ એક પછી એક બનતા બનાવોથી થાય છે. એ જ રીતે અધોગતિ પણ એક પછી એક બનતા પ્રસંગોની સાંકળ હોય છે.

કોઈ પણ પ્રશ્ન શરૂ થાય તેવો તેના પર હુમલો કરો, કળીને જ તોડી લો જેથી પાછળથી પસ્તાવાનો વારો ન આવે અને ખરાબ બનાવોની હારમાળાનો ચક્રવ્યુહ તોડી શકાય.

સારા પ્રસંગોની હારમાળા ઉત્પન્ન કરવા માટે તેના પ્રવાહને અટકાવો નહીં. ગાફેલ અથવા બેફીકર ન રહો અને મનને નાણાકીય પ્રવૃત્તિથી ન હટાવો. અરે, પૈસા ગણવા માટે પણ ન થોભો. જો તમે વધારે થાક ખાવા પણ ઉભા રહેશો તો તમે પોતે તમારી ગતિને શંકાની નજરથી જોશો. તેથી ફક્ત આગે બઢો આને કહેવાય મોજાં પર સવારી કરવી.

તમે આનું પ્રતિબિંબ રોજે રોજના જીવનમાં જોશો. દા.ત. પહેલું કામ તમે એ કરો કે તમારી સવાર સારી જાય. પછી તમે જોજો તમારો આખો દિવસ સરસ જશે. ધારેલા બનાવો જ્યાં થવા જોઈએ ત્યાં જ બનશે આ વાત ગતિ પકડશે.

આ કાર્ય પદ્ધતિ હંમેશા ચાલુ રાખો. જાણતાં અથવા અજાણતાં તમારા નાના બનાવને હિમપ્રપાત બનતા અટકાવો.

ઉપર ઘણા મુર્ખાઓ છે.

લોકો કહે છે કે ઉપર ઘણી જગ્યા ખાલી છે. પણ જો ઘણી જગ્યાઓ ઘણા બધા આવડત વગરના મુર્ખાઓથી ભરેલી હોય તો શુ?

અહી આપણી વ્યાખ્યામાં મુર્ખાઓ એ આવડત વગરના લોકો છે જે તમારી સંસ્થાનો એક ભાગ છે. અને તેઓ ફક્ત ઓફીસ, રાજકરણ રમીને અથવા ઉપરી અધિકારીઓને મસ્કા મારીને ત્યાં પહોંચ્યા છે. દરેક વ્યવસાયિક સંસ્થામાં એક એવું ગ્રુપ તૈયાર થાય છે જે કંઈ કામના નથી (Good for nothing) પણ ખુશામતિયા છે. આ લોકો સંસ્થાની ગતિ તથા બીજા કામદારોની કામ કરવાની વૃત્તિ સાથે ચેડાં કરે છે. બીજી બાજુ આવા લોકો ઉચ્ચ અધિકારીઓ તથા ઉપરના મેનેજમેન્ટ ને ખુશ કરવામાં ખૂબ પાવરધા હોય છે. જ્યારે તેઓ પોતે બિલકુલ ઉત્પાદન ક્ષમતા ધરાવતા નથી.

જેવું તમે આ વાંચશો કે તમે બે પ્રકારમાંથી કોઈપણ એક પ્રકારની પ્રક્રિયા આપશો. તમને ગુસ્સો આવે ખૂબ જ ગુસ્સે થાવ. જો તમને ગુસ્સો આવે તો તમે સચ્ચાઈ તપાસી લો. કારણ તમે કદાચ આ મુર્ખ પ્રકૃતિ ધરાવનાર હોવ અથવા તમને સારું લાગે. તમને ખુશી થાય કે આ અગત્યની બાબત કોઈ તો ચર્ચે છે અને તમે ચોક્કસ એક મૂર્ખાને તો ઓળખતા જ હશો. જેને દરવાજો દેખાડવાની તમારી સંસ્થામાં ખાસ જરૂર છે.

મૂર્ખાઓમાં એક વિશિષ્ટ ગુણ હોય છે. એક વખત એ ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત કરી લે પછી તેઓ તેમના જેવાજ મૂર્ખાઓના ટોળાને ભેગું કરે છે. તેમને તેમના જેવા મૂર્ખ ગધેડાઓ સાથે વધારે ફાવે છે. અને ડાહ્યા અને વધારે આવડતવાળા લોકોથી તેમને ઘણો ડર લાગે છે. તેઓ કોઈપણ રીતે ખાત્રી કરી લેશે કે હોશિયાર અને આવડતવાળા લોકોને અર્થ વગરની નાની બાબતમાં ગુંથી રાખવા.

આવો મૂર્ખ તમારી ખૂબ નજીકનો કોઈપણ હોઈ શકે. તમારા કાકાનો દીકરો જે તમારા વડદાદાના ચોથા દીકરાનો દીકરો હોય. તેમાં કોઈ ફરક નથી પડતો કારણ તેની પ્રકૃતિ ઉપર કહી તેની સાથે બંધ બેસતી આવે છે.

આ લોકોને પૈસા ખોઈ નાખનાર કહેવાય. તેઓ સુવર્ણ તક, કિંમતી દ્રવ્યો, અને ખૂબ ભયંકર રીતે આવડતવાળા લોકોને પોતાનાથી દૂર રાખે છે.

પછી એવું કેમ બને કે ઘણી સંસ્થાઓમાં ઘણા બધા મૂર્ખાઓ સાથે હોય?

કારણ ઉચ્ચ કક્ષાના મેનેજમેન્ટમાં કોઈનો 'અહમ' (ego) ખૂબ મોટો હોય તો તેની કિંમત ચૂકવવી પડે.

હવે તમારે અહમ્ ને પોષવો અથવા પૈસા અને ઉત્પાદન વચ્ચે પસંદ કરવાનું છે. પૈસા અને ઉત્પાદન પસંદ કરો તો તમારે મૂર્ખાઓને લાત મારીને દરવાજા બહાર કાઢી મૂકવા જોઈએ.

જો તમે અહમ્ને પોષવાનું પસંદ કરો તો રાહ જુઓ કે જીંદગી તમને તમારા ઘરના દરવાજાની બહાર ક્યારે કાઢી મૂકે છે.

“મૂર્ખાઓને સાફ કરવાનું’ રાખો અથવા તમે પોતે આઉટ થઇ જાઓ તેની રાહ જુઓ.

એકે હજારાં (One man Army)

તમારી વ્યવસ્થામાં ક્યાંક કોઈ એક માણસ 'એકે હજારાં' હોઈ શકે. તમારા જાણ્યે અજાણ્યે તે માણસ ચમત્કારીક ચહેરો ધરાવે છે. તમારા પૈસાની સફળતામાં પાછળ તેનો હાથ હોય છે. તે માણસ તમારી સંસ્થામાં છે ફક્ત તેનાથી જ પૈસા તમારી પાસે આવ્યા કરે છે. તે માણસને કાઢી નાખો અને પૈસા અદૃશ્ય થઈ જશે. તે કામદાર ભલે સ્ત્રી હોય કે પુરુષ પણ તે ઘણો બધો ફરક લાવી શકે છે.

ઘણી વખત એક વ્યક્તિ ૫૦ માણસો અને ઘણા બધા મશીન કરતાં પણ અસરકારક હોય છે. ગમે તેટલા ટેકનોલોજીકલ બદલાવ પછી પણ તે એક ચહેરાની બદલીમાં કોઈ ગોઠવાઈ શકતો નથી. ખેદજનક છે કે ઘણી મોટી સંસ્થાઓમાં તેમના માનવીય દ્રવ્યનું (Human resource) મૂલ્યાંકન ઓછું કરવામાં આવે છે. અને તેમને પૂરતા વપરાતા નથી અને ફરીયાદ કરવામાં આવે છે કે સંસ્થામાં પ્રગતિ નથી, સફળતા નથી.

જગતનો ઈતિહાસ એવા ઘણા દૃષ્ટાંતોનો સાક્ષી છે જેમાં ટચુકડી સંસ્થાઓ મોટી બહુરાષ્ટ્રીય કંપનીમાં ફેરવાઈ ગઈ હોય. અહી એવા ઉદાહરણો પણ છે કે એટલા મોટા વ્યક્તિત્વના દાખલ થતાં જ અથવા એક યોગ્ય વ્યક્તિના જતાં સંસ્થાઓ ધોવાઈ જાય છે.

તમારી સંસ્થાના આ ચમત્કારિક ચહેરાને ઓળખી કાઢો. તે ચહેરો તમને દેખાતા બધા ચહેરાઓ પાછળ છુપાયેલો પણ હોય. જેનો એવો ચહેરો છે તેને માન આપો. તેનો આભાર માનો અને તમારા તરફથી સદ્ભાવના દર્શાવો. જ્યારે તમે માનવ શક્તિઓમાં રોકાણ કરો ત્યારે તે ચમત્કારી ચહેરો આનંદમાં આવી જશે. અને તમે પણ આનંદમાં રહેજો. આ બધા ઉપરાંત તમારું પૈસા ગણવાનું મશીન પણ આનંદથી ખણખણાટ કરતું રહેશે.

હવે ખંભાતી તાળું ખરીદવાનો સમય થઇ ગયો છે.

તમે કોઈપણ ધંધામાં અથવા સેવાક્ષેત્રમાં હોવ પણ ધંધા પ્રત્યે એકલક્ષતા એ પ્રગતિની ચાવી રૂપ છે. એકલક્ષતાની સાથે સાથે દરેક નાનામાં નાની બાબત પ્રત્યે નજર રાખવાની આવડત આવી જાય છે. જે ધંધાને સફળ બનાવે છે.

આ વાત ભૂલી જાઓ તો બધું સતોલિયાની લાદીના ટૂકડાની જેમ પડી જાય છે.

ગ્રાહક તમારું ધ્યાન દોરવા માટે કલાકોથી રાહ જોઈ રહ્યો છે. પણ તેનું ધ્યાન કોઈએ આપ્યું નથી. પૂરતી વસ્તુઓ મળતી નથી. આવડત વગરના કામદારો, સભ્યતા વગરના સેલ્સના માણસો. જો તમે તમારી વ્યવસાયિક સેવાઓનું ધોરણ વધારી ન શકો તો તમે બદલાતી દુનિયા સાથે કદમ મિલાવી શકતા નથી. અવ્યવસ્થિત ધારા ધોરણો અને વ્યક્તિગત રસનો દુકાન ચલાવવા માટે અભાવ, જેવી ઘણી સમસ્યાઓ હોય તો તમારી દુકાનની દિવાલો પર 'ટાઈટાનીક' કરતાં જલ્દી ડૂબવાની નિશાનીઓ જોઈ શકાય છે.

એક બેદરકાર દુકાનદારનો કિસ્સો છે.

ગ્રાહક દુકાનદારને : "કોઈ મારા પર ધ્યાન આપશો, મહેરબાની કરશો?"

દુકાનદાર ઉંઘમાં : "હા, કહો તમારે શું જોઈએ છે?

ગ્રાહક : "આ વસ્તુ છે?"

દુકાનદાર : (ધીમેથી શોધીને લાંબા સમય બાદ) "ના"

ગ્રાહક : "શું બીજી બ્રાન્ડ મળશે?" (નામ આપે છે)

દુકાનદાર : (અડધી આંખો બંધ રાખીને) "સ્ટોકમાં નથી."

ગ્રાહક : "પછીથી શોધી રાખવા માટે શું તમે (વરદી) ઓર્ડર લઈ લેશો?"

દુકાનદાર : "અમારી મેનેજમેન્ટના વ્યવહારમાં અમે કોઈનો ઓર્ડર (વરદી) આગળથી લઈ રાખતા નથી"

ચિડાયેલો ગ્રાહક : "શું હું તમારા માલિક સાથે વાત કરી શકું?"

દુકાનદાર : "તે ક્યાંક ખરીદી કરવા ગયા છે."

ગ્રાહક : (ખૂબ જ ગુસ્સાથી) "શું તમારી પાસે ખંભાતી તાળું છે?"

દુકાનદાર : "ના, શા માટે?"

ગ્રાહક : "જલ્દી ખરીદી લે કારણ તેની તારે હમણાં જ જરૂર પડવાની છે."

પૈસાના પ્રવાહને ચાલુ રાખવા માટે તમારે કેટલીક વસ્તુઓ ખૂબ જ આવડત અને સમજદારીપૂર્વક કરવી જોઈએ, પણ જો તમે ન ફીકરા હોવ તમને કોઈ રોકતું ન હોય, જો તમને પડી ન હોય તો પૈસાને આવજો કહી દો અને ચોક્કસ થોડા દિવસ જ રહી ગયા છે. એ દિવસ ખૂબ દૂર નથી હોતો કે ઓફીસ કે ધંધાની જગ્યા પર તમારે મોટું તાળું મારવું પડે, હંમેશ માટે.

પૈસો અને તમારો ચમત્કારિક સ્પર્શ.

પૈસાનો દરેકે દરેક સોદો માણસથી જ થાય છે. તમે જેટલો જલ્દી એ ચહેરો ઓળખી કાઢો અને એની સાથે સંબંધો વિકસાવો તેટલો તમારો અનુભવ વધારે ને વધારે સમૃદ્ધ બનશે. શું તમે 'માલિક' છો. જેઓ દરરોજ કામગારોને તેમના પગારની વહેંચણી કરે છે? કામદારો સાથેની પાંચ મિનિટની વાતચીત તમને સારું એવું વળતર આપી જાય છે.

આ બધું એટલા માટે કે તમે તમારા કામદારોને જતાવા માંગો છો કે તમને તેમની કેટલી બધી કિંમત છે. તેમનું અનુદાન તમારા ધંધાની પ્રગતિમાં ખૂબ ઉપયોગી છે તેવું તેમને વખાણીને કહો. તમે આ કાર્યમાં તમારી લાગણી અને અંતરઆત્માનો સાથ લઈ ખૂબજ સલુકાઈથી તેમની વ્યક્તિગત હોંશિયારી અને કૌટુંબિક સમાચારની પૂછપરછ કરીને મહિનાનો ચેક તેમના હાથમાં આપો.

હવે પૈસાના તત્ત્વ સાથે બીજું કંઈ પણ ઉમેરાય છે. તમારી સહજ લાગણી તમારા કામદારની સંપત્તિ અને સમૃદ્ધિ સાથે જોડાયેલી છે. આ પૈસા કામદારના ખીસ્સાથી આગળ જઈ તે તેમના અને તેમના કુટુંબના હૃદય, મન અને આત્મા સુધી પહોંચે છે.

એ જાણીતી વાત છે કે દર્દીને દવા લખી આપવા કરતાં તેના 'ખાટલા પાસે' ડોકટરની હાજરી દર્દીને સાજા થવામાં ઘણી મદદ કરે છે. જો તમે ડોકટર હોવ અને દર્દી તમારી પાસે આવે તો તમે આશા આપો છો, વિશ્વાસ અને આનંદ પણ દવાની ગોળીઓ સાથે આપો છો. તમે કહી શકો છો. "તમારી જાણ પહેલાં આ ગોળી તમને સ્વસ્થ, આનંદમય અને બધી રીતે યોગ્ય બનાવી દેશે." આ શબ્દોની ચમત્કારીક અસર અને તમારી રીતભાત દર્દીને જલ્દીથી સાજો કરી દે છે. જે દર્દી જલ્દી સાજો થઈ જાય તે કદાચ તમારો જીંદગીભરનો મિત્ર બની જાય છે.

તમે જેને મળો તેના માટે માયાળુ અને સલુકાઇભર્યા શબ્દો વાપરવા એ બહુ સારી વાત છે. દા.ત. તમે 'ડીપાર્ટમેન્ટલ સ્ટોર'માંથી કંઈ ખરીદ્યું અને તેની કિંમત ચૂકવતાં તમે સાદું "આભાર, તમારી સેવાઓ ખૂબ જ માયાળુ છે." એમ કહો અથવા થોડી વધારાની વાતચીત જેવી કે, "તમારી દુકાન ખૂબ જ સુંદર કારીગરીથી બનાવી છે." અથવા "તમારી દુકાનમાંથી ખરીદી કરવી એ એક આનંદદાયક અનુભવ છે", કરો જે તમારા અને દુકાનના સંબંધો ખૂબજ સ્વસ્થ અને લાંબા ગાળાના બનાવે છે. તમને એ દુકાનમાં જવું ગમશે. અને હંમેશા લાલ જાજમ બીછાવી તમારું સ્વાગત કરવામાં આવશે.

દરેક જગ્યાએ 'ચમત્કારીક સ્પર્શ' વિકસાવો. તમે પૈસા આપી દો તે પહેલાં વિચારો કે તમારા પૈસા કેટલી દુર સુધી પહોંચી શકે છે. તમારા હાથમાંથી સામેવાળાના હૃદય સુધી.

નાના રહેવું ખરેખર મહાન છે.

થોડા વખત પહેલાં અને થોડા કામદારો સાથે Growbig.com શરૂ કરવામાં આવી દરેક વસ્તુ થાળે પડી ગઈ. અને ડોટ કોમ પ્રખ્યાત થવા લાગ્યું જેથી Growbig ખરેખર મોટી બની ગઈ. તેના કામદારો વધ્યા, તેનું વેચાણ વધ્યું, તેની ઘણી બધી શાખાઓ થઈ અને વિકાસ ફક્ત એક જ વરસમાં થયો. તેમાં સૌથી સારામાં સારા વ્યવસાયિકો જોડાયા. દરેકને સૌથી સારો પગાર, ભથ્થાં, કંપનીના શેર અને બીજું બધું ઘણું અપાયું. તેમની ઓફીસ સપ્તતારક હોટલ જેવી દેખાવા લાગી. તેઓ કંઈપણ અને બધુંજ ખરીદી શકવા સક્ષમ બન્યા.

બે વરસ પછી ઓચિંતાની કોઈપણ ચેતવણી આપ્યા વગર કંપની પોતાના વજનથી જ પડી ભાંગી. આ નાશ માટે ઘણાં કારણો શોધાયાં અને અપાયાં. તેમાં સૌથી મહત્ત્વનું કારણ એ હતું કે તેઓ અતિ ઝડપી વિકાસ સંભાળી ન શકયા તેની વ્યવસ્થા કરી ન શકયા.

ગોલમાલ તેના નવા થનારા માલિકને: "તમારી કંપની ખૂબ જ રેઢીયાળ છે.! પેલાં હું જ્યાં કામ કરતો હતો તે કંપની મને ગાડી, મોટું ઘર, ૫ નોકર અને દરરોજ પંચ તારક હોટલમાં જમણ, અત્યાધુનિક મોબાઈલ ફોન અને શું શું આપતી હતી!

માલિક: "તો પછી એ કંપની તમે શા માટે છોડી દીધી?"

ગોલમાલ: (શરમાઈને) "સાહેબ, એ કંપની બંધ થઈ ગઈ."

ઈતિહાસમાં એવી ઘણી કંપનીઓ અને વ્યકિતવિશેષ મળી રહેશે જે ઘણા મહાન હોય પણ જ્યારે તે નાના હતા. તેમની વ્યવસ્થા ખૂબ જ અસરકારક હતી. "દુબળા અને પાતળા." (Lean & Thin) રહેવું એ તેમનો મંત્ર હતો. અને પછી તેમણે વિકાસ પામવાનું નક્કી કર્યું. અને ખૂબ જ જલ્દી પ્રગતિ કરી. કલ્પના કરો કે પ્રગતિ જ તમારા વિકાસનો અવરોધક બને એવું ઘણી વખત થાય છે. અને તમે ડૂબી જાઓ છો. વિકાસ દરેક માટે નથી હોતો.

શું તમે એ લોકોમાંથી છો કે મોટા 'બદલાવ' અને 'પ્રગતિ'ની વ્યવસ્થા સંભાળી ન શકો? જો તમે એમાંથી હોવ તો ખાત્રી કરી લો કે તમારે તમારી જાતને વધવા માટે ધક્કો મારવાની જરૂર નથી. તમારી જાતને બીજા સાથે સરખાવવાનું બંધ કરો. ખુશ રહો, સંતોષી રહો અને આરામથી જીવો. તમે સ્થિર રહો અને તમારી આજુબાજુ ઘાસ ઉગવા દો.

વિકાસના સૂત્ર પાછળ પાગલ ન બની જાઓ. ઘણી વખત વિકાસની પ્રક્રિયામાં તમે શરુ કર્યું હોય તેના કરતાં અનેક ગણું ગુમાવો છો. આવો વિકાસ શું કામનો? એના કરતાં નાના રહેવું ઉત્તમ છે.

કોઈકે કહ્યું છે,**"ઉત્તમ વસ્તુઓ ટુકડે ટુકડે આવે છે."**

ઉપસંહાર

આંગળી અને ચંદ્રમા

એક બાળક તેની માતા પાસે દોડતું આવ્યું અને પૂછયું, ‘‘મા, ચંદ્રમા ક્યાં છે?’’ મા બાળકને ખુલ્લામાં લઈ ગઈ અને ચંદ્રમા તરફ આંગળીથી બતાવ્યું. માને બાળકને પ્રત્યક્ષ જવાબ આપ્યાનો સંતોષ થયો અને એ સૂઈ ગઈ.

બાળક સ્કૂલે ગયું. જ્યારે શિક્ષકે તેને પૂછયું, ‘‘શું તે કાલે ચંદ્રમા જોયો હતો?’’ બાળકે કહ્યું, ‘‘હા!’’ શિક્ષકે તેને ફરીથી પૂછયું, ‘‘શું તું મને ચંદ્રમા બતાવશે?’’ બાળકે તેની પહેલી આંગળી બતાવી અને કહ્યું ‘‘આ ચંદ્રમા છે.’’

બાળકે દર્શાવવા વપરાયેલી વસ્તુ જોઈ અને તેને જે વસ્તુ દર્શાવવાની હતી તે માની લીધી. આંગળી દર્શાવવા વપરાયેલી વસ્તુ છે અને ચંદ્રમા જે વસ્તુ દર્શાવવાની હતી તે છે. આપણે પણ ઘણી વખત દર્શાવવા વપરાયેલી વસ્તુમાં જવાબ શોધીએ છીએ. અને ઘણી વખત જે વસ્તુ જોવાની હોય છે તે ગુમાવી દઈએ છીએ. આપણું પૈસાનું જ્ઞાન પણ આવું છે.

જો આપણે માનતા હોઈએ કે ચલણી નોટો અથવા ક્રેડીટ કાર્ડ પૈસા છે તો આપણે ખોટાં છીએ. આપણે પેલા બાળક જેવા છીએ કે આંગળીને ચંદ્રમા માની લઈએ છીએ.

હવે ચલણી નોટોથી વધારે શું હોય? પૈસાનું ઊંડું રહસ્ય શું છે? પૈસો ક્યાંથી ઉત્પન્ન થાય છે? તેનું ભવિષ્ય શું? તેનું નસીબ શું છે? બીજા કયા કારણો પૈસાને ચલાવે છે? કર્મ આપણને કેવી રીતે અસર કરે છે? શું ગ્રહશાસ્ત્ર આપણને અસર કરે છે?

Feng Shui કે વાસ્તુ આપણા ઘરમાં પૈસાના પ્રવાહને કેવી અસર કરે છે?

તમારા મનમાં આવા ઘણા પ્રશ્નો ઉપસ્થિત થતા હશે. અને તમને ખાત્રી હશે કે ‘Money Workshop’ માં તમને તેના જવાબો મળશે. તમારી અજ્ઞાનતા દૂર કરવા Money Workshop માં જોડાઓ અને પૈસાને લગતા તમારા દરેક સવાલના જવાબો મેળવો. તમારો દરેક સવાલ તમારી તરફ વહેતા પૈસાને રોકે છે. સવાલોનો ઉકેલ મળતાં તમારું જીવન પણ જવાબો મેળવે છે.

Money Workshop-બધું પૈસા માટે અને પૈસાની પેલે પાર.
All about money and beyond money.

Money Workshop જીવવા જેવો અનુભવ

અહી ભૌતિકતા અને અધિ-ભૌતિકતા સાથે સાથે છે.

દરેક સફર ત્યારે જ પૂરી થાય છે. જ્યારે તેને પૂરેપૂરી અનુભવો અને માણો. હું મીઠાઈ માટે નાનામાં નાની વિગત પણ તમને વર્ણવી જણાવું પણ તમે તેને ચાખો નહી ત્યાં સુધી તેનો શું ઉપયોગ? જો હું હિમાલયના એક અદ્‌ભુત દૃશ્યની સુંદરતા વર્ણવું પણ જ્યાં સુધી તમે પોતે હિમાલય જઈ તે દૃશ્ય ન જુઓ ત્યાં સુધી તેનો શું ઉપયોગ? જો તમે સૂર્યનું ચિત્ર જુઓ તો તે તમને પ્રકાશ નહી આપી શકે. તમે ફૂલનું ચિત્ર જુઓ તે તમને સુવાસ નહી આપી શકે.

જેથી કરીને ભારતીય પરંપરા અને સંસ્કૃતિમાં વાસ્તવિકતા અને ખરા અનુભવને ઘણું મહત્ત્વ આપ્યું છે. શબ્દો અંદરના સત્યને વર્ણવી શકતા નથી. આ માટે તમારી પોતાની શારીરિક અને માનસિક હાજરી જરૂરી છે.

તમારે જીવંત Money Workshop માં ખરેખર જવું જોઈએ. Money Workshop પૈસા, સમૃદ્‌ધિ, ઉત્પાદકતા, પુષ્કળતા અને પ્રગતિ માટે આ બે દિવસનો ભરપૂર કાર્યક્રમ છે. જ્યારે તમે ડૂબકી મારો અને પાણીમાં ઊંડે જાઓ ત્યારે તમારો અનુભવ કાચ જેવો ચોખ્ખો અને ઊંડાણવાળો બને છે. જો તમારે જલ્દીથી નફો-ખોટ સરભર કરવો છે, યોગ્ય ઉકેલો જોઈએ છે, વધારે તાકાત મેળવવી છે અને સફળતા અને સમૃદ્‌ધિનો રસ્તો જાતે બનાવવો છે, તો તમારે Money workshop માં આવવું ખૂબ જરૂરી છે.

જેમાં એક સેશન છે જેનું શીર્ષક છે, "છેવટનું સત્ય" જે ખૂબ જ આકર્ષક અને અસરકારક છે. તમે અનુભવશો કે તમારી જીંદગીમાં ક્યારેય તમે આવું સેશન ભર્યું નથી. આમાં પૈસાનું છેવટનું સત્ય પરનું રહસ્ય ઉકેલાયું છે. જેમાં તમારી આંતરિક શક્તિઓ, ઊંડી આધ્યાત્મિક શક્તિઓ અને ભગવાન તથા બ્રહ્માંડ માટેનું રહસ્ય છે. આ એટલું શક્તિશાળી સેશન છે કે તે સાંભળ્યા પછી તમારું જીવન થાળે પડી જાય છે. તમે તમારા શરીરમાં અને મનમાં આવા પ્રશ્નોના ઉકેલ લાવવાની શક્તિ ઉત્પન્ન થતી અનુભવશો. "Ultimate truth" આ સેશનમાં તમે જે તત્ત્વ ભેગું કરશો તે તમારા વ્યક્તિત્વને પ્રભાવશાળી જીવન પ્રત્યે દોરશે.

અમારી વેબસાઈટ જુઓ એમાં અમારા આવતા Money workshop ની તારીખોની વિગતો મેળવો. તમારા શહેરમાં ક્યારે છે તે જાણો. યાદ રાખો જે રહસ્યો તમને અમે આ પુસ્તકમાં નથી સમજાવી શક્યા તે તમારે Money workshop માં

આવીને સમજવાના છે. કહેલું છે, ''જ્યારે શિષ્ય તૈયાર થાય ત્યારે ગુરુ ગમે ત્યાંથી આવે છે.''

એ જ રીતે તમે જ્યારે પૈસાના ઉંડા સત્યો સમજવા તૈયાર થશો ત્યારે Money workshop **તમારા શહેરમાં આવી જશે.**

એક પુસ્તક એક આશા

એક નવી શરુઆત, એક નવી નોકરી, એક ઉપરીની પદવી, એક નવો ગ્રાહક, એક તક, એક લોટરી, એક નવું ચિત્ર, એક નવો વિચાર, એક નવું સ્વપ્ન, એક કોરો ચેક, એક નવો પ્રોજેક્ટ્, એક તીવ્ર ઈચ્છા, એક નવું કાર્ય, એક શોધ, એક નવું નાટક, એક ડાયરેકશન, એક ગીત, એક નવો સ્ટોક, એક યોગ્ય રોકાણ, એક સદ્ભાગ્ય, એક જીવનસાથી, એક સારો મિત્ર, એક વધુ તક, એક વધુ જીવન, એક વધુ ભાવ ઉછાળો, એક વધુ સફળતા, એક યોગ્ય ફોન, એક શ્વાસ, એક યોગ્ય પગલું, એક ચમત્કાર, એક જાદુ, એક હાસ્ય, એક સોદો, એક વધુ દિવસ, એક નજર, એક વધુ હૃદયનો ધબકાર, એક મિટીંગ, એક મુસાફરી, એક હાર, એક જીત, એક બોલાવો, એક યોગ્ય કામ, એક દુનિયા, એક નવો અર્થ, એક વધુ મોકો, એક..

કોઈપણ બદલાવને જોઈએ ફક્ત 'એક ક્ષણ' ક્યારેય આશા ન છોડો, નવી ક્ષણને આવકારો કારણ એ આવતી ક્ષણ તમારી છે.

પૈસાદાર, આનંદી અને સમૃદ્ધ બનવું એ તમારો જન્મસિદ્ધ હક્ક છે. એના ઉપર હક્ક અજમાવો અને આજથી તમારી જીંદગી સૌથી અદ્ભુત બની જશે.

જેને હું કિંમતી ગણું છું તેવી ભેટ કોઇને આપો-
પ્રેમ અને સન્માન

હજારો વર્ષોથી પુસ્તકો માનવીના સદાકાળના મિત્ર રહ્યાં છે. પુસ્તકો માણસને જ્ઞાન, ડહાપણ અને આંતરિક શક્તિ આપી પ્રગતિના પંથે વાળે છે. પુસ્તકોએ માનવજીવનને દુ:ખથી સુખમાં, નિરાશાના અંધકારમાંથી આશાના જીવનમાં, ફેરવી નાખી હસીને જીવતાં શીખવ્યું છે.

તમારા કોઈ આપ્તજનને પૈસાની બાબતમાં કોઈ મદદ જોઈતી હોય તો તેમને 'મારો વહાલો પૈસો' પુસ્તક ભેટ આપો. એનાથી એવું બને કે કેટલાકને નવ-જીવન પ્રાપ્ત થાય જ્યારે કેટલાક એનો આનંદ અનુભવે. ભેટ એવી આપો જે વૈચારિક હોય અને સદાબહાર હોય જેથી કરીને તે તમને સદા યાદ કરે અને આખું જીવન તેનો ઉપયોગ કરે. હા જ્યારે તેમની પૈસાની બાબતમાં કંઈ સારુ અને સુંદર બને ત્યારે ચોક્કસ તમને તેમના આશીર્વાદ સાંપડે છે.

જે કંપનીઓ અને સંસ્થાઓ તેમના કામદારોને અને ગ્રાહકોને 'મારો વહાલો પૈસો' પુસ્તક ભેટ આપશે તેઓ તેમની જીંદગીના મૂલ્યોમાં વધારો જરૂરથી કરશે.

તમારી સફળતાની કહાની

અમે તમારા તરફથી કંઈપણ સમાચાર મળતાં ખૂબ ખુશ થઈશું. તમારી સફળતાની વાત ગમે તેટલી નાની અથવા મોટી હોય અમને લખતા રહેજો. ક્યાંક કોઈકને એ કહી જશે કે આ યુક્તિઓ કામ કરે છે.

તમે તમારી વાત કહેશો તો તે ઘણાની જીંદગીને અસરકર્તા હશે. અને જેમ તમે વધારે કહેશો તેમ તે પ્રયુક્તિ તમારા માટે વધારે અસરકારક નીવડશે. આ યુક્તિઓ તમારા મનમાં ઊંડે ઉતરશે અને તમારા મનમાં તેનો નવો અર્થ સમજાશે.

તમારી સફળતાની વાત ટાઈપ કરીને અથવા સ્વચ્છ હસ્તાક્ષરમાં મહેરબાની કરીને અમને લખો.

અમારું સરનામું છે.

Money workshop

Post Box-194, B/11, Sapphire Apts.,

North Main Road,

Koregaon Park, Pune - 411 001.

Maharashtra, India.

તમે ઈ-મેઈલ કરો. **info@themoneyworkshop.com**

જેના પર મથાળું બાંધો 'મારી સફળતાની વાત.' અને તમારી વિગતોમાં તમારું નામ, સરનામું અને ફોન નંબર અમારી નોંધ માટે લખો.

મહેરબાની કરીને તમારી સહી સાથે મોકલશો. જેથી અમે તમારી સફળતાની વાત દુનિયા સાથે કરી શકીએ.

પૈસાની સભાનતા

એકવાર જનકરાજાના દરબારમાં બે કવિ હતા. જેઓ સરખા હોંશિયાર હતા. જેમના નામ હતા રામ અને શ્યામ. રામ માનતો હતો કે તેની કવિતાના સારા ગુણો તેને હંમેશા સમૃદ્ધ રાખે છે અને તે હંમેશા પોતાના અસ્તિત્વ/ભગવાનનો ખૂબ આભાર માનતો. શ્યામને હંમેશા લાગતું કે તેણે રાજાને ખુશ કરવા વધારાનું કામ કરવું જેથી તેને સોના-મહોર મળ્યે રાખે.

રાજાને જાણવું હતું કે રામ હંમેશા સમૃદ્ધ હતો. જ્યારે શ્યામ વધારાનું કામ કરવા છતાં કંઈ વધારે ફાયદો પામતો નહોતો તેનું કારણ શું? તેમણે તેમના જાણકાર મંત્રીને બોલાવી આમ થવાનું કારણ શોધવાનું કહ્યું.

બીજે દિવસે ખૂબ વહેલી સવારે મંત્રીએ બંને કવિઓને દરબારમાં બોલાવ્યા. દરમ્યાન બીજા દરબારીઓની મદદથી તેણે બન્નેની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. મંત્રીને ખબર હતી કે બન્ને કવિઓ મહેલના દરવાજામાં પ્રવેશતાં પહેલાં એક પુલ ઓળંગશે તેથી તેણે નક્કી કર્યું કે તે પુલની નજીક એક હીરા ભરેલી થેલી મૂકી દેવી.

બીજે દિવસે વહેલી સવારે શ્યામ તે પુલ પાસે પહેલો પહોંચ્યો દરબારીઓ અને મંત્રી ખુશ થયા કે શ્યામ થેલીને પહેલી જોઈ તેને લઈ લેશે. તેઓ છુપાઈને તેને જોઈ રહ્યા હતા. શ્યામે થેલી જોઈ નહી અને પુલ ઓળંગી ગયો. રામ જે તેની પાછળ જ હતો તેણે થેલી લઈ લીધી અને પોતાના અસ્તિત્વનો/ભગવાનનો આભાર માન્યો.

રાજા જે પુલની બીજી બાજુ ઉભા હતા તેમણે શ્યામને અટકાવ્યો અને પૂછયું 'તે થેલી કેમ ઉપાડી ન લીધી?' શ્યામે રાજાને કહ્યું, "હું મારા મનમાં ગુંચવાઈ ગયો હતો અને તેથી થેલી હું ચૂકી ગયો." આજે પુલ જ્યારે સંપૂર્ણ ખાલી હતો તેથી તેણે આંખો બંધ રાખીને જ પુલ ઓળંગી લીધો. તેણે કહ્યું તેને હંમેશા ઈચ્છા થતી કે તેણે પુલ બંધ આંખે ઓળંગવો. રામ જે સમૃદ્ધિ તરફ વળેલો હતો તેણે પુલ પાર કરતી વખતે થેલી જોઈ અને તેને તે મળી ગઈ.

રાજાએ નક્કી કર્યું કે શ્યામને ભેટ પહોંચવી જ જોઈએ. અને તેથી કવિતા વાંચન પછી તેમણે શ્યામને કિંમતી હીરામાણેક ભરેલું કલિંગર આપ્યું. જ્યારે રામને સફરજન ભરેલું આપ્યું. બીજે દિવસે તેમણે મંત્રીને કહ્યું કે તેમને દરબારમાં બોલાવો. જ્યારે બન્ને દરબારમાં આવ્યા ત્યારે તેમણે શ્યામને પૂછયું તારી સાથે ગઈ કાલે કંઈ ચમત્કાર થયો. શ્યામે કહ્યું કંઈ થયું નથી. બધું રોજબરોજની જેમ જ છે. જ્યારે રાજાએ શ્યામને પૂછયું કે, "તે કલિંગરનું ગઈકાલે શું કર્યું?" શ્યામે કહ્યું કલિંગર ખૂબ ભારે હતું તેથી તેણે રામના સફરજન સાથે અદલાબદલી કરી લીધી.

રામે ભગવાનનો આભાર માન્યો અને રાજાને કહ્યું કે કિંમતી હીરા-માણેક વાળું કલિંગર ભેટ તરીકે તેની પાસે છે.

મંત્રીએ કહ્યું આવું દરેક વખતે થાય છે. કારણ રામ સમૃદ્ધિ માટે શ્યામ કરતાં વધારે નસીબદાર છે.

આજ રીતે 'મારો વહાલો પૈસો' વાંચીને તમે પૈસા પ્રત્યે સજાગ અને સભાન થઈ ગયા હશો. તમે તમારા વિચારોમાં સાતત્યતા આણી હશે અને યોગ્ય કાર્ય કરશો તો તમે તેમ કરવા ટેવાઈ જશો. પછી જુઓ આખું વિશ્વ એવી રમત રમશે કે ચમત્કારીક રીતે તમે પૈસા, સમૃદ્ધિ અને આનંદ મેળવશો.

જ્યારે તમે પૈસા પ્રત્યે સભાનતા કેળવશો ત્યારે પૈસાને તમારી પાસે દોડતા આવવું જ પડશે.

તમે સૌથી મોટું જુઠાણું સાંભળ્યું હશે. ‘પૈસા મારા જીવનમાં મહત્ત્વના નથી!’ પૈસો એટલો જ મહત્ત્વનો છે જેટલું મહત્ત્વનું છે એક નવજાત શિશુ માટે એની મા નું ધાવણ ... કે પછી જેટલા મહત્ત્વનું છે આપણા શરીરમાં ફરતું લોહી. તમને ગમે કે ન ગમે, તમે પૈસા વગર જીવી શકતા નથી.

તમે બજારમાં કોઈ વસ્તુ, કોઈ ઉપકરણ ખરીદો ત્યારે એક ‘ઇનસ્ટ્રકશન મૅન્યુઅલ’ એટલે કે સૂચના પુસ્તિકા સાથે આપવામાં આવે છે જે તમને એ વસ્તુના વપરાશની વિસ્તૃત જાણકારી આપે છે.. તો પછી પૈસાની સમજણ આપતી સૂચના પુસ્તિકા કેમ નહી ? શું પૈસાની સૂચના પુસ્તિકા હોય ખરી ? અને જો હોય તો તમારી પાસે એની કોપી છે કે નહીં ?

આ પુસ્તકનો વિષય છે ‘પૈસો !’ જેની સતત અવગણના થાય છે અને જેના વિશે બોલવામાં શરમ અનુભવાય છે એવો પૈસો ! પૈસાની સૂચના પુસ્કિાની મૂળ કૃતિને ગોતી કાઢો તો પૈસાનાં રહસ્યો એની મેળે ઉકેલાઈ જશે !

આ પુસ્તકની મદદથી તમે શોધી કાઢશો :

– સ્વયં માટે, પરિવાર માટે અને રોજગાર માટેનું આર્થિક માળખું.
– પૈસાનાં, સમૃદ્ધિનાં આશ્ચર્યજનક રહસ્યો.
– તમારા જીવનમાં પૈસાની આવક અને જાવકનું વિશ્લેષણ.
– જીવનમાં પૈસાની અછત ઉભી કરનાર કારણોની ખોજ અને એ કારણોનો નાશ કરવાની પ્રક્રિયા.
– તમારી સમૃદ્ધિમાં રેલમછેલ લાવી શકે એવાં પૈસાને લગતાં વિધિ–વિધાન.
– પૈસાને આકર્ષવાની, રોકાયેલાં નાણાં છૂટાં કરવાની, પૈસાની લેતી–દેતીની, ખર્ચ અને બચતની સરળ રીત–ભાત અને વધુમાં ‘ના’ પાડી શકવાની રીત જેનાથી તમારો મોભો, તમારું માન દસગણું વધશે.

આ પુસ્તકમાં પ્રસ્તુત દરેક પ્રયોગ **‘મની વર્કશોપ’** માં ચકાસવામાં આવ્યો છે.. છેલ્લાં ૧૦ વર્ષમાં ૪૦ હજારથી પણ વધુ લોકોએ આનો લાભ ઉઠાવ્યો છે.

આ પુસ્તક તમારા હાથમાં નસીબયોગે નથી આવ્યું. તમારી આંતરિક સુપ્ત ચેતનાએ તમને આ પુસ્તક ઉપર હાથ મૂકવાની પ્રેરણા આપી છે... તમે આને તમારી નિયતિ કહી શકો.... આ પુસ્તક ઘરે લઈ જાવ ત્યારે આજીવન સાથ નિભાવનાર એક મિત્રને ઘરે લઈ જશો. તમને એક રહસ્યની વાત હમણાં જ કહી દઉં ?..‘જ્યારે તમે પૈસા વિશે સતર્ક રહો છો ત્યારે પૈસાની વૃદ્ધિ એની મેળે શરૂ થઈ જાય છે.’ તમારા હાથમાં આ પુસ્તકરૂપે તમારું સોનેરી ભવિષ્ય છે !



સુરેશ પદ્મનાભન એક સારા લેખક, વકતા, કોલમ લેખક અને મનીવર્કશોપના રચયિતા છે. તેમનું પુસ્તક ‘મારો વ્હાલો પૈસો’ આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી વધારે વેચાણ ધરાવે છે અને ૧૧ ભાષાઓમાં તેનું ભાષાંતર કરવામાં આવ્યું છે. આ પહેલા તે ટાઈમ્સ ઑફ ઈન્ડિયા ઈનીશીયેટીવ NIE સાથે સંકળાયેલા હતા, જેના દ્વારા એમણે મહત્ત્વની અંગ્રેજી માધ્યમની શાળાઓમાં બાળકોમાં જાગૃતતા લાવવા વકતવ્યો આપ્યાં છે. એમના પૈસા, જીવન અને અધ્યાત્મિકતા માટેના વકતવ્યો આખી દુનિયામાં લોકોને સંમોહિત કરે છે. તેઓ માને છે કે ભૌતિકતા અને આધ્યાત્મિકતા દુનિયામાં સુમેળ સાથે અસ્તિત્વ ધરાવી શકે છે. એમના કાર્યોની વધારે માહિતી માટે વેબસાઈટ: www.TheMoneyWorkshop.com અને www.SureshPadmanabhan.com તપાસો.

Elevate Your Life. Transform Your World.
JAICO BOOKS
www.jaicobooks.com
Self-Help
ISBN-13: 978-81-8495-094-6



